उपशमनाकरणम्

भागः - १

॥ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥
॥ तस्स भुवणेक्कगुरुणो नमो अणेगंतवायस्स ॥
॥ तपागच्छाचार्यश्रीप्रेम-भुवनभानु-जयघोष-जितेन्द्र-गुणरत्न-रश्मिरत्नसूरिसद्गुरुभ्यो नमः ॥
॥ ऐँ नमः ॥

'गुणधन्या' - आख्यगुर्जरविवेचनासमन्वित-
'प्रेमगुणा' -ऽऽख्यसंस्कृतवृत्त्या समलङ्कृतम्
पूर्वधराचार्यश्रीशिवशर्मसूरिविरचितम्
कर्मप्रकृतिगतम्

उपशमनाकरणम्

भाग - १

रचयिता
पूर्वधराचार्यशिवशर्मसूरिः

वृत्तिकारः
दीक्षादानेश्वरः-आचार्य**विजयगुणरत्नसूरिः**

दिव्याशीर्वादः
सिद्धांतमहोदधि-परमपूज्याचार्य**विजयप्रेमसूरीश्वराः**

प्रेरक-मार्गदर्शकाः
दीक्षादानेश्वर-आचार्य**विजयगुणरत्नसूरीश्वराः**
प्रवचनप्रभावक-आचार्य**विजयरश्मिरत्नसूरीश्वराः**

पदार्थसङ्ग्राहकाः
सिद्धांतदिवाकर-आचार्य**विजयजयघोषसूरीश्वराः**
श्रुतमनीषि-आचार्य**विजयधर्मजित्सूरीश्वराः**
वैराग्यदेशनादक्ष-आचार्य**विजयहेमचन्द्रसूरीश्वराः**
दीक्षादानेश्वर-आचार्य**विजयगुणरत्नसूरीश्वराः**

प्रकाशकः
जिनगुण-आराधकट्रस्ट

પરિચય પત્રિકા

નામ	:	ઉપશમનાકરણ ભાગ : ૧
વિષય	:	કર્મને ઉપશમાવવાની પ્રક્રિયાનું વર્ણન
પ્રેમગુણા	:	મૂળશ્લોકો પર સરળ, સુગમ, રહસ્યસભર સંસ્કૃતવૃત્તિ
ગુણધન્યા	:	સંસ્કૃતવૃત્તિનો સરલ ભાવાનુવાદ
દિવ્યાશીર્વાદ	:	કર્મસાહિત્યનિષ્ણાત આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સંઘહિતચિંતક આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા મેવાડદેશોદ્ધારક આચાર્ય વિજય જિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજા
શુભાશીર્વાદ	:	સુવિશાલગચ્છાધિપતિ આચાર્ય વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા
વૃત્તિરચયિતા	:	દીક્ષાદાનેશ્વરી આચાર્ય વિજય ગુણરત્નસૂરીશ્વરજી મહારાજા
પૂર્વસંપાદક	:	પ.પૂ.આ.ભ.શ્રી વિ. સંયમરત્નસૂરીશ્વરજી મહારાજા
ગુણધન્યા	:	મૂળ શ્લોક + વૃત્તિનું સરળ વિવેચન
સંશોધક	:	પ.પૂ.પં.પ્ર.શ્રી રત્નબોધિવિજયજી મ.સા.
વિવેચક + સંપાદક	:	મુનિ યશરત્નવિજય
સહાયક	:	મુનિ સૌમ્યાંગરત્નવિજયજી, મુનિ ત્રિભુવનરત્નવિજયજી તથા મુનિ તીર્થરત્નવિજયજી
પ્રવર સહાય	:	સાધ્વીશ્રી ધન્યરેખાશ્રીજી
પ્રકાશક	:	જિનગુણ આરાધક ટ્રસ્ટ
પ્રકાશન વર્ષ	:	વિ.સં. ૨૦૭૫, વી.સં. ૨૫૪૫, ઇ.સ. ૨૦૧૯
કંપોઝ + પ્રિન્ટીંગ	:	નવરંગ પ્રિન્ટર્સ ૯૪૨૮ ૫૦૦ ૪૦૧

સૂચના ☞ આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનનિધિના સદ્વ્યયથી થયું હોવાથી ગૃહસ્થોએ યોગ્ય મૂલ્ય ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

સમર્પણમ્

જેમની કૃપાથી
જીવનની દિશાઓ બદલાઇ
વિચારસરણીઓમાં ઊંચાઇ સ્પર્શાઇ
તે દ્રવ્યાનુયોગના પરમ ઉપદેશક
સૂક્ષ્મદૃષ્ટા આર્ષ પુરુષોના
પવિત્ર હસ્તયુગલમાં
પ્રસ્તુત કૃતિનું
સાદર સમર્પણ.

હું ચાહું છું કે,
આપે ઉપદેશેલા દ્રવ્યાનુયોગ થકી
હું અધ્યાત્મની ગહન સીમા સુધી પહોંચી
સૂક્ષ્મતાનું સીમાતીત સૌંદર્ય સ્પર્શી શકું.

સ્વાનુભવ

જૈનશાસનનો કર્મવાદ સર્વજ્ઞપ્રરૂપિત છે. બીજા દર્શનમાં પણ 'કર્મ'નો ઉલ્લેખ છે, પણ ક્રિયા જેવા સીમિત અર્થમાં. જ્યારે જૈનદર્શનનો કર્મવાદ perfect Science છે. તે Cause & Effect Theory પર આધારિત છે.

કર્મવાદના સિદ્ધાંતોને વર્ણવતો 'ગ્રંથ' "કર્મપ્રકૃતિ(કમ્મપયડી)" દાદાગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો most favourite હતો. અડધી રાત્રે જાગીને પણ તેઓશ્રી એનો સ્વાધ્યાય કરતા હતા...

કર્મપ્રકૃતિમાં આઠ કરણની ચર્ચા છે. એમાંથી 'ઉપશમનાકરણ' ઉપર ટીકા લખવાનું સૌભાગ્ય પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિષ્ણાત દાદા ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી પ્રાપ્ત થયું... લેખનનું કાર્ય ચાલુ કર્યું પિંડવાડામાં અને પૂર્ણાહૂતિ થઈ બીજા વર્ષના શિવગંજ ચાતુર્માસમાં...!

श्रेयांसि बहुविघ्नानि, भवन्ति महतामपि।
अश्रेयसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः॥

'સારા કાર્યમાં સો વિઘ્ન' ઉક્તિને ચરિતાર્થ કરતી ઘટના બની. ઉપશમનાકરણનું કાર્ય ચાલુ હતું અને તાવ આવ્યો - ટાઈફોઈડનું નિદાન થયું. દવા અને રેસ્ટ બે જ કાર્ય કરવાનાં હતા... પૂજ્ય દાદાગુરુદેવશ્રીએ પ્રોત્સાહિત કર્યા કે હવે રેસ્ટ જ છે તો 'ઉપશમનાકરણ'નું કાર્ય પૂરું કરી દો - દાદાના વચન પર વિશ્વાસ રાખી કામ ચાલુ રાખ્યું તો પૂરું થઈ ગયું...

હિમાલયનો પહાડ સર થઈ ગયો.. આ ટીકાના પ્રારંભનો ઈતિહાસ છે. ત્યારબાદ દાદાગુરુદેવશ્રીના આદેશથી ખવગસેઢી - મૂલપયડીબંધો ટીકા, ઉદયસ્વામિત્વ અને દેશોપશમનાકરણનું કાર્ય પણ પૂર્ણ થયું.. આ બધો દેવ-ગુરુનો જ પ્રભાવ છે...

મુનિશ્રી યશરત્નવિજયજીએ **'ઉપશમનાકરણ'**નો ગુજરાતી અનુવાદ તૈયાર કરી અનુમોદનીય કાર્ય કર્યું છે... તે અભ્યાસુવર્ગને ખૂબ-ખૂબ લાભદાયી થશે.

- દીક્ષાદાનેશ્વરી આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી વતી
આ. વિ. રશ્મિરત્નસૂરિ

અહો સુકૃતમ્

શ્રી મંડપેશ્વર મંડન
આદેશ્વર ભગવાન

ઉપશમનાકરણ ગ્રન્થ ભાગ ૧-૨ ના સંપૂર્ણ લાભાર્થી

શ્રી બોરાવલી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ

શ્રી આદેશ્વર જૈન દેરાસર, ૨૬૩, મંડપેશ્વર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

અનુમોદના.....

અભિનંદન.....

ધન્યવાદ.....

द्वौ मन्त्रीश्वरौ

अयि महाभागाः ! सावधानीभूय कर्णगोचरीकुर्वन्तु मदीयवाचः ।

सम्पूर्णविश्वे "प्रधानं सर्वधर्माणां जैनं जयति शासनम्" इति वचनेन यज्जैनशासनस्य जैनधर्मस्य प्राधान्यं ख्यापितमस्ति तन्नाकारणम् ! विद्यते तत्र महान् तर्कः । मोक्षगमनायैकमेव जिनशासनं फलवत् । नात्र शङ्कावसरः । जिनशासनस्य सिद्धान्ताः शाश्वताः कषच्छेदतापपरीक्षिताश्च सन्ति । तीर्थङ्कराख्यराजराजेश्वरस्य द्वौ मन्त्रीश्वरौ स्तः । एकस्तावत् स्याद्वादः, द्वितीयश्च कर्मवादः ।

कर्ममन्त्रीश्वरस्य नैकशः परिधानम् । बन्ध-सत्ता-उदय-उदीरणा-उद्वर्तना-अपवर्तना-सङ्क्रमण-उपशमना-निधत्ति-निकाचना-अबाधाख्यैकादशपरिधानविशेषाः ।

प्रकृतोपशमनाकरणग्रन्थस्य रचयितारः पूर्वधराचार्यशिवशर्मसूरीश्वराः । अग्रायणी-नामकद्वितीयपूर्वमाधारीकृत्य सङ्कल्पितकर्मप्रकृतिग्रन्थस्यैको भागोऽयं ग्रन्थः । अस्य ग्रन्थस्योपरि भगवान्'सूरिप्रेम'आदेशेन मद्गुरुमुनिगुणरत्नविजयेन (अधुनाऽऽचार्यश्रीगुणरत्नसूरिभिः) प्रेमगुणाटीका सुविस्तृता लिखिता । कर्मप्रकृति-कसायपाहुड-कषायप्राभृतचूर्णि-पञ्चसङ्ग्रह-विशेषावश्यकभाष्यादिपञ्चत्रिंशद्ग्रन्थानां साहाय्यं गृहीत्वा कृता प्रौढा गूढगम्भीरा महाविषयैषा टीका ।

'इदमुक्तं भवति, इदमत्र भावना, इदमत्रावधेयम्' आदि पदानामुपयोगेन ग्रन्थस्यैदम्पर्यं प्रदर्शितमस्ति तत्तु अतीव रुचिकरम् । मम भाग्यं यदुत पूज्यगुरुदेवैः स्वमुखेनायं पारितो ग्रन्थः ।

अस्य ग्रन्थस्योपरि चिरपरीचितगुर्जरगिरायामनुवादः मदन्तेवासिमुनियशरत्नविजयेन कृतः । साधुवादार्हः । सर्वेऽप्यस्य ग्रन्थस्याध्ययनद्वारेण कर्मोपशमनां प्राप्नुयुः ।

सं. २०७५, आसो. सु. ७, आचार्यविजयरश्मिरत्नसूरिः

ता. २९-०९-२०१९, रविवार,

अठवालाईन्स, सुरत

મધુર લય

દ્રવ્યાનુયોગનો રસ મને પહેલાથી હતો ને એના વિષયોમાં રચ્યાપચ્યા રહેવાની મઝા પણ ખૂબ અનુભવાતી.

જ્યારે કમ્મપયડી ગ્રંથના અભ્યાસમાં જોડાવાનું થયું, ત્યારે પણ આ જ લય જામ્યો... અલબત્ત, શરૂઆતમાં બૌદ્ધિક ધોરણે પદાર્થો સંગૃહીત થતા ગયા, પણ આગળ એ જ પદાર્થો અનુપ્રેક્ષા, ચિંતન અને અધ્યાત્મમાં ઊંડા ઉતરવા માટે ઉપયોગી થતા અનુભવાયા...

આ પદાર્થો કેવળ શુષ્ક ચર્ચા કે નોંધપોથી પૂરતા સીમિત ન રાખી જ્યારે વિશ્વસૃષ્ટિને જોવાના નિર્મલ અભિગમ માટે ઉપયોગમાં લેવામાં આવે છે, ત્યારે દૃષ્ટિ પર લાગેલા મોહના પડલો આપોઆપ ખરી પડે છે.

'ઉપશમનાકરણ'ના પદાર્થો પણ એક નવી જ અનુભૂતિ પીરસે છે. લખતાં-લખતાં ખૂબ જ આનંદ સ્પર્શાયો.

લખેલ વિવેચનનું નામ, મારા પરમ ઉપકારી ગુરુભગવંત દીક્ષાદાનેશ્વરી પ.પૂ.આ.ભ.શ્રી વિ. ગુણરત્નસૂરીશ્વરજી મહારાજા તથા ભગિની સાધ્વી પ.પૂ.સાધ્વી ધન્યરેખાશ્રીજી મ.સા.એ કરેલા ઉપકારોના ઋણથી આપ્લાવિત થઇ તેઓના આદ્યાક્ષરને લઇ 'ગુણધન્યા' એવું રખાયું

મારા અલ્પ ક્ષયોપશમવશાત્ લખાયેલા વિવેચનમાં પરમતારક શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ કાંઇપણ આલેખન થયું હોય, તો તેનું અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્... સહુ સુજ્ઞો મને મારી ક્ષતિઓ જણાવે એ જ વિનમ્ર વિજ્ઞપ્તિ...

ઇ.

શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-જિતેન્દ્ર
ગુણરત્ન-રશ્મિરત્નસૂરિશિષ્યાણુ
મુનિ યશરત્નવિજય
મૃગશીર્ષ-પૂર્ણિમા, (ભાયંદર-મુંબઇ)





- દીક્ષાદાનેશ્વરી, પરમોપકારી પૂજ્યગુરુભગવંત આ.ભ.શ્રી વિ. **ગુણરત્નસૂરીશ્વરજી** મહારાજાએ કરેલો બેજોડ ઉપકાર...
- પ્રવચનપ્રભાવક, પરમોપકારી પૂજ્યગુરુદેવ આ.ભ.શ્રી વિ. **રશ્મિરત્નસૂરીશ્વરજી** મહારાજાએ કરેલો અનહદ અનુગ્રહ...
- વિદ્વદ્વર્ય પ.પૂ. મુનિરાજ શ્રી **રત્નબોધિવિજયજી** મ.સા. એ પ્રસ્તાવના લખી આપીને કરેલો સુંદર ઉપકાર...
- પ.પૂ. મુનિરાજ શ્રી **સૌમ્યાંગરત્નવિજયજી** મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી **તીર્થરત્નવિજયજી** (પિતાજી મ.સા. એ) કરેલી પવિત્ર સહાય...
- વાત્સલ્યનિધિ પ.પૂ. સા. શ્રી **પુણ્યરેખાશ્રીજી**ના સુશિષ્યા સા. શ્રી **સૌમ્યરેખાશ્રીજી**ના શિષ્યવર્ષા સા. શ્રી **નિરૂપમરેખાશ્રીજી** (જનની સાધ્વી) અને સા. શ્રી **ધન્યરેખાશ્રીજી** (ભગીની સાધ્વી) આ બંને સાધ્વીજી ભગવંતોની સતત વહેતી શુભકામના...

આ બધાના પ્રભાવે જ, આ ગ્રંથ પર ગુજરાતી વૃત્તિનું સર્જન થયું છે, આ પ્રસંગે મારા બધા ઉપકારીઓનું હું કૃતજ્ઞભાવે સમરણ કરું છું...

પ્રાન્તે,

આ ગ્રંથના પરિશીલન દ્વારા સહુ અનેકાંતમય જિનશાસનને આત્મસાત્ કરે, માર્ગાભિમુખ ક્ષયોપશમને નિર્મળ બનાવે, ઉત્તરોત્તર પ્રગતિને સાધે - એ જ મંગલકામના...

અનુવાદ લખતા દરમિયાન પરમતારક શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લેશમાત્ર પણ ઉત્સૂત્રપ્રરૂપણા થઈ હોય, તેનું હું અંતઃકરણ પૂર્વક મિચ્છામિ દુક્કડમ્ માંગુ છું...
વિદ્વાનો મારી ભૂલને જણાવે, એવી વિનમ્ર ભલામણ...

- મુનિ યશરત્નવિજય

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧.	અરિહંતનમસ્કાર :	૧
૨.	સદ્ધનમસ્કાર :	૧
૩.	ગુરુકૃપાની ઝંખના	૨
૪.	કર્મપ્રકૃતિની ઉત્પત્તિના મૂળસ્રોત અંગે વિહંગાવલોકન	૩
૫.	ચૌદ પૂર્વ અંગે વિશદ માહિતી	૫
૬.	ચૌદપૂર્વ માહિતીદર્શક ચાર્ટ	૮
૭.	મંગળકરણ વિષયવિચાર	૯
૮.	ત્રણ મંગળનો ઉપન્યાસ	૧૦
૯.	સ્વ-અસામર્થ્ય અને અનુયોગધરવંદન	૧૩
૧૦.	નમસ્કાર એટલે શું ?	૧૩
૧૧.	ઉપશમનાના પ્રકાર	૧૩
૧૨.	સંસાર એટલે ભયાનક જંગલ	૧૪
૧૩.	નમસ્કાર કોને ?	૧૫
૧૪.	પ્રણિપાતનું તાત્પર્ય	૧૫
૧૫.	પ્રથમોપશમસમ્યક્ત્વપ્રાપ્તિ અધિકાર	૧૬
૧૬.	સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવની યોગ્યતા	૧૯
૧૭.	ભૂમિકામાં કર્મબંધાદિનું સ્વરૂપ	૨૨
૧૮.	અધ્રુવબંધી	૨૪
૧૯.	ઉદ્યોતબંધ વિચારણા	૨૫
૨૦.	સમ્યક્ત્વાભિમુખ ચારે ગતિના જીવોની બધ્યમાન પ્રકૃતિઓ	૨૬
૨૧.	દેવ-નારકની અબધ્યમાન (નહીં બંધાતી) ૪૮ પ્રકૃતિમાં વિશેષતા	૨૭
૨૨.	ઉદ્યોત-બંધક ૭મી નરકના જીવની અબધ્યમાન ૪૭ પ્રકૃતિમાં વિશેષતા	૨૮
૨૩.	ઉદ્યોતઅબંધક ૭મી નરકનો જીવ	૨૮
૨૪.	સંક્ષેપથી સર્વજીવોની અબધ્યમાન પ્રકૃતિનું યન્ત્ર	૨૯
૨૫.	પ્રદેશબંધગત વૈશિષ્ટ્ય	૩૦
૨૬.	સમ્યક્ત્વાભિમુખ તિર્યંચ-મનુષ્યો :	૩૦
૨૭.	તિર્યંચ-મનુષ્યને શેષ ૫૪ પ્રકૃતિઓના અનુત્કૃષ્ટબંધનું કારણ	૩૦
૨૮.	સમ્યક્ત્વાભિમુખ દેવ તથા ૧ થી ૬ નરકના નારકો :	૩૨
૨૯.	ઉદ્યોતઅબંધક ૭મી નરકનો જીવ :	૩૩
૩૦.	ઉદ્યોતબંધક ૭મી નરકનો જીવ :	૩૪
૩૧.	ઉત્કૃષ્ટ પ્રદેશબંધ માટે યોગ્ય અને અયોગ્ય પ્રકૃતિઓનો કોઠો :	૩૫
૩૨.	સમ્યક્ત્વાભિમુખ નારકીને ઉદયમાં વર્તમાન પ્રકૃતિઓ	૩૬
૩૩.	એક સમયે ઉદયમાં કોઈપણ એક કષાય જ...	૩૭
૩૪.	નરકગતિમાં નામકર્મનું માત્ર એક જ ઉદયસ્થાન	૩૭
૩૫.	પ્રત્યેક ઉદયસ્થાનના આટલા ભાંગા કેમ ?	૩૮
૩૬.	પ્રથમ ઉદયસ્થાનકના ભાંગા	૩૯
૩૭.	૫૫ પ્રકૃતિના ઉદયસ્થાનકના ૩ વિકલ્પો	૪૦
૩૮.	૫૬ પ્રકૃતિસ્વરૂપ તૃતીય ઉદયસ્થાનકના ૩ વિકલ્પો	૪૨
૩૯.	૫૬ પ્રકૃતિસ્વરૂપ તૃતીય ઉદયસ્થાનકના ભાંગા	૪૩
૪૦.	૫૭ પ્રકૃતિસ્વરૂપ ચતુર્થ ઉદયસ્થાનક	૪૩
૪૧.	ભાંગા કાઢવાની રીત	૪૪
૪૨.	સમ્યક્ત્વાભિમુખ દેવને પ્રકૃતિઉદય	૪૬
૪૩.	દેવ અને નારકના ઉદયસ્થાનકના ભાંગાના તફાવતનું કારણ	૪૭
૪૪.	સમ્યક્ત્વાભિમુખ તિર્યંચને પ્રકૃતિઉદય	૪૯

ક્રમ	વિષય	પૃષ્ઠ
૪૫.	તિર્યંચના ભિન્ન ભિન્ન ઉદયસ્થાનકોના ભાંગા	૫૦
૪૬.	સમ્યક્ત્વાભિમુખ તિર્યંચના સંકલિત ભાંગા	૫૪
૪૭.	સમ્યક્ત્વાભિમુખ મનુષ્યને પ્રકૃતિઉદય	૫૪
૪૮.	મનુષ્યગતિમાં પ્રત્યેક કર્મની ઉદયમાં રહેલી પ્રકૃતિઓ	૫૫
૪૯.	સમ્યક્ત્વાભિમુખ મનુષ્યને સંકલિત ઉદયભાંગા	૫૭
૫૦.	ચારે ગતિના સમ્યક્ત્વાભિમુખ જીવના ઉદયસ્થાનક અને ઉદય ભાંગા	૫૮
૫૧.	કષાયપ્રાભૃતચૂર્ણિકારનો મત	૫૯
૫૨.	અનાદિ મિથ્યાદૃષ્ટિજીવો	૬૦
૫૩.	સાદિ મિથ્યાદૃષ્ટિજીવો	૬૧
૫૪.	પંચસંગ્રહકારનું સમર્થન	૬૨
૫૫.	ઉપરોક્ત વાતને કર્મગ્રંથકાર પૂ.દેવેન્દ્રસૂરિ મ.સા.ની પુષ્ટિ	૬૩
૫૬.	સત્તામાં રહેલી ૧૩૮-૧૩૯ પ્રકૃતિઓનું કારણ	૬૬
૫૭.	સત્તા વિશે કષાયપ્રાભૃતચૂર્ણિકારનો મત	૬૭
૫૮.	૧ સમયપ્રમાણ સત્તાસ્થાન અને અંતરકાળની સંગતિ	૬૯
૫૯.	યથાપ્રવૃત્તકરણાધિકાર	૭૩
૬૦.	ભવ્ય-અભવ્યની અપેક્ષાએ યથાપ્રવૃત્તકરણમાં ભિન્નતા	૭૫
૬૧.	યથાપ્રવૃત્તકરણનાં અધ્યવસાયસ્થાનકો	૭૬
૬૨.	તીવ્રતા-મંદતા	૭૯
૬૩.	ષટ્સ્થાનકસંગતિ	૮૦
૬૪.	અનુકૃષ્ટિ એટલે શું?	૮૨
૬૫.	કારણમાં કાર્યનો ઉપચાર	૮૪
૬૬.	અધ્યવસાયોમાં તારતમ્ય	૮૪
૬૭.	અસત્કલ્પનાએ યથાપ્રવૃત્તકરણનાં અધ્યવસાયોની સમજુતી	૮૭
૬૮.	પુનરૂક્ત-અપુનરૂક્ત ખંડો	૮૯
૬૯.	અનુકૃષ્ટ-અનનુકૃષ્ટ ખંડો	૯૧
૭૦.	અપૂર્વકરણ	૯૩
૭૧.	અપૂર્વકરણમાં અધ્યવસાયસ્થાનની પ્રરૂપણા	૯૪
૭૨.	અધ્યવસાયોમાં વિશુદ્ધિની પ્રરૂપણા	૯૫
૭૩.	અપૂર્વકરણ એવા નામની સાન્વર્થતા	૯૬
૭૪.	સ્થિતિઘાત	૯૭
૭૫.	રસઘાત	૯૮
૭૬.	અસત્કલ્પનાએ દિગ્દર્શન	૧૦૦
૭૭.	અભિનવસ્થિતિબંધ	૧૦૨
૭૮.	ગુણશ્રેણી	૧૦૪
૭૯.	ઉપરની સ્થિતિમાંથી દલિકોને ઉતારવાનો ક્રમ	૧૦૬
૮૦.	ગુણશ્રેણીરચનાનો આયામ	૧૦૭
૮૧.	સ્થિતિઘાતાદિ પદાર્થોમાં વિશેષવિચારણા	૧૦૮
૮૨.	અતીત્થાપના	૧૦૯
૮૩.	અસત્કલ્પનાએ નિર્વ્યાઘાતભાવિની અપવર્તના	૧૧૨
૮૪.	નિર્વ્યાઘાતભાવિની અપવર્તનામાં વિશેષતા	૧૧૪
૮૫.	કારણમાં કાર્યનો ઉપચાર	૧૧૬
૮૬.	દલનિક્ષેપ વિશે કષાયપ્રાભૃત-ચૂર્ણિકારનો મત	૧૧૮
૮૭.	**ચદ્વા**... બન્ને મતોનો સમન્વય	૧૨૦
૮૮.	અનિવૃત્તિકરણ	૧૨૨

ક્રમ	વિષય	પૃષ્ઠ
૮૯.	અનિવૃત્તિકરણમાં અધ્યવસાયોની વિશુદ્ધિ	૧૨૩
૯૦.	અન્તરકરણ ક્રિયા કાળ	૧૨૪
૯૧.	અંતરના દલિકોનો નિક્ષેપ	૧૨૬
૯૨.	ઉપશામક અભિધાનની પ્રાપ્તિ	૧૨૭
૯૩.	દલિકોની અનુપશાંતિનું કારણ	૧૨૮
૯૪.	અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થયા પછીની પ્રક્રિયા	૧૨૯
૯૫.	આગાલ એટલે શું ?	૧૨૯
૯૬.	અંતરકરણ કર્યા પછી ગુણશ્રેણીનો નિક્ષેપ ક્યાં થાય ?	૧૩૨
૯૭.	સ્થિતઘાતના વિચ્છેદ વિશે ધવલાટીકાનો મત	૧૩૪
૯૮.	ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ	૧૩૬
૯૯.	સમ્યક્ત્વનું સ્વરૂપ	૧૩૭
૧૦૦	હવે મિથ્યાત્વનાં ત્રિપુંજીકરણને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે :-	૧૪૦
૧૦૧	ત્રિપુંજીકરણ વિશે પંચસંગ્રહકારનો મત	૧૪૩
૧૦૨	કર્મપ્રકૃતિચૂર્ણિગત પાઠ સાથે સમન્વય	૧૪૩
૧૦૩	ગુણસંક્રમ	૧૪૫
૧૦૪	મિશ્રના ગુણસંક્રમ વિશે કષાયપ્રાભૃતચૂર્ણિકારનો મત	૧૪૭
૧૦૫	ગુણસંક્રમનો વાસ્તવિક અર્થ	૧૪૭
૧૦૬	ગુણસંક્રમનું સમાન્ય લક્ષણ	૧૪૮
૧૦૭	કઇ પ્રકૃતિનો ગુણસંક્રમ ક્યાંથી શરૂ થાય ?	૧૪૯
૧૦૮	ગુણસંક્રમની બીજી વ્યાખ્યા	૧૫૦
૧૦૯	ગુણસંક્રમનો કાળ	૧૫૦
૧૧૦	વિધ્યાતસંક્રમ એટલે શું ?	૧૫૨
૧૧૧	મિથ્યાત્વગુણસ્થાનકની પ્રાપ્તિ	૧૫૬
૧૧૨	મિશ્રગુણસ્થાનકની પ્રાપ્તિ	૧૫૬
૧૧૩	ક્ષાયોપશમિકસમ્યક્ત્વની પ્રાપ્તિ	૧૫૮
૧૧૪	સાસ્વાદન ગુણસ્થાનકની પ્રાપ્તિ	૧૬૧
૧૧૫	સાસ્વાદનગુણઠાણાનું અંતર	૧૬૧
૧૧૬	સાસ્વાદનગુણઠાણે બંધાદિ	૧૬૩
૧૧૭	અજ્ઞાન હોવા છતાં સમ્યક્ત્વનો અપ્રતિબંધ	૧૬૪
૧૧૮	ગુરુનિયોગજન્ય મિથ્યાદર્શનનો સ્વીકાર	૧૬૪
૧૧૯	પ્રતિબંધકની હાજરી છતાં ઉત્તેજકના કારણે અપ્રતિબંધ	૧૬૫
૧૨૦	પરપક્ષમાં રહેલાને પણ સમ્યક્ત્વ હોઇ શકે	૧૬૬
૧૨૧	અભિનિવેશ = મિથ્યાત્વ	૧૬૬
૧૨૨	વિષના ૧ કણવાળો મોદક પણ ઝેરીલો	૧૬૭
૧૨૩	૨૫ પદાર્થોનું અલ્પબહુત્વ	૧૭૦
૧૨૪	લક્ષણાનું બીજ	૧૭૬
૧૨૫	વિવેચનઃચારિત્રમોહનીયનોઉપશામકજીવ	૧૮૫
૧૨૬	સંક્લેશાદ્ધા-વિશોધિઅદ્ધા	૧૮૬
૧૨૭	અવિરતનું સ્વરૂપ	૧૮૭
૧૨૮	દેશવિરતિલાભની પ્રરૂપણા	૧૮૯
૧૨૯	અનુમતિના ત્રણ પ્રકારો	૧૮૯
૧૩૦	દેશવિરતને ધ્યાનનાં પ્રકારો	૧૯૦
૧૩૧	સર્વવિરતિલાભની પ્રરૂપણા	૧૯૧
૧૩૨	ક્ષાયોપશમિકચારિત્રનું વિશેષસ્વરૂપ	૧૯૧
૧૩૩	ક્ષાયોપશમિક ગુણને કોણ રોકે ?	૧૯૨
૧૩૪	ક્ષયોપશમ એટલે શું ?	૧૯૩
૧૩૫	ક્ષયોપશમનો વ્યુત્પત્ત્યર્થ	૧૯૩
૧૩૬	ક્ષયોપશમને બીજી રીતે સમજીએ...	૧૯૪
૧૩૭	ગુણપ્રાપ્તિ	૧૯૭
૧૩૮	એકાંતવૃદ્ધ દેશસંયત-સર્વસંયત	૧૯૮
૧૩૮	ગુણશ્રેણીનો અવસ્થિતનિક્ષેપ	૨૦૦
૧૩૯	યથાપ્રવૃત્ત દેશસંયત-સર્વસંયત	૨૦૧
૧૪૦	આભોગપતિત જીવને કરણ કરવા પડે	૨૦૩

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧૪૧	યથાપ્રવૃત્તદેશસંયત-સર્વસંયતનો કાળ	૨૦૫
૧૪૨	માત્ર દેશવિરતિમાં ૪ દ્વારો	૨૦૫
૧૪૩	અલ્પબહુત્વ	૨૦૬
૧૪૪	કષાયપ્રાભૃતચૂર્ણિનું અલ્પબહુત્વ	૨૧૦
૧૫૪	સ્વામિત્વપ્રરૂપણા	૨૧૨
૧૫૫	સ્થાનપ્રરૂપણા	૨૧૩
૧૫૬	દેશવિરતિનાં લબ્ધિસ્થાનો ૩ પ્રકારે	૨૧૫
૧૫૭	તીવ્રતા-મંદતા	૨૧૬
૧૫૮	લબ્ધિસ્થાનોની અસત્કલ્પનાએ સ્થાપના	૨૨૧
૧૫૯	દેશવિરતનું સ્વરૂપ ૯ દ્વારો વડે સમજીએ	૨૨૫
૧૬૦	સર્વવિરતિમાં ૫ દ્વારો	૨૨૮
૧૬૧	અલ્પબહુત્વ	૨૨૯
૧૬૨	સ્વામિત્વપ્રરૂપણા	૨૩૦
૧૬૩	સ્થાનપ્રરૂપણા	૨૩૦
૧૬૪	સંયમસ્થાનોનું અલ્પબહુત્વ	૨૩૨
૧૬૫	તીવ્રતા-મંદતા	૨૩૨
૧૬૬	વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અનુસારે ૭ પદોનું અલ્પબહુત્વ	૨૩૮
૧૬૭	સ્થાપના દ્વાર	૨૩૯
૧૬૮	સ્થાપનાની સમજ	૨૪૦
૧૬૯	અનાર્યભૂમિજ જીવોનાં યથાક્રમ સ્થાનો	૨૪૩
૧૭૦	અનંતાનુબંધી વિસંયોજના	૨૪૮
૧૭૧	અનંતાનુબંધીની ગુણશ્રેણીનો નિક્ષેપ	૨૫૦
૧૭૨	૧૧ પ્રકારની ગુણશ્રેણી	૨૫૧
૧૭૩	અનંતાનુબંધીનો ગુણસંક્રમ	૨૫૩
૧૭૪	ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ	૨૫૪
૧૭૫	કેવલ ઉદ્વલના અને ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમમાં તફાવત	૨૫૫
૧૭૬	ઉદ્વલનાયુક્ત ગુણસંક્રમ કહેવાનું બીજું કારણ	૨૫૬
૧૭૭	દેશોપશમના-નિદ્ધત્તિ-નિકાચનાનો વ્યવચ્છેદ	૨૫૭
૧૭૮	દૂરાપકૃષ્ટિસ્થાન	૨૫૯
૧૭૯	**'તતો'** શબ્દના અન્વયભેદે ૨ અર્થ	૨૬૦
૧૮૦	અનંતાનુબંધી ઉપશમના	૨૬૩
૧૮૧	દ્વિતીયસ્થિતિગત દલિકોને ઉપશમાવવાનો ક્રમ	૨૬૭
૧૮૨	ઉપશમના એટલે ?	૨૬૮
૧૮૩	ક્ષાયિકસમ્યક્ત્વપ્રાપ્તિ અધિકાર	૨૬૯
૧૮૪	ક્ષાયિકસમ્યક્ત્વયોગ્ય જીવ	૨૬૯
૧૮૫	યુગપદ્ આરંભક બે જીવોમાં સત્તાદિની તરતમતા	૨૭૨
૧૮૬	કષાયપ્રાભૃતચૂર્ણિમાં કહેલું અલ્પબહુત્વ	૨૭૬
૧૮૭	અપૂર્વકરણમાં પ્રવેશ	૨૭૯
૧૮૮	ગલિતાવશેષ ગુણશ્રેણી	૨૮૧
૧૮૯	અનિવૃત્તિકરણમાં પ્રવેશ	૨૮૩
૧૯૦	કષાયપ્રાભૃતમતે સ્થિતિઘાતનો ક્રમ	૨૮૮
૧૯૧	અસંખ્યસમયપ્રબદ્ધોદીરણા	૨૯૧
૧૯૨	ક્ષપક અભિધાનની પ્રાપ્તિ	૨૯૬
૧૯૩	સમ્યક્ત્વમોહનીયની સત્તા વિશે મતાંતર	૨૯૭
૧૯૪	કષાયપ્રાભૃતચૂર્ણિ અનુસારે દલિકનિક્ષેપ	૨૯૭
૧૯૫	દીયમાન-દૃશ્યમાન દલપ્રરૂપણા	૩૦૧
૧૯૬	અવસ્થિત ગુણશ્રેણી	૩૦૩
૧૯૭	દીયમાન દલિકો કેટલા ?	૩૦૭
૧૯૮	અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિખંડો	૩૦૭
૧૯૯	૮ વર્ષની સ્થિતિ થતાં અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિખંડના દલનિક્ષેપનો ક્રમ	૩૧૦
૨૦૦	ઉત્કૃષ્ટસ્થિતિ શબ્દના ૨ અર્થ	૩૧૧
૨૦૧	દૃશ્યમાન દલપ્રરૂપણા	૩૧૧

ક્રમ	વિષય	પૃષ્ઠ
૨૦૨	રસ-અપવર્તના	૩૧૫
૨૦૩	પંચસંગ્રહકારાદિના મતે સ્થિતિખંડો	૩૧૫
૨૦૪	કર્મપ્રકૃતિ ચૂર્ણિ અને પૂ. મલયગિરિસૂરિજી મતે સ્થિતિખંડો	૩૧૭
૨૦૫	ચરમખંડોત્કિરણવિધિ	૩૧૯
૨૦૬	કૃતકરણાદ્ધા	૩૨૦
૨૦૭	કષાયપ્રાભૃતચૂર્ણિ અનુસારે ચરમખંડોત્કિરણવિધિ	૩૨૨
૨૦૮	ઇદમત્ર હૃદયમ્	૩૨૬
૨૦૯	ચરમ સ્થિતિખંડમાં દૃશ્યમાન દલપ્રરૂપણા	૩૨૭
૨૧૦	ચરમખંડોત્કીરણાદ્ધાના ચરમસમયે દલનિક્ષેપ	૩૨૮
૨૧૧	ક્ષાયિકસમ્યક્ત્વાધિકારમાં ગુણશ્રેણીનાં ૩ પ્રકાર	૩૨૯
૨૧૨	કૃતકરણની અન્યતરગતિમાં ઉત્પત્તિ	૩૩૦
૨૧૩	ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિ	૩૩૧
૨૧૪	કષાયપ્રાભૃતમતે કૃતકૃત્યવેદક જીવ	૩૩૪
૨૧૫	ક્ષાયિકસમ્યક્ત્વીને ૫ ભવ પણ સંભવે	૩૪૨
૨૧૬	કૃતકૃત્યવેદકાદ્ધા સુધીના રસઘાતાદ્ધાદિનું અલ્પબહુત્વ	૩૪૨

विद्वद्वर्यमुनिगुणरत्नविजयविरचितवृत्तिसमलङ्कृतम्

'गुणधन्या'-आख्यसुरम्यगुर्जरविवृत्तिविभूषितम्

श्रीपूर्वधराचार्यश्रीशिवशर्मसूरिविरचितम्

कर्मप्रकृतिगतम्

॥ उपशमनाकरणम् ॥

(१) श्रेयो दिशतु वः पार्श्वः शङ्खेश्वरपुराधिपः ।
यस्याचिन्त्यप्रभावोऽत्र कलिकाले विजृम्भते ॥१॥

कर्मपङ्कविनिर्मुक्ता लोकालोकविलोकिनः ।
लोकन्ते सर्ववस्तूनि, सिद्धाः पुनन्तु मां जडम् ॥२॥

॥ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥

॥ तस्स भुवणेक्कगुरुणो नमो अणेगंतवायस्स ॥

॥ तपागच्छाचार्यश्रीप्रेम-भुवनभानु-जयघोष-जितेन्द्र-गुणरत्न-रश्मिरत्नसूरिसद्गुरुभ्यो नमः ॥

॥ ऐं नमः ॥

ગુણધન્યા

(૧) અરિહંતનમસ્કાર :

આ કલિકાળમાં જેમનો અચિંત્ય પ્રભાવ (સર્વત્ર) ફેલાઈ રહ્યો છે, તે શંખેશ્વર નગરના અધિપતિ શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ પ્રભુ તમને કલ્યાણનું અર્પણ કરો. (૧)

સિદ્ધનમસ્કાર :

જે સિદ્ધપરમાત્માઓ કર્મરૂપી કાદવથી રહિત છે, લોક અને અલોકને સુસ્પષ્ટપણે જોનારા છે, (જગતમાં વિદ્યમાન) સર્વ વસ્તુઓને (સર્વ પર્યાયોથી) જોઈ રહ્યા છે, તે સિદ્ધપરમાત્માઓ જડ એવા મને (નિર્મળપ્રજ્ઞાનાં પ્રદાન દ્વારા) પવિત્ર કરો. (૨)

नमामि शिवशर्माणं कर्मशास्त्रविशारदम् ।
येन विरचितं शास्त्रं कर्मप्रकृतिनामकम् ॥३॥

प्रणम्य तानभिनौमि निष्णातान् कर्मशास्त्रे विशेषतः ।
सुशासनधुरा यैः समौह्यत प्रेमसूरिभिः ॥४॥

प्रणम्य गुरुवर्यादीन् स्मृत्वा च श्रुतदैवतम् ।
मयोपशमनानामकरणं वर्ण्यते मुदा ॥५॥

(२) कर्मसाहित्यवारिधिनदीष्णा भारतवर्षविद्याचञ्चवो भवाब्धिमज्जत्त्रिभुवनजन-पोतायमानाः सम्यग्दर्शनज्ञानचारित्ररत्नत्रयरक्षणैकपरायणा अनेकबालयुववृद्धानां संयमपथे प्रेरका अज्ञानतिमिरदिवाकरायमाणाश्चतुर्विधसङ्घचकोरचन्द्रायमाणाः कुसुमशरोन्मीलितनेत्रशम्भवः

शास्त्रकारनमस्कार :

કર્મશાસ્ત્રમાં વિશારદ પૂજ્ય શિવશર્મસૂરીશ્વરજી મહારાજાને હું નમસ્કાર કરુ છું કે જેમણે 'કર્મપ્રકૃતિ' નામના (અદ્‌ભુત) શાસ્ત્રની રચના કરી છે. (૩)

गुरुनमस्कार :

તેઓને નમસ્કાર કરીને, જે પરમોપકારી પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજા દ્વારા શાસનની ધુરા વહન કરાઈ છે, કર્મશાસ્ત્રનાં પરિશીલનમાં જેઓ વિશેષથી નિષ્ણાત છે, તે (ગુરુભગવંતની) હું સ્તવના કરું છું. (૪)

श्रुतदेवतास्मरण + व्याख्याकरणप्रतिज्ञा :

ગુરુવર્ય વગેરેને પ્રણામ કરીને અને શ્રુતદેવતાનું સ્મરણ કરીને, મારા દ્વારા (કર્મપ્રકૃતિ ગ્રંથગત આઠ કરણમાંનું) 'ઉપશમનાકરણ' નામનું કરણ (વ્યાખ્યાદિ દ્વારા) આનંદપૂર્વક વર્ણવાય છે. (૫)

(२) गुरुकृपानी झंखना

(૧) કર્મસાહિત્યરૂપી સમુદ્રને તરવામાં કુશળ, (૨) ભારતવર્ષની વિદ્યાઓમાં નિપુણમતિ, (૩) ભવસમુદ્રમાં ડૂબતા ત્રણ જગતના ભવ્ય જીવો માટે નાવડી સમાન, (૪) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર - એ રત્નત્રયને રક્ષણ કરવામાં જ તલ્લીન બનેલા, (૫) અનેક બાળ, યુવાન અને વૃદ્ધોને સંયમમાર્ગ વિશે પ્રેરણા આપનારા, (૬) અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા સૂર્યસમાન, (૭) ચતુર્વિધ સંઘરૂપી

सुहृदयसैद्धान्तिकचक्रवर्तिनः कन्दर्पोत्पन्नतापशिशिरायमाणा विषयोत्पन्नतीव्रोष्मसलिलायमाना जनमानसमत्तमयूरप्रावृषेण्यघनघनायमाना अनूचानसङ्क्रन्दनाः पियूषवाचः प्रातःस्मरणीयाः **पूज्याः सिद्धान्तमहोदधयः आचार्यदेवाः श्रीप्रेमसूरीश्वरा** मयि सुप्रसन्ना भवन्तु ।

शक्तिविकला अपि जना गुरुकृपया दुष्कराणां कार्याणां पारं यान्ति इत्येव श्रद्धया मयाऽस्मिन् ग्रन्थे प्रयत्यते ।

क्व चेदं दुष्करं कार्यं क्वाहं जडमतिर्लघुः ।
तथाऽपि श्रद्धामुग्धस्य प्रवृत्तौ मे गुरुकृपा ॥१॥

(३) इह खल्वनादिकालप्रवाहतः कर्मसलिलसम्भृते जन्मजरामरणतरङ्गभङ्गतरङ्गित इष्टा-

ચકોર પક્ષી માટે ચંદ્રસમાન, (૮) કામ વિશે ઉઘાડેલી આંખવાળા શંકરસમાન, (૯) બુદ્ધિશાળી સિદ્ધાંતકુશળ પુરુષોમાં ચક્રવર્તી, (૧૦) કંદર્પથી (=કામથી) ઉત્પન્ન થયેલા તાપને (શમાવવા માટે) શિશિર ઋતુસમાન, (૧૧) વિષયોથી ઉત્પન્ન થયેલી તીવ્ર (આસક્તિની) ઉષ્મા માટે પાણીસમાન, (૧૨) લોકોના મનરૂપી મત્ત મોરોને (સંતોષિત કરવા) વર્ષાઋતુના ગાઢ વાદળસમાન, (૧૩) બીજાઓ દ્વારા કહ્યા વિના પણ (= વિનંતિ કર્યા વિના પણ, પરોપકાર માટે સામેથી ચાલીને) આલાપ કરનારા, (૧૪) અમૃત જેવી વાણીને બોલનારા, (૧૫) દરરોજ સવારે સ્મરણપાત્ર... એવા **પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા** મારા પર સુપ્રસન્ન થાઓ...

કૃપામાહાત્મ્ય :

'સામર્થ્યવિકલ પણ લોકો ગુરુકૃપાથી દુષ્કર એવા કાર્યોના પારને પામે છે' - બસ એ એકમાત્ર શ્રદ્ધાને અવલંબીને મારા વડે આ ગ્રંથ વિશે (વ્યાખ્યાદિ માટે) પ્રયત્ન કરાય છે.

મનમાં માત્ર એક જ ભાવ ઘુંટાયા કરે છે –

"(વ્યાખ્યા બનાવવાદિનું) આ દુષ્કર કાર્ય ક્યાં ? અને જડમતિવાળો હું નાનો માણસ ક્યાં ? તો પણ શ્રદ્ધામુગ્ધ એવા મારી (આ સર્જનાદિમાં જે) પ્રવૃત્તિ થઈ રહી છે, તેમાં એકમાત્ર કારણ 'ગુરુકૃપા' છે..."

કર્મપ્રકૃતિની ઉત્પત્તિના મૂળસ્રોત અંગે વિહંગાવલોકન

(૩) અનાદિકાળના પ્રવાહથી કર્મરૂપી પાણીથી ભરપૂર, જન્મ-ઘડપણ અને મૃત્યુના

निष्टवियोगसंयोगमच्छकच्छपसङ्कुलेऽपारे संसारपारावारे संसरतामैदंयुगीनभव्यप्राणीनां निर्वाणानन्यकारणीभूतं द्वादशाङ्गीनिस्यन्दभूतमिदं प्रकरणं कुमतिप्रक्षोदनसमर्थैर्धैर्यधनैः कोविदकुलचमत्कारकृद्वैदुष्यवैभवशालिभिर्भगवद्भिः शिवशर्मसूरिभिः समुद्धृतं श्रुतसागरात्।

(४) तत्र श्रुतं द्विविधम् - अङ्गप्रविष्टमनङ्गप्रविष्टम्। अङ्गप्रविष्टं द्वादशभेदमाचाराङ्ग-प्रभृतिभेदात्। तत्र द्वादशमङ्गं दृष्टिवादः। स पञ्चविधः, परिकर्मसूत्रानुयोगपूर्वगतचूलिकाभेदात्। तत्र पूर्वगतस्य चतुर्दश भेदाः, तथाहि - उत्पादपूर्वम्, अग्रायणीयम्, वीर्यप्रवादम्, अस्ति-नास्तिप्रवादम्, ज्ञानप्रवादम्, सत्यप्रवादम्, आत्मप्रवादम्, कर्मप्रवादम्, प्रत्याख्याननामधेयम्, विद्यानुप्रवादम्, अवध्यनामधेयम्, प्राणायुः, क्रियाविशालम्, लोकबिन्दुसारम्, इति, चतुर्दश

અનેક તરંગોની રચનાથી તરંગિત, ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ રૂપી માછલા અને કાચબાઓથી વ્યાપ્ત, પાર વિનાના એવા આ સંસાર સમુદ્રમાં ભ્રમણ કરતાં આ યુગના ભવ્યજીવોને મોક્ષમાં લઈ જવા માટે અસાધારણ કારણરૂપ અને દ્વાદશાંગીરૂપ આગમના રહસ્યરૂપ આ **'કર્મપ્રકૃતિ'** નામનું પ્રકરણ છે. કુમતિને વિનાશ કરવામાં સમર્થ, ધૈર્યરૂપી ધનવાળા, વિદ્વાનોના સમુદાયને ચમત્કાર કરનારી એવી પ્રચંડ વિદ્વત્તાના વૈભવથી શોભનારા, ભગવાન શ્રી **શિવશર્મસૂરીશ્વરજી** મહારાજે આ કર્મપ્રકૃતિ નામના પ્રકરણનો શ્રુતસમુદ્રમાંથી સમુદ્ધાર કર્યો છે.

(૪) તે આ પ્રમાણે –

શ્રુતનાં બે પ્રકાર છે : (૧) અંગપ્રવિષ્ટ, અને (૨) અનંગપ્રવિષ્ટ.... તેમાં આચારાંગ-સૂયગડાંગ વગેરેના ભેદે અંગપ્રવિષ્ટ શ્રુતનાં બાર પ્રકાર છે. એ બારમાંથી 'દૃષ્ટિવાદ' નામનું બારમું અંગ છે. અને એ બારમાં અંગના પાંચ પ્રકાર છે : (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પ્રથમાનુયોગ, (૪) પૂર્વગત, અને (૫) ચૂલિકા... આમાં જે 'પૂર્વગત' નામનો ચોથો ભેદ છે, એનાં ચૌદ પ્રકાર છે. તે આ રીતે –

(૧) ઉત્પાદપૂર્વ	(૬) સત્યપ્રવાદ	(૧૧) અવધ્યપ્રવાદ
(૨) અગ્રાયણીય	(૭) આત્મપ્રવાદ	(૧૨) પ્રાણાયુ
(૩) વીર્યપ્રવાદ	(૮) કર્મપ્રવાદ	(૧૩) ક્રિયાવિશાળ
(૪) અસ્તિનાસ્તિપ્રવાદ	(૯) પ્રત્યાખ્યાનપ્રવાદ	(૧૪) લોકબિંદુસાર
(૫) જ્ઞાનપ્રવાદ	(૧૦) વિદ્યાપ્રવાદ	

આ ચૌદે ભેદો 'ચૌદ પૂર્વ' તરીકે પ્રસિદ્ધ છે... 'પૂર્વ' એટલે એક પ્રકારના શાસ્ત્રવિશેષો... (ગણધરોએ આ બધાની રચના પહેલા કરી હોવાથી આ શાસ્ત્રવિશેષોને

पूर्वाणि = शास्त्रविशेषाः ।

(५) तत्राऽऽद्यमुत्पादपूर्वम्, सर्वद्रव्याणां पर्यायाणां चोत्पादा वर्ण्यन्ते यत्र, तदुत्पाद-पूर्वमेककोटिपदम् १०००००० । द्वितीयमग्रायणीयम्, यत्र सर्वद्रव्याणां पर्यायाणां च सर्वजीवविशेषाणां चाऽग्रं = परिमाणं वर्ण्यते, तदग्रायणीयं षण्णवतिशतसहस्रपदम् ९६०००००। तृतीयं वीर्यप्रवादम्, यत्र जीवानामजीवानां च सकर्मेतरद्वीर्यं प्रोद्यते, तद्वीर्यप्रवादं सप्ततिशत-सहस्रपदम् ७०००००० । चतुर्थमस्तिनास्तिप्रवादम्, स्याद्वादाभिप्रायेण तदेवास्ति नास्तीत्येवं प्रवदनं यत्र, तदस्तिनास्तिप्रवादं षष्टिशतसहस्रपदप्रमाणम् ६०००००० । पञ्चमं ज्ञानप्रवादम्, यत्र मतिज्ञानादिपञ्चकस्य सप्रभेदप्ररूपणा यथाकृता, तज्ज्ञानप्रवादमेकोनकोटिपदम् ९९९९९९९ । षष्ठं सत्यप्रवादम्, सत्यं = संयमः सत्यवचनं वा सभेदं सप्रतिपक्षं च वर्णितं यत्र, तत्सत्यप्रवादं

'પૂર્વ' કહેવાય છે.)

(૫) ચૌદ પૂર્વ અંગે વિશદ માહિતી

(૧) **ઉત્પાદપૂર્વ :** બધા દ્રવ્યો અને એના પર્યાયો શી રીતે ઉત્પન્ન થાય છે ? એનું અહીં વર્ણન કરાયું છે. આના એક કરોડ (૧,૦૦,૦૦,૦૦૦) પદો છે.

(૨) **અગ્રાયણીય :** જ્યાં બધા દ્રવ્યોનું અને એના પર્યાયોનું તથા બધા જીવવિશેષોનું અગ્ર = પરિમાણ = માપાદિ બતાવાય છે, એ અગ્રાયણીય પૂર્વ છન્નુ લાખ (૯૬,૦૦,૦૦૦) પદોવાળું છે.

(૩) **વીર્યપ્રવાદ :** જ્યાં જીવો અને અજીવોનાં કર્મસહિત કે કર્મરહિત વીર્યનું વર્ણન કરાય છે, એ વીર્યપ્રવાદ પૂર્વના સીત્તેર લાખ (૭૦,૦૦,૦૦૦) પદો છે.

(૪) **અસ્તિનાસ્તિપ્રવાદ :** સ્યાદ્વાદની અપેક્ષાએ એક જ વસ્તુનું અપેક્ષાએ (= સ્વસ્વરૂપની વિવક્ષાએ) અસ્તિત્વ = વિદ્યમાનતા = હોવાપણું છે અને એ જ વસ્તુનું અપેક્ષાએ (= પરસ્વરૂપની વિવક્ષાએ) નાસ્તિત્વ = અવિદ્યમાનતા = ન હોવાપણું છે. આમ દરેક વસ્તુનું અસ્તિનાસ્તિરૂપે જ્યાં વર્ણન કરાય છે, એ અસ્તિનાસ્તિપ્રવાદ નામનું પૂર્વ સાઇઠ લાખ (૬૦,૦૦,૦૦૦) પદપ્રમાણ છે.

(૫) **જ્ઞાનપ્રવાદ :** જ્યાં મતિજ્ઞાન વગેરે પાંચ જ્ઞાનોનું ઉત્તરભેદસહિત યથાર્થ નિરૂપણ કરાયું છે, એ જ્ઞાનપ્રવાદ નામનું પૂર્વ એકન્યૂન કરોડ (૯૯,૯૯,૯૯૯) પદોવાળું છે.

(૬) **સત્યપ્રવાદ :** 'સત્ય' એટલે સંયમ... અથવા સત્યવચન... એ સત્યનું ઉત્તરભેદ સહિત અને એના વિરોધીનાં (= અસત્યાદિનાં) નિરૂપણ સાથે જ્યાં વર્ણન કરાય છે,

षडधिकैककोटिपदम्, १०००००० ६ । सप्तममात्मप्रवादम्, यत्राऽऽत्माऽनेकधा नयदर्शनैर्वर्ण्यते, तदात्मप्रवादम्, तस्य पदराशिः षड्विंशतिकोटयः २६०००००००। अष्टमं कर्मप्रवादम्, यत्र ज्ञानावरणादिकमष्टविधं कर्म प्रकृतिस्थित्यनुभागप्रदेशादिभिरन्यैश्चोत्तरोत्तरभेदैर्वर्ण्यते, तत्कर्म-प्रवादम् । तस्य पदप्रमाणमशीतिशतसहस्राधिकैका कोटी १८००००००। नवमं प्रत्याख्यान-नामधेयम्, यत्र सर्वप्रत्याख्यानस्वरूपं व्याख्यायते, तत्प्रत्याख्याननामधेयं चतुरशीतिशतसहस्रपदम् ८४००००० । दशमं विद्यानुप्रवादम्, यत्रानेके विद्यातिशया निरूपितास्तद्विद्यानुप्रवादम्, तस्मिन् दशशतसहस्राधिका एका कोटी पदानि ११००००००। एकादशमवध्यम्, वध्यं = निष्फलम्, न वध्यमवध्यम् सफलमित्यर्थः, यत्र सर्वे ज्ञानतपःसंयमयोगाः सफला वर्ण्यन्तेऽप्रशस्ताश्च प्रमादादयः सर्वेऽशुभफला वर्णितास्तदवध्यम्, तत्र पदानि षड्विंशतिकोटयः २६०००००००। अन्ये तु कल्याणनामधेयमित्याहुः । द्वादशं प्राणायुः, यत्राऽऽयुःप्राणविधानं सर्वं सप्रभेदमन्ये

એ સત્યપ્રવાદ નામનું પૂર્વ એક કરોડ અને છ (= १,००,००,००६) પદવાળું છે.

(७) **आत्मप्रवाद** : જુદા જુદા નયોની દૃષ્ટિએ જ્યાં આત્માનું અનેક રીતે વર્ણન કરાય છે, એ આત્મપ્રવાદ પૂર્વ... એના છવ્વીસ કરોડ (२६,००,००,०००) પદો છે.

(८) **कर्मप्रवाद** : જ્યાં જ્ઞાનાવરણ-દર્શનાવરણ વગેરે આઠ પ્રકારનું કર્મ (१) પ્રકૃતિ, (२) સ્થિતિ, (३) અનુભાગ, અને (४) પ્રદેશરૂપ ભેદો દ્વારા અને બીજા પણ અવાંતર ભેદો દ્વારા વર્ણવાય છે, એ કર્મપ્રવાદ નામનું પૂર્વ છે. એના એક કરોડ અને એંસી લાખ (१,८०,००,०००) પદો છે.

(९) **प्रत्याख्यानप्रवाद** : જ્યાં અનેક પ્રકારનાં પચ્ચક્ખાણનાં સ્વરૂપની સવિસ્તર વ્યાખ્યા કરાય છે, એ પ્રત્યાખ્યાનપ્રવાદ નામનું પૂર્વ ચોર્યાશી લાખ (८४,००,०००) પદોવાળું છે.

(१०) **विद्याप्रवाद** : જ્યાં અનેક પ્રકારનાં વિદ્યાનાં અતિશયો બતાવાયા છે, એ વિદ્યાપ્રવાદ નામનું પૂર્વ છે. એમાં એક કરોડ અને દશ લાખ (१,१०,००,०००) પદો છે.

(११) **अवध्यप्रवाद** : 'વધ્ય' એટલે નિષ્ફળ. જે નિષ્ફળ ન હોય એ અવધ્ય, અર્થાત્ સફળ. જ્યાં જ્ઞાન, તપ, સંયમ વગેરે યોગો સફળ તરીકે વર્ણવાય છે અને પ્રમાદ વગેરે બધા અપ્રશસ્ત યોગો અશુભ ફળ આપનારા તરીકે વર્ણવાયા છે, એ અવધ્યપ્રવાદ નામનું પૂર્વ છે. એમાં છવ્વીસ કરોડ (२६,००,००,०००) પદો છે.
મતાંતર : કેટલાક આ પૂર્વનું 'કલ્યાણપ્રવાદ' એવું નામ કહે છે.

च प्राणा वर्णितास्तत्प्राणायुः, तत्र त्रयोदशकोटयः पदानि १३०००००००। त्रयोदशं क्रियाविशालम्, यत्र कायक्रिया हिंसादयो विशालं सप्रभेदाः संयमक्रिया बन्धक्रियाश्च विहितास्तत्क्रियाविशालम्, अस्मिन् पदानां नव कोटयो भवन्ति ९०००००००। चतुर्दशं लोकबिन्दुसारम्, यदमुष्मिल्लोके श्रुतलोके चाक्षरस्य बिन्दुरिव सर्वोत्तमः सर्वाक्षरसन्निपातहेतुत्वात्तल्लोकबिन्दुसारम्, तत्र पदानि पञ्चाशच्छतसहस्राधिकद्वादशकोटयः १२५०००००००।

(६) अथ प्रत्येकं पूर्वस्य वस्तूनि चूलिकाश्चाभिधीयन्ते। तत्र वस्तूनि = पूर्वगताधिकारविशेषाः। उत्पादपूर्वस्य दश वस्तूनि चूलिकाश्च चतस्रः प्ररूपिताः। अग्रायणीयस्य चतुर्दश वस्तूनि चूलिकाश्च द्वादश प्ररूपिताः। वीर्यप्रवादस्याष्टौ वस्तूनि चूलिकाश्चाष्टौ।

ગુણધન્યા

(१२) **प्राणायु** : જ્યાં દશ પ્રાણમાંથી 'આયુષ્ય' નામનો પ્રાણપ્રકાર બધા ભેદો સાથે અને એ સિવાયના બીજા પણ પ્રાણો વર્ણવાયા છે, એ 'પ્રાણાયુ' નામનું પૂર્વ છે. તેમાં તેર કરોડ (१३,००,००,०००) પદો છે.

(१३) **क्रियाविशाळ** : જ્યાં શરીરસંબંધી ક્રિયાઓનું અને હિંસા વગેરેનું (કે પછી શરીરથી થતી હિંસા વગેરે ક્રિયાઓનું) વિશાળતા સાથે વર્ણન કરાયું છે. અને ઉત્તરભેદસહિત સંયમસંબંધી ક્રિયાઓ અને કર્મબંધના કારણરૂપ ક્રિયાઓનું વિધાન કરાયું છે, એ ક્રિયાવિશાળ નામનું પૂર્વ છે. એમાં નવ કરોડ (९,००,००,०००) પદો છે.

(१४) **लोकबिंदुसार** : જેમ બિંદુ = અનુસ્વાર ક-ખ વગેરે અક્ષરોની ઉપર મૂકાય છે, તેમ આ લોકમાં અને શ્રુતસંબંધી સાહિત્ય લોકમાં જે પૂર્વ બિંદુની જેમ સર્વોત્તમ = સર્વોપરિનું સ્થાન ધરાવે છે, એ લોકબિંદુસાર નામનું પૂર્વ છે. આ સર્વોત્તમ હોવાનું કારણ એ કે આ પૂર્વ સર્વાક્ષરસંનિપાતનો (= અક્ષરના બધા સંયોગી ભાંગાનો અને એ બધા ભાંગાનો બોધ થાય એવી લબ્ધિનો) હેતુ છે. આમાં બાર કરોડ અને પચાસ લાખ (१२,५०,००,०००) પદો છે.

(६) હવે દરેક પૂર્વની કેટલી વસ્તુઓ અને કેટલી ચૂલિકાઓ હોય - એ કહેવાય છે.

'વસ્તુ' એટલે પૂર્વ અંતર્ગત અધિકારવિશેષો.

(१) ઉત્પાદપૂર્વની १० વસ્તુ અને ४ ચૂલિકાઓ છે, (२) અગ્રાયણીયની १४ વસ્તુ અને १२ ચૂલિકાઓ છે, (३) વીર્યપ્રવાદની ८ વસ્તુ અને ८ ચૂલિકાઓ છે, (४) અસ્તિનાસ્તિપ્રવાદની १८ વસ્તુ અને १० ચુલિકાઓ છે. હવે બાકીના પૂર્વોની ચૂલિકાઓ નથી. (५) જ્ઞાનપ્રવાદની १२ વસ્તુ છે, (६) સત્યપ્રવાદની २ વસ્તુ છે, (७)

अस्तिनास्तिप्रवादस्याष्टादश वस्तूनि चूलिकाश्च दश । अथ शेषाणां चूलिका न सन्ति । ज्ञानप्रवादस्य द्वादश वस्तूनि, सत्यप्रवादस्य द्वे वस्तुनि, आत्मप्रवादस्य षोडश वस्तूनि, कर्मप्रवादस्य त्रिंशद् वस्तूनि, प्रत्याख्याननामधेयस्य विंशतिर्वस्तूनि, विद्यानुप्रवादस्य पञ्चदश वस्तूनि, अवध्यनामधेयस्य द्वादश वस्तूनि, प्राणायुःपूर्वस्य त्रयोदश वस्तूनि, क्रियाविशालस्य त्रिंशद् वस्तूनि, लोकबिन्दुसारस्य पञ्चविंशतिर्वस्तूनि प्रज्ञप्तानि ।

गुणधन्या

આત્મપ્રવાદની ૧૬ વસ્તુ છે, (૮) કર્મપ્રવાદની ૩૦ વસ્તુ છે, (૯) પ્રત્યાખ્યાનપ્રવાદની ૨૦ વસ્તુ છે, (૧૦) વિદ્યાપ્રવાદની ૧૫ વસ્તુ છે, (૧૧) અવધ્યપ્રવાદની ૧૨ વસ્તુ છે, (૧૨) પ્રાણાયુપૂર્વની ૧૩ વસ્તુ છે, (૧૩) ક્રિયાવિશાળની ૩૦ વસ્તુ છે, અને (૧૪) લોકબિંદુસારની ૨૫ વસ્તુ કહેવાઇ છે.

ચૌદપૂર્વ માહિતીદર્શક ચાર્ટ

ક્ર.	પૂર્વનામ	વિષય	પદ	વસ્તુ	ચૂલિકા
૧	ઉત્પાદપૂર્વ	દ્રવ્ય-પર્યાયના ઉત્પાદની વિચારણા	૧,૦૦,૦૦,૦૦૦	૧૦	૪
૨	અગ્રાયણીય	દ્રવ્યાદિના પરિમાણની વિચારણા	૯૬,૦૦,૦૦૦	૧૪	૧૨
૩	વીર્યપ્રવાદ	જીવાદિના વીર્યનું વર્ણન	૭૦,૦૦,૦૦૦	૮	૮
૪	અસ્તિનાસ્તિપ્રવાદ	વસ્તુના સત્ત્વાસત્ત્વનું વર્ણન	૬૦,૦૦,૦૦૦	૧૮	૧૦
૫	જ્ઞાનપ્રવાદ	મતિજ્ઞાનાદિનું સ્વરૂપદર્શન	૯૯,૯૯,૯૯૯	૧૨	૦
૬	સત્યપ્રવાદ	સંયમ-સત્યાદિનું નિરૂપણ	૧,૦૦,૦૦,૦૬	૨	૦
૭	આત્મપ્રવાદ	નયભેદે આત્મસ્વરૂપવિચાર	૨૬,૦૦,૦૦,૦૦૦	૧૬	૦
૮	કર્મપ્રવાદ	જ્ઞાનાવરણાદિ કર્મોનું વિશદનિરૂપણ	૧,૮૦,૦૦,૦૦૦	૩૦	૦
૯	પ્રત્યાખ્યાનપ્રવાદ	પચ્ચક્ખાણનું સ્વરૂપવર્ણન	૮૪,૦૦,૦૦૦	૨૦	૦
૧૦	વિદ્યાપ્રવાદ	વિદ્યાતિશયોનું દર્શન	૧,૧૦,૦૦,૦૦૦	૧૫	૦
૧૧	અવધ્યપ્રવાદ	પ્રશસ્તાપ્રશસ્ત યોગોના શુભાશુભફળોનું વર્ણન	૨૬,૦૦,૦૦,૦૦૦	૧૨	૦
૧૨	પ્રાણાયુ	આયુષ્યાદિ પ્રાણોનું વર્ણન	૧૩,૦૦,૦૦,૦૦૦	૧૩	૦
૧૩	ક્રિયાવિશાળ	વિવિધ ક્રિયાઓનું વિશદ દર્શન	૯,૦૦,૦૦,૦૦૦	૩૦	૦
૧૪	લોકબિંદુસાર	સર્વાક્ષરસંનિપાતહેતુ	૧૨,૫૦,૦૦,૦૦૦	૨૫	૦

(७) इत्थं दृष्टिवाद एकस्मिन् श्रुतस्कन्धे चतुर्दशपूर्वाणि, संख्यातानि वस्तूनि, संख्याताश्चूलिकाः, संख्याताः प्राभृताः, संख्याताः प्राभृतिकाः, संख्याताः प्राभृतप्राभृतिका इत्यादि । विशेषस्तु ग्रन्थान्तरादवसेयः, ग्रन्थगौरवभयादत्र न वितन्यते ।

अत्राग्रायणीयेनाधिकारः, तत्र चतुर्थकर्मप्रकृतिप्राभृतस्याऽवस्थानात् । तत्कर्मप्रकृतिप्राभृतं च चतुर्विंशत्यनुयोगद्वारमयम् । विद्वद्वृन्दवृन्दारकोत्तमाङ्गविधूननशेमुषीशालिभिः श्रीमद्भिर्भगवद्भिः शिवशर्मसूरीश्वरैर्दृष्टिवादैकदेशचतुर्दशपूर्वस्यानेकवस्तुसमन्विताग्रायणीयाभिधद्वितीयपूर्वस्य विंशतिप्राभृतपरिमाणपञ्चमवस्त्वेकदेशात् चतुर्विंशत्यनुयोगद्वारमयकर्मप्रकृत्याख्यचतुर्थप्राभृतादिदं कर्मप्रकृत्याख्यं शास्त्रं समुद्धृतम् । एतेन ग्रन्थस्य कपोलकल्पितत्वं निरस्तम् ।

(८) तत्र मङ्गलं ग्रन्थस्यादौ वक्तव्यम्, यतः श्रेयांसि बहुविघ्नानि, उक्तञ्च -

(૭) આ પ્રમાણે દૃષ્ટિવાદમાં એક શ્રુતસ્કન્ધમાં - ૧૪ પૂર્વો, સંખ્યાત વસ્તુ, સંખ્યાત ચૂલિકાઓ, સંખ્યાત પ્રાભૃતો, સંખ્યાત પ્રાભૃતિકાઓ, સંખ્યાત પ્રાભૃતપ્રાભૃતિકા ઇત્યાદિ સમજવું. આ વિશેની વિશેષ માહિતીઓ બીજા ગ્રંથોથી જાણવી. ગ્રંથગૌરવના ભયથી અહીં વધુ વિસ્તાર કરાતો નથી.

પ્રસ્તુતમાં :

અહીં 'અગ્રાયણીય' નામના પૂર્વનો અધિકાર છે, કારણ કે એમાં 'કર્મપ્રકૃતિ' નામનું ચોથું પ્રાભૃત છે અને એ કર્મપ્રકૃતિપ્રાભૃત ચોવીશ અનુયોગદ્વારમય છે.

વિદ્વાનસમુદાયમાં શિરમોર ગણાતા વ્યક્તિઓના મસ્તકને ધૂણાવી દેનારી એવી પ્રકૃષ્ટ પ્રજ્ઞાથી શોભનારા ભગવાન્ શ્રીશિવશર્મસૂરીશ્વરજી મહારાજે...**દ્વાદશાંગીનું** બારમું અંગ **દૃષ્ટિવાદ,** તેના એકદેશરૂપ **પૂર્વગત** વિભાગમાં **૧૪ પૂર્વો...** તેમાં **અગ્રાયણીય** નામનું બીજું પૂર્વ... એમાં અનેક વસ્તુઓ છે, એમાંથી **પાંચમી વસ્તુ...** અને પાંચમી વસ્તુ ૨૦ પ્રાભૃતમય છે, એમાંથી **કર્મપ્રકૃતિ** નામનું ચોથું પ્રાભૃત કે જેમાં ૨૪ અનુયોગદ્વાર છે. એ કર્મપ્રકૃતિપ્રાભૃતમાંથી આ 'કર્મપ્રકૃતિ' નામના શાસ્ત્રનો ઉદ્ધાર કર્યો છે. આમ આ ગ્રંથ દ્વાદશાંગીમૂલક હોવાથી એનું કપોલકલ્પિતપણું દૂર થયું સમજવું.

મંગળકરણ વિષયવિચાર

(૮) કર્મપ્રકૃતિમાં ગ્રંથની શરૂઆતમાં મંગળ કહેવું જોઈએ, કારણ કે કલ્યાણકારી કાર્યોમાં ઘણાં વિઘ્નો આવે અને એ વિઘ્નો મંગળથી જ દૂર થાય. કહ્યું છે કે - "મહાપુરુષોને પણ કલ્યાણકારી કાર્યો ઘણાં વિઘ્નવાળા હોય છે. બાકી અકલ્યાણમાં

"श्रेयांसि बहुविघ्नानि, भवन्ति महतामपि ।"
अश्रेयसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः ॥१॥"

ननु मङ्गलं ग्रन्थस्यादौ वक्तव्यमिति कथमुच्यते ?, अस्य ग्रन्थस्य परमपदप्राप्तिबीजभूतत्वेन श्रेयोरूपत्वात्, श्रेयांसि बहुविघ्नानीति न्यायेनात्र विघ्नसम्भवेन तेषां निराकरणार्थं मङ्गलाचरणमिति **चेत्**, न, अस्य ग्रन्थस्यैव श्रुतज्ञानत्वेन परममङ्गलरूपत्वात् पृथग्मङ्गलाचरणं निरर्थकम् । अत्रोच्यते, ग्रन्थस्य मङ्गलरूपत्वेऽपि शिष्टाचारानुरोधेन शिष्यशेमुषीमङ्गलपरिग्रहार्थं च मङ्गलोपन्यासः । तन्मङ्गलोपन्यास आदौ मध्येऽवसाने च कर्तव्यः ।

नन्वयुक्तो मङ्गलत्रयोपन्यासः, आदिमङ्गलेनैवाभीष्टार्थसिद्धेरिति **चेत्**, एतदसम्यक्,

પ્રવૃત્ત થયેલાઓને તો વિઘ્નના સમૂહ ક્યાંય દૂર જતા રહે છે."

પૂર્વપક્ષ : 'ગ્રંથની શરૂઆતમાં મંગળ કરવું' એવું વિધાન કરવાનું પ્રયોજન શું ?

પ્રશ્ન : આ ગ્રંથ પરમપદની પ્રાપ્તિના બીજરૂપ હોવાથી મંગળરૂપ છે અને 'મંગળકારી કાર્યો ઘણાં વિઘ્નવાળા હોય છે' એ ન્યાય મુજબ અહીં વિઘ્નની સંભાવના અકબંધ છે, એટલે એ વિઘ્નોને દૂર કરવા મંગળનું આચરણ આવશ્યક જણાય છે.

ઉત્તર : તમારી વાત બરાબર નથી, કારણ કે આ ગ્રંથ શ્રુતજ્ઞાનરૂપ હોવાથી પોતે જ પરમમંગળરૂપ છે. અને પોતે જ પરમમંગળરૂપ હોવાથી એની શરૂઆતમાં જુદા મંગળનું આચરણ કરવું એ અર્થહીન જણાય છે.

ઉત્તરપક્ષ : ગ્રંથ પોતે જ ભલે મંગળરૂપ હોય, પણ 'એની શરૂઆતમાં મંગળ કરવું' એ શિષ્ટાચાર છે, એ શિષ્ટાચારને અનુસરીને મંગળ કરવું ઉચિત જ છે. અને બીજી વાત એ કે શરૂઆતમાં મંગળ કરવાથી એને વાંચનાર શિષ્યની બુદ્ધિમાં પણ મંગળનું ગ્રહણ થાય છે. અથવા તો 'ગ્રંથની આદિમાં મંગળ કરવું જોઈએ' એવું શિષ્યને જ્ઞાન થાય એટલા માટે પણ મંગળનું વિધાન થાય છે. એટલે મંગળનું વિધાન અર્થહીન નથી.

ત્રણ મંગળનો ઉપન્યાસ

હવે એ મંગળનું વિધાન ત્રણ સ્થાને કરવાનું હોય છે : (૧) ગ્રંથની શરૂઆતમાં, (૨) વચ્ચે, અને (૩) છેલ્લે.

શંકા : શરૂઆતમાં મંગળ કરવાથી જ જ્યારે ઈચ્છિત અર્થ સિદ્ધ થઈ જતો હોય ત્યારે ત્રણ મંગળ કરવાનું પ્રયોજન શું ?

સમાધાન : તમારી વાત બરાબર નથી, કારણ કે ત્રણે ત્રણ મંગળ સપ્રયોજન છે.

आदिमङ्गलं शिष्यमतिमङ्गलपरिग्रहार्थं निर्विघ्नपरिसमाप्तये वा, मध्यमङ्गलमवगृहीतशास्त्रार्थ-स्थिरीकरणार्थम्, अन्तिममङ्गलं च शिष्यप्रशिष्यपरम्परया शास्त्रस्याव्यवच्छेदार्थम्। (९) उक्तञ्च-

तं मंगलमाइए मज्झे पज्जंतए य सत्थस्स पढमं ।
सत्थत्थाविग्घपारगमणाय निद्दिट्ठं ॥

तस्सेव य थेज्जत्थं मज्झिमयं अंतिमंपि तस्सेव ।
अव्वोच्छित्तिनिमित्तं सिस्सपसिस्साइवंसस्स ॥

अत्राऽऽद्यं मङ्गलं ग्रन्थकृता पूर्वमुक्तम् -

सिद्धं सिद्धत्थसुअं वंदिय णिद्धोयसव्वकम्ममलं ।
कम्मट्ठगस्स करणट्ठमुदयसंताणि वोच्छामि ॥१॥ इति ।

अन्तिममङ्गलं तु –

"जस्स वरसासणावयवफरिसपविकसियविमलमइकिरणा ।
विमलेंति कम्ममइले सो मे सरणं महावीरो ॥१॥" इति वक्ष्यते ।

ગુણધન્યા

તે આ પ્રમાણે– (૧) પહેલું મંગળ શિષ્યની બુદ્ધિમાં મંગળનું ગ્રહણ થાય અથવા વિઘ્ન વિના ગ્રંથની સમાપ્તિ થાય એ માટે છે, (૨) મધ્ય મંગળ જાણેલા શાસ્ત્રના પદાર્થોને સ્થિરતા પ્રાપ્ત થાય એ માટે છે, અને (૩) અંતિમ મંગળ શિષ્ય-પ્રશિષ્યની પરંપરામાં શાસ્ત્ર અવિચ્છિન્ન રહે એ માટે છે.

(૯) **વિશેષાવશ્યકભાષ્યમાં** કહ્યું છે કે –

"તે મંગળ શાસ્ત્રની (૧) શરૂઆતમાં, (૨) મધ્યમાં, અને (૩) અંતમાં કરવાનું હોય છે. તેમાં પહેલું મંગળ નિર્વિઘ્ન શાસ્ત્રાર્થના પારને પહોંચવા માટે બતાવાયું છે. (૧) મધ્ય મંગળ એ શાસ્ત્રાર્થના જ સ્થિરીકરણ માટે છે, અને અંતિમ મંગળ પણ શિષ્ય-પ્રશિષ્યાદિની પરંપરામાં એ શાસ્ત્રાર્થનો જ અવિચ્છેદ રહે એ માટે છે. (૨)"

એમાં પહેલું મંગળ ગ્રંથકારે (કર્મપ્રકૃતિગ્રંથની શરૂઆતમાં) પૂર્વે જ કરી દીધું છે, તે આ પ્રમાણે–

"બધા કર્મોરૂપી મળ જેમણે દૂર કર્યા છે, જે સિદ્ધ થયેલા છે, તે સિદ્ધાર્થરાજાના પુત્ર શ્રીમહાવીરસ્વામીને વંદન કરીને આઠ કર્મનાં બંધનકરણાદિ આઠ કરણો ઉદયસ્વરૂપ સત્તાસ્વરૂપ - આ બધાને હું કહીશ."

અને અંતિમ મંગળ આગળ આ પ્રમાણે કહેવાશે –

(१०) सम्प्रत्युपशमनावसरे मध्यमङ्गलं चिकीर्षुराचार्य आह -

करणकयाकरणावि य दुविहा उवसामणत्थ बिइयाए ।
अकरणअणुइन्नाए अणुओगधरे पणिवयामि ॥१॥

करणकृताकरणापि च द्विविधोपशमनाऽत्र द्वितीयायाः ।
अकरणानुदीर्णाया अनुयोगधरान् प्रणिपतामि ॥१॥ इति पदसंस्कारः

अथोपशमना, उपशम्यते = उदयोदीरणानिद्धत्तिनिकाचनाकरणायोग्यत्वेन व्यवस्थाप्यते कर्म यया सोपशमना, "णिवेत्त्यासश्रन्थघट्टवन्देरनः" (सिद्धहेम. ५/३/१११) इति सूत्रेण स्त्रियाम् 'अन्'प्रत्ययः । अन्प्रत्ययस्य स्त्रीवृत्तित्वात् "आत्" (सिद्धहेम. २/४/१८) इति सूत्रेण 'आप्' प्रत्ययः । तत्रैतेऽर्थाधिकाराः । तद्यथा – (१) प्रथमसम्यक्त्वोत्पादप्ररूपणा (२) देशविरतिलाभप्ररूपणा (३) सर्वविरतिलाभप्ररूपणा (४) अनन्तानुबन्धिविसंयोजना (५)

गुणधन्या

"જે પરમાત્માના શ્રેષ્ઠ શાસનના અંશમાત્રના સ્પર્શથી વિકાસ પામેલાં એવાં નિર્મળ મતિરૂપી કિરણો કર્મ-મળને દૂર કરે છે, તે મહાવીર પરમાત્મા મારા શરણરૂપ થાઓ.'

(૧૦) હમણા ઉપશમનાકરણની વ્યાખ્યાના અવસરે મધ્ય મંગળ કરવાની ઇચ્છાવાળા આચાર્યભગવંતશ્રી જણાવે છે –

ગાથાર્થ : (૧) કરણકૃત, અને (૨) અકરણકૃત - એમ બે પ્રકારની ઉપશમના છે. એમાં બીજી અકરણકૃત અથવા અનુદીર્ણ ઉપશમનાના અનુયોગને જેઓ ધારણ કરે છે, એમને હું નમસ્કાર કરું છું. (૧)

વિવેચન : હવે ઉપશમનાનું સ્વરૂપ વર્ણવાય છે. 'જેના દ્વારા ઉદય, ઉદીરણા, નિદ્ધત્તિ અને નિકાચનાકરણ માટે કર્મને અયોગ્ય બનાવાય' એ ઉપશમના કહેવાય છે.

વ્યુત્પત્તિ : उप + शम् ધાતુને 'णिवेत्त्यासश्रन्थघट्टवन्देरनः' (५/३/१११) એ સિદ્ધહેમવ્યાકરણના સૂત્રથી સ્ત્રીલિંગમાં 'अन' પ્રત્યય લાગે. એટલે ઉપશમન શબ્દ બને. અને એ અન પ્રત્યય સ્ત્રીલિંગવૃત્તિ હોવાથી 'आत्' २/४/१८ એ સૂત્રથી 'आप्' પ્રત્યય લાગે. એટલે ઉપશમન + આ = ઉપશમના શબ્દ બને.

ઉપશમનાકરણના અર્થાધિકારો :

અર્થાધિકાર એટલે વિષય. ઉપશમનાકરણમાં આઠ વિષયો છે. તે આ પ્રમાણે –

(૧) પ્રથમસમ્યક્ત્વઉત્પાદપ્રરૂપણા, (૨) દેશવિરતિલાભપ્રરૂપણા, (૩) સર્વવિરતિલાભપ્રરૂપણા, (૪) અનંતાનુબંધીવિસંયોજના, (૫) દર્શનમોહનીયક્ષપણા, (૬)

दर्शनमोहनीयक्षपणा (६) दर्शनमोहनीयोपशमना (७) चारित्रमोहनीयोपशमना (८) देशोपशमना च सप्रभेदा।

(११) तत्रेदमुपशमनाकरणं सप्रभेदं सर्वथा व्याख्यातुमशक्यम्, यतः सर्वथा मतिज्ञानावरणीयादीनां कर्मणां सर्वजघन्यानुभागोदीरकैः सर्वज्ञप्रणीतशास्त्राब्धिशर्करा-मूर्त्तिभिश्चतुर्दशपूर्वविद्भिर्लोकालोकदर्शिभिश्च केवलज्ञानिभिर्भगवद्भिरेव व्याख्यातुं शक्यत्वात्। यत्रांश आत्मनोऽशक्तिस्तत्रांशे तद्वेत्तृणामाचार्यो नमस्कारं चिकीर्षुराह-'करणकय' त्ति। नमस्कारश्च परावधिकस्वापकर्षबोधानुकूलव्यापारः।

(१२) तत्रोपशमना द्विविधा – 'करणकयाकरणा' इत्यादि, करणकृताकरणकृता च। तत्र

દર્શનમોહનીયઉપશમના, (૭) ચારિત્રમોહનીયઉપશમના, અને (૮) સપ્રભેદ દેશોપશમના.

स्व-असामर्थ्य अने अनुयोगधरवंदन

(११) ઉત્તરોત્તરભેદ સહિત ઉપશમનાકરણની પૂર્ણપણે વ્યાખ્યા કરવી તો શક્ય નથી જ, કારણ કે પૂર્ણપણે વ્યાખ્યાકરણ તો માત્ર (૧) મતિજ્ઞાનાવરણ વગેરે કર્મના એકદમ મંદરસના ઉદય-ઉદીરણાવાળા, સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રસમુદ્રના શર્કરામૂર્તિ (= અગસ્ત્ય ઋષિ) એવા ચૌદ પૂર્વધરો, અને (૨) લોકાલોકને જોનારા કેવળી ભગવંતો જ કરી શકે છે.

તેથી સામાન્યજન તો ઉપશમનાની સંપૂર્ણ વ્યાખ્યા ક્યાંથી કરી શકે ? અને તે માટે જ, જે અંશમાં પોતાની શક્તિ નથી તે અંશમાં તેને જાણનારાઓને નમસ્કાર કરવાની ઇચ્છાવાળા આચાર્ય કહે છે.

નમસ્કાર એટલે શું ?

જેને નમસ્કાર કરાય છે તેનો ઉત્કર્ષ બતાવવા દ્વારા તે વિશે પોતાની અત્યંત હીનતા માનવી કે "ઓ જ્ઞાની ! હું તમારા ચરણોની ધૂળ છું" એ નમસ્કાર કહેવાય. પોતાની હીનતા માનવાથી ગુણોનો ઉત્કર્ષ થાય છે અને ક્ષયોપશમ વધે છે. કહ્યું છે કે "જે નમે અમ પરે તે ભવિ ઊર્ધ્વગતિ લહે રે લોલ..."

(१२) ઉપશમનાના પ્રકાર



करणं क्रिया = यथाप्रवृत्तापूर्वानिवृत्तिकरणसाध्यः क्रियाविशेषस्तेन कृता करणकृता "कारकं कृता" (सिद्धहेम.३/१/६८) इति समासः, न करणमकरणम्, अकरणेन कृता अकरणकृता। या जन्मजरामरणलतावितानसम्भृतायां नानाविधमनःसंकल्पविकल्पशृगालादिसङ्कुलायां दुरवगाह-महामोहतमोभीषणायामार्तरौद्रध्यानवात्यापरिपूरितायां मिथ्यादर्शनाविरतिप्रमादकषाय-लुण्टाकव्याप्तायां भवाटव्यां भ्रमतां संसारिणां जीवानां गिरिनदीपाषाणवृत्तितादिसम्भववद् यथाप्रवृत्तादिकरणं विनापि वेदनानुभवनादिभिः कारणैरुपशमनोपजायते साऽकरणकृतेत्यर्थः।

(१३) इदं च करणकृताकरणकृतत्वरूपं द्वैविध्यं देशोपशमनाया एव द्रष्टव्यम्, न

गुणधन्या

(१) **करणकृता** : કરણ એટલે ક્રિયા. યથાપ્રવૃત્તકરણ-અપૂર્વકરણ-અનિવૃત્તિકરણથી સાધ્ય વિશેષ પ્રકારની ક્રિયાથી જે કરાયેલ હોય તે.

'કરણકૃતા' માં '**कारकं कृता**' (સિદ્ધહેમ૦ ૩/૧/૬૮) થી સમાસ થયો છે.

(૨) **અકરણકૃતા** : કરણ નહીં તે અકરણ. અકરણથી એટલે કે કરણ વિના કરાયેલ હોય તે અકરણકૃતા.

संसार એટલે ભયાનક જંગલ

(૧) જે જન્મ-જરા-મરણની આંટી-ઘુંટીવાળી વેલડીઓના વિસ્તારથી ભરેલો છે.

(૨) જે અનેક પ્રકારના મનના સંકલ્પ-વિકલ્પોરૂપી લુચ્ચા શિયાળો વગેરેનું નિવાસ છે.

(૩) કાંઇ જ સમજાય નહીં-દેખાય નહીં તેવા મહામોહના ગાઢ અંધકારથી જે ભીષણ છે.

(૪) જે આર્તધ્યાન-રૌદ્રધ્યાનના નવા-નવા તોફાનોથી ભરેલ છે,

(૫) મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાયાદિ ખૂંખાર લુંટારાઓથી જે વ્યાપ્ત છે.

આવા સંસારરૂપી જંગલમાં પરિભ્રમણ કરતા સંસારી જીવને, જેમ પર્વતનો પથ્થર નદીમાં પડવાથી ઠેકાણે-ઠેકાણે અથડાવા - કૂટાવાના કારણે કોઈપણ જાતની પ્રક્રિયા વિના જ લીસ્સો થઈ જાય છે, તેમ કર્મોની પણ યથાપ્રવૃત્તાદિ કોઈપણ જાતના કરણ વિના, સહજ રીતે માત્ર વેદન-અનુભવાદિ કારણોથી જે ઉપશમના થાય, તેને અકરણકૃતા ઉપશમના કહેવાય છે.

(૧૩) આ બન્ને ભેદો દેશોપશમનાના જ છે, સર્વોપશમનાના નહીં. કારણ કે, સર્વોપશમના તો માત્ર કરણથી જ થાય છે. **પંચસંગ્રહની મૂલટીકામાં** કહ્યું છે :-

सर्वोपशमनायाः, तस्याः करणेभ्य एव भावात्, उक्तञ्च **पञ्चसङ्ग्रहमूलटीकायाम्**-'**देशोपशमना करणकृता करणरहिता च, सर्वोपशमना तु करणकृतैवेति**' । तस्या अकरणकृताया उपशमनायाः सम्प्रत्यनुयोगो व्यवच्छिन्नः, तत आचार्यः स्वयं तस्या अनुयोगमजानानस्तद्वेत्तॄणां चतुर्दशपूर्वधराणां नमस्कारमाह - 'बिइयाए' इत्यादि, द्वितीयायाः अकरणकृताया उपशमनाया अकरणानुदीर्णरूपनामधेयद्वययुक्ताया अनुयोगधरान्=व्याख्याकुशलान् विशिष्टमतिप्रभाकलित-चतुर्दशपूर्वधरान् प्रणिपतामि । 'प्रणिपतामि' इत्यत्र 'प्रशब्दो' वाक्कायमनसां प्रह्वीभावप्रकर्षं द्योतयति उपहासनमस्कारं च निराकरोति । अन्यथा '**नमस्यं तत्सखि ! प्रेम घण्टारसितसोदरम्। क्रमक्रशिमनिस्सार-मारम्भगुरुडम्बरम्**', इत्यादिवदुपहासनमस्कारभ्रमोऽपि स्यादिति ।

(१४) उपशमनाया द्वैविध्यं तथैकैकस्या नामान्तरं व्याजिहीर्षुराह

गुणधन्या

"देशोपशमना : करणकृता-करणरहिता એમ બે પ્રકારે છે અને સર્વોપશમના માત્ર કરણકૃતા જ હોય છે."

नमस्कार कोने ?

તે અકરણકૃત ઉપશમનાનો અનુયોગ હમણા વિચ્છેદ પામી ગયો છે. એટલે આચાર્યભગવંત પોતે તેના અનુયોગને ન જાણતા હોઈ તેના જાણકાર એવા ચૌદ પૂર્વધરોને નમસ્કાર કરે છે. (આપણાથી અધિક ગુણવાળાને નમસ્કાર કરાય, એવું હમણા જ પૂર્વે કહ્યું હતું) તે નમસ્કાર આ પ્રમાણે –

(૧) **અકરણ** અને (૨) **અનુદીર્ણ** એવા બે નામવાળી બીજી અકરણકૃતોપશમનાની વ્યાખ્યા કરવામાં કુશલબુદ્ધિવાળા અને વિશિષ્ટ પ્રતિભાથી યુક્ત એવા ચૌદ પૂર્વધરને હું પ્રણિપાત=નમસ્કાર કરું છું.

प्रणिपातनुं तात्पर्य

અહીં 'પ્ર' શબ્દ મન-વચન-કાયાના ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા પ્રકર્ષને જણાવે છે. તથા ઉપહાસનમસ્કારનું નિરાકરણ કરે છે. કારણ કે, 'પ્ર' શબ્દ ન લખે તો "હે સખિ ! ઘંટનાદની જેમ પ્રારંભમાં મોટા અને ક્રમે કરીને પાતળા થતા-ઘટતા જતા નિઃસાર એવા તારા પ્રેમને નમસ્કાર થાઓ !" આ વાક્યમાં રહેલા ઉપહાસનમસ્કાર જેવા નમસ્કાનો અહીં પણ ભ્રમ થવાની આપત્તિ આવે. (૧)

(૧૪) આમ નમસ્કાર કરવા દ્વારા ગ્રંથકારે મંગલ કર્યું. હવે ઉપશમનાના બન્ને પ્રકાર અને એ બંનેના જુદા-જુદા નામો બતાવવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે :-

सव्वस्स य देसस्स य करणुवसमणा दुन्निसन्नि एक्किक्का ।
सव्वस्स गुणपसत्था देसस्स वि तासि विवरीया ॥२॥

सव्वुवसमणा मोहस्सेव उ .....

सर्वस्य च देशस्य च करणोपशमना द्विसंज्ञैकका ।
सर्वस्य गुणप्रशस्ता देशस्यापि तयोर्विपरीता ॥२॥

सर्वोपशमणा मोहस्यैव तु..... इति पदसंस्कारः

'सव्वस्स' इत्यादि, सा करणकृतोपशमना द्विविधा सर्वस्य देशस्य च, सर्वविषया देशविषया चेत्यर्थः "एक्किक्का" त्ति, एकैकस्या अपि 'दुसन्नि' त्ति द्वे संज्ञे = द्वे द्वे नामधेये, तद्यथा – 'सव्वस्स' सर्वोपशमनायाः प्रशस्तोपशमना गुणोपशमना चेति, तथा 'देसस्स' देशोपशमनायास्ताभ्यां पूर्वोक्ताभ्यां विपरीते नामधेयेऽगुणोपशमनाऽप्रशस्तोपशमना च । सर्वोपशमना तु मोहनीयस्यैवेति । एतेन 'देशोपशमना सर्वेषां कर्मणां भवति' इति ज्ञापितम् ।

गुणधन्या

ગાથાર્થ : કરણકૃત ઉપશમના સર્વવિષયક અને દેશવિષયક એમ બે પ્રકારે છે. અને તે એકેકના બે નામ છે. તેમાં સર્વોપશમનાના (૧) ગુણોપશમના, અને (૨) પ્રશસ્તોપશમના - એમ બે નામ છે. અને દેશોપશમનાના નામ તેનાથી વિપરીત છે : (૧) અગુણોપશમના, અને (૨) અપ્રશસ્તોપશમના, સર્વોપશમના મોહનીયકર્મની જ હોય છે. (૨)

વિવેચન :-



અહીં સર્વોપશમના, માત્ર મોહનીયકર્મની જ થાય છે. આનાથી એ પણ સમજાઈ જાય છે, કે દેશોપશમના બધા જ કર્મની થાય. (૨)

હવે સૌ પ્રથમ ઉપશમસમ્યક્ત્વનો અધિકાર કહે છે -

(૧) प्रथमोपशमसम्यक्त्वप्राप्ति अधिकार

(૧૫) પ્રશ્ન : અહીં સૌ પ્રથમ ઉપશમસમ્યક્ત્વનો અધિકાર શા માટે છે ?

(१५) अथादावुपशमसम्यक्त्वाऽधिकारः । अनादिकालतो भवाटव्यां भ्रमन्तोऽनादि-मिथ्यादृष्टयः प्राणिन आदावुपशमसम्यक्त्वमेव प्राप्नुवन्तीति मन्यन्ते **कार्मग्रन्थिकाः** । आदौ जीवा उपशमसम्यक्त्वं क्षायोपशमिकसम्यक्त्वं वाऽश्नुवत इति मन्यन्ते **सैद्धान्तिकाः** । न क्षायिकसम्यक्त्वमित्युभयोर्मतम् । **ननु** कस्यामपि गतौ कस्याञ्चिदप्यवस्थायां वर्तमानः सम्यक्त्वमासादयति, उत गतिविशेष अवस्थाविशेष एव वर्तमानः सम्यक्त्वं प्राप्नोतीति शङ्कापरिहारार्थमाचार्या अन्तर्मुहूर्तकालप्रमाणां प्राग्योग्यतालक्षणां 'पूर्वभूमिकां' प्रदर्शयितुकामाः प्राहुः –

..... तस्सुवसमक्कियाजोग्गो ।
पंचिंदिओ उ सन्नीपज्जत्तो लद्धितिगजुत्तो ॥३॥

पुव्वंपि विसुज्झंतो गंठियसत्ताणऽइक्कमिय सोहिं ।
अन्नयरे सागारे जोगे य विसुद्धलेसासु ॥४॥

ગુણધન્યા

ઉત્તર : અનાદિકાલથી ભવાટવીમાં ભમતા અનાદિમિથ્યાદૃષ્ટિ જીવો પ્રથમ કયું સમ્યક્ત્વ પામે છે? તેમાં મતાંતર છે :-

કાર્મગ્રન્થિકમત : ઉપશમસમ્યક્ત્વ જ પ્રાપ્ત થાય.

સૈદ્ધાન્તિકમત : ઉપશમ અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય.

પણ આદિમાં ક્ષાયિકસમ્યક્ત્વપ્રાપ્તિને તો બન્નેય મતો માનતા નથી. અને ઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિ બન્ને મતે સમ્મત છે. માટે પહેલા તેનો અધિકાર છે.

પ્રશ્ન : ગમે તે ગતિમાં અને ગમે તે અવસ્થામાં આ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ? કે વિશેષ ગતિમાં જ પ્રાપ્ત થાય ?

ઉત્તર : અવસ્થાવિશેષમાં જ પ્રાપ્ત થાય છે. તેથી ઉપશમસમ્યક્ત્વ માટે યોગ્ય જીવની ઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિના અંતમુહૂર્તકાળ પૂર્વે કેવી અવસ્થા હોય છે - તે પૂર્વભૂમિકાનું વર્ણન પાંચ ગાથા દ્વારા જણાવે છે –

ગાથાર્થ : તેની (મોહનીયની) ઉપશમના કરવાને યોગ્ય જીવ પર્યાપ્ત, સંજ્ઞી અને પંચેન્દ્રિય - ત્રણ લબ્ધિથી યુક્ત હોય. (૩)

કરણની પૂર્વે પણ ગ્રન્થિદેશે રહેલા (અભવ્ય) જીવોની વિશુદ્ધિને ઉલ્લંઘીને (વિશિષ્ટ) વિશુદ્ધિમાં રહેલો હોય, કોઈપણ એક સાકાર ઉપયોગમાં, કોઈપણ એક યોગમાં, તથા ત્રણ શુદ્ધ લેશ્યામાંથી કોઈપણ એક શુભલેશ્યામાં વર્તમાન હોય. (૪)

ठिइसत्तकम्मअंतोकोडीकोडी करित्तु सत्तण्हं ।
दुट्ठाण चउट्ठाणे असुभसुभाणं च अणुभागं ॥५॥

बंधंतो धुवपगडी भवपाउग्गा सुभा अणाऊ य ।
जोगवसा य पएसं उक्कस्सं मज्झिम जहण्णं ॥६॥

ठिइबंधद्धापुण्णे नवबंधं पल्लसंखभागूणं ।
असुभसुभाणणुभागं अणंतगुणहाणिवुड्ढीहिं ॥७॥

..... तस्योपशमक्रियायोग्यः ।
पञ्चेन्द्रियस्तु संज्ञी पर्याप्तो लब्धित्रिकयुक्तः ॥३॥

पूर्वमपि विशुध्यमानो ग्रन्थिकसत्त्वानामतिक्रम्य शोधिम् ।
अन्यतरस्मिन् साकारे योगे च विशुद्धलेश्यासु ॥४॥

स्थितिसत्कर्म अन्तःकोटाकोटीं कृत्वा सप्तानाम् ।
द्विस्थानं चतुस्थानमशुभशुभानां चानुभागम् ॥५॥

बध्नन् ध्रुवप्रकृतीर्भवप्रायोग्याः शुभा अनायुषश्च ।
योगवशाच्च प्रदेशं उत्कृष्टो मध्यमो जघन्यः ॥६॥

स्थितिबन्धाद्धापूर्णो नवबन्धं पल्यसङ्ख्यभागोनम् ।
अशुभशुभानामनुभागमनन्तगुणहानिवृद्धिभ्याम् ॥७॥ इति पदसंस्कारः

(१६) 'तस्स' इत्यादि, तस्य = मोहनीयस्य सर्वोपशमनाक्रियायोग्यः, प्रस्तुते च

गुणधन्या

સાતકર્મની સ્થિતિસત્તાને અંતઃકોડાકોડી સાગરોપમ કરીને, તથા અશુભ કર્મના સત્તાગત ચાર ઠાણિયા રસને બે ઠાણિયા કરતો, શુભકર્મના સત્તાગત બે ઠાણિયા રસને ચાર ઠાણિયા કરતો. (૫)

૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓને બાંધતો, ભવપ્રાયોગ્ય પરાવર્તમાન શુભ પ્રકૃતિને બાંધતો, તથા આયુષ્યને ન બાંધતો તથા યોગાનુસાર ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય પ્રદેશબંધ કરતો. (૬)

પૂર્વ - પૂર્વનો સ્થિતિબંધ પૂર્ણ થતા ઉત્તરોત્તર પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન સ્થિતિબંધ કરતો, તથા અશુભ અને શુભકર્મના અનુભાગને અનંતગુણ હાનિ-વૃદ્ધિથી બાંધતો. (૭)

[આવો જીવ ત્રણ કરણ કરી ઉપશમસમ્યક્ત્વને પામે છે.]

दर्शनमोहनीयस्य, 'पंचिंदिओ सन्नीपज्जत्तो' इत्यादि (१) '**पर्याप्तसंज्ञिपञ्चेन्द्रियः**' लब्ध्यपर्याप्ता जीवा अथवा लब्धिभिः पर्याप्तत्वेऽपि करणापर्याप्तत्वेन करणापर्याप्ता जीवाः प्रथमोपशमसम्यक्त्वं प्राप्तुं नार्हन्ति, सम्यक्त्वप्राप्तौ तेषां तथाविधविशुद्ध्यभावात् । एवमेकेन्द्रिय-द्वीन्द्रिय-त्रीन्द्रिय-चतुरिन्द्रिया असंज्ञिपञ्चेन्द्रियाश्च पर्याप्तापर्याप्ता जीवा अपि तथाविधविशुद्ध्यभावात् प्रथमोपशम-सम्यक्त्वं न प्राप्नुवन्ति । अतः संज्ञिपञ्चेन्द्रियः सर्वपर्याप्तिभिः पर्याप्तः प्रथमौपशमिक-सम्यक्त्वमुत्पादयति, स च सादिमिथ्यादृष्टिरनादिमिथ्यादृष्टिर्वा ज्ञेयः । **नन्वत्र** को नाम सादिमिथ्यादृष्टिरिति **चेद्,** उच्यते, येन जन्तुना सकृदौपशमिकादिसम्यक्त्वं प्राप्तं परिणामपतनाच्च मिथ्यात्वमभ्युपगतम्, स सादिमिथ्यादृष्टिरुच्यते ।

(१७) **न च** सादिमिथ्यादृष्टेः प्रथमौपशमिकसम्यक्त्वप्राप्तिः कथं भवितुमर्हति, यतस्तस्य जन्तोः सकृदौपशमिकसम्यक्त्वस्य लब्धत्वेन द्वितीयाद्यौपशमिकसम्यक्त्वमेव सम्भवतीति

સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવની યોગ્યતા

(૧૬) વિવેચન : પ્રથમ ઉપશમસમ્યક્ત્વની વાત ચાલતી હોવાથી અહીં 'મોહનીય' તરીકે 'દર્શનમોહનીય' લેવું, તેની સર્વોપશમના કરવા માટે કયો જીવ યોગ્ય છે ? તેનું સ્વરૂપ કહે છે –

(૧) પર્યાપ્તસંજ્ઞિપંચેન્દ્રિય : લબ્ધિ અપર્યાપ્ત જીવો તથા લબ્ધિથી પર્યાપ્ત હોવા છતાં કરણ અપર્યાપ્તાવસ્થામાં રહેલા જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકતા નથી, કારણ કે સમ્યક્ત્વપ્રાપ્તિ માટે જોઈતી વિશુદ્ધિ તેઓને હોતી નથી. તેની જેમ જ પર્યાપ્ત કે અપર્યાપ્ત એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય અને અસંજ્ઞિપંચેન્દ્રિય જીવો પણ તેવા પ્રકારની વિશુદ્ધિના અભાવે જ પ્રથમઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરતા નથી.

તેથી સંજ્ઞીપંચેન્દ્રિય, સર્વપર્યાપ્તિથી પર્યાપ્ત, સાદિ અથવા અનાદિમિથ્યાત્વી જીવ જ પ્રથમઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરવાને યોગ્ય છે.

પ્રશ્ન : સાદિમિથ્યાદૃષ્ટિ જીવ કોને કહેવાય ?

ઉત્તર : જે જીવે એકવાર ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરી લીધું, અને પછી પરિણામ પડી જવાથી ફરી મિથ્યાદૃષ્ટિ બની ગયો તેને સાદિમિથ્યાદૃષ્ટિ કહેવાય છે.

(૧૭) પ્રશ્ન : સાદિમિથ્યાત્વીને તો પહેલા સમ્યક્ત્વ પ્રાપ્ત થયેલું હતું, તો ફરીવાર જે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તે બીજી વારનું હોય છે, તો તેને પ્રથમ-ઉપશમસમ્યક્ત્વ કેમ કહેવાય ?

वाच्यम्, यत उपशमश्रेणिगतौपशमिकसम्यक्त्वव्यतिरिक्तौपशमिकसम्यक्त्वं प्रथमत्वेनैव व्यपदिश्यते ।

(२) [१]**लब्धित्रिकयुक्तः**-उपशमलब्ध्युपदेशश्रवणलब्धिप्रयोगलब्धित्रिकयुक्तः । करणकालात्पूर्वमपि प्रथमोपशमसम्यक्त्वप्राप्तय उद्यत आत्मा लब्धित्रययुक्तो भवति । तत्रोपशमलब्धिः कर्मदलिकानामुपशमनाय या शक्तिः, सा उपशमलब्धिरित्यभिधीयते । उपदेशलब्धिः उपदेशकाचार्यादीनां प्राप्तिस्तथोपदेशपरिणमनाय शक्तिविशेषः । यद्यपि नैसर्गिकसम्यकत्वप्राप्त्यवसर उपदेशश्रवणस्य निमित्तं न भवति, तथाऽपि जीवस्योपदेश-श्रवणशक्त्या नियमेन भवितव्यम् । प्रयोगलब्धिः-सम्यक्त्वप्राप्तये करणत्रयहेतुभूत-मनोवाक्काययोगस्य लब्धिः ।

(३) **विशुद्धिः**-करणकालात्पूर्वमप्यन्तर्मुहूर्तकालं यावत्प्रतिसमयमनन्तगुणवृद्ध्या विशुद्ध्या 'विशुद्ध्यमानः' ।

गुणधन्या

उत्तर : उपशमश्रेणिमां जे उपशमसम्यक्त्वनी प्राप्ति थाय छे, ते सिवाय संसारमां जेटलीवार उपशमसम्यक्त्वनी प्राप्ति थाय छे, ते बधाने प्रथम उपशमसम्यक्त्व ज कहेवाय छे. (जातिरूपे एक तरीके होवानी विवक्षा छे)

(२) **लब्धित्रययुक्त** : प्रथमउपशमसम्यक्त्व पामनार जीव करणकाळ पूर्वे पण त्रण लब्धिथी युक्त होय छे.

(क) **उपशमलब्धि** : कर्मना दलिकोने उपशांत करवानी शक्ति.

(ख) **उपदेशलब्धि** : स्वने उपदेश आपनार आचार्यादिनी प्राप्ति अने तेमणे आपेला उपदेशने आत्मामां परिणमावववानी शक्ति.

जो के, स्वाभाविक सम्यक्त्वप्राप्तिना अवसरे उपदेशश्रवणनी जरूर नथी होती. छतां पण, जीवमां उपदेशश्रवणनी शक्ति तो अवश्य रहेली होवी जोईए.

(ग) **प्रयोगलब्धि** : सम्यक्त्वप्राप्ति माटेना त्रण करण माटे जोईती मन-वचन अने कायाना योगनी शक्ति.

(उ) **विशुद्धि** : करणकाळ पूर्वे अन्तर्मुहूर्त सुधी ग्रन्थिकसत्त्व करतां पण अनंतगुण विशुद्धि होय छे. अने ते पण प्रतिसमय अनंतगुण वधती होय छे.

---

१. टीप्पणम्-लब्धिसारे तु लब्धिपञ्चकमुक्तम्-तद्यथा-खयउवसमिय विसोहि देसूणपाउग्गकरलद्धीय चत्तारि वि सामण्णा करणं सम्मत्तचारित्ते ॥३॥

छाया-क्षायोपशमविशुद्धदेशनाप्रायोग्यकरणलब्धयश्च चतस्रोऽपि सामान्यात्करणं सम्यक्त्वचारित्रे ॥३॥

(१८) ग्रन्थिकसत्त्वानां कोऽर्थः ? ग्रन्थिर्नाम रागादीनां तीव्रानुबन्धकारिका परिणतिः, सा च ग्रन्थिरत्यन्तं दुर्भेद्याऽतिकठिना कर्कशा च भवति, उक्तञ्च -

"गंठित्ति सुदुब्भेओ कक्खडघणगूढरूढगंठिव्व ।
जीवस्स कम्मजणिओ घणरागदोसपरिणामो ॥१॥

ग्रन्थिरेव ग्रन्थिका, "यावादिभ्यः कः" (सिद्धहेम ७/३/१५) इति सूत्रेण स्वार्थिकः 'क'प्रत्ययः । ग्रन्थिकायां ग्रन्थिदेशे स्थिताः सत्त्वाः=ग्रन्थिकसत्त्वाः "मयूरव्यंसकेत्यादयः" (सिद्धहेम० ३/१/११६) इति सूत्रेण मध्यमपदलोपिसमासः, तेषां ग्रन्थिकसत्त्वानामभव्यानां या विशोधिस्तामतिक्रम्य वर्तमानः, ततोऽनन्तगुणविशुद्ध इत्यर्थः ।

(४) **अन्यतरस्मिन् साकार उपयोगे वर्तमानः**-मत्यज्ञानश्रुताज्ञानविभङ्गज्ञानानामन्यतमे साकारोपयोगे वर्तमानः ।

(५) **योगे च वर्तमानः**—मनोयोगचतुष्टयवचनयोगचतुष्टयौदारिककाययोगवैक्रिय-

(१८) प्रश्न : અહીં ગ્રન્થિકસત્ત્વ કોને કહેવાય ?

ઉત્તર : રાગાદિના તીવ્ર અનુબંધને કરાવનારી પરિણતિ તે ગ્રન્થિ કહેવાય છે. તે ગ્રન્થિ અત્યંત મુશ્કેલીથી ભેદાય તેવી, કઠિન અને કર્કશ હોય છે. કહ્યું છે કે –

ગ્રંથિ એટલે કર્કશ, ઘન, રૂઢ અને ગૂઢ એવી વાંસ વગેરેની ગાંઠની જેમ અત્યંત દુઃખેથી ભેદી શકાય એવો જીવનો કર્મથી ઉત્પન્ન થયેલો ગાઢ રાગ-દ્વેષનો પરિણામ (તાત્પર્ય-વાંસની ગાંઠરૂપ દ્રવ્યગ્રંથિ જેમ દુર્ભેદ્ય છે, તેમ રાગ-દ્વેષના ઉદયરૂપ પરિણામ પણ દુર્ભેદ્ય છે, માટે એને ભાવગ્રંથિ = ભાવગાંઠ કહેવાય છે.)

આ ગ્રંથિદેશે રહેલા જીવોને ગ્રંથિકસત્ત્વ કહેવાય છે. આ ગ્રંથિકસત્ત્વ-અભવ્યજીવોની વિશુદ્ધિ કરતાં સમ્યક્ત્વાભિમુખ જીવની અનંતગુણ વિશુદ્ધિ હોય છે.

ગ્રંથિકસત્ત્વની વ્યુત્પત્તિ : 'ગ્રન્થિ' શબ્દને 'યાવાદિભ્યઃ કઃ' (સિ.૭-૩-૧૫) એ સૂત્રથી સ્વાર્થમાં 'ક' પ્રત્યય લાગી 'ગ્રન્થિક' શબ્દ બને. ગ્રન્થિકાયાં = ગ્રન્થિદેશે સ્થિતાઃ સત્ત્વાઃ इति ગ્રન્થિકસ્થિતસત્ત્વાઃ... પણ 'મયૂરવ્યંસકેત્યાદયઃ' (સિ.૩-૧-૧૧૬) એ સૂત્રથી મધ્યમપદલોપી સમાસ થવાથી 'ગ્રન્થિકસત્ત્વાઃ' પ્રયોગ બને. અર્થ એ થાય કે, ગ્રંથિદેશે રહેલા જીવો એટલે કે ગ્રંથિનો ભેદ ન કરી ગ્રંથિની પાસે જ રહે એવા અભવ્ય જીવો...

(૪) અન્યતર સાકારોપયોગ : મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનરૂપ સાકારોપયોગમાંથી ગમે તે એક ઉપયોગમાં વર્તમાન હોય.

(૫) યોગ : ચાર મનના, ચાર વચનના તથા કાયાના ઔદારિક અને વૈક્રિય એમ

काययोगानामन्यतमे योगे वर्तमानः 'जोगे य' इत्यत्र चकाराद् वेदे कषाये च वर्तमान इति ज्ञेयम् ।

(६) **वेदे वर्तमानः**—अन्यतमे पुरुषवेदे स्त्रीवेदे नपुंसकवेदे च वर्तमानः ।

(७) **कषाये वर्तमानः**—क्रोधादिचतुष्टयेऽन्यतमे कषाये वर्तमानस्तथा प्रतिसमयं हीयमानकषायी, प्रवर्धमानविशुद्ध्यां प्रवर्तमानत्वात् ।

(८) **विशुद्धलेश्यायां वर्तमानः**—भावतो विशुद्धस्य लेश्यात्रयस्यान्यतमायां लेश्यायां वर्तमानो, जघन्यपरिणामेन तेजोलेश्यायां मध्यमपरिणामेन पद्मलेश्यायामुत्कृष्टपरिणामेन शुक्ललेश्यायां वर्तमान इत्यर्थः । द्रव्यतस्तु लेश्याषट्के वर्तमान उपशमसम्यक्त्वमुत्पादयति, नरकगतौ द्रव्यतोऽशुभलेश्याया एव सद्भावात् ।

(१९) तथाऽऽयुर्वर्जानां सप्तानां कर्मणां स्थितिमन्तःसागरोपमकोटाकोटिप्रमाणामपि हीनां

કુલ દશમાંથી મન, વચન, કાયાના તે-તે યોગમાંથી અન્યતર યોગ હોય છે. મૂળગાથામાં રહેલા 'च' શબ્દથી વેદમાં અને કષાયમાં રહેલો પણ જાણવો.

(૬) **વેદ :** પુરુષવેદ, સ્ત્રીવેદ કે નપુંસકવેદમાંથી અન્યતર વેદ હોય છે.

(૭) **કષાય :** ક્રોધાદિ ચાર કષાયોમાંથી કોઈપણ એક કષાયનો ઉદય હોય... તેમજ પ્રતિસમય હીયમાન કષાયવાળો હોય, કારણ કે ઉત્તરોત્તર સમયે વર્ધમાન વિશુદ્ધિમાં તે રહેલો હોય છે.

(૮) **વિશુદ્ધલેશ્યા :** ભાવથી ત્રણ શુભ લેશ્યામાંથી કોઈપણ એક શુભલેશ્યા હોય...

જઘન્યપરિણામી જીવ તેજોલેશ્યામાં વર્તમાન હોય,

મધ્યમપરિણામી જીવ પદ્મલેશ્યામાં વર્તમાન હોય, અને

ઉત્કૃષ્ટપરિણામી જીવ શુક્લલેશ્યામાં વર્તમાન હોય.

અને તે પણ પ્રતિસમય અનંતગુણ વધતી હોય છે.

દ્રવ્યથી છએ લેશ્યામાં રહીને ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરાય છે, કારણ કે નરકગતિમાં દ્રવ્યથી અશુભલેશ્યામાં જ રહેલો હોય છે.

ભૂમિકામાં કર્મબંધાદિનું સ્વરૂપ

(૧૯) આયુષ્ય સિવાયના સાત કર્મોની અંતઃકોડાકોડી પ્રમાણ સ્થિતિને પણ ઓછી કરે છે. અશુભકર્મના બે ઠાણિયા રસને પણ અનંતગુણ હીન-હીન કરે છે, અને

कुर्वन्नशुभानां कर्मणामनुभागं द्विस्थानकं सन्तमप्यनन्तगुणहीनं कुर्वन् शुभानां च कर्मणां चतुःस्थानकं सन्तमप्यनन्तगुणं कुर्वन्नास्ते ।

(९) **प्रकृतिबन्धः** (१) अथ मूलप्रकृतिबन्धः 'बंधंतो धुवपगडी भवपाउग्गा' मूलप्रकृतय आयुष्यवर्जाः सप्तैव बध्यन्ते, यत आयुर्बन्धो मध्यमपरिणाम एव भवति, अत्र तु अतीव-विशुद्ध्यमानपरिणामत्वादायुर्बन्धं नाऽऽरभते, न करोतीत्यर्थः, नाप्यायुर्बन्धेऽप्रमत्तगुणस्थानकवत् पूर्वप्रवृत्तो वर्तते ।

उत्तरप्रकृतयो ध्रुवाः स्वभवप्रायोग्याश्च बध्यन्ते तथाहि –

(२) अथोत्तरप्रकृतिबन्धः – ध्रुवप्रकृतयः पञ्चविधज्ञानावरणनवविधदर्शनावरण-मिथ्यात्वकषायषोडशकभयजुगुप्सातैजसकार्मणवर्णगन्धरसस्पर्शागुरुलघूपघातनिर्माणान्तराय-पञ्चकरूपाः सप्तचत्वारिंशत् तथा स्वभवप्रायोग्याः प्रकृतीः परावर्तमानमध्यस्था आयुष्यवर्जाः शुभा एव बध्नाति ।

ગુણધન્યા

શુભકર્મના ચાર ઠાણિયા રસને પણ અનંતગુણવૃદ્ધ કરે છે.

(૯) **પ્રકૃતિબંધ : (૧) મૂળપ્રકૃતિબંધ :** મૂળપ્રકૃતિ સાત બંધાય છે. આયુષ્યકર્મનો બંધ થતો નથી. કારણ કે, આયુષ્ય હંમેશા મધ્યમ (ઘોલમાન) પરિણામે બંધાય છે. જ્યારે અહીં અત્યંત વિશુદ્ધપરિણામ હોવાથી જીવ આયુષ્યબંધનો પ્રારંભ ન કરે. તથા અપ્રમત્તગુણઠાણે જેમ પૂર્વપ્રવૃત્ત આયુષ્યબંધવાળો જીવ હોય છે, તેમ ઉપશમસમ્યક્ત્વમાં તેવો જીવ નથી હોતો (એટલે કે પૂર્વે જેણે આયુ બાંધવાની શરૂઆત કરી હોય તેવો જીવ ઉપશમસમ્યક્ત્વ ન પામે, અર્થાત્ ઉપશમસમ્યક્ત્વમાં પૂર્વપ્રવૃત્ત આયુબંધ પણ ન હોય.) આમ કોઈપણ રીતે આયુબંધ નથી. માટે સાત જ પ્રકૃતિ બંધાય છે.

(૨) **ઉત્તરપ્રકૃતિબંધ :**

ધ્રુવબંધી

જ્ઞાના.	દર્શના.	વેદ.	મોહ.	આયુ.	નામ	ગોત્ર	અંતરાય	કુલ
૫	૯	x	૧૯	x	૯	x	૫	૪૭

મોહનીયની ૧૯ → મિથ્યાત્વ, ૧૬ કષાય, ભય, જુગુપ્સા = ૧૯

નામકર્મની ૯ → વર્ણ-૪, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ = ૯

સમ્યક્ત્વાભિમુખ જીવ આ ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિ તો બાંધે જ છે, તે સિવાય સ્વભવપ્રાયોગ્ય આયુષ્ય સિવાયની પરાવર્તમાન પ્રકૃતિઓમાંથી શુભ પ્રકૃતિ જ બાંધે છે.

(२०) तथाहि – तिर्यङ्मनुष्यो वा ध्रुवबन्धिसप्तचत्वारिंशत्प्रकृतीस्तथा देवगतिप्रायोग्याः शुभाः प्रकृतीर्देवद्विकवैक्रियद्विकपञ्चेन्द्रियजाति-आद्यसंस्थानपराघातोच्छ्वासप्रशस्तखगति-त्रसदशकरूपा नामकर्मण एकोनविंशतिसङ्ख्याकास्तथोच्चैर्गोत्रं सातवेदनीयं च मोहनीयस्य हास्यरतिपुरुषवेदरूपास्तिस्रः प्रकृतीर्बध्नाति । इत्थं मनुष्यस्तिर्यङ् वा एकसप्ततिप्रकृतीर्बध्नाति ।

इत्थं सप्तमपृथ्वीनारकवर्जो नारको देवो वा ध्रुवबन्धिसप्तचत्वारिंशत्प्रकृतीस्तथा मनुष्य-गतिप्रायोग्या मनुष्यद्विकपञ्चेन्द्रियजातिप्रथमसंस्थानाऽऽद्यसंहननौदारिकद्विक-पराघातोच्छ्वास-प्रशस्तखगतित्रसदशकरूपा नामकर्मणो विंशतिसङ्ख्याकाः प्रकृतीस्तथोच्चैर्गोत्रं सातवेदनीयं च मोहनीयस्य हास्यरतिपुरुषवेदरूपास्तिस्रः प्रकृतीर्बध्नाति । इत्थं सप्तमपृथ्वीनारकवर्जो नारको देवो वा द्विसप्ततिं प्रकृतीर्बध्नाति ।

यदि सप्तमपृथ्वीनारकः सादिमिथ्यादृष्टिरनादिमिथ्यादृष्टिर्वा प्रथममुपशमसम्यक्त्वमुत्पादयति तदा मनुष्यद्विकौच्चैर्गोत्राणां स्थाने तिर्यग्द्विकनीचैर्गोत्राणि वक्तव्यानि, यतः सप्तमपृथ्वीनारकः

गुणधन्या

(२०) अध्रुवबंधी

(१) सम्यक्त्वाभिमुख तिर्यंच अथवा मनुष्य : ध्रुवबंधी ४७ प्रकृतिओ तथा अध्रुवबंधीमांथी देवप्रायोग्य शुभप्रकृति : देवद्विक, वैक्रियद्विक, पंचेन्द्रिय जाति, समचतुरस्रसंस्थान, पराघात, उच्छ्वास, शुभविहायोगति, त्रसदशक - એમ नामकर्मनी १९ प्रकृति तथा उच्चगोत्र, शातावेदनीय अने हास्य, रति, पुरुषवेद - એમ मोहनीयकर्मनी ३ प्रकृति बांधे छे. आम कुल (४७ १९ १ १ ३=७१) प्रकृति बांधे छे.

(२) सम्यक्त्वाभिमुख देव अने सातमी नरक सिवायना नारको : ध्रुवबंधी ४७ अने ते सिवाय अध्रुवबंधीमांथी मनुष्यप्रायोग्य शुभप्रकृति : मनुष्यद्विक, पंचेन्द्रियजाति, प्रथम संघयण, प्रथम संस्थान, औदारिकद्विक, पराघात, उच्छ्वास, शुभविहायोगति, त्रसदशकરૂप नामकर्मनी २० प्रकृति, उच्चगोत्र, शातावेदनीय अने हास्य, रति, पुरुषवेदરૂप मोहनीयकर्मनी ३ प्रकृति - એમ कुल (४७ २० १ १ ३=७२) प्रकृति बांधे छे.

(३) सादि अथवा अनादि मिथ्यादृष्टि सातमी नरकनो जीव ज्यारे प्रथम सम्यक्त्व उत्पन्न करे छे त्यारे : मनुष्यद्विकने उच्चगोत्रना स्थाने तिर्यंचद्विक अने नीचगोत्र बांधे छे. कारण के, सातमी नरकना जीवने तीव्रतर विशुद्धि होवा छतां पहेला गुणठाणे तथास्वभावथी ज तिर्यंचद्विक अने नीचगोत्र ज बंधाय छे. अने सातमी नरकमां कोईक

प्रथमगुणस्थानके तीव्रतरविशुद्ध्यमानोऽपि तिर्यग्द्विकनीचैर्गोत्ररूपाः प्रकृतीरेव बध्नाति तथास्वाभाव्यात्, तथा सप्तमनरके केचिज्जीवा उद्योतमपि बध्नन्ति । इत्थं सप्तमपृथ्वीनारका द्वासप्ततिं त्रयःसप्ततिं वा प्रकृतीर्बध्नन्ति ।

(२१) **ननु** रत्नप्रभादिपृथ्वीनारका उद्योतं कथं न बध्नन्तीति इति **चेद्**, उच्यते, यदा जीवास्तिर्यग्गतिप्रायोग्यप्रकृतीर्बध्नन्ति, तदैवोद्योतं बध्नन्ति, नान्यथा । प्रथमादिपृथ्वीनारकाः प्रथमोपशमसम्यक्त्वमुत्पादयन्तो मनुष्यगतिप्रायोग्या एव प्रकृतीर्बध्नन्ति, न तिर्यग्प्रायोग्याः । अतस्त उद्योतबन्धं विभाषयाऽपि न कुर्वते । सप्तमपृथ्वीनारकास्तु तिर्यक्प्रायोग्या एव प्रकृतीर्बध्नन्ति । अत एव तेषु केचिदुद्योतबन्धमपि कुर्वत इत्युक्तो विकल्पेन तेषामुद्योतबन्धः ।

सम्यक्त्वाभिमुखगतिचतुष्कवर्तिनः प्राणिन आश्रित्य प्रत्येककर्मणो बध्यमानोत्तरप्रकृतीनां यन्त्रम् —

गुणधन्या

જીવ ઉદ્યોતને પણ બાંધે છે. આમ સાતમી નરકના જીવને કુલ ૭૨ અથવા ૭૩ પ્રકૃતિ બંધાય છે.

ઉદ્યોતબંધ વિચારણા

(૨૧) **પ્રશ્ન :** રત્નપ્રભા વગેરે ૧ થી ૬ નરકના સમ્યક્ત્વાભિમુખ જીવને ઉદ્યોત નામકર્મ કેમ ન બંધાય ?

ઉત્તર : જ્યારે જીવ તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિ બાંધે ત્યારે જ ઉદ્યોતને બાંધે. સમ્યક્ત્વાભિમુખ ૧ થી ૬ નરકના જીવો મનુષ્યપ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે. તિર્યંચપ્રાયોગ્ય બાંધતા નથી. તેથી ઉદ્યોતનો વિકલ્પે પણ બંધ ન થાય. અને સાતમી નરકનો જીવ તિર્યંચપ્રાયોગ્ય જ પ્રકૃતિ બાંધે છે, માટે તેમાંથી કેટલાંક જીવો ઉદ્યોતનો બંધ કરતા હોવાથી તેમને વિકલ્પે ઉદ્યોતનો બંધ કહ્યો.

यन्त्रम्

जीवः	ज्ञाना.	द.	मो.	अ.	वे.	गो.	नामकर्म	संकलित
मनुष्यस्तिर्यङ् वा	५	९	२२	५	१	१	देवगति प्रा. २८	७१
देवः सप्तमपृथ्वी-नारकवर्जो नारको वा	५	९	२२	५	१	१	मनुष्य-गति प्रा.२९	७२
सप्तमपृथ्वीनारकः	५	९	२२	५	१	१	तिर्यग्गति- प्रा. २९	७२
उद्योतं बध्नन्सप्तम-पृथ्वीनारकः	५	९	२२	५	१	१	तिर्यग्गति- प्रा.३०	७३

(२१) उक्ताभ्योऽन्याः प्रकृतीर्जीवः प्रथमसम्यक्त्वमुत्पादयन्न बध्नाति । तत्र मनुष्यस्तिर्यङ् वा नामकर्मणो देवगतिवर्जगतित्रिकपञ्चेन्द्रियवर्जजातिचतुष्कौदारिकद्विकाऽऽहारकद्विकसंहनन-षट्काऽऽद्यवर्जसंस्थानपञ्चकदेवानुपूर्वीरहिताऽऽनुपूर्वीत्रिकाऽप्रशस्तखगत्यातपोद्योतजिननाम-स्थावरदशकरूपाणामेकोनचत्वारिंशत्सङ्ख्याकानां प्रकृतीनां तथा शेषकर्मणां च स्त्रीनपुंसक-

સમ્યક્ત્વાભિમુખ ચારે ગતિના જીવોની બધ્યમાન પ્રકૃતિઓ

સમ્યક્ત્વાભિમુખ	જ્ઞાના.	દ.	મો.	અં.	વે.	ગો.	નામકર્મ	કુલ
મનુષ્ય-તિર્યંચને દેવ તથા ૧ થી ૬	૫	૯	૨૨	૫	૧	૧	દેવપ્રાયોગ્ય-૨૮	૭૧
નરકના જીવને	૫	૯	૨૨	૫	૧	૧	મનુષ્યપ્રાયોગ્ય ૨૯	૭૨
૭મી નરકના જીવને	૫	૯	૨૨	૫	૧	૧	તિર્યંચપ્રાયોગ્ય ૨૯	૭૨
ઉદ્યોતબંધક ૭મી નરકના જીવને	૫	૯	૨૨	૫	૧	૧	તિર્યંચપ્રાયોગ્ય ૩૦ (ઉદ્યોત સાથે)	૭૩

(૨૧) આ સિવાયની પ્રકૃતિઓ સમ્યક્ત્વાભિમુખ જીવ બાંધતો નથી. તેમાં –

(૧) સમ્યક્ત્વાભિમુખ તિર્યંચ - મનુષ્યને : નામકર્મની દેવગતિ સિવાયની ૩ ગતિ, પંચેન્દ્રિય સિવાયની ૪ જાતિ, ઔદારિક-૨, આહારક-૨, સંઘયણ-૬, પ્રથમ સિવાયના સંસ્થાન-૫, દેવાનુપૂર્વી સિવાયની આનુપૂર્વી-૩, અશુભવિહાયોગતિ, આતપ, ઉદ્યોત, જિનનામ અને સ્થાવર-૧૦ એમ કુલ ૩૯ પ્રકૃતિ અને શેષકર્મોની સ્ત્રીવેદ, નપુંસકવેદ, શોક, અરતિ, આયુષ્ય-૪, અશાતાવેદનીય, નીચગોત્રરૂપ ૧૦ પ્રકૃતિ, એમ ૪૯ પ્રકૃતિઓ બંધાતી નથી.

शोकारत्यायुश्चष्तुकासातवेदनीयनीचैर्गोत्ररूपाणां दशसङ्ख्याकानां प्रकृतीनामबन्धकः। इत्थं भवतीहैकोनपञ्चाशत्प्रकृतीनामबन्धकः ।

प्रथममुपशमसम्यक्त्वमुत्पादयन् देवः सप्तमपृथ्वीनारकवर्जो नारको वा प्रथमसंहननवर्जाः पूर्वोक्ता अष्टचत्वारिंशत्प्रकृतीर्न बध्नाति। अत्राऽयं विशेषः — मनुष्यस्तिर्यङ् वा या औदारिक-द्विकदेवगतिवर्जगतित्रिकदेवानुपूर्वीवर्जाऽऽनुपूर्वीत्रिकरूपा अष्ट प्रकृतीर्न बध्नाति, तत्स्थाने देवः सप्तमपृथ्वीनारकवर्जो नारको वा वैक्रियद्विकमनुष्यगतिवर्जगतित्रिकमनुष्यानुपूर्वीवर्जा-ऽऽनुपूर्वीत्रिकरूपाः प्रकृतीर्न बध्नाति। तथाहि — देवः सप्तमपृथ्वीवर्जनारको वा नामकर्मणो मनुष्यगतिवर्जगतित्रिकपञ्चेन्द्रियजातिवर्जजातिचतुष्कवैक्रियद्विकाहारकद्विकऽऽद्यवर्जसंहनन-संस्थानपञ्चकमनुष्यानुपूर्वीवर्जानुपूर्वीत्रिककुखगत्यातपोद्योतजिननामस्थावरदशकरूपा अष्टात्रिंशत्सङ्ख्याकास्तथा शेषकर्मणाञ्च स्त्रीनपुंसकवेदशोकारत्यायुश्चतुष्कासातवेदनीयनीचैर्गोत्ररूपा दशसङ्ख्याकाः प्रकृतीर्न बध्नाति। अतोऽष्टचत्वारिंशत्प्रकृतीनामबन्धको भवति ।

ગુણધન્યા

(૨) **સમ્યક્ત્વાભિમુખ દેવ અને ૧ થી ૬ નરક સુધીના નારકને :** પ્રથમ સંઘયણ બંધાતુ હોવાથી તે સિવાયની ઉપર કહેલી ૪૮ પ્રકૃતિ બંધાતી નથી.

દેવ-નારકની અબધ્યમાન (નહીં બંધાતી) ૪૮ પ્રકૃતિમાં વિશેષતા

તિર્યંચ - મનુષ્યની અબધ્યમાનપ્રકૃતિ	**તેના સ્થાને દેવ - નારકની અબધ્યમાનપ્રકૃતિ**
ઔદારિક-દ્વિક	વૈક્રિય-દ્વિક
દેવગતિ સિવાયની ૩ ગતિ	મનુષ્યગતિ સિવાયની ૩ ગતિ
દેવાનુપૂર્વી સિવાયની ૩ આનુપૂર્વી	મનુષ્યાનુપૂર્વી સિવાયની ૩ આનુપૂર્વી

આમ દેવ-નારક(૧ થી ૬ નરકના જીવ)ની અબધ્યમાન ૪૮ પ્રકૃતિઓ આ પ્રમાણે થાય —

મનુષ્યગતિ સિવાયની ૩ ગતિ, પંચેન્દ્રિય સિવાયની ૪ જાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, પહેલા સિવાયના સંઘયણ-૫,પહેલા સિવાયના સંસ્થાન-૫, મનુષ્યાનુપૂર્વી સિવાયની ૩ આનુપૂર્વી, અશુભવિહાયોગતિ, આતપ, ઉદ્યોત, જિનનામ અને સ્થાવરદશક - આમ નામકર્મની ૩૮, શેષકર્મની : સ્ત્રીવેદ, નપુંસકવેદ, શોક અને અરતિ આમ મોહનીયની-૪, આયુષ્ય-૪, અશાતાવેદનીય અને નીચગોત્ર = ૪૮ પ્રકૃતિ બાંધતો નથી.

(२२) अथ सप्तमपृथ्वीनारकः प्रथमसम्यक्त्वमुत्पादयन्नितरनारकवदष्टचत्वारिंशत्प्रकृतीनां बन्धं न करोति । अत्र विशेषस्त्वयम्—इतरनारका मनुष्यगतिवर्जगतित्रिकमनुष्यानुपूर्वीवर्जाऽऽनुपूर्वीत्रिकनीचैर्गोत्ररूपा याः प्रकृतीर्न बध्नाति, तत्स्थाने सप्तमपृथ्वीनारकस्तिर्यग्गतिवर्जगतित्रिकतिर्यगानुपूर्वीवर्जाऽऽनुपूर्वीत्रिकोच्चैर्गोत्ररूपाः प्रकृतीर्न बध्नाति । तथाहि—सम्यक्त्वाऽभिमुखः सप्तमपृथ्वीनारको नामकर्मणस्तिर्यग्गतिवर्जगतित्रिकपञ्चेन्द्रियवर्जजातिचतुष्कवैक्रियद्विकाऽऽहारकद्विकप्रथमवर्जसंहननसंस्थानपञ्चककुखगतितिर्यगानुपूर्वीवर्जानुपूर्वीत्रिकातपजिननामस्थावरदशकरूपाः सप्तत्रिंशत्सङ्ख्याः शेषकर्मणाञ्च स्त्रीनपुंसकवेदशोकारत्यायुश्चतुष्कासातवेदनीयोच्चैर्गोत्ररूपा दशसङ्ख्याकाः प्रकृतीर्न बध्नाति । इत्थमयं नारकः सप्तचत्वारिंशत्प्रकृतीनामबन्धको भवति । सप्तमपृथ्वीनारक उद्योतं विकल्पेन बध्नाति, तेनोद्योतमबध्नञ्जन्तुरुद्योतेन सहाऽष्टाचत्वारिंशत्प्रकृतीनामबन्धको भवति ।

ગુણધન્યા

(२२) સમ્યક્ત્વાભિમુખ ઉદ્યોતનો બંધક ૭મી નરકનો જીવ શેષનારકથી ભિન્ન ૪૭ પ્રકૃતિ બાંધતો નથી.

ઉદ્યોત-બંધક ૭મી નરકના જીવની અબધ્યમાન ૪૭ પ્રકૃતિમાં વિશેષતા

૧-૬ નરકના જીવની અબધ્યમાનપ્રકૃતિ	૭મી નરકના જીવની અબધ્યમાનપ્રકૃતિ
મનુષ્ય સિવાયની ૩ ગતિ	તિર્યંચગતિ સિવાયની ૩ ગતિ
મનુષ્યાનુપૂર્વી સિવાયની ૩ આનુપૂર્વી	તિર્યંચાનુપૂર્વી સિવાયની ૩ આનુપૂર્વી
નીચગોત્ર	ઉચ્ચગોત્ર

આમ સમ્યક્ત્વાભિમુખ ઉદ્યોત-બંધક ૭મી નરકનો જીવ : તિર્યંચગતિ સિવાયની ૩ ગતિ, પંચેન્દ્રિય સિવાયની ૪ જાતિ, વૈક્રિયદ્વિક, આહરકદ્વિક, પ્રથમ સિવાયના સંઘયણ-૫, પ્રથમ સિવાયના સંસ્થાન-૫, અશુભવિહાયોગતિ, તિર્યંચાનુપૂર્વી સિવાયની ૩ આનુપૂર્વી, આતપ, જિનનામ અને સ્થાવરદશક આમ નામકર્મની - ૩૭, શેષકર્મની : સ્ત્રીવેદ, નપુંસકવેદ, શોક અને અરતિ = મોહનીયની - ૪, આયુષ્ય - ૪, અશાતાવેદનીય અને ઉચ્ચગોત્ર = ૪૭ પ્રકૃતિ બાંધતો નથી.

ઉદ્યોતઅબંધક ૭મી નરકનો જીવ

સાતમી નરકમાં જીવ વિકલ્પે ઉદ્યોતને બાંધે છે. તેથી ઉદ્યોતના અબંધક જીવને ઉપરોક્ત ૪૭ ઉદ્યોત = ૪૮ પ્રકૃતિનો અબંધ હોય છે.

संक्षेपतोऽबन्धप्रकृतियन्त्रम्

जीवः	अबध्यमानप्रकृतयः
मनुष्यस्तिर्यङ् वा	४९
देवः सप्तमपृथ्वीनारकवर्जो नारको वा	४८
उद्योतं बध्नन् सप्तमपृथ्वीनारकः	४७
इतरः सप्तमपृथ्वीनारकः	४८

(२३) (१०) **स्थितिबन्धः**—सम्यक्त्वाभिमुखो बध्यमानमूलप्रकृतीनां स्थितिमन्तःसागरोपम-कोटाकोटिप्रमाणामेव बध्नाति, नाधिकाम् । तथाऽन्तर्मुहूर्तकाले व्यतीते स्थितिबन्धे च परिपूर्णे सत्यन्यं स्थितिबन्धं प्राक्तनस्थितिबन्धापेक्षया पल्योपमसङ्ख्येयभागन्यूनं कुर्वन्नेवमुत्तरोत्तरं प्रत्यन्तर्मुहूर्तं पूर्वापेक्षया पल्योपमसङ्ख्येयभागन्यूनं करोति ।

(११) **अनुभागबन्धः**—प्रथममुपशमसम्यक्त्वमुत्पादयन्नात्मा बध्यमानानामशुभानां कर्मप्रकृतीनामनुभागं द्विस्थानकं बध्नाति, तमपि प्रतिसमयं पूर्वापेक्षयाऽनन्तगुहीनं तथा शुभानां

સંક્ષેપથી સર્વજીવોની અબધ્યમાન પ્રકૃતિનું યન્ત્ર

જીવ	અબધ્યમાન પ્રકૃતિ
સમ્યક્ત્વાભિમુખ મનુષ્ય-તિર્યંચને	૪૯
દેવ તથા ૧ થી ૬ નરકના જીવને	૪૮
ઉદ્યોતબંધક ૭મી નરકના જીવને	૪૭
ઉદ્યોતના અબંધક ૭મી નરકના જીવને	૪૮

(૨૩) (૧૦) **સ્થિતિબંધ** : સમ્યક્ત્વાભિમુખ જીવ બધ્યમાન સાત મૂળપ્રકૃતિઓની અંતઃકોડાકોડી સાગરોપમપ્રમાણ જ સ્થિતિ બાંધે છે, તેનાથી અધિક બાંધતો નથી.

તથા અન્તર્મુહૂર્તમાં એક સ્થિતિબંધ પૂર્ણ થયા પછી જે નવો સ્થિતિબંધ થાય, તે પૂર્વના સ્થિતિબંધ કરતાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન હોય છે. અને હવે પછી-પછીના અન્તર્મુહૂર્તમાં નવો-નવો સ્થિતિબંધ જે થાય, તે પૂર્વ કરતાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન ન્યૂન હોય છે.

(૧૧) **રસબંધ** : અશુભકર્મનો બે ઠાણિયો રસ બંધાય, તે પણ પ્રતિસમયે પૂર્વ કરતાં અનન્તગુણહીન બંધાય છે. અને શુભકર્મનો ચાર ઠાણિયો રસ બંધાય, તે પણ પ્રતિસમયે પૂર્વ કરતાં અનંતગુણવૃદ્ધ બંધાય છે.

प्रकृतीनां चतुःस्थानकमनुभागं बध्नाति, तमपि प्रतिसमयमनन्तगुणवृद्धम्।

(१२) **प्रदेशबन्धः**—पूर्वं खलु 'योगवशाच्च प्रदेशाग्रमुत्कृष्टं मध्यमं जघन्यं च बध्नाति' इत्युक्तं तत्र विशेषो लिख्यते,

(२४) तथाहि — प्रथममुपशमसम्यक्त्वमुत्पादयन्नात्मा मनुष्यस्तिर्यङ् वाऽनन्तानुबन्धिचतुष्कस्त्यानर्द्धित्रिकमिथ्यात्वमोहनीयदेवद्विकवैक्रियद्विकसमचतुरस्रसंस्थानसुभगत्रिकसुखगतिरूपाणां सप्तदशानां कर्मप्रकृतीनां प्रदेशबन्धमुत्कृष्टयोग्युत्कृष्टमनुत्कृष्टयोग्यनुत्कृष्टमेव प्रदेशबन्धं करोति। शेषचतुःपञ्चाशत्प्रकृतीनामनुत्कृष्टमेव प्रदेशबन्धं करोति, यतो ज्ञानावरणीयपञ्चकदर्शनावरणीयचतुष्काऽन्तरायपञ्चकसातवेदनीयोच्चैर्गोत्रयशःकीर्तिरूपाणां सप्तदशसङ्ख्याकानां प्रकृतीनां सूक्ष्मसम्परायगुणस्थानकवर्तिन एवोत्कृष्टयोग उत्कृष्टप्रदेशबन्धो भवति,

ગુણધન્યા

(૧૨) **પ્રદેશબંધ :** પહેલા કહ્યું હતું "યોગના વશથી જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે" તે અંગે હવે વિશેષ બતાવાય છે —

(૨૪) પ્રદેશબંધગત વૈશિષ્ટ્ય

(૧) સમ્યક્ત્વાભિમુખ તિર્યંચ-મનુષ્યો :

બધ્યમાન ૭૧ પ્રકૃતિમાંથી અનંતાનુબંધી-૪, થીણદ્ધિ-૩, મિથ્યાત્વમોહનીય, દેવ-૨, વૈક્રિય-૨, સમચતુરસ્રસંસ્થાન, સુભગ-૩, શુભવિહાયોગતિ - આ ૧૭ પ્રકૃતિનો ઉત્કૃષ્ટયોગી હોય તો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે અને અનુત્કૃષ્ટયોગી હોય તો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે.

શેષ ૫૪ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશ બંધ જ થાય

તિર્યંચ-મનુષ્યને શેષ ૫૪ પ્રકૃતિઓના અનુત્કૃષ્ટબંધનું કારણ

પ્રકૃતિ	ઉત્કૃષ્ટપ્રદેશબંધક જીવ
જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, શાતા, યશ અને ઉચ્ચગોત્ર - આ ૧૭ પ્રકૃતિઓ	સૂક્ષ્મસંપરાય ગુણઠાણે જ રહેલો ઉત્કૃષ્ટયોગી જીવ
અપ્રત્યાખ્યાનીય-૪	૪થા ગુણઠાણે રહેલો ઉત્કૃષ્ટયોગી
પ્રત્યાખ્યાનીય-૪	૫મા ગુણઠાણે રહેલો ઉત્કૃષ્ટયોગી
પુરુષવેદ	નવમા ગુણઠાણે ૫ નો બંધક ઉત્કૃષ્ટયોગી

नान्यस्य । तथा चाप्रत्याख्यानावरणचतुष्कस्योत्कृष्टप्रदेशबन्धमविरतसम्यग्दृष्टिरुत्कृष्टयोगे वर्तमानः करोति । प्रत्याख्यानावरणचतुष्कस्योत्कृष्टप्रदेशबन्धं देशविरत उत्कृष्टयोगे वर्तमानः करोति, तथा पुरुषवेदसञ्ज्वलनक्रोधमानमायालोभरूपाणां पञ्चसङ्ख्यानां प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धमनिवृत्तिकरणगुणस्थानके यथाक्रमं मोहनीयस्य पञ्चप्रकृतीनां चतुष्प्रकृतीनां त्रिप्रकृतीनां द्वयोः प्रकृत्योरेकस्याः प्रकृतेर्बन्धक उत्कृष्टयोगे वर्तमानः करोति । निद्राद्विकहास्यरतिभयजुगुप्सारूपाणां षट्सङ्ख्यानां प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धमुत्कृष्टयोगे वर्तमानोऽविरतसम्यग्दृष्टिप्रभृत्यपूर्वकरणगुणस्थानकपर्यन्तवर्ती करोति । इत्थं षट्त्रिंशत्प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धं सम्यग्दृष्टय एव कुर्वन्ति ।

यद्यपि शेषाणामष्टादशप्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धका मिथ्यादृष्टयो जीवास्तथापि सम्यक्त्वाभिमुखो मिथ्यादृष्टिस्तिर्यङ् मनुष्यो वाऽष्टादशप्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धं न करोति, यतस्तैजसकार्मणशरीरवर्णगन्धरसस्पर्शागुरुलघूपघातनिर्माणबादरप्रत्येकरूपाणामेकादशानां प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धमपर्याप्तैकेन्द्रियप्रायोग्या नामकर्मणस्त्रयोविंशतिप्रकृतीर्बध्नन्नेव करोति तथा पर्याप्तपराघातोच्छ्वासस्थिरशुभरूपाणां पञ्चसङ्ख्यानां प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धमपर्याप्तैकेन्द्रियप्रायोग्यनामकर्मणः पञ्चविंशतिप्रकृतीर्बध्नन्नेव करोति, तथा पञ्चेन्द्रियजातेस्त्रसस्य चोत्कृष्टप्रदेशबन्धमपर्याप्तविकलतिर्यङ्मनुष्यपञ्चेन्द्रियप्रायोग्याः पञ्चविंशतिप्रकृतीर्बध्नन्नेव करोति ।

ગુણધન્યા

સંજ્વલન ક્રોધ	નવમા ગુણઠાણે ૪ નો બંધક ઉત્કૃષ્ટયોગી
સંજ્વલન માન	નવમા ગુણઠાણે ૩ નો બંધક ઉત્કૃષ્ટયોગી
સંજ્વલન માયા	નવમા ગુણઠાણે ૨ નો બંધક ઉત્કૃષ્ટયોગી
સંજ્વલન લોભ	નવમા ગુણઠાણે ૧ નો બંધક ઉત્કૃષ્ટયોગી

નિદ્રા ૨, હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા = ૬ પ્રકૃતિ ચોથાથી આઠમા ગુણઠાણા સુધી રહેલો ઉત્કૃષ્ટયોગી

આમ કુલ ૩૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સમ્યગ્દૃષ્ટિઓને જ થાય. તેથી સમ્યક્ત્વાભિમુખ મિથ્યાત્વી જીવોને ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ન થાય અને બાકીની ૧૮ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ જો કે મિથ્યાદૃષ્ટિ જીવ કરી શકે છે, પરંતુ સમ્યક્ત્વાભિમુખ તિર્યંચ-મનુષ્ય તેઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ન કરે, કારણ કે તેમાંથી તેજસ-કાર્મણ શરીર, વર્ણાદિ-૪, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, બાદર અને પ્રત્યેક - આ ૧૧ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની અપર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩ પ્રકૃતિઓ બાંધતી વખતે થાય છે.

અને પર્યાપ્ત, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થિર અને શુભનામકર્મ - આ પાંચ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની પર્યાપ્તએકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓ બાંધતી વખતે થાય છે.

सम्यक्त्वाभिमुखस्तु संज्ञीपञ्चेन्द्रियो मिथ्यादृष्टिस्तिर्यङ्मनुष्यो वा नामकर्मणो देवगतिप्रायोग्या एवाष्टाविंशतिसङ्ख्याः प्रकृतीर्बध्नाति । अतो मनुष्यस्तिर्यङ् वा पूर्वोक्तानां षट्त्रिंशतः प्रकृतीनां तथाऽष्टादशप्रकृतीनामुत्कृष्टबन्धं न करोति । अतस्तस्य चतुष्पञ्चाशतः प्रकृतीनामनुत्कृष्टप्रदेशबन्ध एव भवति ।

(૨૫) सम्यक्त्वाभिमुखो देवः सप्तमपृथ्वीनारकवर्जो नारको वोत्कृष्टयोगे वर्तमानोऽनन्तानुबन्धिचतुष्कस्त्यानर्द्धित्रिकमिथ्यात्ववज्रऋषभनाराचरूपाणां नवसङ्ख्यानामुत्कृष्टप्रदेशबन्धं करोति तथानुत्कृष्टयोगे वर्तमानोऽनुत्कृष्टप्रदेशबन्धं करोति, यतो मिथ्यादृष्टेरप्यासां नवानां प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धसम्भवः, अतो मिथ्यादृष्टिर्देवः सप्तमपृथ्वीनारकवर्जो नारको नवप्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धमनुत्कृष्टप्रदेशबन्धं वा करोति, शेषत्रिषष्टिप्रकृतीनामनुत्कृष्टमेव प्रदेशबन्धम् । तत्र मनुष्यतिर्यग्भिर्बध्यमानानां चतुष्पञ्चाशत्प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धनिषेधे यत्कारणमुक्तं, तदत्रापि ज्ञातव्यम् । अथ नवप्रकृतीनामनुत्कृष्टप्रदेशबन्धे कारणं प्रोच्यते ।

ગુણધન્યા

તથા પંચેન્દ્રિયજાતિ અને ત્રસનામકર્મનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની અપર્યાપ્ત વિકલેન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય યોગ્ય ૨૫ પ્રકૃતિ બાંધતી વખતે થાય છે.

અને અહીં તો સમ્યક્ત્વાભિમુખ તિર્યંચ કે મનુષ્ય નામકર્મની દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિ બાંધતો હોવાથી તેને ઉપરોક્ત ૧૮ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સંભવે નહીં.

એટલે પૂર્વોક્ત ૩૬ ૧૮ = ૫૪ પ્રકૃતિઓનો સમ્યક્ત્વાભિમુખ જીવને ઉત્કૃષ્ટબંધ થતો નથી.

(૨) સમ્યક્ત્વાભિમુખ દેવ તથા ૧ થી ૬ નરકના નારકો :

(૨૫) બધ્યમાન ૭૨ પ્રકૃતિમાંથી અનંતાનુબંધી-૪, થીણદ્ધિ-૩, મિથ્યાત્વ અને વજ્રઋષભનારાચ સંઘયણ - આ ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટયોગે વર્તમાન હોય તો ઉત્કૃષ્ટબંધ કરે અને અનુત્કૃષ્ટયોગે વર્તમાન હોય તો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. કારણ કે, મિથ્યાદૃષ્ટિઓને પણ આ ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટબંધ થઈ શકે છે. તેથી સમ્યક્ત્વાભિમુખ અને મિથ્યાદૃષ્ટિ એવા દેવ તથા ૧ થી ૬ નરકના નારકો ઉત્કૃષ્ટયોગે આ ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરી શકે છે.

શેષ ૬૩ પ્રકૃતિઓનો તો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ જ કરે છે. તેમાંથી ૫૪ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ન થવાનું કારણ પૂર્વે મનુષ્ય-તિર્યંચને કહ્યું છે, તે જ જાણવું... અને બાકીની ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ દેવ - નારકને નથી થતો, કારણ કે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ બીજા ઠેકાણે થાય છે. તે આ પ્રમાણે –

तथाहि — औदारिकशरीरनामकर्मण उत्कृष्टप्रदेशबन्धमेकेन्द्रियप्रायोग्यास्त्रयोविंशतिप्रकृतीस्तथा मनुष्यद्विकमौदारिकाङ्गोपाङ्गञ्चेति तिसृणां प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धमपर्याप्तमनुष्यप्रायोग्याः पञ्चविंशतिप्रकृतीर्बध्नन्नेव करोति । तथा मनुष्यस्तिर्यङ् वा सुभगत्रिकसमचतुरस्रसंस्थान-सुखगतिरूपाणां पञ्चप्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धं देवगतिप्रायोग्या नामकर्मणोऽष्टाविंशतिप्रकृतीर्बध्नन् करोति । प्रस्तुते तु सम्यक्त्वाभिमुखो देवो नारको वा मनुष्यप्रायोग्यमेकोनत्रिंश-त्प्रकृत्यात्मकबन्धस्थानं बध्नातीति कृत्वा नवानां प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धं न करोति । इत्थं त्रिषष्टिप्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धं देवः सप्तमपृथ्वीनारकवर्जनारको वा न करोतीति कृत्वाऽनुत्कृष्टप्रदेशबन्धमेव करोति । तथा पूर्वोक्तानामनन्तानुबन्ध्यादीनां नवानां प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धमनुत्कृष्टप्रदेशबन्धं वा करोति ।

(२६) सप्तमपृथ्वीनारको द्विसप्ततिप्रकृतीर्बध्नाति । तत्र पूर्वोक्तानां नवानां तथा नीचैर्गोत्रस्योत्कृष्टयोग उत्कृष्टप्रदेशबन्धमनुत्कृष्टयोगेऽनुत्कृष्टप्रदेशबन्धं करोति ।

गुणधन्या

प्रकृति	उत्कृष्ट प्रदेशबंधस्थळ
औदारिक शरीरनामकर्म	એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ બાંધતા થાય
મનુષ્યદ્વિક અને ઔદારિક અંગોપાંગ	અપર્યાપ્ત મનુષ્યપ્રાયોગ્ય ૨૫ બાંધતા થાય
સુભગ-૩, પ્રથમ સંસ્થાન અને	દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિ બાંધતા
શુભવિહાયોગતિ	મનુષ્ય-તિર્યંચને થાય.

સમ્યક્ત્વાભિમુખ - દેવ-નારકો તો મનુષ્યપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિને બાંધે છે, તેથી આ નવ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ તેમને થતો નથી. આથી દેવ અને ૧ થી ૬ નરકના નારકો પૂર્વોક્ત ૫૪ ૯ = ૬૩ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. અને ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ કે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે.

(૩) ઉદ્યોતઅબંધક ૭મી નરકનો જીવ :

(૨૬) બધ્યમાન ૭૨ પ્રકૃતિઓમાંથી પૂર્વોક્ત અનંતાનુબંધી આદિ ૯ પ્રકૃતિઓ અને નીચગોત્રનો ઉત્કૃષ્ટયોગે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે અને અનુત્કૃષ્ટયોગે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે. તેમાં ૯ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટબંધનું કારણ તો પૂર્વવત્ જ જાણવું. અને નીચગોત્રના પણ ઉત્કૃષ્ટ પ્રદેશબંધનું કારણ એ કે નીચગોત્રના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી ચારે ગતિના ઉત્કૃષ્ટયોગી મિથ્યાદૃષ્ટિ જીવો છે. તેથી ૭મી નરકના જીવો પણ ઉત્કૃષ્ટયોગે તેનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરી શકે છે.

नवप्रकृतीनामुत्कृष्टप्रदेशबन्धे बीजं पूर्वोक्तमेव तथा नीचैर्गोत्रस्योत्कृष्टप्रदेशबन्धमुत्कृष्टयोगी सम्यक्त्वाभिमुखः सप्तमपृथ्वीनारकोऽपि करोति । अतो दशानां प्रकृतीनामुत्कृष्टप्रदेशबन्ध-मनुत्कृष्टप्रदेशबन्धं वा करोति तथा शेषद्वाषष्टिप्रकृत्यन्तर्वर्तितिर्यग्द्विकस्याऽनुत्कृष्टप्रदेशबन्धं मिथ्यादृष्टिर्मनुष्यस्तिर्यङ् वैकेन्द्रियप्रायोग्यास्त्रयोविंशतिप्रकृतीर्बध्नन्नेव करोति । अतः सम्यक्त्वाभिमुखः सप्तमपृथ्वीनारको द्विषष्टिप्रकृतीनामनुत्कृष्टं प्रदेशबन्धं करोति तथा दशानां प्रकृतीनामुत्कृष्टमनुत्कृष्टं वा प्रदेशबन्धं करोति । उद्योतं बध्नन् सप्तमपृथ्वीनारकस्तु त्रिसप्तति-प्रकृतीर्बध्नाति । तत्रेतरसप्तमनारकवदुद्योतं बध्नन् सप्तमपृथ्वीनारकोऽपि वज्रर्षभनाराच-संहननवर्जनवप्रकृतीनामुत्कृष्टयोगे वर्तमान उत्कृष्टप्रदेशबन्धं करोति, अनुत्कृष्टयोगेऽनुत्कृष्टप्रदेशबन्धं करोति । उद्योतं बध्नतो जन्तोर्वज्रर्षभनाराचसंहननस्योत्कृष्टप्रदेशबन्धो न भवति, यतो नामकर्मण एकोनत्रिंशत्प्रकृत्यात्मके बन्धस्थानके बध्यमाने वज्रर्षभनाराचस्योत्कृष्टप्रदेशबन्धो भवति । उद्योतं बध्नञ्जीवो नामकर्मणस्त्रिंशत्प्रकृत्यात्मकं बन्धस्थानकं बध्नातीति कृत्वा नामकर्मणो बध्यमानप्रकृतीनामाधिक्याद्वज्रर्षभनाराचसंहननस्योत्कृष्टप्रदेशबन्धं न करोति । शेषाणां

गुणधन्या

અને શેષ ૬૨ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. તેમાં તિર્યંચદ્વિકનો પણ અનુત્કૃષ્ટ પ્રદેશબંધ જ કરે છે. કારણ કે તિર્યંચદ્વિકનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યને એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩ પ્રકૃતિ બાંધતા થાય છે. આથી સમ્યક્ત્વાભિમુખ ૭મી નરકનો જીવ ૬૨ પ્રકૃતિઓનો અનુષ્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. અને ૧૦ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે.

(૪) ઉદ્યોતબંધક ૭મી નરકનો જીવ :

બધ્યમાન ૭૩ પ્રકૃતિઓમાંથી વજ્રઋષભનારાચ સંઘયણ સિવાયની પૂર્વોક્ત અનંતાનુબંધી આદિ ૯ પ્રકૃતિઓનો શેષ નારકની જેમ ઉત્કૃષ્ટયોગે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે અને અનુત્કૃષ્ટયોગે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. તથા ઉદ્યોતને બાંધતો જીવ વજ્રઋષભનારાચ સંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નથી કરતો. કારણ કે પ્રથમ સંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મની ૨૯ પ્રકૃતિને બાંધતા જ થાય છે, જ્યારે અહીં ઉદ્યોતને બાંધતો હોવાથી નામકર્મની ૩૦ પ્રકૃતિઓ બાંધે છે. તેથી નામકર્મની બંધાતી પ્રકૃતિ વધુ હોવાથી વજ્રર્ષભનારાચસંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ન કરે.

તથા શેષ ૬૪ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે, તેમાં પ્રથમ સંઘયણના અનુત્કૃષ્ટ પ્રદેશબંધનું કારણ હમણાં કહી દીધું અને બીજી ઉદ્યોત સિવાયની ૬૨ પ્રકૃતિઓના અનુત્કૃષ્ટ પ્રદેશબંધનું કારણ પૂર્વવત્ (ઉદ્યોતને નહીં બાંધનારા સાતમી

चतुष्षष्टिप्रकृतीनामनुत्कृष्टप्रदेशबन्धं करोति । तत्र वज्रर्षभनाराचस्योत्कृष्टप्रदेशबन्धनिषेधे कारणमुक्तम्, द्वाषष्टिप्रकृतीनामनुत्कृष्टप्रदेशबन्धे कारणमुद्योतमबध्नन्सप्तमपृथ्वीनारकवज्ज्ञेयम् । तथोद्योतस्योत्कृष्टप्रदेशबन्धमेकेन्द्रियप्रायोग्या उद्योतेन सह षड्विंशतिसङ्ख्याः प्रकृतीर्बध्नन् मनुष्यस्तिर्यङ् वा करोति । तत उद्योतस्योत्कृष्टप्रदेशबन्धं सप्तमपृथ्वीनारको न करोति ।

(२७) उत्कृष्टप्रदेशबन्धयोग्यानां तथोत्कृष्टप्रदेशबन्धाऽयोग्यानां प्रकृतीनां यन्त्रम्—

स्वामी	उत्कृष्टप्रदेशबन्ध-योग्याः प्रकृतयः	उत्कृष्टप्रदेशबन्धा-ऽयोग्याः प्रकृतयः	बध्यमान-प्रकृतयः
सम्यक्त्वाऽभिमुखो मनुष्यस्तिर्यङ् वा	१७	५४	७१
सम्यक्त्वाऽभिमुखो देवः सप्तमपृथ्वी-नारकवर्जो नारकः	९	६३	७२
सम्यक्त्वाऽभिमुखः सप्तमपृथ्वीनारकः	१०	६२	७२
सम्यक्त्वाभिमुख उद्योतं बध्नन् सप्तमपृथ्वीनारकः	९	६४	७३

નરકના નારકીની જેમ) જાણવું.

તથા ઉદ્યોતનો પણ અનુત્કૃષ્ટબંધ જ થાય છે, કારણ કે ઉદ્યોતનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ઉદ્યોત સાથે એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૬ પ્રકૃતિને બાંધતા મનુષ્ય-તિર્યંચ જ કરે છે. તેથી સાતમી નરકનો નારક ઉદ્યોતનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરતો નથી.

આમ ઉદ્યોતના બંધક ૭મી નરકના જીવને ૬૪ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ તથા ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ છે.

(૨૭) ઉત્કૃષ્ટ પ્રદેશબંધ માટે યોગ્ય અને અયોગ્ય પ્રકૃતિઓનો કોઠો :

સ્વામી	ઉત્કૃષ્ટ પ્રદેશબંધ યોગ્ય પ્રકૃતિ	અનુત્કૃષ્ટ પ્રદેશબંધ યોગ્ય પ્રકૃતિ	બધ્યમાન પ્રકૃતિ
સમ્યક્ત્વાભિમુખ મનુષ્ય-તિર્યંચ	૧૭	૫૪	૭૧
સમ્યક્ત્વાભિમુખ દેવ તથા ૧થી૬ નરકના જીવો	૯	૬૩	૭૨
સમ્યક્ત્વાભિમુખ ઉદ્યોતનો અબંધક ૭મી નરકનો જીવ	૧૦	૬૨	૭૨
સમ્યક્ત્વાભિમુખ ઉદ્યોતનો બંધક ૭મી નરકનો જીવ	૯	૬૪	૭૩

ग्रन्थकृता प्रथमोपशमसम्यक्त्वमुत्पादयतो मिथ्यादृष्टेः प्रकृतिस्थित्यनुभागप्रदेशबन्ध उक्तः । उपलक्षणत्वादस्माभिरुदयसत्ते अप्यभिधीयेते ।

(१३) **प्रकृत्युदयः**

(२८) **नरकगतौ** – प्रथमसम्यक्त्वाभिमुखमिथ्यादृष्टेरुदये वर्तमानाः प्रकृतयो ज्ञानावरणस्य पञ्च दर्शनावरणस्य चतस्रोऽथवा निद्राद्विकादन्यतरया निद्रया सह अन्तरायस्य पञ्चान्यतरद् वेदनीयं नीचैर्गौत्रं नरकायुर्मोहनीयस्यानन्तानुबन्ध्यादिकषायचतुष्कनपुंसकवेदान्यतर-युगलमिथ्यात्वप्रकृत्यात्मकमष्टकं स्थानम्, भयेन जुगुप्सया वा सह नवकं स्थानमुभाभ्यां सह दशकं स्थानम्।

नन्वेकस्मिन्समय एककषायस्योदयसम्भवादत्राऽनन्तानुबन्ध्यादिचतुष्कोदयः कथमुच्यत इति **चेत्**, उच्यते, एकस्मिन्समये क्रोधादिचतुष्टयेऽन्यतमस्योदयो भवति । तत्र क्रोधादीनामन्यत-मस्यैकैकस्यानन्तानुबन्धिप्रभृतयश्चत्वारो भेदाः सन्ति । अथ प्रथमगुणस्थानके

કર્મપ્રકૃતિગ્રંથમાં ગ્રંથકારશ્રી **શિવશર્મસૂરીશ્વરજીએ** પ્રથમ સમ્યક્ત્વને પામનાર મિથ્યાદૃષ્ટિ જીવોના પ્રકૃતિબંધ-સ્થિતિબંધ-રસબંધ-પ્રદેશબંધ જ કહ્યા છે. પણ ઉપલક્ષણથી ઉદય અને સત્તા પણ કહેલા જ સમજવાના. તેનું વિસ્તૃત સ્વરૂપ આ પ્રમાણે છે :-

(૧૩) **પ્રકૃતિ ઉદય** : સમ્યક્ત્વાભિમુખ જીવો ચારે ગતિમાં વિદ્યમાન હોય છે. તેથી નરક, દેવ, તિર્યંચ અને મનુષ્ય એમ ચારે ગતિમાં ક્રમસર બતાવાય છે –

સમ્યક્ત્વાભિમુખ નારકીને ઉદયમાં વર્તમાન પ્રકૃતિઓ

(૨૮) જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ અથવા નિદ્રાદ્વિકમાંથી કોઈપણ એક નિદ્રાની સાથે ૫, અંતરાય-૫, કોઈપણ એક વેદનીય, નીચગોત્ર, નરકાયુષ્ય, મોહનીયમાં - અનંતાનુબંધી આદિ ૪ કષાય, નપુંસકવેદ, કોઈપણ એક યુગલ અને મિથ્યાત્વ એમ મોહનીયની ૮ અથવા ભય અને જુગુપ્સા બેમાંથી ૧ ઉદયમાં હોય ત્યારે ૯ અને બંને ઉદયમાં હોય ત્યારે ૧૦ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

પ્રશ્ન : એક સમયમાં જીવને કોઈપણ એક કષાયનો જ ઉદય સંભવે છે, તો પછી અહીં ચાર કષાયનો ઉદય કેમ કહ્યો ?

ઉત્તર : એક સમયે ક્રોધાદિ ચારમાંથી એક જ કષાયનો ઉદય હોય છે તે બરાબર છે, પણ ક્રોધાદિ પ્રત્યેક કષાયના અનંતાનુબંધી આદિ ચાર ભેદો હોય છે, તેથી કષાયના ચાર ભેદ કહ્યા છે.

यद्यप्यनन्तानुबन्धिकषायोदयोऽस्ति, तथाऽपि तदुदयेऽप्रत्याख्यानावरणीयप्रत्याख्यानावरणीय-सञ्ज्वलनकषायोदयस्यान्तर्भावाच्चतुर्णामनन्तानुबन्ध्यादीनां कषायाणामुदयः प्रथमगुणस्थानके घटते ।

(૨૯) **इदन्त्ववधेयम्** - क्रोधादिचतुष्टयेऽन्यतमकषायस्योदयो भवति, यतः क्रोधमान-मायालोभा युगपन्नोदयमायान्ति, किन्तु क्रमेण । तथाहि — यदा क्रोध उदेति न तदा मानो नापि माया न चापि लोभः । यदा मान उदयमधिगच्छति न तदा क्रोधो नापि मायेत्यादि। केवलमेकस्मिन्ननन्तानुबन्धिक्रोध उदयमाने शेषा अपि अप्रत्याख्यानावरणादित्रयक्रोधा उदयमायान्ति, एवं मानादौ शेषा मानादयोऽप्युदयमागच्छन्ति । तेनाऽग्र उदयभङ्गगणनाप्रसङ्गे यत्र कषायभङ्गा गणयिष्यन्ते, तत्र चतुर्णामेव गुणनं करिष्यते ।

(૩૦) तथा नरकगतौ नामकर्मण एकोनत्रिंशत्प्रकृत्यात्मकमेकमुदयस्थानकमस्ति । तत्र

પ્રશ્ન : પહેલા ગુણઠાણે તો અનંતાનુબંધી કષાયનો ઉદય હોય છે, બીજા ૩ કષાયનો ઉદય કેવી રીતે હોય ?

ઉત્તર : પહેલા ગુણઠાણે અનંતાનુબંધી કષાયનો ઉદય હોવા સાથે તેના અંતર્ગતરૂપે અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલનકષાયનો પણ ઉદય હોવાથી અહીં જે ચાર કષાય કહ્યા તે પહેલા ગુણઠાણે ઘટી શકે છે.

એક સમયે ઉદયમાં કોઇપણ એક કષાય જ...

(૨૯) આ વાત ખાસ ધ્યાનમાં રાખવી, કે એક સમયે ક્રોધાદિ ચારમાંથી કોઈ એક જ કષાયનો ઉદય હોય છે. કારણ કે જ્યારે ક્રોધ ઉદયમાં આવે, ત્યારે માન-માયા-લોભનો ઉદય હોતો નથી. અને જ્યારે માન ઉદયમાં આવે, ત્યારે ક્રોધ-માયા-લોભનો ઉદય હોતો નથી. માત્ર, અનંતાનુબંધી ક્રોધનો ઉદય હોય ત્યારે અપ્રત્યાખ્યાનાવરણીયાદિ ત્રણ ક્રોધનો પણ ઉદય હોય છે. અને જ્યારે અનંતાનુબંધી માનનો ઉદય હોય, ત્યારે શેષ ૩ માનનો પણ ઉદય હોય છે. અને તેથી જ ઉદયના ભાંગાની ગણતરીમાં પણ જ્યાં કષાયના ભાંગા ગણવામાં આવે, ત્યાં ચારથી ગુણાકાર કરવામાં આવશે.

નરકગતિમાં નામકર્મનું માત્ર એક જ ઉદયસ્થાન

(૩૦) નરકગતિમાં નામકર્મની ૨૯ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. તેમાંથી

અધ્રુવોદયી : નરકગતિ, પંચેન્દ્રિય જાતિ, વૈક્રિયદ્વિક, હુંડક સંસ્થાન, કુખગતિ,

प्रकृतयोऽध्रुवोदया नरकगतिपञ्चेन्द्रियजातिवैक्रियद्विकहुण्डकसंस्थानकुखगत्युपघातपराघातोच्छ्वास-त्रसचतुष्कदुर्भगचतुष्करूपाः सप्तदश ध्रुवोदयाश्च वर्णचतुष्कतैजसकार्मणशरीरागुरुलघु-निर्माणस्थिरास्थिरशुभाशुभरूपा द्वादश। इत्थं जघन्यतो नरकगतौ कस्यचिज्जीवस्य मिथ्यादृष्टेरुदये वर्तमानाः प्रकृतयो ज्ञानावरणस्य पञ्च, दर्शनावरणस्य चतस्रः, अन्तरायस्य पञ्च, मोहनीयस्याऽष्टकम्, नरकायुरेका, वेदनीयस्यैका, नीचैर्गोत्रम्, नामकर्मण एकोनत्रिंशदिति चतुष्पञ्चाशत्। उत्कृष्टतो भयजुगुप्साऽन्यतरनिद्राभिस्सहिताः सप्तपञ्चाशत्प्रकृतयः। इत्थं प्रथमसम्यक्त्वमुत्पादयतो नारकस्य चत्वार्युदयस्थानकानि। तत्र प्रथममुदयस्थानकं चतुष्पञ्चाश-त्प्रकृत्यात्मकम्, द्वितीयमुदयस्थानकं पञ्चपञ्चाशत्प्रकृत्यात्मकम्, तृतीयोदयस्थानकं षट्-पञ्चाशत्प्रकृत्यात्मकम्, चतुर्थोदयस्थानकं सप्तपञ्चाशत्प्रकृत्यात्मकम्। तत्र प्रत्येकोदयस्थानकं भिन्नभिन्नप्रकृतीराश्रित्यानेकविधं भवति। कश्चित्क्रोधोदयविशिष्टो जीवः प्रथमसम्यक्त्वमुत्पादयति, कश्चिद् मानोदयविशिष्टः, कश्चिद् मायोदयविशिष्टः, कश्चन लोभोदयविशिष्टः, एवंविधाश्चत्वारो

ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ-૪ અને દુર્ભગ-૪... આમ કુલ ૧૭ પ્રકૃતિ છે.

ધ્રુવોદયી : વર્ણાદિ-૪, તૈજસ-કાર્મણ શરીર, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર-અસ્થિર, શુભ-અશુભરૂપ ૧૨ પ્રકૃતિ છે. તેથી નામકર્મની ૧૭ ૧૨ = ૨૯ પ્રકૃતિનું ૧ જ ઉદયસ્થાન હોય છે.

આમ નરકગતિના કોઈપણ નારકીને જઘન્યથી ૫૪ પ્રકૃતિઓ ઉદયમાં વિદ્યમાન હોય છે. તે આ પ્રમાણે :-

જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, મોહનીય-૮, નરકાયુ-૧, વેદનીય-૧, નીચગોત્ર-૧ અને નામકર્મની-૨૯... આમ કુલ ૫૪ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

અને ઉત્કૃષ્ટથી ભય, જુગુપ્સા અને એક નિદ્રા સહિત ૫૭ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

આમ પ્રથમ સમ્યક્ત્વને અભિમુખ નારકીને ૪ ઉદયસ્થાન હોય : ૫૪ પ્રકૃતિસ્વરૂપ, ૫૫ પ્રકૃતિસ્વરૂપ, ૫૬ પ્રકૃતિસ્વરૂપ અને ૫૭ પ્રકૃતિસ્વરૂપ.

પ્રત્યેક ઉદયસ્થાનના આટલા ભાંગા કેમ ?

પૂર્વોક્ત ૪ ઉદયસ્થાનો ભિન્ન-ભિન્ન પ્રકૃતિઓને આશ્રયીને અનેક પ્રકારે હોય છે. જેમકે કોઈ ક્રોધના ઉદયવાળો નારકનો જીવ પ્રથમ સમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે, તો કોઈ માનના ઉદયવાળો, કોઈ માયાના ઉદયવાળો, તો કોઈ લોભના ઉદયવાળો હોય. આ

जीवा असातोदयविशिष्टाश्चत्वारः सातोदयविशिष्टा वा भवन्ति, इत्थमनेकविधं प्रत्येकमुदयस्थानकं भवति ।

प्रकृतिभेदेनैकस्योदयस्थानकस्य यावन्तः प्रकारा भवन्ति, तावन्तस्तस्योदयस्थानकस्य भङ्गाः । प्रत्येकोदयस्थानकस्य निम्नलिखिता भङ्गा ज्ञेयाः –

(३१) चतुष्पञ्चाशत्प्रकृत्यात्मकोदयस्थानके चतुर्णां क्रोधादीनामन्यतमकषायोदयः, हास्यरति-रूपयुगलशोकारतिरूपयुगलयोरन्यतरस्य युगलस्योदयस्तथाऽन्यतरस्य वेदनीयस्योदयः । शेषाः प्रकृतय उदये न व्यत्यस्यन्ते, यतो नारकाणां नपुंसकवेदस्योदयो भवति तथा नामकर्मणो दुर्भगदुःस्वरानादेयायशःकीर्त्यशुभखगतिरूपाणामशुभानां प्रकृतीनामेवोदयो भवति ।

अथ भङ्गाः परिगण्यन्ते – चत्वारः कषाया युगलद्विकेन गुण्यन्ते, यतो द्वे युगले पर्यायेण प्राप्येते इति गुणिता अष्टौ भङ्गाः, ते च वेदनीयद्विकेन गुणिताः षोडशभङ्गाः, इति चतुष्पञ्चाशत्प्रकृत्यात्मकोदयस्थानकस्य भङ्गा उक्ताः ।

गुणधन्या

ચારે જીવોમાંથી કોઈક શાતાના ઉદયવાળો અથવા અશાતાના ઉદયવાળો - એમ અનેક પ્રકારે દરેક ઉદયસ્થાન હોય.

પ્રકૃતિઓના ભેદે એક જ ઉદયસ્થાનના જેટલા પ્રકાર થાય, તેટલા ઉદયસ્થાનકના પણ ભાંગા થાય. તે હવે કહેવાય છે -

પ્રથમ ઉદયસ્થાનકના ભાંગા

(૩૧) ૫૪ પ્રકૃતિના ઉદયસ્થાનકમાં ચારમાંથી કોઈપણ એક કષાય, હાસ્ય-રતિરૂપ અથવા શોક-અરતિરૂપ બંનેમાંથી કોઈપણ એક યુગલ અને બેમાંથી કોઈપણ એક વેદનીય ઉદયમાં હોય છે. બાકીની પ્રકૃતિઓ ઉદયમાં બદલાતી નથી, કેમકે નારકોને નપુંસકવેદનો જ ઉદય હોય છે. તથા નામકર્મની દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશ અને અશુભવિહાયોગતિ વગેરે અશુભ પ્રકૃતિઓનો જ ઉદય હોય છે. તેથી જે જે પ્રકૃતિઓ બદલાતી હોય, તેને યોગ્ય ગુણાકાર મૂકી ભાંગા કાઢવામાં આવ્યા છે.

હવે ભાંગા ગણાય છે -

ચાર કષાયને ૨ યુગલથી ગુણવામાં આવે છે. કારણ કે બન્ને યુગલ વૈકલ્પિક રીતે પ્રાપ્ત થાય છે. તેથી ૪ x ૨ = ૮ ભાંગા થાય, અને તેને વેદનીયદ્વિકથી ગુણાય, તો ૮ x ૨ = ૧૬ ભાંગા થાય.

આમ ૫૪ પ્રકૃતિના ઉદયસ્થાનના ૧૬ ભાંગા થાય.

स्थापना — कषायाः ४ x युगले २ x वेदनीये २ = संकलितभङ्गाः १६ ।

(३२) अथ कस्यचिज्जीवस्य भयेन जुगुप्सयाऽन्यतरनिद्रया वा युक्त पञ्चपञ्चाशत्प्रकृत्यात्मकमुदयस्थानकं भवति । तद्भङ्गास्त्वित्थं भावनीयाः — यदा भयेन युक्तमुदयस्थानकम्, तदा पूर्व एव षोडश भङ्गा भवन्ति, भयस्य एकप्रकृत्यात्मकत्वेन व्यत्यासाभावात्प्रतिपक्षत्वाभावाच्च । यदा जुगुप्सया युक्तमुदयस्थानकम्, तदाऽपि पूर्व एव षोडश भङ्गा भवन्ति । यदा अन्यतरनिद्रया युक्तमिदमुदयस्थानकम्, तदा द्विकेन ते गुणिता द्वात्रिंशत् । इत्थं पञ्चपञ्चाशत्प्रकृतिस्थानकस्य त्रयो विकल्पाश्चतुष्षष्टिः भङ्गाः ।

(३३) **नन्वे**कान्तविशुद्ध्या चतुःस्थानकरसबन्धकत्वेन साकारोपयोगस्यैव प्रतिपादितत्वेन निद्रोदयस्यासम्भव एवेति कथं तद्भङ्गाः प्ररूप्यन्ते ? अथ च स्त्यानर्द्धित्रिकसत्कभङ्गाश्च कथं

કષાય ૪ x યુગલ-૨ x વેદનીય-૨ = ૧૬

૫૫ પ્રકૃતિના ઉદયસ્થાનકના ૩ વિકલ્પો

(૩૨) કોઈક જીવને પૂર્વોક્ત ૫૪ પ્રકૃતિની સાથે (૧) **ભય** જોડાય તો ૫૫ પ્રકૃતિસ્વરૂપ ઉદયસ્થાનક થાય, (૨) **જુગુપ્સા** જોડાય તોય ૫૫ પ્રકૃતિસ્વરૂપ ઉદયસ્થાનક થાય, અથવા (૩) **એક નિદ્રા** જોડાય તો પણ ૫૫ પ્રકૃતિસ્વરૂપ ઉદયસ્થાનક પ્રાપ્ત થાય છે.

તેના ભાંગા આ પ્રમાણે વિચારવા :-

જ્યારે ભયની સાથે ૫૫નું ઉદયસ્થાનક હોય, ત્યારે પૂર્વની જેમ જ ૧૬ ભાંગા થાય છે, કારણ કે ભય એક પ્રકૃતિરૂપ હોવાથી તેના સ્થાને કોઈ બીજી પ્રકૃતિનો વિકલ્પ મૂકી શકાય નહીં. અને તેની કોઈ વિરોધી પ્રકૃતિ પણ નથી કે જેને મૂકીને ભાંગા બનાવી શકાય.

આ જ રીતે જુગુપ્સામાં પણ સમજી લેવું. એટલે જ્યારે જુગુપ્સાથી યુક્ત ૫૫નું સ્થાન હોય, ત્યારે પણ પૂર્વની જેમ જ ૧૬ ભાંગા થાય.

પરંતુ, જ્યારે ૫૪ એક નિદ્રા = ૫૫ નું ઉદયસ્થાનક હોય, ત્યારે ૧૬ ને ૨થી ગુણવાના હોવાથી ૧૬ x ૨ = ૩૨ ભાંગા થાય.

આ પ્રમાણે ૫૫ પ્રકૃતિના ઉદયસ્થાનકના ૩ વિકલ્પના મળીને કુલ ૬૪ ભાંગા થાય.

(૩૩) **પ્રશ્ન :** સમ્યક્ત્વાભિમુખ જીવ એકાંતે વિશુદ્ધિ હોવાના કારણે શુભકર્મના ૪ ઠાણિયા રસબંધકરૂપે હોઈ એને સાકારોપયોગ જ કહેવાયો છે અને સાકારોપયોગ હોવાથી નિદ્રાનો ઉદય સંભવી શકે જ નહીં, તો નિદ્રાસંબંધી ભાંગાઓ કઈ રીતે બતાવી શકાય?

न गण्यन्ते ? इति **चेत्, उच्यते** – कर्मप्रकृतौ क्षपकश्रेणौ निद्राद्विकस्योदयानभ्युपगमेऽप्युपशमश्रेणौ उपशान्तमोहं यावत्तदुदयस्याभ्युपगमात् प्रस्तुतायापि तत्सम्यक्त्वोत्पत्तौ चतुःस्थानकरसबन्धस्य सम्भवः, तन्मन्दोदयात् । साकारोपयोगेऽपि मन्दनिद्रोदयो न विरुध्यते, स्त्यानर्द्धित्रिकस्य तु तीव्ररसोदयसम्भवात् तद्वर्जनम् ।

आवश्यकहारिभद्रीयवृत्त्यादिष्वनाकारोपयोगेऽपि सम्यक्त्वप्रतिपत्तेरभ्युपगमात् तत्र निद्रोदयस्याविरुद्धत्वं सूपपद्यते तन्मतेनेत्यवधेयम् ।

स्थापना

द्वितीयमुदयस्थानकम् प्रकृतयः ५५

विकल्पाः प्रकृतयः	कषायाः	युगले	वेदनीये	निद्रे	भङ्गाः
(१) ५४+भयः	४ x	२ x	२	- =	१६
(२) ५४+जुगुप्सा	४ x	२ x	२	- =	१६
(३) ५४+अन्यतरनिद्रा	४ x	२ x	२ x	२ =	३२
					६४

गुणधन्या

અને જો નિદ્રાસંબંધી ભાંગાઓ ગણાય, તો થીણદ્ધિસંબંધી ભાંગાઓ કેમ ન ગણાય ?

ઉત્તર : જુઓ, **કર્મપ્રકૃતિગ્રંથમાં** ક્ષપકશ્રેણિમાં નિદ્રાદ્વિકનો ઉદય ન માન્યો હોવા છતાં પણ ઉપશમશ્રેણિમાં ઉપશાંતમોહ ગુણઠાણા સુધી નિદ્રાદ્વિકનો ઉદય માન્યો છે જ. એટલે પ્રસ્તુતમાં પણ ઉપશમસમ્યક્ત્વની ઉત્પત્તિ વખતે ચાર ઠાણિયો રસબંધ થઈ શકશે, કારણ કે ત્યારે નિદ્રાનો મંદ ઉદય હોય છે. અને મંદ નિદ્રાનો ઉદય સાકાર ઉપયોગમાં વિરોધી નથી બનતો. (એટલે સાકારોપયોગમાં નિદ્રા હોવામાં બાધ નથી.)

પણ થીણદ્ધિત્રિકનો તીવ્રરસોદય હોવાથી સાકારોપયોગમાં તેનું વર્જન કર્યું (કારણ કે થીણદ્ધિનો તીવ્રરસોદય સાકારોપયોગનો વિરોધી છે.)

અને **આવશ્યકહારિભદ્રીયવૃત્તિ** વગેરેમાં તો અનાકારોપયોગમાં પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ સ્વીકારાઈ હોવાથી તેમના મતે ત્યાં નિદ્રાના ઉદયનો અવિરોધ હોવો સુસંગત છે.

૫૫રૂપ દ્વિતીય ઉદયસ્થાનકના ૩ વિકલ્પો

ઉદયસ્થાનક	કષાય	યુગલ	વેદનીય	નિદ્રા	કુલ ભાંગા
૫૪ ભય	૪x	૨x	૨	-	=૧૬
૫૪ જુગુપ્સા	૪x	૨x	૨	-	=૧૬
૫૪ એકનિદ્રા	૪x	૨x	૨x	૨	=૩૨
					૬૪

(३४) अथ कस्यचिज्जीवस्य भयजुगुप्सानिद्राणामन्यतमाभ्यां युक्तं षट्पञ्चाशत्प्रकृत्यात्मकं तृतीयमुदयस्थानकं भवति, तद्भङ्गास्त्वित्थं भावनीयाः – यदा भयजुगुप्साभ्यां युक्तमिदमुदयस्थानकम्, तदा पूर्ववत् षोडश भङ्गाः । यदा निद्राभयाभ्यां युक्तम्, तदा षोडश भङ्गा निद्राद्विकेन गुणिता द्वात्रिंशद् भङ्गाः । यदा निद्राजुगुप्साभ्यां युक्तमिदमुदयस्थानकं तदा भङ्गाः पूर्ववद् द्वात्रिंशत् । इत्थं षट्पञ्चाशत्प्रकृत्यात्मकस्य तृतीयोदयस्थानकस्य त्रयो विकल्पा अशीतिश्च भङ्गाः ।

गुणधन्या

૫૬ પ્રકૃતિસ્વરૂપ તૃતીય ઉદયસ્થાનકના ૩ વિકલ્પો

(૩૪) જ્યારે કોઇ જીવને પૂર્વોક્ત ૫૪ પ્રકૃતિ સાથે ભય, જુગુપ્સા અને એક નિદ્રા - આ ત્રણ પ્રકૃતિમાંથી કોઈપણ ૨ પ્રકૃતિનો ઉદય હોય, ત્યારે ૫૪ ૨ = ૫૬ પ્રકૃતિનું ઉદયસ્થાનક થાય છે.

તે ત્રણ રીતે થઇ શકે છે. તેથી તેના ભાંગા પણ ૩ રીતે થાય.

(૧) જ્યારે ૫૪ ભય જુગુપ્સા = ૫૬ થાય. ત્યારે પહેલાની જેમ જ ૧૬ ભાંગા થાય. કારણ કે ભય-જુગુપ્સા ૧ પ્રકૃતિ હોવાથી તે બદલાતી નથી અને જે પ્રકૃતિઓ બદલાતી હોય તેને જ ગુણાકારમાં મુકાય.

(૨) જ્યારે ૫૪ એક નિદ્રા ભય = ૫૬ થાય. ત્યારે પૂર્વોક્ત ૧૬ ભાંગાને નિદ્રાદ્વિકથી ગુણતા ૧૬ x ૨ = ૩૨ ભાંગા થાય. અને

(૩) જ્યારે ૫૪ એક નિદ્રા જુગુપ્સા = ૫૬ થાય ત્યારે પણ ૩૨ ભાંગા થાય.

અને ૫૬ પ્રકૃતિસ્વરૂપ આ ત્રીજા ઉદયસ્થાનકના ત્રણેય વિકલ્પના કુલ મળીને ૮૦ ભાંગા થાય છે.

स्थापना

तृतीयमुदयस्थानकम् प्रकृतयः ५६

विकल्पाः	प्रकृतयः	कषायाः		युगले		वेदनीये		निद्रे	सङ्कलिता	भङ्गाः
प्रथमः	५४+भय+जुगुप्सा	४	x	२	x	२	-	-	=	१६
द्वितीयः	५४+१ निद्रा+भयः	४	x	२	x	२	x	२	=	३२
तृतीयः	५४+१ निद्रा+जुगुप्सा	४	x	२	x	२	x	२	=	३२
										८०

(३५) कस्यचिज्जीवस्य भयजुगुप्सानिद्राभिर्युक्तं सप्तपञ्चाशत्प्रकृत्यात्मकं चतुर्थोदयस्थानकं भवति । भङ्गास्तु पूर्वोदयस्थानकस्य तृतीयविकल्पप्रमाणा द्वात्रिंशत्तथैव ।

स्थापना

चतुर्थमुदयस्थानकम् प्रकृतयः ५७

	कषायाः,	युगले,	वेदनीये,	निद्रे	= सङ्कलिता भङ्गाः
५४ + भय + जुगुप्सा + निद्रा	४ x	२ x	२ x	२	= ३२

ગુણધન્યા

૫૬ પ્રકૃતિસ્વરૂપ તૃતીય ઉદયસ્થાનકના ભાંગા

ઉદયસ્થાનક	કષાય	યુગલ	વેદનીય	નિદ્રા	કુલભાંગા
૫૪ ભય જુગુપ્સા	૪x	૨x	૨	-	=૧૬
૫૪ એકનિદ્રા ભય	૪x	૨x	૨x	૨	=૩૨
૫૪ એકનિદ્રા જુગુપ્સા	૪x	૨x	૨x	૨	=૩૨
					૮૦

૫૭ પ્રકૃતિસ્વરૂપ ચતુર્થ ઉદયસ્થાનક

(૩૫) જ્યારે કોઇક જીવને પૂર્વોક્ત ૫૪ પ્રકૃતિની સાથે ભય, જુગુપ્સા અને એક નિદ્રા જોડાય ત્યારે ૫૭ પ્રકૃતિસ્વરૂપ ચોથું ઉદયસ્થાનક થાય છે. તેના ભાંગા પણ પદ્દના ઉદયસ્થાનકના ઉજા વિકલ્પની જેમ ૩૨ થાય છે.

ઉદયસ્થાનક	કષાય	યુગલ	વેદનીય	નિદ્રા	કુલભાંગા
૫૪ ભય જુગુપ્સા એકનિદ્રા=૫૭	૪x	૨x	૨x	૨	=૩૨

अथ भङ्गगणनाया विधिरभिधीयते –

अथ व्यत्यस्यमानाः प्रकृतीराश्रित्य भङ्गा गण्यन्ते । अत्र कषाययुगलवेदनीयनिद्रारूपाणां प्रकृतीनां व्यत्यासो भवति, नान्यासाम् । अतस्ता एवाऽऽश्रित्यात्र भङ्गा आनेयाः । यदुदयस्थानके यासु व्यत्यस्यमानप्रतिपक्षानेकप्रकृतिषु यस्या अन्यतमायाः प्रकृतेरुदयो भवति, तदुदयस्थानके तत्प्रकृतिस्थाने तासां व्यत्यस्यमानानेकप्रकृतीनां सङ्ख्या स्थाप्या, इति नियमः । प्रतिपक्षत्वं चात्र युगपदुदयाभाववत्त्वं द्रष्टव्यम्, तद्यथा – प्रथमगुणस्थानके कषायचतुष्केऽन्यतमस्य कषायस्योदयो भवति, ततः कषायस्थाने व्यत्यस्यमानानेकप्रकृतिलक्षणक्रोधादिकषायचतुष्कस्य चतुःसङ्ख्या स्थाप्या । एवं द्वयोर्युगलयोरन्यतरस्य युगलस्योदयस्ततो युगलस्थाने द्विकं स्थाप्यम् । द्वयोर्वेदनीययोरन्यतरस्य वेदनीयस्योदयस्ततस्तत्स्थाने द्विसङ्ख्या स्थाप्या । अन्यतरनिद्राया उदये तत्स्थाने द्विकं स्थाप्यम् । तदनन्तरं परस्परं गुणनं कर्तव्यम् । एवं प्रकारेण भङ्गाः प्राप्यन्ते ।

(३६) **ननु** द्वितीयोदयस्थानके भयजुगुप्सयोः परस्परं व्यत्यासात्पूर्वोक्तनियमेन ४ x २

ગુણધન્યા

ભાંગા કાઢવાની રીત

જે પ્રકૃતિની ફેરબદલી થતી હોય, તેને આશ્રયીને ભાંગા ગણાય છે. અહીં કષાય, યુગલ, વેદનીય અને નિદ્રા - આ પ્રકૃતિઓની જ એકબીજાના સ્થાને ફેરબદલી થાય છે, બીજી પ્રકૃતિઓની થતી નથી. તેથી ભાંગા પણ તેઓને આશ્રયીને જ થાય છે.

જે ઉદયસ્થાનકમાં જે ફેરબદલી થનારી, પ્રતિપક્ષી અનેક પ્રકૃતિમાંથી કોઈપણ ૧ પ્રકૃતિનો ઉદય લેવાનો હોય, ત્યાં તેના સ્થાનમાં તેવી પ્રકૃતિની જે સંખ્યા હોય તે મૂકવી.

એક સાથે જે ૨ પ્રકૃતિનો ઉદય ન થાય, તે ૨ પ્રકૃતિ વચ્ચે પ્રતિપક્ષભાવ કહેવાય છે, તેવી જ પ્રકૃતિઓ ગુણાકારમાં મુકાય.

જેમકે, પહેલા ગુણઠાણે ૪ કષાયમાંથી ૧ કષાયનો ઉદય લેવાનો છે. તો ત્યાં કષાયના સ્થાને અનેક પ્રકૃતિસ્વરૂપ કષાયચતુષ્કની ૪ સંખ્યા મૂકવી અને ૨ યુગલમાંથી એક યુગલનો ઉદય લેવો હોય, તો ત્યાં ૨ની સંખ્યા મૂકવી... અને ૨ વેદનીયમાંથી એક વેદનીયનો ઉદય હોય, તો ત્યાં પણ ૨ની સંખ્યા મૂકવી... અને ૨ નિદ્રામાંથી એક નિદ્રા લેવી છે, તો ત્યાં પણ ૨ની સંખ્યા મુકવી. પછી પરસ્પર ગુણાકાર કરવાથી ભાંગા પ્રાપ્ત થશે.

(૩૬) **પ્રશ્ન :** બીજા પપના ઉદયસ્થાનકમાં ભય કે જુગુપ્સામાંથી ફેરબદલી થઈને

x २ षोडशसङ्ख्या भयजुगुप्सासत्कसङ्ख्याभ्यां द्वाभ्यां गुणितव्येति **चेत्, उच्यते,** द्वितीयोदयस्थानके भयजुगुप्सयोः परस्परं व्यत्यासेऽपि प्रतिपक्षत्वाभावात् षोडशसङ्ख्या द्वाभ्यां न गुण्यते । अत्र पृथक् पृथक् द्वौ विकल्पौ कृतौ, एको जुगुप्साप्रक्षेपेण द्वितीयश्च भयप्रक्षेपेण । तृतीयस्तु विकल्पोऽन्यतरनिद्राप्रक्षेपेण क्रियते ।

सम्यक्त्वाऽभिमुखनारकस्योदयभङ्गाः

उदयस्थानके प्रकृतयः	५४	५५	५६	५७	
भङ्गाः	१६	६४	८०	३२	= सङ्कलितभङ्गाः १९२

(३७) सम्यक्त्वाभिमुखस्य सुरस्योदये वर्तमानाः प्रकृतयः –

गुणधन्या

કોઇપણ ૧ પ્રકૃતિ જ ઉદયમાં આવે છે. તો પછી ત્યાં પણ ૪ કષાય x ૨ યુગલ x ૨ વેદનીય = ૧૬ની સંખ્યાને ભય-જુગુપ્સાની ૨ સંખ્યાથી પણ ગુણવી જોઈએ ને ? (ત્યાં કેમ ૨થી ગુણાકાર ન કર્યો ?)

ઉત્તર : ૫૫ના ઉદયસ્થાનકમાં ભય અને જુગુપ્સાની ફેરબદલી થઈને કોઇપણ ૧ પ્રકૃતિ જ ઉદયમાં આવે છે, તે વાત સાચી છે. પરંતુ આ બન્ને પ્રકૃતિઓ એકબીજાની પ્રતિપક્ષી નથી. અર્થાત્ ૧ નો ઉદય થાય ત્યારે બીજીનો ઉદય ન થાય, તેવું નથી. (કારણ કે આગળ ૫૬ ના ઉદયસ્થાનકમાં ૫૪ ભય જુગુપ્સા = ૫૬ના ઉદયમાં બન્ને પ્રકૃતિઓ એક સાથે ઉદયમાં આવે છે. અને ત્યાં ભાંગા બમણાં ન આવે, કેમ કે બે પ્રકૃતિઓમાંથી જો બન્ને પ્રકૃતિઓનો ઉદય હોય તો ભાંગા બમણાં ન થાય, બેમાંથી એકનો જ ઉદય હોય તો જ ભાંગા બમણાં થાય.) અને અહીં ૫૫ના ઉદયસ્થાનકમાં બેમાંથી એકનો જ ઉદય હોવાથી ૫૪ ભય અને ૫૪ જુગુપ્સા એમ બે જુદા જુદા વિકલ્પો બતાવ્યા છે. (એક જ સંખ્યાને બેથી ગુણવી અથવા તો એક સંખ્યાને બે વાર મૂકી સરવાળો કરવો તે એક જ વસ્તુ છે, ભિન્ન નથી.) અને ત્રીજો વિકલ્પ ૫૪ એક નિદ્રા = ૫૫નો બતાવ્યો છે. સરવાળે કુલ ભાંગા તો ૬૪ થાય જ છે.

सम्यक्त्वाभिमुख नारकोने कुल उदयभांगा

ઉદયસ્થાનક	૫૪	૫૫	૫૬	૫૭	**કુલ**
ભાંગા	૧૬	૬૪	૮૦	૩૨	**૧૯૨**

ज्ञानावरणस्य पञ्च दर्शनावरणस्य चतस्रोऽथवा निद्राद्विकादन्यतरया निद्रया सह पञ्च अन्तरायस्य पञ्च वेदनीयद्विकस्यान्यतरं वेदनीयमुच्चैर्गोत्रं देवायुर्मोहनीयस्य च कषायचतुष्कं स्त्रीपुरुषयोरन्यतरो वेदो युगलद्विकस्याऽन्यतरद्युगलं मिथ्यात्वमित्यष्टकं भयेन सह जुगुप्सया सह वा नवकम्, उभाभ्यां सह दशकमिति जघन्यतो नामकर्मवर्जशेषकर्मणां पञ्चविंशतिरुत्कृष्टतस्त्वष्टाविंशतिः प्रकृतयस्तथा सर्वपर्याप्तिभिः पर्याप्तत्वान्नामकर्मण एकोनत्रिंशत्प्रकृतयः । ताश्चेमाः- ध्रुवोदया द्वादश तथा देवगतिपञ्चेन्द्रियजातिवैक्रियद्विकसमचतुरस्रसंस्थानसुखगत्युपघातपराघातोच्छ्वासत्रसचतुष्कसुस्वराः सुभगो दुर्भगो वाऽऽदेयोऽनादेयो वा यशःकीर्त्ययशःकीर्त्योरन्यतरा चेति नामकर्मण एकोनत्रिंशत् ।

सम्यक्त्वाभिमुखदेवस्य जघन्यपदे चतुष्पञ्चाशत्प्रकृत्यात्मकं उत्कृष्टपदे च सप्तपञ्चाशत्प्रकृत्यात्मकं चरममुदयस्थानकम् ।

सुरगतौ प्रत्येककर्मण उदये वर्तमानानामुत्तरप्रकृतीनां यन्त्रम् –

ગુણધન્યા

સમ્યક્ત્વાભિમુખ દેવને પ્રકૃતિઉદય

(૩૭) જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ અથવા નિદ્રાદ્વિકમાંથી કોઈપણ એકનો ઉદય હોય ત્યારે દર્શનાવરણીય-૫, અંતરાય-૫, બેમાંથી એક વેદનીય-૧, ઉચ્ચગોત્ર, દેવાયુ તથા મોહનીયની - કષાય-૪, સ્ત્રીવેદ કે પુરુષવેદ, બેમાંથી એક યુગલ, મિથ્યાત્વમોહનીય = ૮ અથવા ભય કે જુગુપ્સા બેમાંથી એકનો ઉદય હોય ત્યારે ૯ અને બન્નેનો ઉદય હોય ત્યારે ૧૦ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તેથી નામકર્મ સિવાયના ૭ કર્મોની જઘન્યથી કુલ-૨૫ પ્રકૃતિઓ અને ઉત્કૃષ્ટથી-૨૮ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

તથા સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત હોવાથી તેને નામકર્મની ૨૯ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે આ પ્રમાણે - ધ્રુવોદયી-૧૨, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, સમચતુરસ્ર સંસ્થાન, શુભવિહાયોગતિ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ-૪, સુસ્વર, સુભગ કે દુર્ભગ, આદેય કે અનાદેય, યશ કે અપયશ = ૨૯.

સમ્યક્ત્વાભિમુખ દેવને જઘન્યથી ૫૪નું અને ઉત્કૃષ્ટથી ૫૭નું ઉદયસ્થાનક હોય છે.

દેવગતિમાં પ્રત્યેક કર્મની ઉદયમાં રહેલી ઉત્તર પ્રકૃતિઓ :

	ज्ञाना०	दर्शना०	अन्तरायम्	वेदनीयम्	गोत्रम्	आयुः	मोह०	नाम	संकलिताः प्रकृतयः
जघन्यतः	५	४	५	१	१	१	८	२९	५४
उत्कृष्टतः	५	५	५	१	१	१	१०	२९	५७

(३८) देवगतौ प्रथमोपशमसम्यक्त्वमुत्पादयतः सुरस्य चत्वार्युदयस्थानकानि । तत्राऽऽद्यंचतुष्पञ्चाशत्प्रकृत्यात्मकम्, द्वितीयं पञ्चपञ्चाशत्प्रकृत्यात्मकम्, तृतीयं षट्पञ्चाशत्प्रकृत्यात्मकम्, चतुर्थं सप्तपञ्चाशत्प्रकृत्यात्मकम् । यद्यपि देवस्योदयस्थानकानि नरकगतिवत् सन्ति, तथाप्यत्र यो विशेषः, सोऽत्राभिधीयते । नरकगतौ नपुंसकवेदस्यैवोदयः, सुरगतौ तु स्त्रीपुरुषयोरन्यतरस्य वेदस्योदयः, तथा नारकस्य दुर्भगत्रिकस्यैवोदयः, [१]देवगतौ तु सुभगदुर्भगयोरन्यतरस्योदयः आदेयानादेययोरन्यतरस्योदयः, यशःकीर्त्यशःकीर्त्योरन्यतरस्योदयः, इति नारकाऽपेक्षया सुरस्य (२x२x२x२=१६) षोडशगुणा भङ्गा भवन्ति । तथाहि — नारकस्य द्विनवतिशतं (१९२) भङ्गा भवन्ति, देवस्य तु त एव षोडशभिर्गुणिता द्विसप्तत्यधिकानि

ગુણધન્યા

ઉદયપ્રકૃતિ	જ્ઞાના.	દર્શના.	અંતરાય	વેદનીય	ગોત્ર	આયુ.	મોહ.	નામ	કુલ
જઘન્યથી	૫	૪	૫	૧	૧	૧	૮	૨૯	૫૪
ઉત્કૃષ્ટથી	૫	૫	૫	૧	૧	૧	૧૦	૨૯	૫૭

દેવગતિમાં પ્રથમ ઉપશમસમ્યક્ત્વને ઉત્પન્ન કરતા દેવને ૪ ઉદયસ્થાનક હોય છે. તેમાં પહેલું ૫૪ પ્રકૃતિસ્વરૂપ, બીજું ૫૫ પ્રકૃતિસ્વરૂપ, ત્રીજું ૫૬ પ્રકૃતિસ્વરૂપ અને ચોથું ૫૭ પ્રકૃતિસ્વરૂપ હોય છે.

દેવ અને નારકના ઉદયસ્થાનકના ભાંગાના તફાવતનું કારણ

(૩૮) દેવને નારકવત્ ઉદયસ્થાનો છે, તો પણ ભાંગામાં તફાવતનું કારણ એ છે કે નારકને માત્ર એક નપુંસકવેદનો જ ઉદય છે. જ્યારે દેવને પુરુષ-સ્ત્રીમાંથી કોઈપણ એક વેદનો ઉદય છે. તેવી જ રીતે નારકને દુર્ભગ-અનાદેય-અપયશનો જ ઉદય છે. જ્યારે દેવગતિમાં સુભગ-દુર્ભગમાંથી કોઈપણ-૧, આદેય-અનાદેયમાંથી કોઈપણ ૧, અને યશ-અપયશ બેમાંથી ૧નો ઉદય છે. તેથી દેવને નારક કરતા ૨ x ૨ x ૨ x ૨ = ૧૬ ગુણા ભાંગા અધિક થાય. આમ નારકને ૧૯૨ ભાંગા છે. તેને ૧૬ ગુણા

---

१. दिगम्बरैर्देवगतौ दुर्भगाऽनादेयाऽयशःकीर्तीनामुदयो नाऽभ्युपगम्यते, तेन तेषां मताऽनुसारेण नारकाऽपेक्षया सुरस्य द्विगुणाश्चतुरशीतित्रिशतं भङ्गा भवन्ति—

१९२ x २ = ३८४ तथा चोक्तं **लब्धिसारे देवगतावपि नरकगतिवत्**, अयं तु विशेषः-तत्र नामकर्मप्रकृतयः प्रशस्ता एवौच्चैर्गोत्रमेव मोहनीयप्रकृतिषु नपुंसकवेदमपनीयस्त्रीपुरुषवेदमेलनाद् द्विगुणभङ्गाः ।

त्रीणि सहस्राणि भङ्गा भवन्ति ।

(३९) विशेषपरिज्ञानार्थं सुरगतौ प्रत्येकोदयस्थानकस्य पृथक् पृथग् भङ्गाः प्रदर्श्यन्ते।

	कषायाः	युगले,	वेदौ	वेदनीये	सुभगादिभिस्सह	दुर्भगादयः	
प्रथममुदयस्थानकम्-प्रकृतयः ५४	४ x	२ x	२ x	२ x	२ x	२ x	२ = २५६
द्वितीयमुदस्यथानकम्-प्रकृतयः ५५							निद्रे
५४+निद्रा, प्रथमः	४ x	२ x	२ x	२ x	२ x	२ x	२ x २ = ५१२
५४+भयः, द्वितीयः	४ x	२ x	२ x	२ x	२ x	२ x	२ = २५६
५४+जुगुप्सा, तृतीयः	४ x	२ x	२ x	२ x	२ x	२ x	२ = २५६
							१०२४
तृतीयमुदयस्थानकम्-प्रकृतयः ५६							
५४+निद्रा+भयः, प्रथमः	४ x	२ x	२ x	२ x	२ x	२ x	२ x २ = ५१२
५४+जुगुप्सा+निद्रा,द्वितीयः	४ x	२ x	२ x	२ x	२ x	२ x	२ x २ = ५१२
५४+भयःजुगुप्सा, तृतीयः	४ x	२ x	२ x	२ x	२ x	२ x	२ = २५६
							१२८०

गुणधन्या

કરવાથી ૧૯૨ x ૧૬ = ૩૦૭૨ દેવયોગ્ય ભાંગા પ્રાપ્ત થાય.

(૩૯) દેવયોગ્ય પ્રત્યેક ઉદયસ્થાનકના જુદા જુદા ભાંગા

(૧) ૫૪નું પ્રથમ ઉદયસ્થાનક

ઉદયસ્થાનક	કષાય	યુગલ	વેદ	વેદનીય	સુ.-દુ.	આ.-અના.	યશ-અયશ	કુલ
૫૪	૪x	૨x	૨x	૨x	૨x	૨x	૨	=૨૫૬

(૨) ૩ વિકલ્પસહ ૫૫નું દ્વિતીય ઉદયસ્થાનક

ઉદયસ્થાનક	કષાય	યુગલ	વેદ	વેદનીય	સુ.-દુ.	આ.-અના.	યશ-અયશ	નિદ્રા	કુલ
૫૪ નિદ્રા	૪x	૨x	૨x	૨x	૨x	૨x	૨x	૨	=૫૧૨
૫૪ ભય	૪x	૨x	૨x	૨x	૨x	૨x	૨	-	=૨૫૬
૫૪ જુગુપ્સા	૪x	૨x	૨x	૨x	૨x	૨x	૨	-	=૨૫૬
									=૧૦૨૪

(૩) ૩ વિકલ્પસહ ૫૬નું તૃતીય ઉદયસ્થાનક

ઉદયસ્થાનક	કષાય	યુગલ	વેદ	વેદનીય	સુ.-દુ.	આ.-અના.	યશ-અયશ	નિદ્રા	કુલ
૫૪ નિદ્રા ભય	૪x	૨x	૨x	૨x	૨x	૨x	૨x	૨	=૫૧૨
૫૪ જુગુપ્સા નિદ્રા	૪x	૨x	૨x	૨x	૨x	૨x	૨x	૨	=૫૧૨
૫૪ ભય જુગુપ્સા	૪x	૨x	૨x	૨x	૨x	૨x	૨	-	=૨૫૬
									=૧૨૮૦

चतुर्थमुदयस्थानकम्-प्रकृतयः ५७

५४+भय+जुगुप्सा+निद्रा	४ x	२ x	२ x	२ x	२ x	२ x	२ x २	= ५१२

कुलभङ्गाः ३०७२

सम्यक्त्वाभिमुखस्य तिरश्च उदये वर्तमानाः प्रकृतयः –

(४०) ज्ञानावरणस्य पञ्च दर्शनावरणस्य चतस्रोऽथवा निद्राद्विकस्यान्यतरया सह पञ्चान्तरायस्य पञ्च वेदनीयद्विकस्यान्यतरद्वेदनीयं नीचैर्गोत्रं तिर्यगायुर्मोहनीयस्य कषायचतुष्को वेदत्रिकस्यान्यतरो वेदो युगलद्विकस्याऽन्यतरद्युगलं मिथ्यात्वमित्यष्टकम्, भयजुगुप्सयोरन्यतरया सह नवकम्, उभाभ्यां सह दशकमिति नामकर्मवर्जशेषाणां जघन्यतः पञ्चविंशतिरुत्कृष्टतस्त्वष्टाविंशतिः प्रकृतयस्तथा सर्वपर्याप्तिभिः पर्याप्तत्वात्तिरश्चो नामकर्मणस्त्रिंशत्प्रकृत्यात्मकमुदयस्थानकमथवोद्योतेन सहैकत्रिंशत्प्रकृत्यात्मकमुदयस्थानकम्। तत्र प्रकृतयो ध्रुवोदया द्वादश तिर्यग्गतिः पञ्चेन्द्रियजातिरौदारिकद्विकं संहननषट्केऽन्यतमं संस्थानषट्केऽन्यतमं खगति-

(૪) ૫૭નું ચતુર્થ ઉદયસ્થાનક

ઉદયસ્થાનક		કષાય	યુગલ	વેદ	વેદનીય	સુ.-દુ.	આ.-અના.	યશ-અયશ	નિદ્રા	કુલ
૫૪	ભય જુગુપ્સા નિદ્રા	૪x	૨x	૨x	૨x	૨x	૨x	૨x	૨	=૫૧૨

દેવોના કુલ ઉદયભાંગા

ઉદયસ્થાનક	૫૪	૫૫	૫૬	૫૭	કુલ
ભાંગા	૨૫૬	૧૦૨૪	૧૨૮૦	૫૧૨	૩૦૭૨

सम्यक्त्वाभिमुख तिर्यंचने प्रकृतिउदय :-

(૪૦) જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪ અથવા નિદ્રાદ્વિકમાંથી કોઈ ૧ નિદ્રાનો ઉદય હોય તો દર્શનાવરણીય-૫, અંતરાય-૫, બેમાંથી એક વેદનીય, નીચગોત્ર, તિર્યંચાયુષ્ય તથા મોહનીયની - કષાય-૪, ૩ વેદમાંથી કોઈ એક, બેમાંથી એક યુગલ અને મિથ્યાત્વમોહનીય = ૮ અથવા ભય કે જુગુપ્સામાંથી એકનો ઉદય હોય ત્યારે ૯ અને બન્નેનો ઉદય હોય ત્યારે ૧૦ - આમ નામકર્મ સિવાયના કર્મોની જઘન્યથી ૨૫ અને ઉત્કૃષ્ટથી ૨૮ પ્રકૃતિનો ઉદય હોય.

તથા અહીં સર્વપર્યાપ્તિથી પર્યાપ્તો તિર્યંચ હોવાથી તેને નામકર્મની ૩૦ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે આ પ્રમાણે - ધ્રુવોદયી ૧૨, તિર્યંચગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકદ્વિક,

યથાપ્રવૃત્તકરણના તે તે સમયવર્તી જે જીવોને સમાન અધ્યવસાયસ્થાન હોય છે, તે જીવોની વિશુદ્ધિ પણ સમાન હોય છે. પરંતુ અહીં યથાપ્રવૃત્તકરણના તો પ્રતિસમયે અસંખ્યાતા અધ્યવસાયસ્થાનો કહ્યા છે. તેથી યથાપ્રવૃત્તકરણના સમાન સમયમાં રહેલા જીવોને પણ અધ્યવસાયસ્થાનોનો ભેદ હોવાથી વિશુદ્ધિમાં પણ ભેદ પડે છે તેમ જાણી શકાય છે.

કોઈક જીવને જઘન્ય વિશુદ્ધિ હોય, તો કોઈ જીવને મધ્યમ, તો કોઈક જીવને ઉત્કૃષ્ટ વિશુદ્ધિ હોય. તેથી તે તે સમયવર્તી જીવોની વિશુદ્ધિના ભેદે અસંખ્યાતલોકાકાશના પ્રદેશ પ્રમાણ ષટ્સ્થાનપતિત અધ્યવસાયસ્થાનો હોય છે.

जीवेषु कस्यचिज्जीवस्यापेक्षया तदन्यस्यानन्तभागवृद्धम्, असङ्ख्यातभागवृद्धम्, सङ्ख्यातभागवृद्धम्, सङ्ख्यातगुणवृद्धम्, असङ्ख्यातगुणवृद्धम्, अनन्तगुणवृद्धं वाध्यवसायस्थानं भवति, एवं कस्यचिज्जीवस्यापेक्षया तदन्येषां भिन्नभिन्नजन्तूनां षड्विधहानिविशिष्टान्यध्यवसायस्थानान्यपि भवन्ति, एवं सर्वसमयेषु वाच्यम् । इयं तिर्यङ्मुखीविशुद्धिरुच्यते, 'यत्र तत्तत्समयस्थानामसङ्ख्येयलोकाकाशप्रदेशप्रमाणाध्यवसायस्थानानां परस्परं विशुद्धिर्विमृश्यते' सा तिर्यङ्मुखी विशुद्धिरुच्यते ।

(६३) ऊर्ध्वमुखी विशुद्धिः – पौर्वसामयिकविशुद्ध्यपेक्षयोत्तरसामयिकविशुद्धेर्विमर्शनमूर्ध्वमुखी विशुद्धिरुच्यते । तद्यथा – "मंदविसोही" इत्यादि, इह द्वौ पुरुषौ युगपद्यथाप्रवृत्तकरणप्रतिपन्नौ बुद्धावारोप्येते । एकः सर्वजघन्यया विशुद्ध्या यथाप्रवृत्तकरणं प्रतिपन्नः, अपरस्तु सर्वोत्कृष्टया विशुद्ध्या । तत्र 'पढमस्स' त्ति प्रथमस्य पुरुषस्य "मंदविसोही" त्ति, सर्वजघन्या विशोधिः, एतदुक्तं भवति – सर्वजघन्यया विशुद्ध्या प्रतिपन्नस्य पुरुषस्य यथाप्रवृत्तकरणस्य प्रथमसमये सर्वजघन्या विशोधिः सर्वस्तोका, ततो द्वितीयसमये जघन्या विशोधिरनन्तगुणा, ततस्तृतीयसमये जघन्यविशोधिरनन्तगुणा, एवं तावद्वाच्यं

षट्स्थानकसंगति

વિશુદ્ધિની વિચારણા ૨ પ્રકારે હોય છે :-

(૧) **તિર્યગ્મુખીવિશુદ્ધિ** : પ્રત્યેક સમયોમાં રહેલા અસંખ્યલોકાકાશના પ્રદેશ પ્રમાણ અધ્યવસાયોમાં જ પરસ્પર વિશુદ્ધિની તરતમતા વિચારવી તે...

જેમ યથાપ્રવૃત્તકરણના પ્રથમસમયવર્તી બધા જીવોમાં કોઈક જીવની અપેક્ષાએ બીજા જીવને અનંતભાગવૃદ્ધ વિશુદ્ધિ હોય, તો કોઈકને અસંખ્યાતભાગવૃદ્ધ, તો કોઈકને સંખ્યાતભાગવૃદ્ધ, કોઈક જીવને સંખ્યાતગુણવૃદ્ધ, વળી બીજા જીવને અસંખ્યાતગુણવૃદ્ધ અને કોઈકને અનંતગુણવૃદ્ધ વિશુદ્ધિવાળુ અધ્યવસાયસ્થાન હોય છે. આમ કોઈક જીવની અપેક્ષાએ ભિન્ન-ભિન્ન જીવોના અધ્યવસાયસ્થાનોમાં ષડ્વિધ હાનિવાળા અધ્યવસાયસ્થાનો પણ હોય છે. આ પ્રમાણે બધા સમયોમાં વિચારવું.

(૬૩) (૨) **ઊર્ધ્વમુખીવિશુદ્ધિ** : પૂર્વ-પૂર્વના સમયની અપેક્ષાએ પછી-પછીના સમયોમાં વિશુદ્ધિની તરતમતા વિચારવી.

જેમ કોઈ બે જીવોએ એકસાથે યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ કર્યો. તેમાં એક જીવને સર્વ જઘન્યવિશુદ્ધિ છે. અને બીજાને સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ છે. તેમાં સર્વજઘન્યસ્થાનમાં સહુથી

यावद्यथाप्रवृत्तकरणस्य 'संखेज्जभागाहिआहि'त्ति, सङ्ख्येयभागो गतो भवति । अयं च यथाप्रवृत्तकरणस्य सङ्ख्येयभागो नाम्ना कण्डकमिति विज्ञेयम् । प्रथमकण्डकस्य चरमसमयस्य जघन्यविशुद्धेर्द्वितीयस्य पुरुषस्य यथाप्रवृत्तकरणस्य प्रथमसमय उत्कृष्टा विशोधिरनन्तगुणा वाच्या ।

ततोऽपि प्रथमकण्डकस्योपरितनप्रथमसमये जघन्या विशोधिरनन्तगुणा, ततो यथाप्रवृत्तकरणस्य द्वितीयसमय उत्कृष्टा विशोधिरनन्तगुणा, ततः प्रथमकण्डकस्योपरितनद्वितीयसमये जघन्यविशोधिरनन्तगुणा । ततो यथाप्रवृत्तकरणस्य तृतीयसमय उत्कृष्टा विशोधिरनन्तगुणा । ततः प्रथमकण्डकस्योपरितनतृतीयसमये जघन्या विशोधिरनन्तगुणा। एवम् 'उप्पिमहो' त्ति, उपर्यधश्चैकैकं विशोधिस्थानमनन्तगुणतया तावद् वाच्यं यावद्यथाप्रवृत्तकरणस्य चरमकण्डकस्य चरमसमये जघन्या विशोधिः । ततः 'आचरमाओ सेसुक्कोस'त्ति चरममभिव्याप्य यथाप्रवृत्तकरणस्य चरमसङ्ख्यातभागस्यार्थाच्चरमकण्डकस्य

થોડી વિશુદ્ધિ છે, તેના કરતાં બીજા સમયે (તે જ જીવની) જઘન્યવિશુદ્ધિ અનંતગુણ હોય છે, તેના કરતા ત્રીજા સમયે (તેની જ) જઘન્યવિશુદ્ધિ અનંતગુણ હોય છે. આ પ્રમાણે પૂર્વના સમયથી પછીના સમયની જઘન્યવિશુદ્ધિ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગ સુધી અનંતગુણ હોય છે.

યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગને **કંડક** કહેવાય છે. આમ યથાપ્રવૃત્તકરણના પ્રથમસમયથી કંડકના ચરમસમય સુધી ઉત્તરોત્તર જઘન્યવિશુદ્ધિ અનંતગુણ કહ્યા પછી, તે કંડકના ચરમસમયની જઘન્ય વિશુદ્ધિ કરતાં યથાપ્રવૃત્તકરણનાં પ્રથમસમયની (બીજા પુરુષની) ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ છે. તેનાથી કંડકની પછીના પ્રથમસમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ છે. તેનાથી (બીજા પુરુષની) યથાપ્રવૃત્તકરણના બીજા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ છે. તેના કરતાં કંડક પછીના બીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા યથાપ્રવૃત્તકરણના ત્રીજા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા કંડક પછીના ત્રીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ... એ પ્રમાણે યાવત્ દ્વિચરમ કંડકના ચરમસમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા ચરમકંડકના ચરમસમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ થાય.

અહીં જઘન્યવિશુદ્ધિ બધા જ સમયોની કહેવાઇ ગઈ. જ્યારે ઉત્કૃષ્ટવિશુદ્ધિ ૧ કંડકપ્રમાણ બાકી છે. તે ક્રમશઃ અનંતગુણ કહેવી, એટલે કે યથાપ્રવૃત્તકરણના ચરમકંડકના ચરમસમયની જઘન્યવિશુદ્ધિ કરતાં ચરમકંડકના પ્રથમસમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા તે જ કંડકના બીજા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતા ત્રીજા

योत्कृष्टा विशोधिरनुक्ता सा क्रमेण निरन्तरमनन्तगुणा वाच्या। तथाहि – यथाप्रवृत्तकरणस्य चरमसमये या जघन्या विशुद्धिस्ततो यथाप्रवृत्तकरणस्य चरमकण्डकस्य योत्कृष्टा विशोधिरनुक्ता सा प्रथमसमयेऽनन्तगुणा ततो द्वितीयसमयेऽनन्तगुणा, एवं क्रमेण यावच्चरमसमयमुत्कृष्टा विशुद्धिर्वाच्या, उपर्युक्तविशुद्धेः परिपाटिर्यथाप्रवृतकरणस्याध्यवसायस्थानानामनुकृष्टिं ज्ञापयति। अतः सा विवर्ण्यते –

(६४) तत्रानुकर्षणमनुकृष्टिः "स्त्रियां क्तिः" (सिद्धहेम० ५।३।९१) इति भावे 'क्ति'प्रत्ययः, कतिपयानां प्राक्तनसमयस्थाध्यवसायस्थानानामग्रेतनसमयेऽनुवृत्तिरिति यावत्। इदमुक्तं भवति- प्रथमसमयस्थानि कतिपयाध्यवसायस्थानानि द्वितीयसमयेऽप्यनुवर्तन्ते, एवं तृतीयादिसमयेष्वपि, अन्यथा प्रथमसमयापेक्षया द्वितीयसमयेऽध्यवसायस्थानान्येकान्तेन भिन्नान्येव स्युः। **ननु** यदि सर्वाण्येकान्तेन भिन्नान्येव स्युः, ततः किं स्यात्, इति **चेत्, उच्यते,** यदि प्रथमसमयापेक्षया द्वितीयसमय एकान्तभिन्नान्येवाऽध्यवसायस्थानानि स्युस्तर्हि प्रथमसमयस्थसर्वोत्कृष्ट-विशुद्धाध्यवसायस्थानापेक्षया द्वितीयसमयस्य सर्वजघन्याध्यवसायस्थानकस्य विशुद्धिरनन्तगुणा

સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ... એમ યાવત્ દ્વિચરમસમયથી ચરમસમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ હોય છે.

(૬૪) અનુકૃષ્ટિ એટલે શું ?

ઉપર્યુક્ત વિશુદ્ધિની પરંપરા યથાપ્રવૃત્તકરણના અધ્યવસાયોની અનુકૃષ્ટિ સૂચવે છે માટે હવે તે અનુકૃષ્ટિનું વર્ણન કરાય છે.

અનુ + કૃષ્ ધાતુને "स्त्रियां क्तिः" (સિદ્ધ હેમ.૫/૩/૯૧) સૂત્રથી ભાવે પ્રયોગમાં 'ક્તિ' પ્રત્યય લાગીને 'અનુકૃષ્ટિ' શબ્દ બન્યો છે.

અધ્યવસાયોનું ખેંચાણ થવું, અર્થાત્ પૂર્વ-પૂર્વના સમયમાં રહેલા અધ્યવસાયોનું પછી-પછીના સમયોમાં પણ અનુસરણ થવું તે અનુકૃષ્ટિ...

એટલે કે પ્રથમસમયનાં કેટલાક અધ્યવસાયો બીજા-ત્રીજા વગેરે સમયમાં પણ હોય છે, અન્યથા પ્રથમસમય કરતાં દ્વિતીયાદિ સમયોના અધ્યવસાયો તદ્દન ભિન્ન જ થાય.

પ્રશ્ન : પ્રથમસમયના અધ્યવસાયોથી બીજા સમયનાં અધ્યવસાયો તદ્દન ભિન્ન થાય તો શું વાંધો?

ઉત્તર : જો આવું થાય, તો અપૂર્વકરણની જેમ અહીં પણ પ્રથમસમયના સર્વોત્કૃષ્ટ સ્થાનથી બીજા સમયનું સર્વ જઘન્યસ્થાન અનંતગુણ થઈ જાય. પરંતુ તેમ નથી, અહીં

वाच्या, वक्ष्यमाणापूर्वकरणवत् । किन्त्वत्र तु यथाप्रवृत्तकरणसत्कप्रथमसङ्ख्यातभागचरमसमयं यावज्जघन्या विशुद्धिरुत्तरोत्तराऽनन्तगुणा तथा सङ्ख्यातभागस्य चरमसमयस्य जघन्यविशुद्धितो यथाप्रवृत्तकरणस्य प्रथमसमय उत्कृष्टा विशुद्धिरनन्तगुणा प्रागुक्ता । अतो यथाप्रवृत्तकरणस्य प्रथमसमयस्योत्कृष्टविशुद्धेरपि यथाप्रवृत्तकरणसत्कप्रथमसङ्ख्यातभागस्य चरमसमये जघन्या विशुद्धिरनन्तगुणहीना भवति तथा प्रथमसङ्ख्यातभागस्योपरितनसमये जघन्या विशुद्धिर्यथाप्रवृत्तकरणस्य प्रथमसमयस्योत्कृष्टविशुद्धितोऽनन्तगुणा ।

(६५) विशुद्धेरियं परिपाटिरध्यवसायानामनुकृष्टिं सूचयति । तद्यथा — यथाप्रवृत्तकरणस्य प्रथमसमये यान्यध्यवसायस्थानानि तानि क्रमशस्तस्य सङ्ख्येयभागं प्रथमकण्डकसंज्ञं यावत्प्रतिसमयं हीयमानान्यनुवर्तन्ते तथा प्रथमकण्डकरूपसङ्ख्येयभागस्याऽग्रेतनसमये प्रथमसमयवर्त्येकमप्यध्यवसायस्थानं नानुवर्तत इत्येवं द्वितीयसमयवर्तीन्यध्यवसायस्थानानि द्वितीयकण्डकस्य प्रथमसमयं यावदनुवर्तन्ते । एवं तृतीयसमयवर्तीन्यध्यवसायस्थानानि द्वितीयकण्डकस्य द्वितीयसमयं यावद् गच्छन्ति, एवं यथाप्रवृत्तकरणस्य चरमकण्डकस्य प्रथमसमयवर्तीन्यध्यवसायस्थानानि यथाप्रवृत्तकरणस्य चरमसमयं यावद् गच्छन्ति ।

अत्रेदमवधेयम् — प्रथमसमयवर्तीनि यावन्त्यध्यवसायस्थानानि, तावन्ति सर्वाणि

તો પ્રથમસમયથી યાવત્ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગના અંતિમસમય સુધીની જઘન્યવિશુદ્ધિ ઉત્તરોત્તર અનંતગુણ કહેલ છે. અને ત્યારપછી પહેલા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગના અંતિમ સમયની જઘન્યવિશુદ્ધિથી અનંતગુણ કહેલ છે. એટલે યથાપ્રવૃત્તકરણના પ્રથમસમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ કરતાં પણ યથાપ્રવૃત્તકરણના પ્રથમ સંખ્યાતમા ભાગના = પ્રથમ કંડકના છેલ્લા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણહીન છે અને ત્યારપછીના સમયની (અર્થાત્ બીજા કંડકના પ્રથમસમયની) જઘન્યવિશુદ્ધિ યથાપ્રવૃત્તકરણનાં પ્રથમસમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિથી અનંતગુણ છે.

(૬૫) આ પ્રમાણેની અધ્યવસાયોની પરિપાટી એ સૂચવે છે કે, યથાપ્રવૃત્તકરણના પ્રથમસમયના અધ્યવસાયો ક્રમશઃ ઓછા થતાં છેક તેના સંખ્યાતમા ભાગ સુધી પહોંચે છે, અને સંખ્યાતમા ભાગ પછીના સમયે પહેલા સમયનો એકપણ અધ્યવસાય હોતો નથી. તેવી જ રીતે બીજા સમયના અધ્યવસાયો કંડક પછીના પહેલા સમય સુધી પહોંચે છે, ત્રીજા સમયનાં અધ્યવસાયો કંડક પછીના બીજા સમય સુધી પહોંચે છે. એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના ચરમકંડકના પ્રથમસમયવર્તી અધ્યવસાયો યથાપ્રવૃત્તકરણના ચરમસમય સુધી જાય છે.

द्वितीयसमये नानुवर्तन्ते, किन्त्वेककण्डकस्याऽसङ्ख्येयसमयप्रमाणत्वात् प्रथमसमयवर्तिनो जघन्याध्यवसायस्थानादारभ्यासङ्ख्येयतमं भागं मुक्त्वा शेषाणि सर्वाण्यध्यवसायस्थानानि द्वितीयसमये प्राप्यन्तेऽन्यानि चाऽऽयान्ति ।

(६६) **न च** जघन्याऽध्यवसायस्थानं कथमुच्यते, विशुद्धेरेव जघन्यत्वमुत्कृष्टत्वं च भवतीति **वाच्यम्,** 'कारणे कार्योपचारः' इति न्यायेनाध्यवसायस्थानस्यापि जघन्यत्वमुत्कृष्टत्वं च घटते, तेन जघन्याध्यवसायस्थानमिति कोऽर्थः ? जघन्यविशुद्धिजनकमध्यवसायस्थानमित्यर्थः, तथा प्रथमसमयवर्तीनि यान्यध्यवसायस्थानानि मुक्तानि तदपेक्षया द्वितीयसमय आगच्छन्त्यध्यवसायस्थानानि विशेषाधिकानि भवन्ति । अत एव प्रथमसमयापेक्षया द्वितीयसमयेऽध्यवसायस्थानानि विशेषाधिकानि भवन्ति । एवं यथाप्रवृत्तकरणस्य चरमसमयं यावद् वाच्यम्, तथा च प्रथमसमये विमुच्यमानाध्यवसायस्थानेभ्यो द्वितीयसमये विमुच्य-

અહીં એટલું ધ્યાન રાખવાનું છે કે પ્રથમસમયના બધા અધ્યવસાયો દ્વિતીયસમયમાં આવતા નથી, પંરતુ ૧ કંડક અસંખ્યસમય પ્રમાણવાળું હોવાથી તેમાંના જઘન્ય અધ્યવસાયથી પ્રારંભી અસંખ્યાતમા ભાગ સુધીના અધ્યવસાયો છોડીને શેષ સર્વ અધ્યવસાયો બીજા સમયમાં આવે છે. તદુપરાંત બીજા નવીન અધ્યવસાયો પણ બીજા સમયમાં ઉમેરાય છે.

કારણમાં કાર્યનો ઉપચાર

(६६) **પ્રશ્ન :** જઘન્ય અને ઉત્કૃષ્ટ તો વિશુદ્ધિ છે, તો અધ્યવસાયસ્થાનને શા માટે જઘન્ય-ઉત્કૃષ્ટ કહો છો ?

ઉત્તર : કારણમાં કાર્યનો ઉપચાર થઈ શકે છે. તેથી કારણસ્વરૂપ અધ્યવસાયસ્થાનોમાં કાર્યસ્વરૂપ વિશુદ્ધિનો ઉપચાર કરીને અધ્યવસાયસ્થાનોને પણ જઘન્ય-ઉત્કૃષ્ટ કહી શકાય.

પ્રશ્ન : જઘન્ય અધ્યવસાયસ્થાન એટલે શું સમજવું ?

ઉત્તર : જઘન્ય વિશુદ્ધિને ઉત્પન્ન કરનાર સ્થાન, તે જઘન્ય અધ્યવસાયસ્થાન.

અધ્યવસાયોમાં તારતમ્ય

તથા પ્રથમસમયમાં જે અધ્યવસાયસ્થાનો છોડ્યા, તેની અપેક્ષાએ બીજા સમયમાં જે અધ્યવસાયસ્થાનો નવા ઉમેરાયા તે વિશેષાધિક છે. અને તેથી જ પ્રથમસમયના અધ્યવસાયસ્થાનો કરતા બીજા સમયનાં કુલ અધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. આવી

मानाध्यवसायस्थानानि विशेषाधिकानि भवन्ति, एवं यावच्चरमसमयं ज्ञेयम्। किञ्च द्वितीयसमय आगच्छद्भ्योऽध्यवसायस्थानेभ्यस्तृतीयसमय आगच्छन्त्यध्यवसायस्थानानि विशेषाधिकानि। ततोऽपि चतुर्थसमय आगच्छन्त्यध्यवसायस्थानानि विशेषाधिकानि। एवं आयथाप्रवृत्तकरण-सत्कचरमसमयाद् वाच्यम्।

(६७) यथाप्रवृत्तकरणस्य प्रथमसमये यान्यध्यवसायस्थानानि विमुच्यन्ते, तानि केवलं प्रथमसमयवर्तीनि, अग्रेतने कस्मिंश्चिदपि समये तेषां गमनाभावेन तान्यननुकृष्टान्युच्यन्ते। एवं चरमसमय आगच्छतामध्यवसायस्थानानामपि चरमस्थानमात्रवर्तित्वेन पूर्वमनागतत्वादननुकृष्टत्वं ज्ञेयम्। यथाप्रवृत्तकरणस्य प्रथमसमयवर्तीन्यध्यवसायस्थानानि करणस्य सङ्ख्येयभागरूप-कण्डकगतानि सङ्ख्येयसमयप्रमाणं यावदनुवर्तन्ते, तत आ यावद्भ्यः समयेभ्यः प्रथमसमयस्याध्यवसायस्थानान्यनुकृष्यन्ते, तावन्ति खण्डानि कर्तव्यानि। तत्रापि पूर्वपूर्वखण्डेभ्य उत्तरोत्तरखण्डानि विशेषाधिकानि विशेषाधिकानि द्रष्टव्यानि, यत उत्तरोत्तरसमये विशेषाधिकानि

રીતે યાવત્ યથાપ્રવૃત્તકરણના ચરમસમય સુધી જાણવું.

બીજું એ પણ ધ્યાન રાખવાનું છે કે, પહેલા સમયે છુટેલા અધ્યવસાયસ્થાનો કરતાં બીજા સમયે છુટેલા અધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે, તેના કરતાં ત્રીજા સમયે છુટેલા વિશેષાધિક છે, એમ યાવત્ ચરમસમય સુધી જાણવું.

તેવી જ રીતે બીજા સમયે નવા આવતા અધ્યવસાયસ્થાનોથી ત્રીજા સમયે નવા આવતા અધ્યવસાયસ્થાનો વિશેષાધિક છે. એમ યાવત્ ચરમસમય સુધી જાણવું.

(૬૭) યથાપ્રવૃત્તકરણના પહેલા સમયના જે શરૂઆતના અધ્યવસાયો છોડી દેવાય છે તે માત્ર પ્રથમસમયના જ છે. આગળના કોઈપણ સમયમાં તેમાંના કોઈપણ અધ્યવસાયો જતા ન હોવાથી, તે તે અનનુકૃષ્ટ અધ્યવસાયો કહેવાય છે, તેવી જ રીતે છેલ્લા સમયમાં નવા આવતા (ઉમેરાતા) અધ્યવસાયો પણ પૂર્વે નહીં આવેલા હોવાથી, અનનુકૃષ્ટ અધ્યવસાયો કહેવાય છે.

યથાપ્રવૃત્તકરણના પહેલા સમયના અધ્યવસાયો તેના સંખ્યાતમા ભાગ જેટલા સમય સુધી ખેંચાય છે. માટે જેટલા સમય સુધી પ્રથમસમયના અધ્યવસાયો ખેંચાય છે તેટલા તેના ખંડ કરવા. તેમાં પણ પૂર્વ પૂર્વથી ઉત્તરોત્તર ખંડ વિશેષાધિક રાખવો, કેમકે ઉત્તરોત્તર સમયે વિશેષાધિક-વિશેષાધિક અધ્યવસાયો નીકળી જવાના છે. બીજા સમયે તેમાંનો પ્રથમ ખંડ કાઢી નાંખવો અને પહેલા સમયના છેલ્લા ખંડ કરતા વિશેષાધિક પ્રમાણવાળો એક ખંડ પાછળ ઉમેરવો, ત્રીજા સમયે બીજા સમયનો પહેલો ખંડ કાઢી

विशेषाधिकान्यध्यवसायस्थानानि विमुच्यन्ते । द्वितीयसमये पूर्वकृतानां खण्डानां प्रथमखण्डो विमुच्यते, तथा प्रथमसमयस्य चरमखण्डाद् विशेषाधिकमन्यत्खण्डं सङ्कल्प्यते, तृतीयसमये द्वितीयसमयस्याऽऽद्यखण्डं त्यज्यते, तथाऽत्रापि पूर्ववद् द्वितीयसमयस्य चरमखण्डात्सङ्कल्प्यमानमन्यत्खण्डमपि विशेषाधिकं ज्ञेयम् । एवं तावद् वाच्यं यावद्यथाप्रवृत्तकरणस्य सङ्ख्येयभागो गतो भवति ।

अत्र प्रथमसमयवर्तिनामध्यवसायस्थानानां चरमखण्डस्याऽनुकृष्टिः परिसमाप्ता, ततः परं तस्याऽनुवृत्त्यभावात् । तदनन्तरं यथाप्रवृत्तकरणस्य प्रथमकण्डकस्य द्वितीयसमयवर्त्यध्यवसायस्थानानां चरमखण्डस्याऽनुकृष्टिः प्रथमकण्डकस्योपरितनाऽऽद्यसमये परिसमाप्ता । एवं तृतीयादिकसमयवर्तिचरमखण्डानामनुकृष्टौ परिसमाप्यमानायां यदा यथाप्रवृत्तकरणस्य चरमसमयः प्राप्यते, तदा यथाप्रवृत्तकरणस्य चरमकण्डकस्य चरमसङ्ख्यातभागस्य प्रथमसमयवर्तिखण्डस्यानुकृष्टिः परिसमाप्ता भवति ।

(६८) **इदन्त्ववधेयम्**-प्रत्येकखण्डे प्रथमाध्यवसायस्थानस्य विशुद्धेश्चरमाध्यवसायस्थानस्य विशुद्धिरनन्तगुणा तथा कस्मिंश्चिदपि खण्डे चरमाध्यवसायस्थानस्य विशुद्धेस्तदुत्तरखण्डस्य प्रथमाध्यवसायस्थानस्य विशुद्धिरनन्तगुणा ज्ञेया । अस्मिन् क्रमे स्वीक्रीयमाण एव यथाप्रवृत्तकरणे

નાંખવો અને બીજા સમયના છેલ્લા ખંડ કરતા વિશેષાધિક પ્રમાણવાળો એક ખંડ પાછળ ઉમેરવો. એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના સંખ્યાતમા ભાગના (= કંડકના) અંતિમસમયે પહોંચશું ત્યારે પ્રથમસમયના બધા ખંડો પૂરા થઈ જશે, તેથી તેની અનુકૃષ્ટિ સમાપ્ત થશે. તેની જેમ જ ત્યારપછીના સમયે (= પ્રથમ કંડકના ઉપરના સમયે) બીજા સમયનાં ખંડો પૂરા થશે. તેથી તેની અનુકૃષ્ટિ ત્યાં સમાપ્ત થશે. એમ યાવત્ ચરમસમયે પહોચશું ત્યારે યથાપ્રવૃત્તકરણના છેલ્લા એક સંખ્યાતમા ભાગના (= છેલ્લા કંડકના) પ્રથમસમયના બધા ખંડોની અનુકૃષ્ટિ પૂર્ણ થઈ જશે. ત્યારપછી ચરમકંડકના પ્રથમસમયવર્તી અધ્યવસાયોની અનુકૃષ્ટિ થતી નથી.

इदन्तु अवधेयम्

(૬૮) અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે દરેક ખંડના પ્રથમઅધ્યવસાયથી તેનો ચરમઅધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો છે. તથા કોઈપણ ખંડના ચરમ અધ્યવસાયથી તેના પછીના ખંડનો પ્રથમ અધ્યવસાય પણ અનંતગુણ વિશુદ્ધિવાળો છે, કેમકે આ ક્રમ જળવાશે તો જ યથાપ્રવૃત્તકરણમાં કહેલો વિશુદ્ધિક્રમ આવશે. બીજું દરેક સમયના અધ્યવસાયોની વિશુદ્ધિ ષટ્સ્થાનકના ક્રમે છે. તેથી દરેક ખંડનો છેલ્લો અધ્યવસાય તેની

विशुद्धिक्रमोपपत्तेः, तथा च प्रत्येकसमयस्याध्यवसायस्थानानां विशुद्धिः षट्स्थानपतिता, ततः प्रत्येकखण्डस्योपचरमाध्यवसायस्थानादनन्तभागवृद्धविशुद्धं चरमाध्यवसायस्थानं वाच्यम्, ततः परस्याध्यवसायस्थानस्यानन्तगुणवृद्धत्वात्। किञ्च षट्स्थानकेऽनन्तगुणवृद्धस्थानकात्पूर्वेण स्थानेनानन्तभागवृद्धेन भवितव्यमिति नियमात्। प्रथमसमयस्य प्रथमखण्डं केनाऽपि खण्डेन न सदृक्षम्, एवं चरमसमयस्य चरमखण्डं केनाऽपि सदृग् न भवति, मध्यसमयवर्तिखण्डानां परस्परं सादृश्यं विद्यते। तथाहि यत्प्रथमसमयस्य द्वितीयखण्डं तदेव द्वितीयसमयस्य प्रथमखण्डम्, एवं प्रथमसमयस्य तृतीयखण्डं तदेव द्वितीयसमयस्य द्वितीयं खण्डं तथा तृतीयसमयस्य प्रथमं खण्डम्।

(६९) अत्र प्रत्येकखण्डेऽध्यवसायस्थानान्यसङ्ख्येयलोकालोकाशप्रदेशप्रमाणानि तथा प्रतिसमयमागच्छन्त्यध्यवसायस्थानान्यप्यसङ्ख्येयलोकाकाशप्रदेशप्रमाणानि भवन्ति।

यथाप्रवृत्तकरणस्य सर्ववक्तव्यताऽसत्कल्पनया स्थापनायन्त्रम् (पृ. ९०) आश्रित्य प्रदर्श्यते – प्रथमसमये प्रथमाध्यवसायस्थानादारभ्य चतुरधिकसहस्रतमपर्यन्तान्यध्यवसाय-

પૂર્વેના = ઉપચરમ (= પાછળથી બીજા નંબરના) અધ્યવસાયથી અનંતભાગવૃદ્ધ વિશુદ્ધિવાળો આવશે. કેમકે ત્યારપછીનો અધ્યવસાય અનંતગુણવૃદ્ધ વિશુદ્ધિવાળો આવવાનો છે, અને ષટ્સ્થાનકમાં અનંતગુણવૃદ્ધના સ્થાનની પૂર્વે હંમેશા અનંતભાગવૃદ્ધનું જ સ્થાન આવે એવો નિયમ છે. તેવી જ રીતે દરેક ખંડનો પ્રથમઅધ્યવસાય તેની પૂર્વેના ખંડના અંતિમઅધ્યવસાયથી અનંતગુણવૃદ્ધ વિશુદ્ધિવાળો જ આવવાનો છે.

પ્રથમસમયનો પ્રથમખંડ કોઈ પણ સમયના ખંડ જોડે સદૃશ નથી. તેવી જ રીતે ચરમસમયનો ચરમખંડ અસદૃશ છે. જ્યારે વચ્ચેના ખંડોમાં પરસ્પરસદૃશતા છે. જેમકે પ્રથમસમયનો બીજો ખંડ એ જ બીજા સમયનો પ્રથમખંડ, પ્રથમસમયનો ત્રીજો ખંડ એ જ બીજા સમયનો બીજો ખંડ તથા ત્રીજા સમયનો પ્રથમ ખંડ વગેરે.

(૬૯) દરેક ખંડમાં અધ્યવસાયો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ જાણવા. તેવી જ રીતે દરેક સમયે નવા આવતા અધ્યવાસાયો, તથા છોડાતા અધ્યવસાયો, તથા કુલ અધિક થતા અધ્યવસાયો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ જાણવા.

અસત્કલ્પનાએ યથાપ્રવૃત્તકરણનાં અધ્યવસાયોની સમજુતી

પ્રથમસમયે અધ્યવસાય ૧ થી ૧૦૦૪ છે. બીજા સમયે તેમાંથી શરૂઆતના ૨૪૮ અધ્યવસાયો ગયા અને ૧૦૦૫ થી ૧૨૬૦ સુધીના ૨૫૬ અધ્યવસાયો નવા આવ્યા.

स्थानानि चतुरधिकसहस्रं भवन्ति । द्वितीयसमये प्रथमाऽध्यवसायस्थानादारभ्याऽष्टचत्वारिंशदधिकद्विशततमाध्यवसायस्थानपर्यन्तान्यध्यवसायस्थानान्यष्टचत्वारिंशदधिकद्विशतं विमुच्यते । तथा पञ्चाधिकसहस्रतमाध्यवसायस्थानादारभ्य षष्ट्यधिकद्वादशशततमाध्यवसायस्थानानि षट्पञ्चाशदुत्तरद्विशतसङ्ख्याकान्यागच्छन्तीत्यर्थः, अतो नवचत्वारिंशदधिकद्विशततमाध्यवसायस्थानादारभ्य षष्ट्युत्तरद्वादशशततमाध्यवसायस्थानपर्यन्तान्यध्यवसायस्थानानि द्वितीयसमये द्वादशाधिकसहस्रप्रमाणानि भवन्ति । तृतीयसमये नवचत्वारिंशद्द्विशततमाध्यवसायस्थानादारभ्याष्टनवत्यधिकचतुःशततमाध्यवसायस्थानपर्यन्तान्यध्यवसायस्थानानि पञ्चाशदुत्तरद्विशतं विमुच्यन्ते, एकषष्ट्यधिकद्वादशशततमाध्यवसायस्थानादारभ्याष्टादशाधिकपञ्चदशशततमाध्यवसायस्थानपर्यन्तान्यध्यवसायस्थानान्यष्टपञ्चाशदुत्तरद्विशतप्रमाणान्यागच्छन्ति, सङ्कल्यन्त इति यावत्, अतस्तृतीयसमये नवनवतिचतुःशततमाध्यवसायस्थानादारभ्याष्टादशाधिकपञ्चदशशततमाध्यवसायस्थानपर्यन्तान्यध्यवसायस्थानानि विंशत्यधिकसहस्रप्रमाणानि भवन्ति । एवमाद्विचरमसमयं वाच्यम् ।

द्विचरमसमय एकसप्तत्यधिकपञ्चविंशतिशततमाध्यवसायस्थानादारभ्य चतुःपञ्चाशत्षट्त्रिंशच्छततमाध्यवसायस्थानपर्यन्तान्यध्यवसायस्थानानि चतुरशीत्यधिकसहस्रम्, तेभ्यश्चरमसमय एकसप्तत्युत्तरपञ्चविंशतिशततमाध्यवसायस्थानात्प्रभृत्यष्टात्रिंशदधिकाष्टाविंशतिशततमाध्यवसायस्थानपर्यन्तान्यध्यवसायस्थानान्यष्टषष्ट्यधिकद्विशतप्रमाणानि विमुच्यन्ते तथा पञ्चपञ्चाशदधिकषट्त्रिंशच्छततमाध्यवसायस्थानादारभ्य त्रिंशदधिकैकोन-

એટલે બીજા સમયના કુલ અધ્યવસાયો ૨૪૯ થી ૧૨૬૦ સુધીના ૧૦૧૨ થયા. ત્રીજા સમયે તેમાંથી ૨૪૯ થી ૪૯૮ સુધીના ૨૫૦ અધ્યવસાયો ગયા અને ૧૨૬૧ થી ૧૫૧૮ સુધીના ૨૫૮ અધ્યવસાયો નવા આવ્યા. એટલે ત્રીજા સમયના કુલ અધ્યવસાય ૪૯૯ થી ૧૫૧૮ સુધીના ૧૦૨૦ થયા. ચોથા સમયે ૪૯૯ થી ૭૫૦ સુધીના ૨૫૨ અધ્યવસાયો ગયા અને ૧૫૧૯ થી ૧૭૭૮ સુધીના ૨૬૦ અધ્યવસાયો નવા આવ્યા એટલે ૭૫૧ થી ૧૭૭૮ સુધીના કુલ ૧૦૨૮ અધ્યવસાયો ચોથા સમયે હોય. એમ યાવત્ યથાપ્રવૃત્તકરણના દ્વિચરમસમયે ૨૫૭૧ થી ૩૬૫૪ સુધીના ૧૦૮૪ અધ્યવસાયો છે. તેમાંથી ચરમસમયે ૨૫૭૧ થી ૨૮૩૮ સુધીના ૨૬૮ અધ્યવસાયો ગયા અને ૩૬૫૫ થી ૩૯૩૦ સુધીના ૨૭૬ અધ્યવસાયો નવા આવ્યા એટલે કુલ ૨૮૩૯ થી ૩૯૩૦ સુધીના ૧૦૯૨ અધ્યવસાયો યથાપ્રવૃત્તકરણના ચરમસમયે હોય છે.

चत्वारिंशच्छततमाध्यवसायस्थानपर्यवसानानि षट्सप्तत्यधिकद्विशततमान्यन्यान्यागच्छन्ति; अत एकोनचत्वारिंशदधिकाष्टाविंशतिशततमाध्यवसायस्थानादारभ्य त्रिंशदधिकैकोनचत्वारिंशच्छततमाध्यवसायस्थानपर्यन्तानि द्विनवतिदशशतप्रमाणान्यध्यवसायस्थानानि चरमसमये भवन्ति । अत्रापुनरुक्ताध्यवसायस्थानानि त्रिंशदधिकैकोनचत्वारिंशच्छतप्रमाणानि भवन्ति; पुनरुक्तान्यध्यवसायस्थानानि षट्सप्तत्युत्तरपञ्चशतद्वादशसहस्रप्रमाणानि भवन्ति ।

तत्समयवर्त्यध्यवसायस्थानानां चत्वारि खण्डानि क्रियन्ते, ततः सर्वाण्यष्टाचत्वारिंशत्खण्डानि भवन्ति, यद्यपुनरुक्तानि खण्डानि परिगण्यन्ते, तर्हि पञ्चदशैव खण्डानि भवन्ति, तद्यथा – २४८, २५०, २५२, २५४, २५६, २५८, २६०, २६२, २६४, २६६, २६८, २७०, २७२, २७४, २७६ ।

(७०) प्रथमसमयस्य प्रथमखण्डं वर्जयित्वा शेषाणि सर्वाणि खण्डानि द्वितीयसमयेऽनुवर्तन्ते। एवं द्वितीयसमयस्य प्रथमखण्डं वर्जयित्वा शेषाणि सर्वाणि खण्डानि तृतीयसमयेऽनुवर्तन्ते। एवं यावद् द्विचरमसमयस्य प्रथमखण्डं वर्जयित्वा शेषाणि सर्वाणि खण्डानि चरमसमयेऽनुवर्तन्त इति वक्तव्यम् । प्रथमसमयवर्तिप्रथमखण्डं तथा चरमसमयवर्तिचरमखण्डं चान्यत्र नानुवर्तेते, शेषाणि खण्डानि तूत्तरत्रानुवर्तन्ते । प्रथमसमयस्य जघन्यमध्यवसायस्थानं प्रथमं भवति तथा द्वितीयसमयस्य जघन्यमध्यवसायस्थानमेकोन-

પુનરૂક્ત-અપુનરૂક્ત ખંડો

આમ યથાપ્રવૃત્તકરણમાં અપુનરૂક્ત અધ્યવસાયો માત્ર ૩૯૩૦ છે. અને પુનરૂક્ત-અપુનરૂક્ત બન્ને પ્રકારના ગણીએ તો ૧૨,૫૭૬ અધ્યવસાયો થાય છે. તેમજ દરેક સમયના અધ્યવસાયોના ચાર-ચાર ખંડ કરેલ હોવાથી કુલ ૪૮ ખંડ થાય, પણ અપુનરૂક્ત ખંડો ગણીએ તો ૧૫ થાય. તે આ પ્રમાણે છે :- ૨૪૮, ૨૫૦, ૨૫૨, ૨૫૪, ૨૫૬, ૨૫૮, ૨૬૦, ૨૬૨, ૨૬૪, ૨૬૬, ૨૬૮, ૨૭૦, ૨૭૨, ૨૭૪, ૨૭૬.

પુનરૂક્ત ખંડ = જે અધ્યવસાયો ફરી આવે તેને ફરી પણ ગણાય તે.

અપુનરૂક્ત ખંડ = જે અધ્યવસાયો પ્રથમવાર આવે ત્યારે ગણીએ, અને ફરી આવે ત્યારે ન ગણીએ તે.

(૭૦) પહેલા સમયના પ્રથમ ખંડ સિવાય સર્વ ખંડો બીજા સમયમાં છે, બીજા સમયના પ્રથમ ખંડ સિવાય સર્વ ખંડો ત્રીજા સમયમાં છે. એમ યાવત્ દ્વિચરમસમયના પ્રથમખંડ સિવાય સર્વ ખંડો ચરમસમયમાં છે.

"स्थापना"

समयः	प्रथमखण्डम्	द्वितीयम्	तृतीयम्	चतुर्थम्	कतितमं खण्डम्	खण्डगता अभ्यवसायाः	सङ्क्लितान्य-ध्यवसाय-स्थानानि	विमुच्यमान-खण्डवर्त्यभ्य-वसायस्थानानि	आगच्छ-त्खण्ड-वत्सध्यवसाय-स्थानानि	आद्याध्य-वसाय-स्थानम्	पर्यन्ता-ध्यवेसाय-स्थानम्
–	–	–	–	–	–	–					
प्रथमः	२४८ (१-२४८)	२५० (२४९-४९८)	२५२ (४९९-७५०)	२५४ (७५१-१००४)	–	–	१००४	–	–	१	१००४
द्वितीयः	२५०	२५२	२५४	२५६	पञ्चमम्	१००५-१२६०	१०१२	२४८	२५६	२४९	१२६०
तृतीयः	२५२	२५४	२५६	२५८	षष्ठम्	१२६१-१५१८	१०२०	२५०	२५८	४९९	१५१८
चतुर्थः	२५४	२५६	२५८	२६०	सप्तमम्	१५१९-१७७८	१०२८	२५२	२६०	७५१	१७७८
पञ्चमः	२५६	२५८	२६०	२६२	अष्टमम्	१७७९-२०४०	१०३६	२५४	२६२	१००५	२०४०
षष्ठः	२५८	२६०	२६२	२२४	नवमम्	२०४१-२३०४	१०४४	२५६	२६४	१२६१	२३०४
सप्तमः	२६०	२६२	२६४	२६६	दशमम्	२३०५-२५७०	१०५२	२५८	२६६	१५१९	२५७०
अष्टमः	२६२	२६४	२६६	२६८	एकादशम्	२५७१-२८३८	१०६०	२६०	२६८	१७७९	२८३८
नवमः	२६४	२६६	२६८	२७०	द्वादशम्	२८३९-३१०८	१०६८	२६२	२७०	२०४१	३१०८
दशमः	२६६	२६८	२७०	२७२	त्रयोदशम्	३१०९-३३८०	१०७६	२६४	२७२	२३०४	३३८०
एकादशः	२६८	२७०	२७२	२७४	चतुर्दशम्	३३८१-३६५४	१०८४	२६६	२७४	२५७१	३६५४
द्वादशः	२७०	२७२	२७४	२७६	पञ्चदशम्	३६५५-३९३०	१०९२	२६८	२७६	२८३९	३९३०

पञ्चाशदधिकद्विशततमं भवति । तत्र प्रथमसमयसत्कप्रथमखण्डस्य प्रथमाध्यवसायस्थानत एकोनपञ्चाशदधिकद्विशततमाध्यवसायस्थानस्य द्वितीयखण्डसत्काऽऽद्याध्यवसायस्थानत्वेनानन्तगुणवृद्धं भवति, तथा तदुत्तरवर्तिखण्डस्याऽऽद्यमप्यनन्तगुणवृद्धं भवति । इदमेकोनपञ्चाशदधिकद्विशततमाध्यवसायस्थानं प्रथमसमयस्य द्वितीयखण्डवर्तिप्रथमाध्यवसायस्थानं प्रथमसमयवर्तिप्रथमखण्डसत्कचरमाध्यवसायस्थानादप्यग्रेतनं भवतीति प्रथमखण्डस्य जघन्यलक्षणप्रथमाध्यवसायस्थानाच्चरमाष्टचत्वारिंशदधिकद्विशततमाध्यवसायस्थानस्यानन्तगुणवृद्धत्वेनैकोनपञ्चाशदधिकद्विशततमस्य सुतरामनन्तगुणत्वं सिध्यति ।

अत एव प्रथमसमयस्य जघन्याध्यवसायस्थानाद् द्वितीयसमयवर्तिजघन्याध्यवसायस्थानमनन्तगुणवृद्धम् । एवं द्वितीयसमयस्य जघन्याध्यवसायस्थानात्तृतीयसमयवर्तिजघन्याध्यवसायस्थानमनन्तगुणवृद्धम्, एवं तृतीयसमयवर्तिजघन्याध्यवसायस्थानाच्चतुर्थसमयवर्तिजघन्याध्यवसायस्थानमनन्तगुणवृद्धं भवति । चतुर्थसमयस्य जघन्याध्यवसायस्थानस्यैकपञ्चाशदधिकसप्तशततमत्वेऽपि प्रथमसमयस्य चतुर्थखण्डस्य जघन्याध्यवसायो भवति, तथा प्रथमसमयस्य चतुर्थखण्डस्योत्कृष्टाध्यवसायस्थानं चतुरधिकसहस्रतमं भवति,

ગુણધન્યા

અનુકૃષ્ટ-અનનુકૃષ્ટ ખંડો

પહેલા સમયનો પ્રથમખંડ તથા ચરમસમયનો ચરમખંડ અન્ય કોઈ સમયમાં પ્રાપ્ત થતો નથી. માટે તે બન્ને ખંડના અધ્યવસાયો અનનુકૃષ્ટ કહેવાય છે. શેષ ખંડોના અધ્યવસાયો અન્ય-અન્ય સમયે પ્રાપ્ત થાય છે. તેથી તે અનુકૃષ્ટ કહેવાય.

પહેલા સમયનો જઘન્ય અધ્યવસાય એટલે અધ્યવસાય નં-૧, બીજા સમયનો જઘન્ય અધ્યવસાય એટલે અધ્યવસાય નં. ૨૪૯. તે બીજા ખંડનો પ્રથમ અધ્યવસાય હોવાથી અનંતગુણ વિશુદ્ધ હોય છે, કેમકે કોઈપણ ખંડના પ્રથમ અધ્યવસાયથી તે જ ખંડનો છેલ્લો અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. અને તેનાથી પણ અનંતર ખંડનો પ્રથમ અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધ હોય છે. તેથી પ્રથમખંડના પ્રથમ અધ્યવસાય કરતા બીજાખંડનો પ્રથમ અધ્યવસાય અનંતગુણ હોવો સ્પષ્ટ છે. અને તો પ્રથમસમયના જઘન્ય અધ્યવસાયથી બીજા સમયનો જઘન્ય અધ્યવસાય પણ અનંતગુણ જ હોય છે.

તેવી જ રીતે બીજા સમયના જઘન્ય અધ્યવસાયથી ત્રીજા સમયનો જઘન્ય અધ્યવસાય પણ અનંતગુણ વિશુદ્ધ, તથા ત્રીજા સમયના જઘન્ય અધ્યવસાયથી ચોથા સમયનો જઘન્ય અધ્યવસાય પણ અનંતગુણ વિશુદ્ધ હોય છે. ચોથા સમયનો જઘન્ય અધ્યવસાય ૭૫૧મો અધ્યવસાય હોવાથી ચોથા ખંડનો જઘન્ય અધ્યવસાય પણ તે જ છે. તથા

तच्च जघन्याध्यवसायस्थानतोऽनन्तगुणं भवति । तत एव चतुर्थसमयवर्तिजघन्याध्यवसायस्थानतः प्रथमसमयस्योत्कृष्टाध्यवसायस्थानमनन्तगुणवृद्धम् । पञ्चमसमयसत्कजघन्याध्यवसायस्थानं यत्पञ्चमखण्डस्य प्रथमं तच्चतुर्थखण्डसत्कचरमाध्यवसायस्थानादनन्तगुणवृद्धम्, यतः कस्यचिदपि खण्डस्य चरमाध्यवसायस्थानात्तदुत्तरवर्त्तिखण्डस्य प्रथमाध्यवसायस्थानमनन्तगुणवृद्धं भवति ।

तत एव चतुर्थखण्डस्य चरमाध्यवसायस्थानलक्षणप्रथमसमयस्योत्कृष्टाध्यवसायस्थानात्पञ्चमखण्डस्य प्रथमाध्यवसायरूपं जघन्यमध्यवसायस्थानमनन्तगुणवृद्धं भवति तथा पञ्चमखण्डस्य प्रथमाध्यवसायस्थानरूपात्पञ्चमसमयसत्कजघन्याध्यवसायस्थानाद् द्वितीयसमयस्योत्कृष्टाध्यवसायस्थानं पञ्चमखण्डस्य चरमाध्यवसायस्थानत्वेनानन्तगुणवृद्धम् । ततः षष्ठसमयसत्कजघन्यमध्यवसायस्थानं षष्ठखण्डस्याद्यत्वेनानन्तगुणवृद्धं भवति । एवं यावदेकादशखण्डस्य चरमाध्यवसायस्थानलक्षणाष्टमसमयस्योत्कृष्टाध्यवसायस्थानाद्

પહેલા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય ૧૦૦૪મો હોવાથી ચોથા ખંડનો છેલ્લો અધ્યવસાય છે, તેથી પહેલા સમયનો ઉત્કૃષ્ટ અધ્યવસાય ૪થા સમયના જઘન્ય (૭૫૧મા) અધ્યવસાયથી અનંતગુણવિશુદ્ધિવાળો છે. કેમકે પૂર્વે જણાવ્યું છે કે કોઈપણ ખંડના પહેલા અધ્યવસાયથી તેનો છેલ્લો અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. પાંચમા સમયનો જઘન્ય અધ્યવસાય ૧૦૦૫મો અધ્યવસાય હોવાથી પાંચમા ખંડનો પ્રથમ અધ્યવસાય છે અને તે ચોથા ખંડના ચરમ અધ્યવસાયથી અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. કેમકે પૂર્વે જણાવ્યા મુજબ કોઈ પણ ખંડનો પ્રથમ અધ્યવસાય તેની પૂર્વેના ખંડના ચરમ અધ્યવસાયથી અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. તેથી પાંચમા સમયનો જઘન્ય અધ્યવસાય પહેલા સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયથી અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. અને તેના કરતા તે જ ખંડનો અંતિમ અધ્યવસાય હોવાથી ૨જા સમયનો ૧૨૬૦મો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. તેના કરતાં તેની પછીના ખંડનો પ્રથમ અધ્યવસાય હોવાથી છઠ્ઠા સમયનો ૧૨૬૧મો જઘન્ય અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધ હોય છે.

એમ યાવત્ ૧૧મા ખંડના ચરમ અધ્યવસાયરૂપ ૮મા સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયથી તેના પછીના ૧૨મા ખંડનો જઘન્ય અધ્યવસાય હોવાથી ૧૨મા સમયનો ૨૮૩૯મો જઘન્ય અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધિવાળો હોય છે. અને તેનાથી ૯મા સમયનો ૩૧૦૮મો ઉત્કૃષ્ટ અધ્યવસાય તે જ ખંડનો અંતિમ અધ્યવસાય હોવાથી અનંતગુણ વિશુદ્ધિવાળો છે.

द्वादशसमयस्य जघन्यमध्यवसायस्थानं द्वादशखण्डस्याऽऽद्याध्यवसायत्वेनानन्तगुणवृद्धं वाच्यम् । ततो नवमसमयस्योत्कृष्टाध्यवसायस्थानं द्वादशखण्डस्य चरमाध्यवसायस्थानत्वेनानन्तगुणवृद्धं भवति, अत्र जघन्यवक्तव्यतायाः परिसमाप्तिः । अथ दशमसमयस्योत्कृष्टाध्यवसायस्थानमनन्तगुणं वृद्धं वाच्यं त्रयोदशखण्डस्य चरमाध्यवसायस्थानत्वात् । एवं यावद् द्वादशसमयस्योत्कृष्टाध्यवसायस्थानमनन्तगुणवृद्धं वाच्यम् ।

अस्य यथाप्रवृत्तकरणस्य द्वितीयं नाम 'पुव्वप्पवत्तमिइ नाम' त्ति, पूर्वप्रवृत्तमिति, शेषकरणाभ्यां पूर्वं प्रवृत्तत्वात् । (पश्यन्तु पाठका यथाप्रवृत्तकरणचित्रम्)

(७१) अथापूर्वकरणमभिधीयते । यथाप्रवृत्तकरणे समाप्ते सम्यक्त्वाभिमुखोऽपूर्वकरणं प्रविशति ।

अपूर्वकरणेऽपि पूर्ववत्प्रतिसमयं विशोधेरनन्तगुणा वृद्धिर्जायते, तथापि यथाप्रवृत्तकरणादस्य पृथक्करणे द्वे कारणे विद्येते ।

(१) यथाप्रवृत्तकरणे तत्तत्समयवर्त्यध्यवसायस्थानानां नानाजीवापेक्षयोत्तरोत्तरसमयेऽनुकृष्टिर्भवति तथेहानुकृष्टिर्न भवति, किन्तु प्रतिसमयमप्राप्तान्येवापूर्वाण्यध्यवसायस्थानानि प्राप्यन्ते ।

ગુણધન્યા

હવે જઘન્યની વક્તવ્યતા પૂરી થઇ હોવાથી, ઉત્કૃષ્ટની પ્રરૂપણા બતાવીએ છીએ. નવમા સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયથી તેના પછીના ૧૩મા ખંડના અંતિમ અધ્યવસાયરૂપ હોવાથી દસમા સમયનો ૩૩૮૦મો ઉત્કૃષ્ટ અધ્યવસાય અનંતગુણવૃદ્ધ, તેનાથી ૧૧મા સમયનો ૩૬૫૪મો ઉત્કૃષ્ટ અધ્યવસાય પણ ઉક્ત કારણે અનંતગુણવૃદ્ધ, તેનાથી ૧૨મા સમયનો ૩૯૩૦મો ઉત્કૃષ્ટ અધ્યવસાય પણ તે જ રીતે અનંતગુણવૃદ્ધ છે.

આ પ્રમાણેની વિશુદ્ધિમાં આગળ વધતો જીવ યથાપ્રવૃત્તકરણ પૂર્ણ કરે છે. આ કરણ શેષ કરણોની પૂર્વે પ્રવૃત્ત થતું હોવાથી, તેનું બીજું નામ પૂર્વપ્રવૃત્તકરણ પણ છે.

(૨) અપૂર્વકરણ

(૭૧) યથાપ્રવૃત્તકરણ સમાપ્ત થયા પછી સમ્યક્ત્વાભિમુખ જીવ અપૂર્વકરણમાં પ્રવેશે છે. અપૂર્વકરણમાં પણ યથાપ્રવૃત્તકરણની જેમ પ્રતિસમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. છતાં આ કરણ યથાપ્રવૃત્તકરણથી જુદું હોવા અંગે ૨ કારણ છે :-

(૧) યથાપ્રવૃત્તકરણનાં દરેક સમયોના અધ્યવસાયોની અનેક જીવોની અપેક્ષાએ ઉત્તરોત્તર સમયોમાં અનુકૃષ્ટિ થતી હતી. પરંતુ અહીં અનુકૃષ્ટિ થતી નથી. અને

(२) यथाप्रवृत्तकरणे वक्ष्यमाणस्वरूपाः स्थितिघातादयो न भवन्ति, अत्र तु भवन्ति । इति द्वे करणे पृथक् क्रियेते ।

(७२) **अध्यवसायस्थानप्ररूपणा**–"परिणामट्ठाणाणं दोसुवि लोगा असंखिज्जा" इति पूर्वमुक्तं तथाऽप्यत्र विशेषतोऽध्यवसायस्थानानि निरूप्यन्ते । अपूर्वकरणस्य प्रथमसमये-ऽध्यवसायस्थानानि नानाजीवापेक्षयाऽसङ्ख्येयलोकाकाशप्रदेशप्रमाणानि, तद्घटना तु पूर्ववत्कार्या। तथा चात्र पूर्वपूर्वसमयादुत्तरोत्तरोत्तरसमयेऽध्यवसायस्थानानि विशेषाधिकानि भवन्ति । एवं यावदपूर्वकरणस्य चरमसमयं वाच्यम् ।

अस्मिन्करणे सर्वाण्यध्यवसायस्थानान्युत्तरोत्तरसमयेऽप्राप्तान्येव प्राप्यन्ते, न तु यथाप्रवृत्तकरणाध्यवसायस्थानवत्प्राप्ताप्राप्तान्युभयान्यपि प्राप्यन्ते, तथाहि – प्रथमसमये यान्यध्यवसायस्थानानि प्राप्तानि द्वितीयसमये तानि न प्राप्यन्ते, अपि त्वनन्तगुणवृद्ध्या प्रवर्धमानान्यप्राप्तानि विशेषाधिकानि प्राप्यन्ते एवमुपर्युपरिमुखान्यनुचिन्त्यमानानि प्रतिसमयमनन्तगुणवृद्ध्या प्रवर्धमानान्यप्राप्तानि विशेषाधिकानि प्राप्यन्ते । तिर्यक् च षट्स्थानपतितानि ।

ગુણધન્યા

પ્રતિસમયે નવા જ અધ્યવસાયો પ્રાપ્ત થાય છે.

(૨) યથાપ્રવૃત્તકરણમાં વક્ષ્યમાણ સ્થિતિઘાતાદિ થતા નહોતા. પરંતુ અહીં થાય છે. માટે બન્નેની ભિન્નતા છે.

અપૂર્વકરણમાં અધ્યવસાયસ્થાનની પ્રરૂપણા

(૭૨) પૂર્વે કહ્યા પ્રમાણે અપૂર્વકરણમાં પણ અનેક જીવની અપેક્ષાએ પ્રથમસમયે અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય છે. અને તેની સંગતિ પૂર્વની જેમ જ કરવી.

અહીં પણ અપૂર્વકરણના ચરમસમય સુધી ઉત્તરોત્તર સમયે પૂર્વ-પૂર્વના સમયથી વિશેષાધિક અધ્યવસાયો હોય છે.

અને આ કરણના અધ્યવસાયોમાં વિશેષતા એ છે કે, આ કરણના પ્રથમસમયના અધ્યવસાય કરતાં બીજા સમયના અધ્યવસાય તદ્દન નવા જ હોય છે. પરંતુ યથાપ્રવૃત્તકરણની જેમ નવા-જુના બન્ને અધ્યવસાય નથી હોતા અને અનંતગુણવૃદ્ધિ વડે પ્રાપ્ત થતા તે અધ્યવસાયો પૂર્વ-પૂર્વ કરતાં ઉત્તરોત્તર સમયે વિશેષાધિક હોય છે. અને તિર્યક્ (એકસમયસ્થિત અધ્યવસાયો પરસ્પર) ષટ્સ્થાનપતિત હોય છે. આ કરણના

अस्य करणस्य स्थाप्यमानान्यध्यवसायस्थानानि विषमचतुरस्रं क्षेत्रमास्तृणन्ति ।

तीव्रमन्दता –

"बीइयव्व" इत्यादि, द्वितीयस्यापूर्वकरणस्य द्वितीयसमये जघन्यमपि विशोधिस्थान-मनन्तरोत्कृष्टात्प्रथमसमयभाविन उत्कृष्टाद्विशोधिस्थानादनन्तगुणं वाच्यम् ।

इदमत्र हृदयम् – इह यथाप्रवृत्तकरण इवाऽऽदितो निरन्तरं जघन्यानि विशोधिस्थानान्यनन्त-गुणतया न वाच्यानि, किन्तु प्रथमसमये जघन्या विशुद्धिः प्रथमतस्सर्वस्तोका वाच्या, सा च यथाप्रवृत्तकरणचरमसमयभाव्युत्कृष्टविशुद्धिस्थानादनन्तगुणा । ततः प्रथमसमय एवोत्कृष्टा विशोधिरनन्तगुणा, ततोऽपि द्वितीयसमये जघन्या विशोधिरनन्तगुणा, ततोऽपि तस्मिन्नेव द्वितीयसमय उत्कृष्टा विशोधिरनन्तगुणा ततोऽपि तृतीयसमये जघन्या विशोधिरनन्तगुणा, ततोऽपि तृतीयसमये उत्कृष्टा विशोधिरनन्तगुणा, एवं जघन्या उत्कृष्टा च विशोधिरनन्तगुणवृद्ध्या तावन्नेया यावदपूर्वकरणस्य चरमसमये जघन्यत उत्कृष्टा विशोधिरनन्तगुणा । तिर्यग्मुखी विशोधिरत्र प्रतिसमयं षट्स्थानपतिता यथाप्रवृत्तकरणवज्ज्ञेया । तथाहि – अपूर्वकरणस्य प्रथमसमयवर्तिनानाजीवापेक्षयाऽसङ्ख्येयलोकाशप्रदेशप्रमाणान्यध्यवसायस्थानानि भवन्ति, तत्र कस्यचिज्जीवस्याध्यवसायस्थानमनन्तभागवृद्धम्, कस्यचिदसङ्ख्येयभागवृद्धम्, कस्यचि-

અધ્યવસાયસ્થાનોની સ્થાપના કરીએ તો વિષમચતુરસ્ર આકારે ક્ષેત્રનો ફેલાવો થાય.

અધ્યવસાયોમાં વિશુદ્ધિની પ્રરૂપણા

અપૂર્વકરણના બીજા સમયે વર્તતું જઘન્ય પણ વિશુદ્ધિસ્થાન, એ અપૂર્વકરણના પહેલા સમયના ઉત્કૃષ્ટ વિશુદ્ધિસ્થાનથી અનંતગુણ સમજવું.

ઉર્ધ્વમુખી વિશુદ્ધિ : અહીં યથાપ્રવૃત્તકરણની જેમ પ્રથમથી નિરંતર જઘન્યસ્થાનો અનંતગુણ નથી હોતા, પરંતુ યથાપ્રવૃત્તકરણના ચરમસમયની વિશુદ્ધિ કરતાં અપૂર્વકરણના પ્રથમસમયની વિશુદ્ધિ અનંતગુણી હોય છે. તે સૌથી અલ્પ છે. અને તેના કરતાં તે જ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ હોય છે. તેના કરતાં બીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતાં તે જ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતાં ત્રીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણ, તેના કરતાં તે જ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ... એમ યાવત્ અપૂર્વકરણના ચરમસમયની જઘન્યવિશુદ્ધિથી તે જ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ હોય છે.

તિર્યગ્મુખી વિશુદ્ધિ : યથાપ્રવૃત્તકરણની જેમ અહીં પણ અધ્યવસાયસ્થાનો પ્રતિસમયે ષટ્સ્થાનપતિત હોય છે. એટલે કે અપૂર્વકરણના પ્રથમસમયમાં રહેલા અનેક જીવોની

त्सङ्ख्येयभागवृद्धम्, कस्यचित्सङ्ख्येयगुणवृद्धम्, कस्यचिदसङ्ख्येयगुणवृद्धम्, कस्यचिदनन्तगुणवृद्धम्, कस्यचिज्जीवस्याध्यवसायस्थानमनन्तभागहीनम्, कस्यचिदसंख्येयभागहीनम्, कस्यचित्सङ्ख्येयभागहीनम्, कस्यचित्सङ्ख्येयगुणहीनम्, कस्यचिदसङ्ख्येयगुणहीनम्, कस्यचिदनन्तगुणहीनं वेत्यर्थः ।

(७३) यथाप्रवृत्तकरणापूर्वकरणयोरध्यवसायस्थानसत्कतीव्रतामन्दतयोर्वक्तव्यतां निरूप्यापूर्वकरणस्य निर्वचनमभिधित्सुराह –

निव्वयणमवि ततो से ठिइरसघायठिइबन्धगद्धा तु ।
गुणसेढी विय समगं पढमे समये पवत्तंति ॥१२॥

निर्वचनमपि ततस्तस्य स्थितिरसघातस्थितिबन्धकाद्धा तु ।
गुणश्रेणिरपि च समकं प्रथमे समये प्रवर्तन्ते ॥१२॥ इति पदसंस्कारः

"ततो से" त्ति, तस्याऽपूर्वकरणस्य "निव्वयणं" ति, निर्वचनम् = निश्चितमन्वर्थानुयायि वचनं प्रतिपादनीयम् । तद्यथा – अपूर्वाण्यभिनवानि करणानि स्थितिघातरसघातगुणश्रेणिस्थितिबन्धादीनि निर्वर्तनानि यस्मिंस्तदपूर्वकरणम्, तथाहि–अपूर्वकरणं प्रविशज्जीवः प्रथमसमय एव स्थितिघातरसघातगुणश्रेणीः स्थितिबन्धं चान्यं युगपदारभते । तथा चाऽऽह–

અપેક્ષાએ અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ અધ્યવસાયસ્થાનો હોય છે. તેમાં કોઈ એક જીવના વિશુદ્ધિસ્થાન કરતાં બીજા કોઈનું વિશુદ્ધિસ્થાન અનંભાગવૃદ્ધ હોય, કોઈનું અસંખ્યાતભાગવૃદ્ધ, કોઈનું સંખ્યાતભાગવૃદ્ધ, કોઈનું સંખ્યાતગુણવૃદ્ધ, કોઈનું અસંખ્યાતગુણવૃદ્ધ, કોઈનું અનંતગુણવૃદ્ધ હોય... એવી રીતે છએ પ્રકારના હાનિવાળા સ્થાનો પણ જુદા જુદા જીવોને પરસ્પર હોય છે.

(૭૩) યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણના અધ્યવસાય સંબંધી તીવ્રતા-મંદતાનું સ્વરૂપ કહીને, હવે અપૂર્વકરણની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે :-

ગાથાર્થ : ત્યારપછી બીજા કરણનું નિર્વચન = સાન્વર્થ નામ કહેવું. કેમકે અપૂર્વ એવા સ્થિતિઘાત, રસઘાત, સ્થિતિબંધાદ્ધા તથા ગુણશ્રેણી - એ યુગપત્ જ અપૂર્વકરણના પ્રથમસમયથી થાય છે. (૧૨)

વિવેચન : નિર્વચન = નિશ્ચિત અર્થને બતાવનારૂં વચન...

અપૂર્વકરણ એવા નામની સાન્વર્થતા

અપૂર્વકરણમાં પ્રવેશ કરતો જીવ પ્રથમસમયે જ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી

"ठिइरस" इत्यादि, स्थितिघातो रसघातः स्थितिबन्धाद्धा गुणश्रेणिरपि चेत्येते चत्वारः पदार्था अभिनवाः समकं = युगपत् प्रथमसमय एव प्रवर्तन्ते ।

(७४) अपूर्वकरणस्यान्वर्थनाम प्रतिपाद्य स्थितिघातं रसघातं च व्याचिख्यासिषुराह –

उयहिपुहत्तुक्कस्सं इयरं पल्लस्स संखतमभागा ।
ठिइकण्डगमणुभागाणणंतभागा मुहुत्तंतो ॥१३॥

अणुभागकंडगाणं बहुहिं सहस्सेहिं पूरए इक्कं ।
ठिइकण्डसहस्सेहिं तेसिं बीयं समाणेइ ॥१४॥

उदधिपृथक्त्वमुत्कृष्टमितरः पल्यस्य सङ्ख्यतमभागः ।
स्थितिकण्डकमनुभागानामनन्तभागा मुहूर्त्तान्तः ॥१३॥

अनुभागकण्डकानां बहुभिः सहस्त्रैः पूरयेदेकम् ।
स्थितिकण्डकसहस्त्रैस्तेषां द्वितीयं समानयति ॥१४॥ इति पदसंस्कारः

आदौ तावत् स्थितिघातोऽभिधीयते – स्थितिसत्कर्मणोऽग्रिमभागाद् "उयहिपुहुत्तुक्कस्सं"ति, उत्कर्षत उदधिपृथक्त्वं प्रभूतसागरोपमशतप्रमाणमित्यर्थः, "इयरं पल्लस्स

અને અપૂર્વસ્થિતિબંધ. પૂર્વે ક્યારેય નહીં થયેલ એવા આ ચાર પદાર્થોનો યુગપત્ પ્રારંભ કરે છે. તેથી તેનું **અપૂર્વકરણ** તેવું નામ સાર્થક છે.

(૭૪) અપૂર્વકરણનું સાર્થક નામ કહીને, હવે સ્થિતિઘાત અને રસઘાતની વ્યાખ્યા કરતા જણાવે છે -

ગાથાર્થ : ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણનો સ્થિતિખંડ હોય છે. અનંતબહુભાગપ્રમાણ રસકંડક હોય છે. બન્ને અન્તર્મુહૂર્તપ્રમાણ કાળમાં હોય છે. (૧૩)

(પરંતુ) હજારો રસઘાત વડે એક સ્થિતિઘાત પૂર્ણ થાય છે. તેવા હજારો સ્થિતિઘાત વડે બીજું (અપૂર્વ) કરણ પૂરાય છે. (અર્થાત્ પૂર્ણ થાય છે.) (૧૪)

વિવેચન :

स्थितिघात

સ્થિતિના અગ્રભાગથી (= ઉપરની બાજુના નિષેકોમાંથી) ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમપ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડમાંથી

संखतमभागो'' इत्यादि, जघन्यतश्च पल्योपमसङ्ख्येयतमभागमात्रं स्थितिकण्डकमुत्किरति, खण्डयतीत्यर्थः, उत्कीर्य चाऽधः प्रतिसमयं तद्दलिकं प्रक्षिपति, अन्तर्मुहूर्तेन च कालेन तत्स्थितिकण्डकमुत्कीर्यते खण्ड्यत इत्यर्थः, उक्तं च **पञ्चसङ्ग्रह** उपशमनाधिकारे –

''उक्कोसेण बहुसागराणि इयरेण पल्लसंखंसं ।
ठितिअग्गाओ घायइ अंतमुहुत्तेण ठितिकण्डं ॥१॥''

अत एवान्तर्मुहूर्ते व्यतिक्रान्ते कण्डकप्रमाणा स्थितिः सत्तायां न्यूना भवति। ततो द्वितीयेऽन्तर्मुहूर्ते पुनरप्यधस्तात्पल्योपमसङ्ख्येयभागमात्रस्थितिकण्डकमन्तर्मुहूर्तेनैव कालेनोत्कीर्यते पूर्वोक्तप्रकारेण च निक्षिप्यते । एवं तावद् वाच्यं यावदपूर्वकरणस्य चरमान्तर्मुहूर्तम् । इत्थमपूर्वकरणाद्धायाः प्रभूतानि स्थितिकण्डकसहस्राणि व्यतिक्रामन्ति, तथा च सत्यपूर्वकरणस्य प्रथमसमये यत्स्थितिसत्कर्माऽऽसीत्तस्यैव चरमसमये सङ्ख्येयगुणहीनं जातम्, अर्थात्सङ्ख्येय-भागमात्रं भवति, नाधिकम् । उक्तञ्च **पञ्चसङ्ग्रहे**–**''जा करणाईए ठिई करणंते तीइ होइ संखंसो ।''**

(७५) सम्प्रति **रसघातोऽभिधीयते** – ''अणुभाग'' इत्यादि, अशुभानां प्रकृतीनां यदनुभागसत्कर्म, तस्यानन्ततमं भागं मुक्त्वा शेषानन्ताननुभागानन्तर्मुहूर्तेन कालेन विनाशयति,

गुणधन्या

પ્રતિસમયે દલિકો નીચે નાંખવા દ્વારા અન્તર્મુહૂર્ત કાળે તેટલા સ્થિતિખંડનો સત્તામાંથી ઘાત કરે છે. **પંચસંગ્રહના ઉપશમનાધિકારમાં** પણ આ જ પ્રમાણે કહેલું છે. અને આ પ્રમાણે ઘાત કરવાથી અન્તર્મુહૂર્ત પૂર્ણ થતાં સત્તામાંથી કંડકપ્રમાણ સ્થિતિ ન્યૂન થાય છે. ત્યારબાદ બીજા અન્તર્મુહૂર્તમાં પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ બીજા સ્થિતિખંડનો પૂર્વોક્ત રીતે નીચે નાંખવા દ્વારા ઘાત કરે છે. આ પ્રમાણે અપૂર્વકરણના છેલ્લા અંતર્મુહૂર્ત સુધી હજારો સ્થિતિખંડોનો ઘાત કરે છે.

તેથી અપૂર્વકરણના પ્રથમસમયે જેટલી સ્થિતિસત્તા હતી, તેના કરતા સંખ્યાતગુણહીન, અર્થાત્ સંખ્યાતમા ભાગ જેટલી જ સ્થિતિસત્તા અપૂર્વકરણના ચરમસમયે હોય છે, વધુ નહીં. **પંચસંગ્રહમાં** પણ કહ્યું છે કે, 'કરણની આદિમાં જેટલી સ્થિતિ હતી, તેના સંખ્યાતમાં ભાગ જેટલી સ્થિતિ કરણના અંતે હોય છે.'

રસઘાત

(૭૫) અશુભકર્મોનો સત્તાગત જે રસ છે, તેનો એક અનંતમો ભાગ શેષ રાખીને બાકીના બહુ અનંતા ભાગોનો અન્તર્મુહૂર્તકાળે નાશ કરે છે. એટલે કે અનંતગુણહીન

अनन्तगुणहीनं करोतीति यावत् । ततः पुनरपि द्वितीयेऽन्तर्मुहूर्ते तस्य प्राङ्मुक्तस्यानन्ततमस्य भागस्यानन्ततमभागं मुक्त्वा शेषानन्ताननुभागानन्तर्मुहूर्तेन कालेन विनाशयति । एवं प्रत्यन्तर्मुहूर्तमशुभप्रकृतीनामनुभागसत्कर्मानन्तगुणहीनं करोतीत्यर्थः । अत्र रसघातस्यान्तर्मुहूर्तं स्थितिघातस्यान्तर्मुहूर्तात्सङ्ख्येयगुणहीनं भवति । ततः "अणुभागकंडगाण" इत्यादि, अनेकान्यनुभागखण्डानि सहस्राण्येकस्मिन् स्थितिखण्डे व्यतिक्रामन्ति । "ठिइकण्डसहस्सेहिं" इत्यादि, तेषां स्थितिखण्डानां सहस्रैः "बीयं" इत्यादि, द्वितीयमपूर्वकरणं समानयति = परिसमापयति । अपूर्वकरणस्य प्रथमसमये स्थितिघातो रसघातश्च युगपदारभ्येते, एकस्मिंश्च स्थितिघाते सहस्राण्यनुभागखण्डानि भवन्ति । ततोऽनन्तरसमये यदा नूतनः स्थितिघात आरभ्यते, तदा रसघातोऽपि नूतन आरभ्यते, एतेन स्थितिघातारम्भे सति नियमतो रसघातारम्भो भवति, किन्तु रसघातारम्भे स्थितिघाताऽऽरम्भस्यानैयत्यम् । तथा चापूर्वकरणे परिसमाप्यमाने चरमस्थितिखण्डं चरमानुभागखण्डञ्च युगपत्परिसमाप्येते ।

एकस्यां स्थितिघाताद्धायां सहस्राणि रसघातानि भवन्ति । तत्र प्रतिरसघाते

કરે છે. ત્યારબાદ તેવી જ રીતે બીજા અન્તર્મુહૂર્તમાં પણ સત્તામાં રહેલા શેષ અનુભાગ(= પૂર્વે છોડેલા ૧ અનંતમા ભાગપ્રમાણ રસ) માંથી ૧ અનંતમો ભાગ શેષ રાખી બહુ અનંતા ભાગનો નાશ કરે છે.

આ પ્રમાણે પ્રતિ અન્તર્મુહૂર્તે સત્તાગત અશુભકર્મોના રસને અનંતગુણહીન-હીન કરે છે.

અહીં પ્રત્યેક રસઘાતનો કાળ પણ અન્તર્મુહૂર્ત છે. પરંતુ રસઘાતનું અન્તર્મુહૂર્ત સ્થિતિઘાતના અન્તર્મુહૂર્ત કરતાં સંખ્યાતગુણહીન હોય છે. તેથી એક સ્થિતિઘાત દરમ્યાન હજારો રસઘાત થાય છે.

અપૂર્વકરણના પ્રથમસમયે સ્થિતિઘાત અને રસઘાત સાથે જ શરૂ થાય છે. પણ ૧ સ્થિતિઘાતમાં હજારો રસઘાત હોય છે. તેમાંનો છેલ્લો રસઘાત સ્થિતિઘાતની સાથે જ પૂર્ણ થાય છે. પછી અનંતરસમયે નવો સ્થિતિઘાત શરૂ થાય છે ત્યારે નવો રસઘાત પણ શરૂ થાય છે. આથી આવો નિયમ થયો કે, જ્યાં સ્થિતિઘાતનો પ્રારંભ થાય ત્યાં રસઘાતનો પણ પ્રારંભ થાય. પરંતુ રસઘાતનો પ્રારંભ થાય, તે વખતે સ્થિતિઘાતનો પણ પ્રારંભ થાય એવો નિયમ નથી.

'એક સ્થિતિઘાતાદ્ધામાં હજારો રસઘાત થાય છે. તેમાં પ્રતિ રસઘાતે અનંતમો ભાગ બાકી રાખી શેષ બહુ અનંતાભાગોનો નાશ થાય છે.' આ બધી વાતો અસત્કલ્પનાએ બતાવાય છે –

यदनन्ततमभागमवशिष्यते शेषाणि च भागानि विनाश्यन्ते तत्सर्वमसत्कल्पनया प्रदर्श्यते –

(७६) अपूर्वकरणं प्रविशतो जीवस्य १००० कोट्यः रसस्पर्द्धकानि सत्तायां भवन्ति।

स्थितिघाताद्धाः	घातितानुभागस्पर्द्धकानि	अवशिष्टानुभागस्पर्द्धकानि
प्रथमस्थितिघाताद्धायाम्	प्रथमेऽनुभागकण्डके ९०० कोट्यः	१०० कोट्यः
	द्वितीयेऽनुभागकण्डके ९० कोट्यः	१० कोट्यः
	तृतीयेऽनुभागकण्डके ९ कोट्यः	१ कोटी
द्वितीयस्थितिघाताद्धायाम्	प्रथमेऽनुभागकण्डके ९० लक्षाणि	१० लक्षाणि
	द्वितीयेऽनुभागकण्डके ९ लक्षाणि	१ लक्षम्
	तृतीयेऽनुभागकण्डके ९० सहस्राणि	१० सहस्राणि
तृतीयस्थितिघाताद्धायाम्	प्रथमेऽनुभागकण्डके ९ सहस्राणि	१ सहस्राणि
	द्वितीयेऽनुभागकण्डके ९ शतानि	१ शतम्
	तृतीयेऽनुभागकण्डके नवतिः (९०)	दश (१०)

અસત્કલ્પનાએ દિગ્દર્શન

(૭૬) અપૂર્વકરણમાં પ્રવેશ કરતા જીવને પ્રથમસમયે ૧,૦૦૦ કરોડ રસસ્પર્ધકો સત્તામાં હોય છે.

સ્થિતિઘાતાદ્ધા	રસઘાતાદ્ધા	ઘાતિત રસસ્પર્ધકો	બાકી રહેલા શેષ રસસ્પર્ધકો
પ્રથમ	પ્રથમ	૯૦૦ કરોડ	૧૦૦ કરોડ
પ્રથમ	દ્વિતીય	૯૦ કરોડ	૧૦ કરોડ
પ્રથમ	તૃતીય	૯ કરોડ	૧ કરોડ
દ્વિતીય	પ્રથમ	૯૦ લાખ	૧૦ લાખ
દ્વિતીય	દ્વિતીય	૯ લાખ	૧ લાખ
દ્વિતીય	તૃતીય	૯૦ હજાર	૧૦ હજાર
તૃતીય	પ્રથમ	૯ હજાર	૧ હજાર
તૃતીય	દ્વિતીય	૯૦૦	૧૦૦
તૃતીય	તૃતીય	૯૦	૧૦

अत्रानन्तराशिस्थानेऽसत्कल्पनया दश सङ्ख्या कल्पिता तस्मादनन्ततमभागो दशमो भागो ज्ञेयः । अपूर्वकरणस्य चरमसमयं यावदनेकसहस्राणि रसघाता भवन्ति, सङ्ख्यया तत्प्रमाणं च स्थितिघातप्रमाणादपूर्वकरणस्य प्रथमसमयादारभ्य चरमसमयपर्यन्तमनेकसहस्रगुणं ज्ञेयम् । प्रथमसमयापेक्षया चरमसमयेऽशुभप्रकृतीनामनुभागः सत्तायामनन्तगुणो हीनो भवति, यत एकस्मिन्नेव रसघाते परिसमाप्तेऽनुभागसत्कर्माऽनन्तगुणहीनं भवति । अपूर्वकरणेऽनेकसहस्राणि रसघाताः परिसमाप्ता भवन्ति । शुभप्रकृतीनां स्थितिघातसत्त्वेऽपि रसघातो न भवति ।

(७७) रसघाताद्धायां घातितस्पर्द्धकानां प्रमाणं दर्शयद्भिः कलिकालजन्तुहितार्थिभिः **कषायप्राभृतचूर्णिकारै**र्यदल्पबहुत्वमुक्तम्, तदत्राभिधीयते तद्यथा—**"तस्स पदेस-गुणहाणिट्ठाणंतर-फड्डयाणि थोवाणि, (८३) अइच्छावणाफड्डयाणि अणंतगुणाणि, (८४) णिक्खेवफड्डयाणि अणंतगुणाणि, (८५) आगाइदफड्डयाणि अणंतगुणाणि"** । भावार्थः पुनरयम्-(१) एकस्मिन्प्रदेशगुणहानिस्थानान्तरेऽनुभागस्पर्द्धकानि स्तोकानि, सत्तायां यान्यनुभागस्पर्द्धकानि तेषु जघन्यानुभागस्पर्द्धकस्य प्रथमवर्गणायां प्रदेशा बहवः, ततो

गुणधन्या

અહીં એક સ્થિતિઘાતમાં હજારો = અસત્કલ્પનાએ ૩ રસઘાત બતાવ્યા છે. અને અનંત = ૧૦, માટે અનંતમો ભાગ = ૧૦મો ભાગ. આમ અપૂર્વકરણના ચરમસમય સુધી હજારો રસઘાત થાય છે, અને તેની સંખ્યા સ્થિતિઘાતથી હજારોગુણી સમજવી. એટલે અપૂર્વકરણના પ્રથમસમયે અશુભપ્રકૃતિઓનો જે રસ સત્તામાં હતો, તે કરતાં અનંતગુણહીન રસ ચરમસમયે હોય છે. કેમકે એક રસઘાત પૂર્ણ થતા પણ રસસત્તા અનંતગુણહીન થાય છે, અને અપૂર્વકરણમાં ઘણા હજારો રસઘાતો પૂર્ણ થાય છે.

શુભપ્રકૃતિઓનો સ્થિતઘાત થતો હોવા છતાં, રસઘાત થતો નથી.

(૭૭) રસઘાતાદ્ધામાં ઘાતિતસ્પર્ધકોનું પ્રમાણ બતાવતા **કષાયપ્રાભૃતચૂર્ણિમાં અલ્પબહુત્વ** કહ્યું છે. તેનો ભાવાર્થ આ પ્રમાણ છે :-

(૧) એક પ્રદેશ ગુણહાનિ સ્થાનાન્તર રસસ્પર્ધકો - થોડા

પ્રશ્ન : આ 'એક પ્રદેશગુણહાનિ સ્થાનાન્તર રસસ્પર્ધકો' કોને કહેવાય ?

ઉત્તર : સત્તામાં જે રસસ્પર્ધકો છે, તેમાં સર્વ જઘન્ય રસસ્પર્ધકની પ્રથમવર્ગણામાં પ્રદેશો ઘણા હોય છે. બીજી વર્ગણામાં તેનાથી વિશેષહીન પ્રદેશો હોય છે. આ પ્રમાણે વિશેષહીન કરતાં જ્યાં પ્રથમવર્ગણાગત પ્રદેશોથી અડધા પ્રદેશો થાય તે દ્વિગુણહાનિસ્થાન કહેવાય છે.

द्वितीयवर्गणायां विशेषहीनाः, एवं विशेषहीनक्रमेण प्रथमवर्गणागतप्रदेशतो यत्र प्रदेशा अर्द्धा भवन्ति, तद् द्विगुणहानिस्थानमुच्यते, जघन्यरसस्पर्द्धकस्य प्रथमवर्गणाया आरभ्य द्विगुण-हीनप्रदेशविशिष्टानुभागवर्गणापर्यन्तानि रसस्पर्द्धकानि तेषां समुदाय एकप्रदेशगुणहानि-स्थानान्तरेऽनुभागस्पर्द्धकान्युच्यन्ते, तानि च स्तोकानि । (२) ततोऽपर्वतनायामतीत्थापना-ऽनन्तगुणा, उपरितनरसस्पर्द्धकान्यपवर्त्य जघन्यतो यानि स्पर्द्धकान्यतिक्रम्याऽधो निक्षिपति तेषां रसस्पर्द्धकानां राशिरतीत्थापनोच्यते, सा च पूर्वतोऽनन्तगुणा । (३) ततो निक्षेपोऽनन्तगुणः, निक्षेपोऽनुभागखण्डस्याऽधस्तादतीत्थापना-गतरसस्पर्द्धकानि मुक्त्वाधोऽवशिष्टसर्वानुभाग-स्पर्द्धकप्रमाणरूपः, स च पूर्वतोऽनन्तगुणः । (४) आघातितानि स्पर्द्धकान्यनन्तगुणानि, एकस्मिन् रसघाते घातितानि रसस्पर्द्धकानि तान्याघातितानि स्पर्द्धकान्युच्यन्ते, तानि च पूर्वतोऽनन्तगुणानि भवन्ति ।

(७८) अथ **स्थितिबन्धाद्धा** भण्यते – अपूर्वकरणस्य प्रथमे समयेऽन्य एवाऽपूर्वो =

અને જઘન્ય રસસ્પર્ધકની પ્રથમવર્ગણાથી આરંભીને દ્વિગુણહાનિપ્રદેશવાળી વર્ગણાપર્યંતના રસસ્પર્ધકોના સમુદાયને 'એક પ્રદેશ ગુણહાનિ સ્થાનાન્તર રસસ્પર્ધકો' કહેવાય છે. તે અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા હોવા છતાં (અલ્પબહુત્વના ક્રમમાં) સૌથી અલ્પ છે.

(૨) **અતીત્થાપનાસ્પર્ધકો - અનંતગુણ :** ઉપરના રસસ્પર્ધકોને અપવર્તીને એટલે કે તેમાંથી દલિકોને ગ્રહણ કરીને જઘન્યથી જેટલા રસસ્પર્ધકો ઓળંગીને નીચે નાંખે તેટલા (ઓળંગાયેલા) સ્પર્ધકોને અતીત્થાપનાસ્પર્ધકો કહેવાય. તે પૂર્વથી અનંતગુણ છે.

(૩) **નિક્ષેપ સ્પર્ધકો - અનંતગુણ :** જે રસખંડનો ઘાત થાય છે તે તથા તેની નીચેના અતીત્થાપનાગત રસસ્પર્ધકોને છોડીને બાકીના સર્વ રસસ્પર્ધકો નિક્ષેપરૂપે કહેવાય છે. તે અતીત્થાપના કરતાં અનંતગુણ સમજવા.

(૪) **આઘાતિત સ્પર્ધકો - અનંતગુણ :** એક રસઘાતમાં જેટલા રસસ્પર્ધકોનો ઘાત થાય છે, તે આઘાતિત રસસ્પર્ધકો કહેવાય છે. તે પૂર્વથી અનંતગુણ.

આ પ્રમાણેના અલ્પબહુત્વ પરથી ઘાતિત રસસ્પર્ધકોનું મહત્ત્વ સમજાય છે.

અભિનવસ્થિતિબંધ

(૭૮) અપૂર્વકરણના પ્રથમસમયથી સ્થિતિઘાત અને રસઘાતની સાથે અપૂર્વસ્થિતિબંધ પણ શરૂ થાય છે. તે પૂર્વના એટલે કે યથાપ્રવૃત્તકરણના ચરમસ્થિતિબંધ કરતાં પલ્યોપમના

अभिनवः स्थितिबन्धोऽभिनवाभ्यां स्थितिघातरसघाताभ्यां सार्द्धमारभ्यते, स च स्थितिबन्धः पूर्वतः पल्योपमसङ्ख्येयभागहीनो भवति । एवं प्रत्यन्तर्मुहूर्ते पूर्वपूर्वस्थितिबन्धे पूर्णे सत्यन्यः स्थितिबन्धः पल्योपमसङ्ख्येयभागहीनो भवति ।

ननु प्रत्यन्तर्मुहूर्तं पूर्वस्थितिबन्धे पूर्णे सत्यन्यः स्थितिबन्धः पल्योपमसङ्ख्येयभागहीनः पूर्वभूमिकायामपि भवति, तथैवात्राप्युत्तरोत्तरस्थितिबन्धः पल्योपमसङ्ख्येयभागहीनो भवति, तर्ह्यभिनवः कथमुच्यत इति **चेद्, उच्यते** — यद्यपि बन्धस्यायं क्रमः पूर्वभूमिकायामप्यासीत्, तथाप्यपूर्वस्थितिघातादिप्ररूपणाऽवसरे पुनरभिधानं क्रियते, यतोऽस्य स्थितिबन्धस्याऽऽन्तर्मौहूर्तिककालः स्थितिघातकालेन तुल्यो भवति, अतोऽपूर्वकरणे ते स्थितिबन्धाद्धा स्थितिघाताद्धा च सङ्ख्यया तुल्या भवन्ति, अपूर्वकरणे यावत्यः स्थितिघाताद्धा भवन्ति तावत्यः स्थितिबन्धाद्धा भवन्तीत्यर्थः ।

(७९) उक्तं च **पञ्चसङ्ग्रह** उपशमनाऽवसरे — **"करणाइए अपुव्वो जो बन्धो सो न होई जा अण्णो । बंधगद्धा सा तुल्लिगाउ ठिइकंडगद्धाए"** इति हेतोरभिनवस्थितिबन्धः

સંખ્યાતમા ભાગ જેટલો ન્યૂન હોય છે. આ સ્થિતિબંધનો કાળ અન્તર્મુહૂર્ત છે. ત્યારપછી પાછો પલ્યોપમના સંખ્યાતમાભાગન્યૂન પ્રમાણવાળો નવો સ્થિતિબંધ શરૂ થાય છે. આમ પ્રતિ અન્તર્મુહૂર્ત્તે પૂર્વ-પૂર્વ કરતાં પલ્યોપમના સંખ્યાતમાભાગ પ્રમાણ ન્યૂન સ્થિતિબંધ થતો જાય છે.

પ્રશ્ન : પ્રત્યેક અન્તર્મુહૂર્ત્તે આગળનો સ્થિતિબંધ પૂર્ણ થતાં અન્ય નવો પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન સ્થિતિબંધ તો પૂર્વે (= યથાપ્રવૃત્તકરણમાં કે તે પહેલા અન્તર્મુહૂર્ત પૂર્વે) પણ થતો હતો, તો અહીં અભિનવસ્થિતિબંધ કેમ કહેવાય છે ?

ઉત્તર : સ્થિતિબંધની આ રીતની પ્રક્રિયા જો કે પૂર્વે પણ થતી હતી, છતાં અપૂર્વકરણમાં થતા સ્થિતિબંધનો કાળ સ્થિતિઘાતના અન્તર્મુહૂર્ત જેટલો હોય છે. એટલે કે બન્નેનો કાળ અહીં સંખ્યાવડે તુલ્ય થાય છે. આથી અપૂર્વકરણમાં જેટલા સ્થિતિઘાત થાય છે, તેટલા અપૂર્વસ્થિતિબંધ થાય છે, એવું સૂચિત કરવા અહીં અભિનવ સ્થિતિબંધ થાય એમ કહેવાયું.

(૭૯) પંચસંગ્રહના ઉપશમનાધિકારમાં પણ કહ્યું છે કે, "અપૂર્વકરણની આદિમાં જે નવો સ્થિતિબંધ થાય છે, તે પહેલા જેવો નથી થતો. (કારણ કે હવેથી તેમાં એટલો ફરક પડે છે કે) નૂતન સ્થિતિબંધનો કાળ સ્થિતિઘાતના કાળતુલ્ય હોય છે."

અપૂર્વકરણના પ્રથમસમયે સ્થિતિઘાત, સ્થિતિબંધ અને રસઘાત ત્રણેય એક સાથે

पुनरभिधीयते, अपूर्वकरणस्य प्रथमसमये स्थितिघातस्थितिबन्धौ रसघातश्च युगपदारभ्यन्ते, तथैकस्मिन् स्थितिघाते स्थितिबन्धे च सहस्राणि रसघाता भवन्ति, स्थितिघातस्थितिबन्धौ युगपदारभ्येते युगपदेव निष्ठां यातः, अपूर्वकरणस्य प्रथमसमये यः स्थितिबन्धो भवति, तस्य सङ्ख्येयभागमात्रश्चरमसमये भवति, सङ्ख्येयगुणहीनो भवतीति यावत् ।

अधुना गुणश्रेणेः स्वरूपमाविश्चिकीर्षुराह –

गुणसेढी निक्खेवो समये समये असंखगुणणाए ।
अद्धादुगाइरित्तो सेसे सेसे य निक्खेवो ॥१५॥

गुणश्रेणिनिक्षेपः समये समयेऽसङ्ख्यगुणनया ।
अद्धाद्विकातिरिक्तः शेषे शेषे च निक्षेपः ॥ इति पदसंस्कारः

(८०) सूत्रगाथाऽक्षरयोजना – गुणश्रेण्या निक्षेपः समये समयेऽसङ्ख्यगुणनया पूर्वपूर्व-समयापेक्षयोत्तरोत्तरसमये वृद्ध्यात्मकया, सोऽपि च निक्षेपोऽद्धाद्विकातिरिक्तोऽपूर्वकरणानिवृत्ति-करणकालाभ्यां मनागधिककालमानस्तथाऽपूर्वकरणानिवृत्तिकरणसमयेष्वनुभवतः क्रमशः क्षीयमाणेषु सत्सु गुणश्रेणिदलिकनिक्षेपः शेषे शेषे भवत्युपरि च न वर्धते ।

શરૂ થાય છે. તથા ૧ સ્થિતિઘાત અને સ્થિતિબંધમાં હજારો રસઘાત થાય છે. સ્થિતિઘાત અને સ્થિતિબંધ એક સાથે શરૂ થાય અને એક સાથે પૂર્ણ થાય છે.

અપૂર્વકરણના પ્રથમસમયે જે સ્થિતિબંધ થતો હતો, તેનાથી સંખ્યાતમાભાગ જેટલો = સંખ્યાતગુણહીન સ્થિતિબંધ ચરમસમયે થાય છે.

ગુણશ્રેણી

ગાથાર્થ : પ્રતિસમય અસંખ્યગુણ દલિકોને ઉકેરી, २ કરણથી કાંઈક અધિક કાળમાં ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ દલિકોનો નિક્ષેપ કરવો, તે ગુણશ્રેણી (ગુણશ્રેણીના ઉદયથી સમય ક્ષીણ થતા) શેષ-શેષ સમયોમાં ગુણશ્રેણીનિક્ષેપ જાણવો. (અર્થાત્ ગુણશ્રેણીનું શીર્ષ ઉપર વધતું નથી.) (૧૫)

(८०) **વિવેચન :** પ્રતિસમયે અસંખ્યગુણાકારે થતી દલિકની રચના એટલે ગુણશ્રેણી.

નવ્યશતકમાં કહ્યું છે - ઉદય સમયથી માંડીને પ્રતિસમયે અસંખ્યગુણાકારે દલિકોને ગોઠવવા તેનું નામ ગુણશ્રેણી.

પ્રશ્ન : કયાં સ્થિતિસ્થાનોમાંથી દલિકોને ખેંચીને ગુણશ્રેણી બનાવે છે ?

इदमुक्तं भवति, गुणेन = गुणकारेण श्रेणिः = दलरचना गुणश्रेणिः, तत्र केन गुणकारेण विधीयते ? इत्याह – "समये समये असंखगुणणाए"त्ति, प्रतिसमयमसङ्ख्यगुणनया, उक्तञ्च **नव्यशतकनाम्नि** पञ्चमकर्मग्रन्थे – "**गुणसेढी दलरयणाऽणुसमयमुदयादसंखगुणणाए**"। ननु केभ्यः स्थितिस्थानेभ्यो दलिकान्यपकृष्यासङ्ख्येयगुणनया गुणश्रेणिं रचयतीत्याशङ्कापरिहारार्थं **श्रीमन्मलयगिरिसूरीश्वरा** आहुः-"**यत्स्थितिकण्डकं घातयति तन्मध्याद् दलिकं गृहीत्वोदयसमयादारभ्यान्तर्मुहूर्तचरमसमयं यावत्प्रतिसमयमसङ्ख्येयगुणनया क्षिपति । उपरितनस्थितेरवतारितदलिकमुदयक्षणे स्तोकं निक्षिपति, द्वितीये क्षणेऽसङ्ख्यातगुणमित्येवं प्रतिसमयमसङ्ख्यातगुणकारेण दलरचना तावन्नेया यावद्गुणश्रेणिमस्तकमिति ।**" तथैव **पञ्चसङ्ग्रहोपशमनाकरणे –**

"**घाइयठिइओ दलियं घेत्तुं घेत्तुं असंखगुणणाए ।**
साहियदुकरणकालं उदयाइ रएइ गुणसेढिं ॥१॥"

(८१) **कर्मप्रकृतिचूर्णिकारास्तु – "उवरिल्लाओ ठितिउ पोग्गले घेत्तूण उदयसमए थोवा पक्खिवति, बितीए समए असंखेज्जगुणा, एवं जाव अंतमुहुत्तं"** इति वदन्ति । अयं भावः-उपरितनस्थितेर्दलिकानि गृहीत्वा प्रक्षिपति, न तु यत्स्थितिकण्डकमुत्किरति तन्मात्रायाः, एवं स्थिते तत्रोदयसमये स्तोकं प्रक्षिपति, ततो द्वितीयसमयेऽसङ्ख्येयगुणं प्रक्षिपति, एवं तावद्वक्तव्यं यावदन्तर्मुहूर्तम् । तथैवान्यत्रापि –

ગુણધન્યા

ઉત્તર : પૂ.મલયગિરિસૂરિ મ.સા.એ કહ્યું છે કે, જે સ્થિતિખંડનો ઘાત કરે છે, તેમાંથી દલિકોને ગ્રહણ કરીને ઉદયસમયથી માંડીને અંતર્મુહૂર્તના ચરમસમય સુધી પ્રતિસમયે અસંખ્યગુણાકારે નાંખે છે. તેમાં ઉપરથી-નીચે ઉતારાયેલ દલિકોને ઉદયસમયમાં અલ્પ ગોઠવે છે. તેની પછીના = બીજા સ્થિતિસ્થાનકમાં અસંખ્યગુણ દલિકો ગોઠવે. આ પ્રમાણે પ્રતિસમયે અસંખ્યગુણાકારે ગુણશ્રેણીના શીર્ષ સુધી દલિકોને ગોઠવે છે. **પંચસંગ્રહના ઉપશમનાકરણમાં** પણ આ જ વાત જણાવી છે.

(૮૧) જ્યારે **કર્મપ્રકૃતિના ચૂર્ણિકારમતે** - "ઉપરની સ્થિતિઓમાંથી પુદ્ગલોને ગ્રહણ કરીને ઉદયસમયમાં થોડા નાંખે છે, બીજા સમયમાં અસંખ્યગુણ.. આમ યાવત્ અંતર્મુહૂર્ત સુધી સમજવું." એટલે આ મતે તાત્પર્ય એવું ફલિત થાય કે, જે સ્થિતિકંડકને ઉકેરે છે, માત્ર તેટલી સ્થિતિઓમાંથી જ નહીં, પણ ઉપરની કોઈપણ સ્થિતિમાંથી દલિકોને ગ્રહણ કરી ઉદય સમયમાં થોડા નાંખે, પછી બીજા સમયમાં અસંખ્યગુણ નાંખે. આમ યાવત્ અંતર્મુહૂર્ત સુધી જાણવું. આ જ વાત અન્યત્ર પણ કહેવાઈ છે.

[१]**उवरिल्लट्ठिईहिंतो घित्तूणं पुग्गले उ सो खिवइ ।**
उदयसमयम्मि थोवे तत्तो असंखगुणिए तु ॥१॥
बीयम्मि खिवइ समये तइए तत्तो असंखगुणिए उ ।
एवं समए समए अंतमुहूत्तं जा पुन्नं ॥२॥

(८२) तथा चोपरितनस्थितेर्दलिकावतरणस्याप्ययमेव क्रमो वाच्यः, तथाहि – गुणश्रेणिरचनायाः प्रथमसमय उपरितनस्थितेर्दलिकं स्तोकं गृह्णाति, द्वितीये समयेऽसङ्ख्यातगुणम्, एवं प्रतिसमयमसङ्ख्यातगुणकारेण तावन्नेयं यावद् गुणश्रेणिकरणचरमसमय इति ।

तथा चोक्तमन्यत्रापि –

[२]**दलियं तु गिण्हमाणो पढमे समयम्मि थोवयं गिण्हे ।**
उवरिल्लठिईहिंतो बीयम्मि असंखगुणियं तु ॥१॥
गिण्हइ समए दलियं तइए समए असंखगुणियं तु ।
एवं समए समए जा चरिमो अंतसमओ त्ति ॥२॥

अयमुदयसमयादारभ्यासङ्ख्येयगुणनिक्षेप उदयवतीनां प्रकृतीनां द्रष्टव्यः । अनुदयवतीनामपि प्रकृतीनां गुणश्रेणिरचनायाः क्रमोऽयमेव वाच्यः, नवरं तासां गुणश्रेणिरचनोदयावलि-

ઉપરની સ્થિતિમાંથી દલિકોને ઉતારવાનો ક્રમ

(८२) ગુણશ્રેણીની રચનાના પ્રથમસમયે ઉપરની સ્થિતિમાંથી થોડા દલિકને ગ્રહણ કરે છે. બીજા સમયે અસંખ્યગુણાકારે ગ્રહણ કરે છે. એ પ્રમાણે પ્રતિસમયે અસંખ્યગુણાકારે ગુણશ્રેણીના ચરમસમય પર્યંત ગ્રહણ કરે છે, અને ગોઠવે છે.

ઉદયસમયથી આરંભીને અંતર્મુહૂર્ત સુધીના સ્થાનોમાં અસંખ્યગુણાકારે જે દલિકનિક્ષેપ થાય છે, તે ઉદયવતી પ્રકૃતિનો જાણવો. જ્યારે અનુદયવતી પ્રકૃતિની ગુણશ્રેણી ઉદયાવલિકાની ઉપરના સમયથી અસંખ્યગુણાકારે અંતર્મુહૂર્ત સુધી થાય છે. આમ અનુદયવતી પ્રકૃતિઓની ગુણશ્રેણીનો આયામ ઉદયવતી પ્રકૃતિની ગુણશ્રેણીના આયામથી ૧ આવલિકાન્યૂન થાય છે.

---

१. उपरितनस्थितेर्गृहीत्वा पुद्गलांस्तु स क्षिपति । उदयसमये स्तोकांस्ततश्चासंख्यगुणितांस्तु ॥१॥
द्वितीये क्षिपति समये तृतीयस्मिंस्ततोऽसंख्येयगुणितांस्तु । एवं समये समये अंतर्मुहूर्ते तु यावत्पूर्णम् ॥२॥
२. दलिकं तु गृह्णन् प्रथमे समये स्तोकं गृह्णीयात् । उपरितनस्थिते द्वितीयेऽसंख्येयगुणितं तु ॥१॥
गृह्णाति समये तृतीये समयेऽसंख्यगुणितं तु । एवं समये समये यावच्चरमोऽन्तसमय इति ॥२॥

कोपरितनसमयादारभ्यान्तर्मुहूर्तकाले भवति, इत्थं गुणश्रेण्यायाम उदयप्रकृत्यपेक्षयाऽऽवलिकान्यूनो भवति । **कषायप्राभृतचूर्णौ** उदयवतीनां प्रकृतीनामपि गुणश्रेणिरचना उदयावलिकाया उपरितनसमयादारभ्यान्तर्मुहूर्तकाले भवतीति तेषां मते उदयवतीनामनुदयवतीनां च प्रकृतीनां दलनिक्षेपस्तुल्यः ।

इहान्तर्मुहूर्तप्रमाणनिक्षेपकालो दलरचनारूपगुणश्रेणिकालोऽपूर्वकरणानिवृत्तिकरणाद्धाद्वयाद् विशेषाधिको द्रष्टव्यः, तावत्कालमध्ये चाधस्तनोदयसमये वेदनतः क्षीणे सति शेषसमयेषु दलिकं रचयति, न पुनरुपरि गुणश्रेणिं वर्धयति । अर्थात्प्रथमसमये यद् गुणश्रेणेः शिर आसीत्, तदेव द्वितीयसमयेऽपि भवति, किन्त्वग्रे न प्रवर्धते, ततः प्रथमसमयसत्करचनाया द्वितीयसमयरचना समयन्यूना भवति, समयस्य वेदितत्वात् । एवमपूर्वकरणानिवृत्तिकरणयोर्यावन्तस्समया वेदिता भवन्ति तावन्तस्समया गुणश्रेणिनिक्षेपान्यूना भवन्ति । वेदितसमयवर्जशेषान्तर्मुहूर्तप्रमाणो निक्षेपो भवतीत्यर्थः ।

ગુણધન્યા

કષાયપ્રાભૃતચૂર્ણિકારના મતે : ઉદયવતી અને અનુદયવતી બન્ને પ્રકૃતિઓની ગુણશ્રેણી ઉદયાવલિકા ઉપરથી જ થાય છે. તેથી તેમના મતે બંનેનો દલનિક્ષેપ તુલ્ય થશે અને ગુણશ્રેણીનો આયામ પણ તુલ્ય થશે.

ગુણશ્રેણીરચનાનો આયામ

અહીં ગુણશ્રેણીમાં આયામ જે અંતર્મુહૂર્તપ્રમાણ કહ્યો છે, તે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળથી કાંઈક અધિક કાળરૂપ અંતર્મુહૂર્તપ્રમાણ જાણવો.

અહીં પ્રથમસમય કરતાં દ્વિતીયસમયે અસંખ્યગુણ દલિકો ઉકેરે, તેમાં ગુણશ્રેણીનો આયામ પૂર્વ કરતાં ૧ સમયન્યૂન થાય, કેમકે જેમ જેમ ઉદયસમય ક્ષીણ થાય તેમ તેમ ગુણશ્રેણીની રચના શેષ સમયોમાં થાય છે, આગળ વધતી નથી, અર્થાત્ પ્રથમસમયે ગુણશ્રેણીનું જે શીર્ષ હતું, તે જ બીજા સમયે રહે, પણ આગળ વધે નહીં. માટે ગુણશ્રેણીનો આયામ સમયન્યૂન થાય. તેવી રીતે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના સમયો જેમ જેમ ભોગવાતા જાય, તેમ તેમ ગુણશ્રેણીનો આયામ ૧-૧ સમય ન્યૂન થતો જાય.

આ વિષયમાં કહ્યું છે કે- "ગુણશ્રેણીનું કાળમાન બે કરણ કરતાં સાધિક સમજવું. તે ગુણશ્રેણી પ્રતિસમય ઉદય દ્વારા ક્ષય પામે છે અને જે નિષેકો અવશેષ છે, તેમાં ઉકેરાતા દલિકોનો નિક્ષેપ જાણવો."

उक्तं च[१] –

सेढीए कालमाणं दुण्ह य करणा य समहिअं जाण ।
खिज्जइ सा उदएणं जं सेसं तम्मि निक्खेवो ॥१॥

(८३) अथ स्थितिघातादिषु पदार्थेषु विशेषोऽभिधीयते –

ननु यदोपरितनस्थितौ स्थितिघातो भवति, तदा तद्व्यतिरिक्तस्थितौ निर्व्याघातभाव्यपवर्तना भवति, उत न ? यदि भवति, तर्हि कुत्र ? इति **चेद्, उच्यते**-स्थितिघातो नाम व्याघात-भाव्यपवर्तना । अपवर्तना खलु द्विधा – व्याघातभाविनी निर्व्याघातभाविनी च । तत्र व्याघातभाविन्यपवर्तनास्थितिघातयोर्नाम्नैव भिन्नत्वं पदार्थेन त्वभिन्नत्वम् । अर्थात् स्थितिघातस्य व्याघातभाव्यपवर्तनात्वेन व्यपदेशो भवति । उक्तं च – **"ठिइघाओ एत्थ होइ वाघाओ"**। तत्स्वरूपं तु स्थितिघातावसरे दर्शितम् । द्वितीया निर्व्याघातभाव्यपवर्तना, सा चोदयावलिका-वर्जसर्वस्थितिस्थानकेषु भवति । तत्र निर्व्याघातभाव्यपवर्तनायां स्थितेर्घातो न भवति, अपि तूदयावलिकायां गताः स्थितयः सकलकरणायोग्या इति कृत्वोदयावलिकावर्जात्प्रत्येकस्थिति-

(८३) स्थितिघातादि पदार्थोमां विशेषविचारणा

प्रश्न : સ્થિતિઘાત સ્થિતિના અગ્રભાગથી થાય છે, ત્યારે તેના સિવાયના શેષ સ્થિતિસ્થાનકોમાં રહેલ દલિકની અપવર્તના થાય કે નહીં ?

ઉત્તર : સત્તામાં રહેલ દલિકોની સ્થિતિ ઘટાડવી એટલે અપવર્તના... તે ૨ પ્રકારે :- (૧) **વ્યાઘાતભાવિની,** અને (૨) **નિર્વ્યાઘાતભાવિની.**

તેમાં **વ્યાઘાતભાવિની અપવર્તના** એટલે સ્થિતિઘાત...**પંચસંગ્રહમાં** પણ કહ્યું છે - વ્યાઘાતભાવિની અપવર્તના અને સ્થિતિઘાત એક જ વસ્તુ છે. (માત્ર નામફેર છે, પદાર્થ તો એક જ છે) તેનું સ્વરૂપ પૂર્વે બતાવી ગયા છીએ.

નિર્વ્યાઘાતભાવિની અપવર્તના

આ નિર્વ્યાઘાતભાવિની અપવર્તના એવી છે કે, તેના દ્વારા સ્થિતિનો ઘાત થતો નથી, અર્થાત્ સત્તામાંથી સ્થિતિ ઓછી થતી નથી. પરંતુ ઉદયાવલિકા કોઈપણ કરણ માટે યોગ્ય નથી એટલે ઉદયાવલિકાગત નિષેકોમાંથી દલિકો ન ઉકેરતાં તે સિવાયના દરેક નિષેકમાં રહેલા દલિકોમાંથી અમુક દલિકોને લઈ અતીત્થાપનાવલિકા ઓળંગી

१. छाया–श्रेणेः कालमानं द्वयोः करणयोः समधिकं जानीहि । क्षीयते सोदयेन यच्छेषं तस्मिन्निक्षेपः ॥१॥

स्थानात्कतिपयानि दलिकानि गृहीत्वाऽऽवलिकामात्रां स्थितिमतिक्रम्याधस्तनसर्वस्थितिस्थानकेषु प्रक्षिपति, अतिक्रम्यमाणा स्थितिरतीत्थापना इति व्यपदिश्यते ।

(८४) अतिस्थाप्यतेऽतिक्रम्यते या स्थितिः, सा अतीत्थापना "णिवेत्त्यासश्रन्थघट्टवन्देरनः" (सिद्धहेम ५/३/११३) इति सूत्रेण कर्मणि 'अन'प्रत्ययः । 'अन'प्रत्ययस्य स्त्रीवृत्तित्वात् "आत्" (सिद्धहेम० २/४/१८) इति सूत्रेण 'आप्'प्रत्ययः । तत आवलिकामात्रस्थितिरतीत्थापना भवति, किन्तूदयावलिकाया या उपरितना समयमात्रा स्थितिः, तस्या दलिकान्यपवर्तयन्नुदयावलिकाया उपरितनौ द्वौ त्रिभागौ समयोनावतिक्रम्याधस्तने समयाधिके तृतीये भागे निक्षिपति, एष जघन्यो निक्षेपः । निक्षिप्यतेऽस्मिन्निति निक्षेपः "भावाकर्त्रोः" (सिद्धहेम० ५/३/१८) इति सूत्रेणाधिकरणे 'घञ्' । तथा जघन्यातीत्थापनावलिकाया द्वौ त्रिभागौ समयोनौ भवति । यदोदयावलिकासत्कोपरितनद्वितीयसमयस्थितिगतानि दलिकान्यपवर्त्यावलिकाया द्वौ

તેની નીચે તેનો નિક્ષેપ થાય છે. આ નિર્વ્યાઘાતભાવિની અપવર્તના ઉદયાવલિકા ઉપરના સર્વસ્થિતિસ્થાનોમાં થાય છે.

अतीत्थापना

(८४) જે સ્થિતિને ઓળંગાય છે તેને અતીત્થાપના કહેવાય છે.

અતિ + સ્થા ધાતુને 'णिवेत्त्यास...' (સિદ્ધ હેમ. ૫/૩/૧૧૩)સૂત્રથી અન પ્રત્યય લાગ્યો છે. અને અન પ્રત્યય સ્ત્રીવૃત્તિ હોવાથી 'આત્' (સિદ્ધ હેમ.૨/૪/૧૮) સૂત્રથી આપ્ પ્રત્યય લાગીને અતીત્થાપના શબ્દ બન્યો છે.

તેથી દલિકોને નીચે નાંખવામાં જે ૧ આવલિકા જેટલી જગ્યા ઓળંગાય તે અતીત્થાપના કહેવાય છે.

સામાન્યથી અતીત્થાપના ૧ આવલિકા જેટલી હોય છે. પરંતુ ઉદયાવલિકાની ઉપરના **પ્રથમસમયના** દલિકનો નિક્ષેપ તેની નીચેની સમયન્યૂન ૨/૩ આવલિકાને છોડી શેષ સમયાધિક આવલિકાના ત્રીજા ભાગમાં (૧/૩) થાય છે. આ સૌથી **જઘન્યનિક્ષેપ** છે.

નિક્ષેપ = દલિકોને ઉકેરીને જેમાં નંખાય તે.

નિ + ક્ષિપ્ ધાતુને 'भावाऽकर्त्रोः' (સિદ્ધ હેમ. ૫/૩/૧૮) સૂત્રથી અધિકરણ અર્થમાં ઘઞ્ પ્રત્યય લાગી નિક્ષેપ શબ્દ બન્યો છે.

અને અહીં ઓળંગાયેલી આવલિકાની સમયન્યૂન ૨/૩ ભાગ જેટલી સ્થિતિ, તે **સર્વજઘન્ય અતીત્થાપના** છે.

त्रिभागौ वर्जयित्वाऽधस्तने समयाधिके तृतीये भागे निक्षिपति, तदाऽतीत्थापना प्रागुक्तप्रमाणा समयाधिका भवति, निक्षेपस्तु तावन्मात्र एव । यदोदयावलिकाया उपरितनात्तृतीयस्थिति-स्थानकाद् दलिकान्यपवर्त्यन्ते, तदा प्रागुक्तमानाऽतीत्थापना द्विसमयाधिका भवति, आवलिकाया द्वौ त्रिभागौ समयाधिकाऽतीत्थापना भवतीत्यर्थः । निक्षेपस्तु तावानेव । एवमतीत्थापना प्रतिसमयं तावद् वर्धयितव्या, यावदावलिका परिपूर्यते, निक्षेपस्तु तावन्मात्र एवानुवर्तते, ततः परमतीत्थापना सर्वत्र तावन्मात्रैव प्रवर्तते, निक्षेपस्तु वर्धते ।

(८५) अयं भावः – उदयावलिकासत्कोपरितनाऽऽवलिकायाः समयाधिकस्य त्रिभागस्योपरितनसमयस्य दलिकान्युदयसमयादारभ्य समयाधिकाऽऽवलिकातृतीयभागपर्यन्तरूपजघन्यनिक्षेपे प्रक्षिप्यन्तेऽतीत्थापना चाऽऽवलिकाप्रमाणा भवति । तदुपरितनसमयस्य दलिकान्य-

गुणधन्या

હવે પછી જ્યારે ઉદયાવલિકાની ઉપરના **બીજા સમયના** દલિકનો નિક્ષેપ કરે, ત્યારે માત્ર ૨/૩ આવલિકાને અતીત્થાપનારૂપે છોડી નીચે આવલિકાના સમયાધિક ૧/૩ ભાગમાં નાંખે છે. અહીં અતીત્થાપના પહેલા કરતાં ૧ સમય વધી, પણ નિક્ષેપ તો તેટલો જ રહે છે.

આ પ્રમાણે ઉદયાવલિકાની ઉપરના **ત્રીજાસમયનાં** દલિકનો નિક્ષેપ, આવલિકાના સમયાધિક ૨/૩ ભાગને અતીત્થાપનારૂપે છોડી, સમયાધિક ૧/૩ ભાગમાં નાંખે છે. અહીં પણ અતીત્થાપના જઘન્ય અતીત્થાપના કરતા ૨ સમય વધી, પણ નિક્ષેપ તો તેટલો જ રહે છે. આ રીતે ઉદયાવલિકાની ઉપર- ઉપરના સમયનો દલનિક્ષેપ કરતી વખતે અતીત્થાપના ૧-૧ સમય વધે છે, પણ નિક્ષેપ તો તેટલો જ રહે છે. યાવત્ અતીત્થાપના ૧ આવલિકા જેટલી થાય ત્યાં સુધી નિક્ષેપ તેટલો જ સમજવો. પરંતુ અતીત્થાપના ૧ આવલિકા જેટલી થઈ ગયા પછી, અતીત્થાપના વધતી નથી. પરંતુ નિક્ષેપ વધે છે.

इदमत्र तात्पर्यम् :-

(૮૫) ઉદયાવલિકાની ઉપરની આવલિકાના **સમયાધિક ૧/૩ ભાગના ઉપરના સમયનું દલિક** ઉદયસમયથી આરંભીને આવલિકાના સમયાધિક ૧/૩ ભાગસ્વરૂપ જઘન્યનિક્ષેપમાં પડે છે. અહીં અતીત્થાપના ૧ આવલિકા પ્રમાણ થાય છે.

હવે **તેની ઉપરના સમયનું** દલિક અતીત્થાપના સ્વરૂપ ૧ આવલિકાને છોડીને ઉદયાવલિકાના **૨ સમયાધિક ૧/૩ ભાગ** રૂપ નિક્ષેપમાં પડે છે. આમ ઉત્તરોત્તર ૧-૧ સમય નિક્ષેપ વધશે... એમ યાવત્ ઉદયાવલિકાની ઉપરની બીજી આખી આવલિકા

तीत्थापनारूपाऽऽवलिकामतिक्रम्य द्विसमयाधिकोदयावलिकासत्कतृतीये भागे निक्षिपति । एवमुत्तरोत्तरनिक्षेप एकैकसमयप्रमाणो वर्धयितव्यः । तृतीयाऽऽवलिकायाः प्रथमसमयस्य दलिकान्यतीत्थापनारूपामधस्तनद्वितीयाऽऽवलिकामतिक्रम्य प्रथमाऽऽवलिकायामर्थादुदयावलिकायां निक्षिप्यन्ते । एवं तृतीयाऽऽवलिकाया अग्रेतनसमयस्य दलिकान्यतीत्थापनारूपामावलिकामतिक्रम्य समयाधिकोदयावलिकायां निक्षिप्यन्ते । एवमपवर्त्यमानचरमस्थितिस्थानकस्य दलिकान्यतीत्थापनारूपामावलिकामतिक्रम्य शेषसर्वस्थितिस्थानकेषु प्रक्षिप्यन्ते। तत एव निर्व्याघातेऽपवर्तनाधिकार उत्कृष्टनिक्षेपः समयाधिकाभ्यां द्वाभ्यामावलिकाभ्यां न्यूनोत्कृष्टस्थितिरुच्यते । तथाहि – कस्यचिदपि कर्मण उत्कृष्टस्थितिं बद्ध्वा बन्धाऽऽवलिकान्तर्गतं कर्म सकलकरणायोग्यमिति कृत्वा बन्धाऽऽवलिकायां व्यतिक्रान्तायां सत्यां तत्कर्मापवर्त्यते, नार्वाक् । तत्र यदा सर्वोपरितनस्थितिस्थानमपवर्तयति, तदाऽतीत्थापनारूपाऽऽवलिकामात्रमधोऽवतीर्याधस्तनेषु सर्वेष्वपि स्थितिस्थानेषु निक्षिपति, तस्मादुत्कृष्टो निक्षेपोऽपवर्त्यमानस्थितिसमयरहिता बन्धावलिकातीत्थापनावलिकारहिता च सर्वाऽपि कर्मस्थितिः । ततो निर्व्याघातभाव्यपवर्तनायां समयाधिकेनाऽऽवलिकाद्वयेन न्यूनोत्कृष्टनिक्षेपो

ગુણધન્યા

પૂર્ણ થાય અને **ત્રીજી આવલિકાના પ્રથમસમયના દલિકો** અતીત્થાપના સ્વરૂપ બીજી (ઉદયાવલિકા ઉપરની) આવલિકાને ઓળંગીને સંપૂર્ણ **પ્રથમાવલિકા = ઉદયાવલિકામાં** પડે છે.

આ પ્રમાણે **ત્રીજી આવલિકાના બીજા સમયના દલિકો** અતીત્થાપના સ્વરૂપ આવલિકાને છોડીને **સમયાધિક ઉદયાવલિકામાં** પડે છે. આ પ્રમાણે નિક્ષેપ વધારતાં યાવત્ અપવર્તના કરાતાં ચરમ સ્થિતિસ્થાનકના દલિકો અતીત્થાપના સ્વરૂપ આવલિકાને છોડીને શેષ સત્તાગત સર્વ સ્થિતિસ્થાનકોમાં પડે છે.

આ નિર્વ્યાઘાતભાવિની અપવર્તનાનો **ઉત્કૃષ્ટ નિક્ષેપ** થશે. તે સમયાધિક ૨ આવલિકાન્યૂન ઉત્કૃષ્ટ સ્થિતિપ્રમાણ થાય. તે આ પ્રમાણે :-

કોઈપણ કર્મ બંધાયા પછી ૧ આવલિકા સુધી તેમાં કોઇ કરણ લાગતું નથી, તેથી બંધાવલિકા વ્યતીત થયા પછી જ તે કર્મની અપવર્તના શરૂ થાય છે, તે પહેલા નહીં. તેમાં જ્યારે સર્વોપરિ સ્થિતિસ્થાનની અપવર્તના કરે છે, ત્યારે અતીત્થાપના સ્વરૂપ ૧ આવલિકાને ઓળંગીને નીચેના બધા સ્થિતિસ્થાનકોમાં થાય છે. તેથી સમયાધિક ૨ આવલિકાન્યૂન (= બંધાવલિકા અતીત્થાપનાવલિકાન્યૂન) ઉત્કૃષ્ટસ્થિતિ જેટલો ઉત્કૃષ્ટનિક્ષેપ નિર્વ્યાઘાતભાવિની અપવર્તનામાં હોય છે.

भवति । उक्तं **पञ्चसङ्ग्रहेऽ**पवर्तनाऽधिकारे –

"[११]समयाहियइत्थवणा बंधालिया य मोत्तुं णिक्खेवो ।
कम्मठिइबन्धोदयवलिया मोत्तु ओवट्टे ॥१॥"

(८६) प्रस्तुते यदोपरितनस्थितिषु स्थितिघातरूपव्याघातभाव्यपवर्तना भवति, तदा घात्यमानखण्डवर्जशेषासु स्थितिषु निर्व्याघातभाव्यपवर्तनाऽपि भवति, तन्निर्देशस्त्वनया-ऽपवर्तनया स्थितेर्घाताभावेन स्थितिसत्कर्मणो न्यूनताऽभावान्न कृतः ।

असत्कल्पनयाऽत्र निर्व्याघातभाव्यपवर्तनाया वक्तव्यता प्रदर्श्यते । अत्राऽऽवलिका द्वादशसमयप्रमाणा बुद्धावारोप्यते, आवलिकासमयानां कृतयुग्मसङ्ख्याकत्वात् ।

अथाऽऽवलिकाया उपरितनस्य त्रयोदशस्य समयस्य दलिकान्युदयसमयादारभ्य पञ्चसु समयेषु क्षिप्यन्ते, समयाधिकावलिकात्रिभागस्य जघन्यनिक्षेपत्वादतीत्थापना षष्ठसमयादारभ्य द्वादशसमयपर्यन्ता सप्तसमयप्रमाणा समयोनावलिकाद्वित्रिभागयोर्जघन्यातीत्थापनात्वात् ।

ગુણધન્યા

पंचसंग्रहना अपर्वतनाधिकारमां પણ આ જ વાત કહી છે.

(८६) પ્રસ્તુતમાં જ્યારે ઉપરિતનસ્થિતિમાં સ્થિતિઘાતસ્વરૂપ વ્યાઘાતભાવિની અપવર્તના થાય છે, ત્યારે ઘાત્યમાન ખંડ સિવાયની શેષ સ્થિતિમાં નિર્વ્યાઘાતભાવિની અપવર્તના પણ થાય છે. પરંતુ તેનાથી સત્તાગત સ્થિતિ ઓછી ન થતી હોવાથી, તેનો અત્રે ઉલ્લેખ કર્યો નથી.

असत्कल्पनाએ निर्व्याघातभाविनी अपवर्तना

૧ આવલિકા = ૧૨ સમય (કારણ કે આવલિકાના સમયો કૃતયુગ્મ (બેકી) સંખ્યામાં હોય છે.) આવલિકાની ઉપરનો સમય = ૧૩મો સમય... ૧૩મા સમયના દલિકનો નિક્ષેપ ઉદયસમયથી માંડીને સમયાધિક ૧/૩ ભાગ = ૫ સમયરૂપ જઘન્યનિક્ષેપમાં થાય છે.

કયાં સમયના દલિકો	કેટલા સમયનો નિક્ષેપ	કેટલી અતીત્થાપના
૧૩મા	૧ થી ૫ સમયનો	૬ થી ૧૨ = ૭ સમયની
૧૪મા	૧ થી ૫ સમયનો	૬ થી ૧૩ = ૮ સમયની
૧૫મા	૧ થી ૫ સમયનો	૬ થી ૧૪ = ૯ સમયની

११. छाया–समयाधिकामतिस्थापनां बंधावलिकां च मुक्त्वा निक्षेपः ।
कर्मस्थितिबंधोदयावलिकां मुक्त्वापवर्तयति ॥१॥

ततश्चतुर्दशस्य समयस्य दलिकान्युदयसमयादारभ्य पञ्चसमयेषु प्रक्षिप्यन्ते, अतीत्थापना षष्ठसमयादारभ्य त्रयोदशसमयपर्यन्ताऽष्टसमयप्रमाणा । पञ्चदशस्य समयस्य दलिकान्युदय-समयादारभ्य पञ्चसमयेषु प्रक्षिप्यन्ते, अतीत्थापना षष्ठसमयादारभ्य चतुर्दशसमयपर्यन्ता नवसमयप्रमाणा । षोडशसमयस्य दलिकान्युदयसमयादारभ्य पञ्चसमयेषु निक्षिप्यन्ते, अतीत्थापना षष्ठसमयादारभ्य पञ्चदशसमयपर्यन्ता दशसमयप्रमाणा । सप्तदशसमयस्य दलिकान्युदय-समयादारभ्य पञ्चसमयेषु निक्षिप्यन्ते, अतीत्थापना षष्ठसमयादारभ्य षोडशसमयपर्यन्तैकादश-समयप्रमाणा । अष्टादशसमयस्य दलिकान्युदयसमयादारभ्य पञ्चसमयेषु निक्षिप्यन्ते, अतीत्थापना च षष्ठसमयादारभ्य सप्तदशसमयपर्यन्ता द्वादशसमयप्रमाणा भवति, द्वादशसमयप्रमाणाऽऽवलिका पूर्णा भवति । अतः परं निक्षेपः प्रवर्धतेऽतीत्थापना तु तावत्येव । एकोनविंशतितमसमयस्य दलिकान्युदयसमयादारभ्य षष्ठसमयपर्यन्तेषु षट्सु समयेषु निक्षिप्यन्ते, अतीत्थापना सप्तम-समयादारभ्याऽष्टादशसमयपर्यन्ता द्वादशसमयप्रमाणा । विंशतितमसमयस्य दलिकान्युदय-समयादारभ्य सप्तमसमयपर्यन्तेषु सप्तसु समयेषु निक्षिप्यन्ते, अतीत्थापनाऽष्टमसमयादारभ्यैकोन-विंशतितमसमयपर्यन्ता द्वादशसमयप्रमाणा, एवमग्रेऽपि — अतीत्थापनाऽऽवलिकामात्रा निक्षेपस्थानानां वृद्धिः ।

पश्यन्तु पाठका यन्त्रकम्-४

ગુણધન્યા

૧૬મા	૧ થી ૫ સમયનો	૬ થી ૧૫ = ૧૦ સમયની
૧૭મા	૧ થી ૫ સમયનો	૬ થી ૧૬ = ૧૧ સમયની
૧૮મા	૧ થી ૫ સમયનો	૬ થી ૧૭ = ૧૨ સમયની

અહીં અતીત્થાપના ૧૨ સમયની = ૧ આવલિકા જેટલી થઈ ગઈ. હવે, અતીત્થાપના ૧ આવલિકા જ રહેશે અને નિક્ષેપ વધશે, તે આ પ્રમાણે :-

૧૯મા	૧ થી ૬ સમયનો	૭ થી ૧૮ = ૧૨ સમયની
૨૦મા	૧ થી ૭ સમયનો	૮ થી ૧૯ = ૧૨ સમયની
૨૧મા	૧ થી ૮ સમયનો	૯ થી ૨૦ = ૧૨ સમયની

આ રીતે યાવત્ ચરમસ્થિતિસ્થાન સુધી નિક્ષેપસમયની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જશે. પરંતુ અતીત્થાપના ૧ આવલિકા જેટલી જ રહેશે.

(८७) **ननु** स्थितिघातस्य कालोऽन्तर्मुहूर्तप्रमाणोऽस्ति, तत्रान्तर्मुहूर्तसत्कद्विचरमसमयपर्यन्त-सत्तास्थस्थितेर्न्यूनत्वं न दृश्यते, किन्तु यदा चरमसमये कण्डकप्रमाणायाः स्थितेः शेषाणि सर्वाणि दलान्युत्कीर्यन्ते, तदा स्थितिसत्कर्मणः कण्डकप्रमाणा स्थितिर्न्यूना भवति, ततो द्विचरमसमयपर्यन्तं निर्व्याघातभाव्यपवर्तना तथा चरमसमये व्याघातभाव्यपवर्तना प्रोच्यते, आहोस्विन्न ? इति **चेद्, अत्रोच्यते** – अन्तर्मुहूर्तकालस्य द्विचरमसमयपर्यन्तं निर्व्याघात-भाव्यपवर्तना वक्तुं शक्यते, किन्तु सामान्यनिर्व्याघातभाव्यपवर्तनातोऽत्र विशेषः । सामान्यत्वं करणकालरहितकालेऽपवर्तनात्वं करणकाले तु घात्यमानव्यतिरिक्तस्थितौ प्रवर्तमानाऽपवर्तनात्वं च ।

(१) सामान्यनिर्व्याघातभाव्यपवर्तनायां प्रत्येकस्थितितः प्रतिसमयमुत्कीर्यमाणानि दलानि पूर्वपूर्वसमयादुत्तरोत्तरसमयेऽसङ्ख्येयगुणानि भवन्तीति नियमो न भवति, अत्र तु नियम-तस्तत्तद्घात्यमानस्थितिकण्डकसत्कप्रत्येकस्थितितः पूर्वपूर्वसमयत उत्तरोत्तरसमये स्थितिघाताद्धा-

(८७) **પ્રશ્ન :** સ્થિતિઘાતનો કાળ અંતર્મુહૂર્તપ્રમાણ છે. તે અંતર્મુહૂર્તના દ્વિચરમસમય સુધી તો સત્તાગત સ્થિતિ ઓછી થતી દેખાતી નથી. પરંતુ જ્યારે ચરમસમયમાં કંડક પ્રમાણ સ્થિતિના સર્વદલિકોને ઉકેરે છે, ત્યારે જ તે કંડકપ્રમાણ સ્થિતિ ઓછી થાય છે. તો પછી ઉક્ત સ્થિતિખંડમાં દ્વિચરમસમય સુધી નિર્વ્યાઘાતભાવિની અપવર્તના થાય અને ચરમસમયે વ્યાઘાતભાવિની અપવર્તના થાય - આમ કહી શકાય કે નહીં ?

ઉત્તર : સ્થિતિઘાતના અંતર્મુહૂર્તના દ્વિચરમસમય પર્યંત નિર્વ્યાઘાતભાવિની અપવર્તના કહી શકાય છે. પરંતુ સામાન્યનિર્વ્યાઘાતભાવિની અપવર્તના કરતાં અહીં વિશેષ છે.

નિર્વ્યાઘાતભાવિની અપવર્તનામાં વિશેષતા

સામાન્ય નિર્વ્યાઘાતભાવિની અપવર્તના તો કરણકાળરહિત કાળમાં પણ થાય છે. અને ઘાત્યમાન કંડક સિવાયની સ્થિતિમાં પણ થાય છે. જ્યારે સ્થિતિઘાતના અંતર્મુહૂર્તકાળે થતી નિર્વ્યાઘાતભાવી અપવર્તના તો અપૂર્વકરણ વગેરે કરણકાળે જ થાય અને ઘાત્યમાન ખંડમાં જ થાય.

ઉપરાંત બીજી વિશેષતાઓ પણ છે...

(૧) સામાન્ય નિર્વ્યાઘાતભાવિની અપવર્તનામાં "પ્રત્યેક સ્થિતિસ્થાનમાંથી પ્રતિસમયે ઉકેરાતાં દલિકો પૂર્વ-પૂર્વ સમયથી ઉત્તરોત્તર સમયે અસંખ્યગુણ હોય છે" એવો નિયમ નથી. જ્યારે અહીં તો તે તે ઘાત્યમાનસ્થિતિકંડકગત પ્રત્યેક સ્થિતિમાંથી પૂર્વ-પૂર્વ સમય

चरमसमयपर्यन्तं दलिकान्यसङ्ख्येयगुणान्युत्कीर्यन्ते ।

(२) तथा च पञ्चमषष्ठगुणस्थानवर्तिगुणश्रेणिभ्यां विना सामान्यनिर्व्याघातभाव्यपवर्तना-प्रवर्तनकाले विवक्षितसमये यानि दलिकान्युत्कीर्यन्ते, तेभ्य उद्वर्तनायां यावद् दलं भवति, ततो विशेषहीनं वा समानं वा विशेषाधिकं वा दलमपवर्तनायां भवति, अत्र तूद्वर्तनागत-दलिकतोऽपवर्तनायामसङ्ख्यातगुणं भवति ।

उक्तञ्च **कषायप्राभृते** -

(८८) वड्ढीदु होदि हाणी अधिगा हाणीदु तह अवट्ठाणं ।
गुणसेढी असंखेज्जा च पदेसग्गेण बोद्धव्वा ॥१६०॥

तच्चूर्णिः — विहासा जं पदेसग्गमुक्कडिज्जदि सा वड्ढी त्ति सण्णा, जमोकडिज्जदि सा हाणि त्ति सण्णा, जं ण ओक्कडिज्जदि ण उक्कडिज्जदि पदेसग्गं तमवट्ठाणं त्ति सण्णा, एदीए सण्णाए एक्कं ठिदिं वा पडुच्च सव्वाओ वा ट्ठिदिओ पडुच्च अप्पाबहुगं तं जहा — (१) वड्ढी थोवा (२) हाणि असंखेज्जगुणा (३) अवट्ठाणमसंखेज्जगुणं, अक्खवगाणुवसामगस्स पुण

કરતાં ઉત્તરોત્તર સમયે સ્થિતિઘાતના ચરમસમય પર્યંત નિયમા અસંખ્યગુણ દલિકોને ઉકેરે છે.

(૨) પમા અને ૬ઠ્ઠા ગુણઠાણાની ગુણશ્રેણી વિના સામાન્યનિર્વ્યાઘાતભાવિની અપવર્તનાકાળે વિવક્ષિતસમયે જેટલા દલિકો ઉકેરાય છે, તે દલિકોમાંથી ઉદ્વર્તનામાં જેટલું દલ હોય છે, તેના કરતાં અપવર્તનામાં વિશેષહીન કે સમાન અથવા વિશેષાધિક દલ હોય છે. જ્યારે અહીં ઉદ્વર્તનાગત દલિકથી અપવર્તનામાં અસંખ્યગુણ દલિક હોય છે. **કષાયપ્રાભૃતમાં** પણ કહ્યું છે :-

(૮૮) 'ગુણશ્રેણિમાં પ્રદેશપરિમાણની દૃષ્ટિએ વૃદ્ધિ કરતાં હાનિ અધિક હોય... અને હાનિ કરતાં અવસ્થાન અસંખ્યાતગુણ હોય' (૧૬૦)

કષાયપ્રાભૃતચૂર્ણિ - પહેલા વ્યાખ્યા જોઈએ- (૧) પ્રદેશપરિમાણ જે ઉત્કર્ષને પામે તેની 'વૃદ્ધિ' એવી સંજ્ઞા થાય, (૨) પ્રદેશપરિમાણ ઓછું થાય, તેની 'હાનિ' એવી સંજ્ઞા, અને (૩) પ્રદેશપરિમાણ વધે નહીં ને ઘટે નહીં, તેની 'અવસ્થાન' એવી સંજ્ઞા થાય. આ સંજ્ઞાની દૃષ્ટિએ એક સ્થિતિને લઈને કે સર્વ સ્થિતિને લઈને અલ્પબહુત્વ આ પ્રમાણે સમજવું : (૧) વૃદ્ધિ અલ્પ, (૨) હાનિ અસંખ્યાતગુણ અને (૩) અવસ્થાન અસંખ્યાતગુણ.. પણ જે જીવ ક્ષપક કે ઉપશામક નથી, તેવા જીવને સર્વસ્થિતિ કે

सव्वाओ ट्ठिदिओ एगट्ठिदिं वा पडुच्च वड्ढीदो हाणी तुल्ला वा विसेसाहिया वा विसेसहीणा वा अवट्ठाणमसंखेज्जगुणं।

(३) तथा सामान्यनिर्व्याघातभाव्यपवर्तनायां सत्तागतदलं पल्योपमासङ्ख्येयभागरूपेण भागाकारेण विभज्योत्किरति, अत्रापि घात्यमानस्थितिगतं दलं विवक्षितसमये पल्योपमासङ्ख्येय-भागमात्रेण भागाकारेण विभज्योत्किरति। किन्तु पूर्वपूर्वसमयत उत्तरोत्तरसमये स्थितिघाताद्धा-द्विचरमसमयपर्यन्तं भागाकारोऽसङ्ख्येयगुणहीनो भवति। इत्थं सामान्यनिर्व्याघातभाव्य-पवर्तनातोऽत्र स्थितिघाताद्धायाः प्रथमसमयात्प्रभृतिप्रवर्तमाननिर्व्याघातभाव्यपवर्तनाया विशेषस्य सत्त्वात् सामान्यनिर्व्याघातभाव्यपवर्तना नोच्यते, किन्तु निर्व्याघातभाव्यपवर्तनायां सत्यामपि "कारणे कार्योपचार" इति न्यायेन स्थितिघाताद्धारूपान्तर्मुहूर्तप्रमाणकालस्य प्रथमसमयादपि व्याघातभाव्यपवर्तना नाम्ना स्थितिघात इति उपचर्यते। तथाहि – स्थितिघाताद्धा-लक्षणान्तर्मुहूर्तकालस्य चरमसमये व्याघातभाव्यपवर्तनारूपस्थितिघातः कार्यः, स्थितिघाताद्धा-

गुणधन्या

એકસ્થિતિને લઈને અલ્પબહુત્વ આ પ્રમાણે હોય : વૃદ્ધિ કરતા હાનિ તુલ્ય હોય, વિશેષાધિક હોય કે વિશેષહીન હોય, ને અવસ્થાન અસંખ્યાતગુણ હોય.

(૩) સામાન્યનિર્વ્યાઘાતભાવિની અપવર્તનામાં સત્તાગત દલિકને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સ્વરૂપ ભાગાકાર વડે ભાગીને ઉકેરે છે. અહીં પણ ઘાત્યમાન સ્થિતિમાં રહેલા દલિકોને વિવક્ષિતસમયે પલ્યોપમના અસંખ્યાતમા ભાગસ્વરૂપ જ ભાગાકાર વડે ભાગીને ઉકેરે છે. પરંતુ ફરક એટલો કે અહીં સ્થિતિઘાતાદ્ધાનાં દ્વિચરમસમય સુધી પૂર્વ-પૂર્વના સમય કરતાં ઉત્તરોત્તર સમયે ભાગાકાર અસંખ્યગુણ હીન-હીન થાય છે. અર્થાત્ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ પ્રતિસમયે હીન-હીન થતો જાય છે.

આ પ્રમાણે સામાન્યનિર્વ્યાઘાતભાવિની અપવર્તના કરતાં સ્થિતિઘાતાદ્ધાના પ્રથમસમયથી થતી નિર્વ્યાઘાતભાવિની અપવર્તનામાં વિશેષતા હોવાથી, સ્થિતિઘાતાદ્ધાના દ્વિચરમસમય સુધી થતી અપવર્તનાને સામાન્ય નિર્વ્યાઘાતભાવિની અપવર્તના ન કહેવાય. પરંતુ નિર્વ્યાઘાતભાવિની અપવર્તના હોવા છતાં, કારણમાં કાર્યનો ઉપચાર કરીને, સ્થિતિઘાતાદ્ધાસ્વરૂપ અન્તર્મુહૂર્તકાળના પ્રથમસમયથી જ તેને વ્યાઘાતભાવિની અપવર્તના કહેવાય. તે આ પ્રમાણે :-

કારણમાં કાર્યનો ઉપચાર

સ્થિતઘાતાદ્ધાના ચરમસમયે થતો નિર્વ્યાઘાતભાવિની અપવર્તનાસ્વરૂપ સ્થિતિઘાત = કાર્ય. અને અન્તર્મુહૂર્ત કાળના પ્રથમસમયથી દ્વિચરમસમય સુધી થતી નિર્વ્યાઘાતભાવિની

रूपान्तर्मुहूर्तकालस्य तु प्रथमसमयादारभ्य प्रवर्तमाननिर्व्याघातभाव्यपवर्तना स्थितिघाताद्धा-चरमसमये प्रवर्तमानव्याघातभाव्यपवर्तनायाः कारणम् । तत्र कारणे = निर्व्याघातभाव्यपवर्तनायां कार्यस्य = व्याघातभाव्यपवर्तनारूपस्थितिघातस्योपचारो भवतीति स्थितिघाताद्धारूपान्तर्मुहूर्त-कालस्य प्रथमसमयात्प्रभृति द्विचरमसमयपर्यन्तं निर्व्याघातभाव्यपवर्तनायां सत्यामपि स्थितिघातत्वेन व्यपदेशो भवति ।

(८९) **ननु** घात्यमानस्थितेर्दलिकान्यावलिकालक्षणामतीत्थापनां विमुच्य सर्वस्थितिस्थानेषु क्षिप्यन्ते, उत तत्र कश्चिद्विशेषोऽस्ति ? **उच्यते – कर्मप्रकृतिचूर्णौ** तु घात्यमानस्थितेर्दलिकानि कुत्र प्रक्षिप्यन्ते, इति न निर्दिष्टम्, किन्तु श्रीमन्मलयगिरिसूरीश्वरैर्न्यायविशारदैश्च न्यायाम्भोधि-श्रीमद्यशोविजयोपाध्यायैस्तथा सप्ततिकाचूर्णिकारैर्निर्दिष्टमेतद् – यत्स्थितिकण्डकमुत्कीर्यते तस्य दलानि यामधस्तनस्थितिं न खण्डयति तस्यां प्रक्षिपति । तथा चाऽऽहुः **श्रीमन्मलयगिरि-सूरीश्वराः – "जघन्येन पुनः पल्योपमसङ्ख्येयभागमात्रं स्थितिकण्डकमुत्किरति, उत्कीर्य च याः स्थितीरधो न खण्डयिष्यति, तत्र तद्दलिकं प्रक्षिपति"** ।

तथैव **श्रीमदुपाध्यायवृत्तौ – "स्थितिसत्कर्मणोऽग्रिमभागादुत्कर्षत उदधिपृथक्त्वं**

અપવર્તના = કારણ.

કારણરૂપ નિર્વ્યાઘાતીભાવિની અપવર્તનામાં કાર્યરૂપ વ્યાઘાતભાવિની અપવર્તનાનો ઉપચાર કરીને નિર્વ્યાઘાતભાવિની અપવર્તનાને પણ વ્યાઘાતભાવિની અપવર્તના = સ્થિતિઘાત રૂપે કહેવાય છે.

(૮૯) **પ્રશ્ન** : જે સ્થિતિનો ઘાત થાય છે, તેના દલિકોને આવલિકા સ્વરૂપ અતીત્થાપના છોડીને બધા સ્થિતિસ્થાનોમાં નાંખે કે નહીં ?

ઉત્તર : કર્મપ્રકૃતિચૂર્ણિમાં તો આ વિશે કોઇ ઉલ્લેખ કર્યો નથી. પરંતુ **મલયગિરિસૂરિ મ.સા., ઉપા.યશોવિજયજી મ.સા. તથા સપ્તતિકાચૂર્ણિકારે** જણાવ્યું છે કે - જે સ્થિતિખંડનો ઘાત કરે છે, તેના દલિકો નીચે જે સ્થિતિ ઉકેરાતી નથી એવી અઘાત્યમાન સ્થિતિમાં નાંખે છે. **મલયગિરિમ.ની પંક્તિ** આ પ્રમાણે છે -

'જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિકંડકને ઉકેરે છે, અને ઉકેરીને તેના દલિકોને નીચેની જે સ્થિતિનો ઘાત નથી થતો, ત્યાં નાંખે છે.'

પૂ. મહોપાધ્યાયજી - સ્થિતિસત્તાના ઉપરના ભાગથી ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમપ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિખંડને ઉકેરે છે. અને ઉકેરીને નીચેની જે સ્થિતિનો ઘાત થતો નથી, તેમાં દલિકોને નાંખે છે.

प्रभूतसागरोपमप्रमाणम्, जघन्येन च पल्योपमसङ्ख्येयभागमात्रं स्थितिकण्डकमुत्किरति खण्डयतीत्यर्थः। उत्कीर्य च याः स्थितीरधो न खण्डयति, तत्र तद्दलिकं प्रक्षिपति'' । तथा चोक्तं **सप्ततिकाचूर्णौ** अनन्तानुबन्ध्युपशमनाधिकारे – **''तत्थ ठितिघाओ नाम ठिदिसंतकम्मस्स अग्गगाओ उक्कोसेणं सागरोपमसयपुहुत्तं जहण्णेणं पलिओवमस्स (अ) संखेइज्जभागे ठिति छिंदित्तु तं दलियं हेट्ठओ जाओ ट्ठिइओ न खंडेति तत्थ छुभंति''** इति ।

(९०) तथा **शतकनामकपञ्चमकर्मग्रन्थवृत्तौ** (नव्यशतकवृत्तौ) श्रीमद्भट्टारकैर्देवेन्द्र-सूरीश्वरैरप्युक्तम् – **''तत्र स्थितिघातो नाम स्थितिसत्कर्मणोऽग्रिमभागादुत्कर्षतः प्रभूतसागरोपम-शतपृथक्त्वमात्रं जघन्यतः पल्योपमसङ्ख्येयभागमात्रं स्थितिखण्डं खण्डयति तद्दलिकं चाधस्ताद्यां स्थितिं न खण्डयति तत्र प्रक्षिपति ।''** इति ।

एतानि सर्वाण्यक्षराणि ज्ञापयति – यदुत्कीर्यमाणानि दलान्यघात्यमानस्थितौ निक्षिप्यन्ते, किन्तु घात्यमानस्थितौ न प्रक्षिप्यन्ते । **कषायप्राभृतचूर्णिकारास्तु-''वाघादेण अइत्थावणा एक्का जेणावलिया अदिरित्ता होई । तं जहा ट्ठिदिघाद करंतेणं खंडयभागाइदं तत्थ जं पढमसमए उक्कीरदि पदेसाग्गं तस्स पदेसाग्गस्स आवलियाए अइच्छावणा । एवं जाव दुचरिमसमयं अणुक्किण्णं खंडयति । चरिमसमए जा खंडयस्स अग्गट्ठिदि तिस्से अइच्छावणा**

સપ્તતિકાચૂર્ણિના અનંતાનુબંધી ઉપશમનાધિકારમાં કહ્યું છે કે - સ્થિતિસત્તાના અગ્રભાગથી ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમપ્રમાણ અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિ ઉકેરીને, દલિકોને નીચેની જે સ્થિતિનો ઘાત થતો નથી, તેમાં નાંખે છે.

(૯૦) **શતક નામના પાંચમા કર્મગ્રંથની વૃત્તિમાં દેવેન્દ્રસૂરિ મ.** એ પણ આ પ્રમાણે કહ્યું છે.

આ બધા જ શાસ્ત્રપાઠો એમ સૂચવે છે, કે જે સ્થિતિખંડનો ઘાત કરે છે, તે વખતે તેના દલિકો ઘાત્યમાનસ્થિતિ સિવાયની સ્થિતિમાં નાંખે છે. પરંતુ ઘાત્યમાન સ્થિતિમાં નાંખતા નથી.

દલનિક્ષેપ વિશે કષાયપ્રાભૃતચૂર્ણિકારનો મત

વ્યાઘાતભાવિની અપવર્તનામાં પણ સ્થિતિઘાતના દ્વિચરમસમયપર્યંત ૧ આવલિકા પ્રમાણ જ અતીત્થાપના છે. અર્થાત્ સ્થિતિકંડકને ઉકેરતાં સ્થિતિઘાતાદ્ધાના દ્વિચરમસમય પર્યંત અતીત્થાપનાની ૧ આવલિકા સિવાયની શેષ સર્વસ્થિતિમાં દલનિક્ષેપ થાય છે.

खंडयसमयूणं । एसा उक्कसिया अइच्छावणा वाघादे ।'' इति वदन्ति । **भावार्थः पुनरयम्** — व्याघातभाव्यपवर्तनायामपि द्विचरमसमयपर्यन्तमेकावलिकाऽतीत्थापना, अर्थात्स्थितिकण्डक उत्कीर्यमाणे यावत् स्थितिघाताद्धारूपान्तर्मुहूर्तकालस्य द्विचरमसमयं दलिकनिक्षेपोऽतीत्थापनाऽऽवलिकावर्जसर्वस्थितौ [१]भवति, तस्मादुत्कीर्यमाणे खण्डेऽपि दलिकनिक्षेपो भवतीत्यर्थः ।

इदमुक्तं भवति — यस्मात्स्थितिस्थानाद् दलिका उत्कीर्णा भवन्ति, ततोऽधस्तनाऽऽवलिकावर्जसर्वस्थितिस्थानकेषु दलिकानि प्रक्षिप्यन्ते । तथाहि — अपवर्त्यमानसत्तागतचरमस्थितिस्थानकस्य दलिकान्यतीत्थापनारूपामावलिकां विमुच्य घात्यमानस्थितिस्थानकेष्वन्येषु च स्थितिस्थानकेषु निक्षिप्यन्ते । ततः समयाधिकाऽऽवलिकामात्रेषु स्थितिस्थानकेषु न निक्षिप्यन्ते । व्याघातभाव्यपवर्तनायां स्थितिघाताद्धारूपान्तर्मुहूर्तकालस्य चरमसमये तु कण्डकप्रमाणायाः स्थितेर्न्यूनत्वं भवतीति कृत्वा चरमसमये घात्यमानखण्डस्य चरमस्थितिस्थानकस्य दलिकानि समयोनकण्डकप्रमाणस्थितिरूपातीत्थापनामतिक्रम्याधस्तनाघात्यमानस्थितिस्थानकेषु क्षिप्यन्ते । तथा घात्यमानखण्डसत्कद्विचरमस्थितिस्थानकस्य दलिकानि

એટલે કે ઘાત્યમાન ખંડમાં પણ દલનિક્ષેપ થાય છે. તેથી અપવર્ત્યમાન ચરમ સ્થિતિસ્થાનકનાં દલિકોને અતીત્થાપનારૂપ આવલિકાને છોડીને ઘાત્યમાન સ્થિતિસ્થાનકમાં અને અન્ય સ્થિતિસ્થાનકોમાં નાંખે છે. તેથી માત્ર સમયાધિક આવલિકાપ્રમાણ સ્થિતિસ્થાનકમાં જ દલનિક્ષેપ થતો નથી.

અને ચરમસમયે તો કંડક પ્રમાણ આખો સ્થિતિખંડ ખાલી કરવાનો હોવાથી, ઘાત્યમાન ખંડના ચરમ સ્થિતિસ્થાનકનું દલિક ૧ સમય ન્યૂન કંડક પ્રમાણ આખા સ્થિતિખંડને અતીત્થાપનારૂપે ઓળંગીને, તેની નીચેના અઘાત્યમાન સ્થિતિસ્થાનકોમાં નાંખે છે.

તથા ઘાત્યમાન ખંડના દ્વિચરમસમયનું દલિક, ૨ સમયન્યૂન કંડકપ્રમાણ સ્થિતિને અતીત્થાપના રૂપે ઓળંગીને, નીચેની અઘાત્યમાન સ્થિતિમાં નાંખે છે.

આ પ્રમાણે પૂર્વ-પૂર્વની અપેક્ષાએ ઉત્તરોત્તર નીચેના સમયના દલિકોની અતીત્થાપના ન્યૂન-ન્યૂન થતી જાય છે. યાવત્ ઘાત્યમાનખંડની નીચેની છેલ્લી આવલિકાના ઉપરના સમયના દલિકોની અતીત્થાપના માત્ર છેલ્લી આવલિકા પ્રમાણ આવે... બસ અહીંથી

---

१. टिप्पणी-कषायप्राभृतस्य जयधवलाटीकायामनुभागसङ्क्रमाऽधिकारेऽप्युक्तम्—उक्कस्साऽणुभागखंडए आघाइदे दुचरिमहेट्ठिमकालेसु अंतमुहुत्तमंतिसु सव्वत्थ जहण्णाइच्छावणा चेव पुव्वुत्तपरिणामा होइ तक्काले बाधादाभावादो।

द्विसमयोनकण्डकप्रमाणस्थितिरूपातीत्थापनामतिक्रम्यादधस्तनाघात्यमानस्थितिस्थानकेषु क्षिप्यन्ते । एवं पूर्वपूर्वापेक्षयोत्तरोत्तराधस्तनस्थितेर्दलिकानामतीत्थापना न्यूना भवति, यावद्घात्यमानकण्डकस्याधस्तनसमयाधिकप्रथमाऽऽवलिकायाश्चरमसमयस्य दलिकान्यावलिका-प्रमाणामतीत्थापनां विमुच्याधस्तनस्थितिस्थानकेषु निक्षिप्यन्ते ।

ततोऽधस्तनसर्वस्थितिस्थानदलान्यावलिकारूपामतीत्थापनां विमुच्याधस्तनस्थितिस्थानकेषु प्रक्षिप्यन्त इति सिद्धम्, स्थितिघाताद्धारूपान्तर्मुहूर्तकालस्य द्विचरमसमयपर्यन्तं घात्यमानस्थिति-स्थानकेष्वपि दलिकनिक्षेपो भवतीति कषायप्राभृतचूर्णिकृद्महर्षेः श्रीमन्मलयगिरिपादानां च द्वेऽपि परस्परं मतान्तरे ज्ञातव्ये ।

(९१) यद्वा याः स्थितीरधो न खण्डयति, तत्र तद्दलिकं प्रक्षिपतीत्यनेनेदं ज्ञातव्यम् — स्थितिघाताद्धारूपान्तर्मुहूर्तकालस्य चरमसमय एव स्थितेर्न्यूनत्वं भवतीति तत्र चरमसमयस्य विवक्षा क्रियते, यतो द्विचरमसमयपर्यन्तं कण्डकप्रमाणस्थितावुत्कीर्यमाणायामपि सत्तागत-स्थितेर्न्यूनत्वं न भवतीति कृत्वा घात्यमानस्थितौ दलिकनिक्षेपे न कश्चिद् दोषः । चरमसमये

બધા જ સ્થિતિસ્થાનકોના દલિકો ૧ આવલિકા જેટલી જ અતીત્થાપના છોડીને નીચેના સર્વસ્થિતિસ્થાનકોમાં નિક્ષેપ પામે.

તેથી સિદ્ધ થાય છે, કે સ્થિતિઘાતાદ્ધારૂપ અંતર્મુહૂર્તકાળના દ્વિચરમસમય સુધી ઘાત્યમાન સ્થિતિમાં પણ દલનિક્ષેપ થાય છે.

આ પ્રમાણે કષાયપ્રાભૃતચૂર્ણિકાર તથા શ્રી મલયગિરિસૂરિ મ.સા. આદિ વચ્ચે આ બાબતે પરસ્પર મતાંતર છે તેમ જાણવું.

यद्वा... બન્ને મતોનો સમન્વય

(૯૧) હવે કાં'તો આ બે મતાંતર હોય, અથવા તો **કર્મપ્રકૃતિટીકા, પંચસંગ્રહટીકા, સપ્તતિકાચૂર્ણિ** આદિમાં **याः स्थितीरधो न खण्डयति तत्र तद्दलिकं प्रक्षिपति'** એમ જે કહ્યું છે, તે દરેક સ્થિતિખંડના ચરમસમયે સમજવું. કેમકે અન્તર્મુહૂર્તના દ્વિચરમસમય સુધી ખંડ ઉકેરાય છે, પરંતુ ત્યારે સત્તામાંથી સ્થિતિ જરા પણ ઓછી થતી નથી. તેથી દ્વિચરમસમય સુધી તો તે ખંડની સ્થિતિ પણ ખંડિત થતી નથી. માટે ત્યાં દલનિક્ષેપ થઇ શકે. ચરમસમયે આખો ખંડ ખંડિત થાય છે, ત્યારે તો ત્યાં દલનિક્ષેપ થતો જ નથી. **तत्वं तु केवलीगम्यं** ।

પ્રશ્ન : ઉત્કીર્યમાણ દલનો નિક્ષેપ ઉદયસમયથી અન્તર્મુહૂર્ત સુધી અસંખ્યગુણના ક્રમે

च कण्डकप्रमाणस्थितिसत्कर्मणो न्यूनत्वं भवतीति घात्यमानस्थितौ दलिकनिक्षेपो न भवति। तत्त्वं तु सर्वज्ञा विदन्ति ।

ननूत्कीर्यमाणानां दलानां निक्षेप उदयसमयादारभ्यान्तर्मुहूर्तपर्यन्तमसङ्ख्येयगुणकारेणोक्तः, अन्तर्मुहूर्तात्परेषु स्थानेषु निक्षेपो भवति न वा ? यदि भवति तर्हि को निक्षेपक्रमः ? इति **चेत्, उच्यते** – गुणश्रेणिनिरूपणावसर उदयसमयादारभ्याऽन्तर्मुहूर्तपर्यन्तमसङ्ख्येयगुणकारेण निक्षेप उक्तोऽन्यत्र निक्षेपो नोक्तः, यतस्तत्र गुणश्रेणेरेवाऽधिकारस्तथापि स्थितिघातप्ररूपणाऽवसरे याः स्थितीरधो न खण्डयति, तत्र तद्दलिकं प्रक्षिपतीति **पूज्ययशोविजयैरुपाध्याय-भट्टारकैरुक्तम्,** एतेन ज्ञाप्यते गुणश्रेणिरचनारूपान्तर्मुहूर्तादन्यत्राऽपि दलिकनिक्षेपो भवति । अर्थात् गुणश्रेणिरचनाया उपरितनस्थितिष्वपि निक्षेपो भवति । निक्षेपक्रमस्त्वेवम् – गुणश्रेणिशिरस्तोऽनन्तरस्थितिस्थाने पूर्वतोऽसङ्ख्येयगुणहीनस्ततोऽनन्तरस्थितिस्थाने विशेषहीनस्ततोऽनन्तरस्थितिस्थाने विशेषहीनः, एवं विशेषहीनक्रमेण तावदभिधातव्यं यावदतीत्थापनाऽप्राप्ता भवति । ★विशेषस्तु क्षायिकसम्यक्त्वप्राप्तौ वक्ष्यामः ।

(ગુણશ્રેણીમાં) કહ્યો છે, તો ત્યારપછી(ગુણશ્રેણી પછી)ના સ્થાનોમાં નિક્ષેપ થાય કે નહીં ? જો થાય તો તેનો ક્રમ કયો હોઈ શકે ?

ઉત્તર : ઉત્કીર્યમાણ દલનો નિક્ષેપ અન્તર્મુહૂર્ત(ગુણશ્રેણીના આયામ)ની ઉપર પણ થાય છે. અહીં અન્તર્મુહૂર્ત સુધીનો જ જે ક્રમ બતાવ્યો અને તે સિવાયના સ્થાનોમાં નિક્ષેપ ન કહ્યો તે તો ગુણશ્રેણીની જ પ્રરૂપણા કરવાનો અવસર હોવાના કારણે સમજવું. બાકી તો સ્થિતિઘાતની પ્રરૂપણામાં 'याः स्थितीरधो न खण्डयति तत्र तद्दलिकं प्रक्षिपति' આ મહોપાધ્યાયજીની પંક્તિ પરથી જણાય છે કે ઉપર છેક જે સ્થિતિખંડનો ઘાત થાય છે તેની પૂર્વના સ્થાન સુધી દલનો નિક્ષેપ થાય છે. એટલે ગુણશ્રેણીના આયામની ઉપર પણ દલનિક્ષેપ થાય છે. પરંતુ તેમાં અસંખ્યગુણનો ક્રમ નથી હોતો. પણ ગુણશ્રેણીના શીર્ષની પછીના સ્થાનમાં પૂર્વથી અસંખ્યગુણહીન અને ત્યારપછીના સ્થિતિસ્થાનકોમાં વિશેષહીન-વિશેષહીન ક્રમથી અતીત્થાપના સુધી દલનિક્ષેપ થાય છે. તે વિશેષથી આગળ ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિના અધિકારમાં કહીશું.

---

१. टिप्पणी–...तथा चोक्तं षट्खण्डागमस्य धवलाटीकायामपि "एवमसंखेज्जगुणाए सेढीए णेदव्व जाव गुणसेढी चरिमसमओ त्ति तदो उवरिमाणंतराए ठिदिए असंखेज्जगुणहीनं दव्वं देदि तदुवरिमट्ठिदिए विसेसहीणं देदि एवं विसेसहीणं विसेसहीणं चेव पदेसग्गं निरंतरं देदि जाव अप्पप्पणो उक्कीरिदट्ठिदिमावलियकालेण अपत्तो त्ति ।"

(९२) उपर्युक्तैः स्थितिघातादीनां *सहस्रैरपूर्वकरणसमयाननुभवन्ननिवृत्तिकरणं प्रविशतीत्यनिवृत्तिकरणस्य वक्तव्यतां व्याचिकीर्षुराह –

अनियट्टिम्मि वि एवं तुल्ले काले समा तओ नामं ।

अनिवृत्तावप्येवं तुल्ये काले समा ततो नाम ॥ इति पदसंस्कारः

सम्प्रत्यनिवृत्तिकरणे स्थितिघातादयश्चत्वारः पदार्था अध्यवसायेभ्यो विशोधिभ्यश्चाऽर्वाक् प्ररूप्यन्ते प्रत्यासत्तेः । अयं भावः – पूर्वस्यामेव गाथायामपूर्वकरणे स्थितिघातादीनां स्वरूपं कथितम्, तेन ते पदार्था किमनिवृत्तिकरणेऽपि भवन्ति, उत न ? इत्याशङ्कापरिहारार्थमाह– "**अनियट्टिम्मि वि एवं**" त्ति, यथाऽपूर्वकरणप्रथमसमयादारभ्य स्थितिघातादयो युगपत् प्रवर्तमाना उक्ताः, एवमनिवृत्तिकरणेऽपि वाच्याः, तथाहि - अपूर्वकरणे प्रविशन्नभिनवस्थिति-घातमभिनवस्थितिबन्धं तथाऽभिनवरसघातं चाऽऽरभते, अन्तर्मुहूर्ते व्यतिक्रान्ते पुनर्द्वितीय-

(3) अनिवृत्तिकरण

(૯૨) આ પ્રમાણે હજારો સ્થિતિઘાતાદિ વડે અપૂર્વકરણ પૂર્ણ થાય છે. અને ત્યારપછીના સમયે સમ્યક્ત્વાભિમુખ જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. તેથી હવે અનિવૃત્તિકરણનું સ્વરૂપ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે.

ગાથાર્થ : અનિવૃત્તિકરણમાં પણ એ જ પ્રમાણે (પ્રતિસમય અનંતગુણ) વિશુદ્ધિ જાણવી. પરંતુ તુલ્યકાળમાં સરખી જ વિશુદ્ધિ હોય છે, તેથી (આ કરણનું) અનિવૃત્તિ એવું નામ છે... (૧૬મી ગાથાનો પૂર્વાર્દ્ધ)

વિવેચન : પ્રશ્ન : અપૂર્વકરણમાં તો પહેલા અધ્યવસાય અને વિશુદ્ધિની પ્રરૂપણા કરી હતી, તો અહીં કેમ પહેલા સ્થિતિઘાતની પ્રરૂપણા કરાય છે ?

ઉત્તર : આની પહેલા તરત જ સ્થિતિઘાત આદિની પ્રરૂપણા થઇ હોવાથી સમજવામાં સરળતા રહે એ માટે પ્રત્યાસત્તિન્યાયથી પહેલા આની પ્રરૂપણા કરાય છે.

પ્રશ્ન : અપૂર્વકરણમાં સ્થિતિઘાતાદિનું સ્વરૂપ જે કહ્યું, તે સ્થિતિઘાતાદિ પદાર્થો અહીં અનિવૃત્તિકરણમાં હોય છે કે નહીં ?

ઉત્તર : અપૂર્વકરણમાં જે પ્રમાણે સ્થિતિઘાતાદિ થાય છે, તે અહીં અનિવૃત્તિકરણમાં પણ થાય છે.

---

१. टिप्पणम्....अत्र 'सहस्र'शब्दः संख्यावाचकः' आदशभ्यः सङ्ख्या सङ्ख्येये वर्तते न सङ्ख्यान इति न्यायेन विंशत्यादिसङ्ख्या तु संख्याने च प्रवर्तते यथा – एकोनविंशतिर्घटाः घटानामेकोनविंशतिः ।

मभिनवस्थितिघातं द्वितीयं स्थितिबन्धमभिनवरसघातं चाऽऽरभते, अत्र रसघातो य आरभ्यते, स न द्वितीयः, किन्त्वनेकसहस्रतमो रसघातो भवति, स्थितिघातकाले स्थितिबन्धकाले वाऽनेकसहस्ररसघातानां व्यतिक्रान्तत्वात् । एवमपूर्वकरणे बहुसहस्राणि स्थितिघातादयो भवन्ति, तथैवानिवृत्तिकरणेऽपि स्थितिघातादयो भवन्ति ।

(९३) अथाध्यवसायानां विशोधिमाविश्चिकीर्षुराह – **"तुल्ले काले समा तओ नामं"** तुल्ये = समाने काले, यतः समा सर्वेषामपि प्रविष्टानां विशोधिर्भवति, न विषमा, ततो नाम तस्या अनिवृत्तिरिति, अन्वर्थमेतद् नाम । तद्यथा – न वर्तते निवृत्तिः = प्रविष्टानां तुल्यकालानां जीवानामध्यवसायानां मिथस्तिर्यक्षट्स्थानपतितत्वरूपवैषम्यलक्षणा व्यावृत्तिर्यस्मिन् करणे तदनिवृत्ति, अनिवृत्ति च तत्करणं चेत्यनिवृत्तिकरणम्, इति व्युत्पत्त्यर्थो ग्राह्यः।

इदमुक्तं भवति – अनिवृत्तिकरणस्य प्रथमसमये ये वर्तन्ते, ये च वृत्ताः, ये च वर्तिष्यन्ते, तेषां समा विशोधिः, किन्तु प्रथमसमयभाविविशोध्यपेक्षया द्वितीयसमयभाविविशोधिस्त्वनन्तगुणा, एवमनिवृत्तिकरणस्य चरमसमयं यावद् वाच्यम् । इत्थं त्रिकालगोचरसर्वजीवानां प्रतिसमयमेकमेवाध्यवसायस्थानम् । नवरं प्रथमसमयाध्यवसायस्थानापेक्षया द्वितीयसमयस्याध्यवसायस्थानमनन्तगुणवृद्धम्, अतोऽनिवृत्तिकरणे यावन्तः समयास्ता-

गुणधन्या

જેમ અપૂર્વકરણના પ્રથમસમયથી સ્થિતિઘાત-સ્થિતિબંધ અને રસઘાત એક સાથે શરૂ થાય છે. અને અંતર્મુહૂર્ત બાદ બીજા સ્થિતિઘાત અને સ્થિતિબંધ શરૂ થાય છે. અને તેની સાથે જ જે રસઘાત પણ શરૂ થાય છે, તે બીજો જ નથી હોતો, પણ હજારોમો હોય છે. કારણ કે ૧ સ્થિતિઘાતના કાળમાં હજારો રસઘાત થઈ જાય છે. અને આવા હજારો સ્થિતિઘાત જે પ્રમાણે અપૂર્વકરણમાં થાય છે તે જ પ્રમાણે અનિવૃત્તિકરણમાં પણ થાય છે.

અનિવૃત્તિકરણમાં અધ્યવસાયોની વિશુદ્ધિ

(૯૩) એકસમયે પ્રવેશ કરતાં સર્વ જીવોના અધ્યવસાયોમાં ષટ્સ્થાનપતિતત્વરૂપ વિષમતાસ્વરૂપ વ્યાવૃત્તિ = નિવૃત્તિ આ કરણમાં હોતી નથી. તેથી જ આ કરણનું નામ અનિવૃત્તિકરણ છે.

એટલે કે, આ કરણમાં ત્રિકાળવર્તી જીવોની પ્રથમસમયભાવી વિશુદ્ધિ સમાન હોય છે. પરંતુ તેનાથી દ્વિતીયસમયભાવી વિશુદ્ધિ અનંતગુણ હોય છે. આ પ્રમાણે અનિવૃત્તિકરણના ચરમસમય સુધી પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે.

આ પ્રમાણે ત્રિકાળવર્તી સર્વ જીવોનું પ્રતિસમયે એક જ અધ્યવસાયસ્થાન હોય છે.

वन्त्यध्यवसायस्थानानि पूर्वपूर्वस्मादनन्तगुणवृद्ध्या विशुद्धानि । एतानि च मुक्तावलीसंस्थानेन स्थापयितव्यानि, उक्तं **पञ्चसङ्ग्रहे** - **"अनियट्टिकरणमओ मुत्तावलीसंट्ठियं कुणई ।"** इति । उक्तविशुद्ध्यां प्रवर्धमानोऽनिवृत्तिकरणाद्धायाः सङ्ख्येयेषु भागेषु गतेष्वन्तरकरणस्य विशिष्टां क्रियां करोतीत्याचार्योऽभिव्यनक्ति –

संखिज्जइमे सेसे भिन्नमुहुत्तं अहो मुच्चा ॥१६॥

किंचूणमुहुत्तसमं ठिइबन्धद्धाए अंतरं किच्चा ।
आवलिदुगेक्कसेसे आगाल उदीरणा समिया ॥१७॥

सङ्ख्येयतमे शेषे भिन्नमुहूर्त्तमधो मुक्त्वा ॥१६॥

किञ्चिदूनमुहूर्तसमं स्थितिबन्धाद्धयाऽन्तरं कृत्वा ।
आवलिकाद्विकैकशेष आगालोदीरणे श्रान्ते ॥१७॥ इति पदसंस्कारः

(९४) "संखेज्ज" इत्यादि, अनिवृत्तिकरणाद्धायाः सङ्ख्येयेषु भागेषु व्यतिक्रान्तेषु

અને પૂર્વ-પૂર્વના અધ્યવસાયસ્થાન કરતાં ઉત્તરોત્તર અધ્યવસાયસ્થાન અનંતગુણવિશુદ્ધ હોય છે. તેથી અધ્યવસાયોને વિશે મુક્તાવલીનું સંસ્થાન જાણવું. એ જ વાત **પંચસંગ્રહમાં** કહેવાઈ છે.

આ પ્રમાણે અનંતગુણ વિશુદ્ધિ વડે આગળ વધતો જીવ, અનિવૃત્તિકરણાદ્ધાના સંખ્યાતા ભાગો વીત્યા પછી, અંતરકરણ કરવાની વિશિષ્ટ ક્રિયાનો પ્રારંભ કરે છે, તે આચાર્યશ્રી જણાવે છે -

ગાથાર્થ : અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે (= ઘણા સંખ્યાતા ભાગ વ્યતીત થયા હોય) ત્યારે નીચે અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ છોડીને... (૧૬)

એક સ્થિતિબંધ જેટલા કાળમાં, કંઈક ન્યૂન મુહૂર્તકાળ જેટલું અંતર કરીને, પ્રથમ સ્થિતિ ભોગવાઈ ગયા બાદ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તથા પ્રથમસ્થિતિની બે અને એક આવલિકા શેષ રહે ત્યારે અનુક્રમે આગાલ અને ઉદીરણા સમાપ્ત થાય છે. (૧૭)

વિવેચન :

અન્તરકરણ ક્રિયા કાળ

(૯૪) અનિવૃત્તિકરણના કાળના સંખ્યાતા બહુ ભાગ જાય અને ૧ સંખ્યાતમો ભાગ જ બાકી રહે, ત્યારે નવા સ્થિતિઘાતાદિ પદાર્થોનો પ્રારંભ થાય છે. અને ત્યારે

सत्स्वेकस्मिंश्च सङ्ख्येयतमे भागेऽवतिष्ठमाने भूयोऽभिनवस्थितिघातादयः पदार्था आरभ्यन्ते तदा मिथ्यात्वस्यान्तरकरणं करोति, कर्तुमारभत इत्यर्थः। अन्तरकरणं करोति नामोदयक्षणादुपरि मिथ्यात्वस्थितिमन्तर्मुहूर्तमानामतिक्रम्योपरितनीं च मिथ्यात्वस्थितिं विष्कम्भयित्वा मध्यगतान्तर्मुहूर्तप्रमाणस्थितितो दलिकान्युत्कीर्य तत्र मिथ्यात्वदलिकानामभावं करोति, अन्तरकरणक्रियाकालश्चान्तर्मुहूर्तप्रमाणोऽभिनवस्थितिबन्धाद्धयाऽभिनवस्थितिघाताद्धया वा सम इत्यन्तर्मुहूर्तकालेनान्तरकरणं भवति, अर्थाद् यदाऽभिनवस्थितिबन्धाद्धा पूर्णा भवति, तदाऽन्तरकरणमपि समापयति। **इदमुक्तं भवति** — अभिनवस्थितिघाताद्धायां व्यतिक्रान्तायामन्तरकरणक्रियाऽपि परिसमाप्ता भवति, उदयसमयादारभ्यान्तर्मुहूर्तप्रमाणाया मिथ्यात्वस्थितेरुपरितनान्तर्मुहूर्तस्थितिर्मिथ्यात्वदलिकाभाववती [1]भवतीत्यर्थः। उदयसमयादारभ्यान्तर्मुहूर्तप्रमाणा प्रथमस्थितिस्तथा-

મિથ્યાત્વનું અંતરકરણ કરવાનો પ્રારંભ થાય છે.

પ્રશ્ન : અંતરકરણક્રિયા એટલે શું ?

ઉત્તર : અનિવૃત્તિકરણના છેલ્લા સંખ્યાતમા ભાગની (અંતર્મુહૂર્તની) ઉપરની એટલે કે ઉદયસમયથી લઈને મિથ્યાત્વની અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિનું ઉલ્લંઘન કરીને ઉપરની બીજી સ્થિતિમાના પુદ્ગલો અટકાવીને મધ્યગત અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાંથી મિથ્યાત્વમોહનીયના દલિકોને ઉકેરી ત્યાં તેઓને ખાલી કરવાની ક્રિયા = અંતરકરણ કરવાની ક્રિયા... તેનો કાળ અંતર્મુહૂર્તપ્રમાણ હોય છે. અને તે સ્થિતિઘાત અને સ્થિતિબંધની સાથે જ શરૂ થાય છે, અને સાથે જ પૂર્ણ થાય છે. જ્યારે અંતરકરણની ક્રિયા પૂર્ણ થાય છે, ત્યારે ઉપરની અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિમાંથી મિથ્યાત્વના દલિકોનો સર્વથા અભાવ થઈ જાય છે.

અંતર્મુહૂર્તપ્રમાણ જે સ્થિતિમાંથી મિથ્યાત્વમોહનીયના દલિકોનો અભાવ કર્યો, તે

---

१. न चाऽन्तर्मुहूर्तप्रमाणस्थितेरन्तरकरणम्, स्थितिघातश्च जघन्यतोऽपि पल्योपमसंख्येयभागप्रमाणस्थितेर्भवति, कथमुभयोरुत्कीर्णकालःसम उच्यत इति वाच्यम्, तथास्वभावात्। न चाऽन्तरकरणसत्कस्थितेर्न्यूनत्वेन तत्र दलिकान्यल्पानि सन्ति, स्थितिघातस्य तु स्थितेराधिक्येन दलिकानि बहूनि ततः कथमुभयोर्दलिकोत्कीर्णकालः समः, अन्तरकरणस्याऽल्पदलिकवत्त्वेन दलिकोत्कीर्णकालोऽल्पो वक्तव्य इति वाच्यम्, यतो दलिकाऽपेक्षयात्कीर्णकालो विचार्यते तर्हि न कश्चिद् भेदः प्रतिभाति, यतः स्थितिघातः स्थितिसत्कर्मणोऽग्रिमभागतः क्रियते, अन्तरकरणं तूदयसमयादारभ्याऽन्तर्मुहूर्तप्रमाणस्थितेरूपरितनाऽन्तर्मुहूर्तप्रमाणस्थितेः क्रियते, घात्यमानाऽग्रिमस्थितौ प्रत्येकस्थितिस्थानगतदलिकाऽपेक्षयाऽन्तरकरणे प्रत्येकस्थितिस्थानकस्य दलिकान्यसंख्येयगुणानि भवन्ति, यतोऽन्तरकरणतोऽसंख्यातद्विगुणहानिस्थानेषु व्यतिक्रान्तेषु घात्यमानस्थितिस्थानकानि प्राप्यन्ते। अतः स्थितिघाते स्थितिस्थानकान्यन्तरकरणसत्कस्थितिस्थानेभ्योऽसंख्येयगुणानि, अन्तरकरणे च स्थितिघातस्य प्रत्येकस्थितिस्थानगतदलिकाऽपेक्षया प्रत्येकस्थितिस्थानकस्य दलिकान्यसंख्येयगुणानि भवन्तीति दलिकाऽपेक्षया न कश्चिद्विशेषः प्रतिभाति।

ऽन्तरकरणस्योपरितनस्थितिर्द्वितीयस्थितिरिति व्यपदिश्यते ।

(९५) पूर्वोक्तगुणश्रेणिरचनाऽपूर्वकरणानिवृत्तिकरणकालात् किञ्चिदधिककालप्रमाणा भवति। अन्तरकरणे क्रियमाणे मिथ्यात्वस्य गुणश्रेणेः सङ्ख्येयतमं भागमन्तरकरणदलिकेन सहोत्किरति, नाशयतीत्यर्थः । शेषाश्च गुणश्रेणिसङ्ख्येयभागाः प्रथमस्थित्याश्रितास्तिष्ठन्ति । **कर्मप्रकृतिचूर्णौ** तु – "**अंतरं करेमाणे अनियट्टिगुणसेढीनिक्खेवस्स अग्गग्गातो असंखेज्जतिभागं खण्डेति**" त्ति, असङ्ख्येयतमभागं खण्डयतीत्युक्तम्, तदशुद्धं प्रतिभाति । (संखेज्जतिभागं इति पाठः कदाचित् सम्भवेत्) ।

उत्कीर्यमाणं दलिकं प्रथमस्थितौ द्वितीयस्थितौ च प्रक्षिपति । तथाहि-यदुतान्तरकरण-स्थितेर्मध्याद् दलिकं गृहीत्वाधस्तात्प्रथमस्थितावुपरि च द्वितीयस्थितौ निक्षिपति । एवं

અંતરકરણ અથવા અંતર કહેવાય છે. જ્યારે અનિવૃત્તિકરણના છેલ્લા સંખ્યાતમા ભાગના જે પ્રથમ સ્થિતિઘાત અને સ્થિતિબંધ કાળ દરમિયાન આંતરું પાડવાની ક્રિયા કરે, તે અંતરકરણક્રિયાકાળ કહેવાય છે.

અંતરકરણ ક્રિયા પૂર્ણ થયા પછી બાકી રહેલી અંતરકરણ નીચેની સ્થિતિ તે **પ્રથમ સ્થિતિ** અને અંતરકરણની ઉપરની સત્તાગત સર્વસ્થિતિ તે **દ્વિતીય સ્થિતિ** કહેવાય છે.

(૯૫) પૂર્વે જણાવ્યું છે કે ગુણશ્રેણીની રચના અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક કાળ સુધી છે. તેથી ગુણશ્રેણી દ્વારા અંતરકરણમાં (જ્યાંથી મિથ્યાત્વમોહનીયના દલિકનો અભાવ કરવાનો છે ત્યાં) પણ મિથ્યાત્વના દલિકો ગોઠવાયેલા છે. તે ગુણશ્રેણીના ૧ સંખ્યાતમા ભાગ પ્રમાણ દલિકોને પણ અંતરકરણના દલિકોની સાથે જ ઉકેરી નાંખે છે. અને શેષ ગુણશ્રેણીના ઘણા સંખ્યાતા ભાગો પ્રથમસ્થિતિમાં જ રહેલા હોય છે.

કર્મપ્રકૃતિચૂર્ણિમાં કહ્યું છે :- અંતરકરણ કરતી વખતે અનિવૃત્તિકરણની ઉપર રહેલા ગુણશ્રેણીના નિક્ષેપનો અસંખ્યાતમો ભાગ ઉકેરે છે.

અહીં 'અસંખ્યાતમો ભાગ' આ પાઠ અશુદ્ધ લાગે છે. તેના સ્થાને 'સંખ્યાતમો ભાગ' એવો પાઠ સંભવે.

અંતરના દલિકોનો નિક્ષેપ

અંતરકરણના દલિકને ઉકેરીને કેટલાક નીચેની પ્રથમસ્થિતિમાં અને કેટલાંક ઉપરની દ્વિતીયસ્થિતિમાં નાંખે છે. આ પ્રમાણે પ્રતિસમયે દલિકોને ખાલી કરવા દ્વારા અંતર્મુહૂર્ત

प्रतिसमयं तावत्प्रतिक्षिपति यावदन्तरकरणदलिकं सकलमप्युत्कीर्यते, अन्तर्मुहूर्तप्रमाण-कालेनान्तरकरणसत्कसकलदलान्युत्कीर्यन्ते । उक्तं च **पञ्चसङ्ग्रहे** - **"अन्तरकरणस्स विही घेत्तुं घेत्तुं ठिईउ मज्झाओ । दलियं पढमठिईए विछुब्भइ तहा उवरिमाए ॥"** अन्तरकरणक्रियायां परिपूर्णायामपि स्थितिघातादयश्चत्वारः पदार्थाः प्रवर्तन्ते ।

(९६) अन्तरकरणे कृते सति सम्यक्त्वाभिमुख उपशामक उच्यते । उक्तञ्च **कर्मप्रकृतिचूर्णौ** — **"एवं अंतरकरणं कयं भवति ततो पभितिं उवसामगो लब्भति॥"**

तथा चोक्तं **कषायप्राभृतचूर्णौ**- **"तदो अंतरं कीरमाणं कयं, तदोप्पहुडि उवसामगो त्ति भण्णइ"** इति । यद्यप्यस्य कश्चिदपि विशेषः कर्मप्रकृतिवृत्तिकारैरन्यैर्वा नाभिहितः, तथापि इदमस्माभिः सम्भाव्यते — यथाऽनन्तानुबन्ध्युपशमनाऽधिकारेऽन्तरकरणे कृते सति तदनन्तर-समयेऽनन्तानुबन्धिनो द्वितीयस्थितिगतदलिकमुपशमयितुमारभते, तत्राऽयं क्रमः — प्रथमसमये स्तोकं दलिकं द्वितीयसमयेऽसङ्ख्येयगुणम्, एवं यावदन्तर्मुहूर्तकालम्, अन्तर्मुहूर्तकालेन च सर्वथोपशमयति, तथैवात्रापि तेन क्रमेणोपशमयति अतः कर्मप्रकृतावुक्तस्योपशामकशब्दस्य

સુધીમાં બધા જ દલિકો ઉકેરીને તેટલો કાળ સાફ કરી દે છે.

પંચસંગ્રહમાં પણ આ જ વાત કહેલ છે.

અંતરકરણની ક્રિયા પૂર્ણ થયા બાદ પણ સ્થિતિઘાતાદિ ચારેય પદાર્થો ચાલુ જ રહે છે.

ઉપશામક અભિધાનની પ્રાપ્તિ

(૯૬) આમ ઉક્ત રીતે અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થયા પછીથી સમ્યક્ત્વાભિમુખ જીવ **'ઉપશામક'** કહેવાય છે.

આ જ વાત **કર્મપ્રકૃતિચૂર્ણિમાં** અને **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** કહી છે. પરંતુ આની ઉપર ટીકાકારોએ કોઈ વિશેષ વિચાર કર્યો નથી. પરંતુ વિશેષ વિચાર કરતાં અમને એવું લાગે છે - જેવી રીતે અનંતાનુબંધીના ઉપશમનાધિકારમાં અંતરકરણ કર્યા પછીના સમયે બીજી સ્થિતિમાં રહેલા અનંતાનુબંધીના દલિકોને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. તેમાં પહેલા થોડું ઉપશમાવે, બીજા સમયે અસંખ્યગુણ...એ પ્રમાણે યાવત્ અંતર્મુહૂર્ત સુધી અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. અને અંતર્મુહૂર્ત કાળ પૂર્ણ થતાં જ બધું દલિક ઉપશમી જાય છે. તેવી જ રીતે અહીં પણ આ જ ક્રમથી બધું દલિક ઉપશમાવે છે. અને આથી કર્મપ્રકૃતિમાં કહેલો 'ઉપશમાવે તે ઉપશામક' એવો ઉપશામક શબ્દનો વ્યુત્પત્ત્યર્થ પણ અહીં સંગત થાય.

व्युत्पत्यर्थ 'उपशमयतीत्युपशामक' इत्युपपद्यते ।

इदमत्र हृदयम् – अन्तरकरणे कृते तदनन्तरसमयादारभ्य प्रतिसमयमसङ्ख्येयगुणं द्वितीयस्थितिगतं दलमुपशमयति, एवमनिवृत्तिकरणस्य चरमसमयं यावद् द्वितीयस्थितिगत-सर्वदलमुपशमयति, नवरं समयन्यूनाऽऽवलिकद्विकेन बद्धानि दलिकानि नोपशमयति, यतो यस्मिन्समये यानि कान्यपि दलिकानि बध्यन्ते, तत्समयादारभ्याऽऽवलिकापर्यन्तं तेषु न किमपि करणं प्रवर्तते, बन्धाऽऽवलिकायाः सकलकरणा-ऽयोग्यत्वात् । ततो द्वितीया-ऽऽवलिकायाः प्रथमसमयादारभ्योपशमयितुमारभते, ततः प्रभृत्यावलिकायां पूर्णायां प्रथमसमये बद्धानि दलानि सर्वाण्युपशमितानि भवन्ति।

(९७) यत एकसमये बद्धानि दलिकान्युपशमयितुमावलिकामात्रः कालो गच्छति । एवं प्रथमाऽऽवलिकायाः द्वितीयसमये बद्धानि दलान्यावलिकाकालेन सर्वथोपशम्यन्ते, तेनात्रापि मिथ्यात्वसत्कप्रथमस्थितेर्द्विचरमाऽऽवलिकायाः प्रथमसमये बद्धानि दलिकानि "बन्धाऽऽवलिका सकलकरणाऽयोग्येति" कृत्वाऽऽवलिकापर्यन्तमुपशमयितुं नाऽऽरभते, ततश्चरमाऽऽवलिकाया-श्चरमसमये द्विचरमाऽऽवलिकायाः प्रथमसमये बद्धानि सर्वाणि दलान्युपशम्यन्ते, परन्तु

गुणधन्या

तात्पर्य એ છે કે, અંતરકરણ ક્રિયાકાળ પૂર્ણ થાય, તેના પછીના અનંતર સમયથી માંડીને જીવ દ્વિતીયસ્થિતિમાં રહેલા દલિકોને પ્રતિસમયે અસંખ્યગુણાકારે ઉપશમાવે છે... એ પ્રમાણે ઉપશમાવતા અનિવૃત્તિકરણના ચરમસમયે પહોંચે, ત્યારે દ્વિતીયસ્થિતિમાં રહેલ બધા દલિકો ઉપશમી જાય છે. ચરમસમયે માત્ર સમયન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકો જ ઉપશમાવવાના બાકી રહે છે.

દલિકોની અનુપશાંતિનું કારણ

(૯૭) સમયન્યૂન ૨ આવલિકાના દલિકો ચરમસમયે અનુપશાંત હોય છે. કારણ કે જે સમયે દલિકો બંધાય છે, તે સમયથી આરંભીને બંધાવલિકા સુધી તેઓ સકલ કરણને અયોગ્ય હોય છે. તેથી તેમાં કોઈ કરણ લાગતું નથી. અને ત્યારબાદ દ્વિતીયાવલિકાના પ્રથમસમયથી તેને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. અને દ્વિતીયાવલિકા પૂર્ણ થાય ત્યારે તે દલિકો સર્વથા ઉપશમી જાય છે. કારણ કે એકસમયબદ્ધ દલિકોને ઉપશમાવતા ઓછામાં ઓછો ૧ આવલિકા જેટલો કાળ થાય.

તેથી અહીં પણ મિથ્યાત્વગત પ્રથમસ્થિતિની દ્વિચરમાવલિકાના પ્રથમસમયે બંધાયેલા દલિકોને બંધાવલિકા સુધી તો ઉપશમાવવાનો પ્રારંભ થતો જ નથી, કારણ કે બંધાવલિકા

समयन्यूनद्विचरमावलिकायां चरमावलिकायां च बद्धानि दलान्यनुपशमितानि तिष्ठन्ति तानि दलान्यसङ्ख्येयगुणनया तावता कालेनोपशान्ताद्धायामुपशमयति, तत उपशान्ताद्धायाः समयोनाऽऽवलिकाद्वये व्यतिक्रान्ते सति सर्वदलमुपशम्यते, न किञ्चिदनुपशान्तमुपतिष्ठते । उपशान्तं नाम अन्तर्मुहूर्तकालायोदयोदीरणाकरणाऽयोग्यकरणम्, तेनाग्रे वक्ष्यमाणत्रिपुञ्जकरणं न विरुध्यते ।

(९८) "**आवलिदुगेक्कसेसे**" इत्यादि, तथा मिथ्यात्वमोहनीयस्योदयोदीरणाभ्यां च तावत्प्रथमस्थितिमनुभवति, यावदावलिकाद्वयप्रमाणा प्रथमस्थितिश्शेषा तिष्ठति, प्रथमस्थितौ चाऽऽवलिकाद्वयशेषायामागालः शान्तो = व्यवच्छिन्नो भवति । आगालो नाम मिथ्यात्वस्य द्वितीयस्थितेः सकाशाद् यदुदीरणाप्रयोगेण दलिकानि समाकृष्योदयसमये प्रक्षिप्यन्ते, सोदीरणाऽपि

સકલ કરણને અયોગ્ય છે. તેથી બંધાવલિકા પૂર્ણ થયા પછી મિથ્યાત્વની પ્રથમસ્થિતિની ચરમ આવલિકાના પ્રથમસમયે તેને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. અને ચરમાવલિકાના ચરમસમયે (દ્વિચરમાવલિકાના પ્રથમસમયબદ્ધ) દલિકો સંપૂર્ણ ઉપશમી જાય છે. પરંતુ દ્વિચરમાવલિકાના બીજા સમયથી પ્રારંભીને બંધાયેલા દલિકો અર્થાત્ સમયન્યૂન દ્વિચરમાવલિકામાં બંધાયેલા તથા ચરમાવલિકામાં બંધાયેલા દલિકો ઉપશમાવવાના બાકી રહે છે. તેથી તે દલિકો ઉપશાન્તાદ્ધામાં પ્રવેશ કર્યા પછી તેટલા જ કાળે અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. અર્થાત્ ઉપશાંતાદ્ધાની સમયોન ૨ આવલિકા વ્યતીત થયા બાદ બધા જ દલિકો ઉપશમી જાય છે.

'દલિકોને ઉપશાંત કરવા' એટલે અંતર્મુહૂર્ત કાળ માટે બધા દલિકોને ઉદય-ઉદીરણાકરણને અયોગ્ય કરવા... આ પ્રમાણેની ઉપશાંતની વ્યાખ્યા કરવાથી આગળ કહેવાતા ત્રિપુંજીકરણ સાથે કોઈ વિરોધ આવશે નહીં.

અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થયા પછીની પ્રક્રિયા

(૯૮) અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થયા પછી શેષ અનિવૃત્તિકરણના કાળ જેટલી (= અંતર્મુહૂર્ત જેટલી) મિથ્યાત્વની પ્રથમસ્થિતિ બાકી રહે છે, તે ઉદય અને ઉદીરણા વડે ભોગવે છે... એ પ્રમાણે ભોગવતાં જ્યારે ૨ આવલિકાપ્રમાણ સ્થિતિ બાકી રહે, ત્યારે આગાલવિચ્છેદ થાય છે.

આગાલ એટલે શું ?

દ્વિતીયસ્થિતિમાંથી જે દલિકો ઉદીરણાકરણ દ્વારા ઉદયાવલિકામાં નાંખીને ભોગવાય

पूर्वसूरिभिर्विशेषप्रतिपत्त्यर्थमागाल इत्युच्यते तत ऊर्द्ध्वमुदीरणैव प्रथमस्थितितः प्रवर्तते, साऽपि प्रथमस्थितेरावलिकाप्रमाणस्थितौ शेषायां शान्ता = व्यवच्छिन्ना भवति, ततः केवलेन शुद्धेनोदयेनाऽऽवलिकामात्रां प्रथमस्थितिमनुभवति । उक्तं च **पञ्चसङ्ग्रहे** –

"इगदुग आवलि सेसाइ णत्थि पढमा उदीरणागालो ।
पढमठिइए उदीरण बीयाओ एइ आगाला ॥१॥

इत्येवं कषायप्राभृतचूर्णावप्युक्तम् – **"पढमट्ठिदीओ वि बिदियट्ठिदियो वि आगाल पडिआगालो ताव, जाव आवलिअपडिआवलियाओ सेसाओ"** इति, [१]अत्राऽऽवलिकाशब्देनोदयावलिका ग्राह्या, प्रत्यावलिकाशब्देन चोदयावलिकोपरितनाऽऽवलिकाप्रमाणस्थितिर्ज्ञेया । तेन चूर्णिसूत्रस्याऽयं भावार्थः – प्रथमस्थितित उद्वर्त्यमानस्थितिः प्रत्यागालः, द्वितीयस्थितितोऽपवर्त्यमानस्थितिरागालः । [२]आगालो नाम द्वितीयस्थितेर्दलानामपवर्तनया प्रथमस्थितौ

તેને **आगाल** કહેવાય છે.

આગાલ એ ઉદીરણાનો જ એક ભેદ છે, પણ વિશેષ બોધ થાય તે માટે પૂર્વાચાર્યોએ તેનું આગાલ એવું નામાંતર કર્યું છે.

આગાલનો વિચ્છેદ થયા પછી ૧ આવલિકા સુધી ઉદીરણા ચાલુ હોય છે. **ઉદીરણા** એટલે પ્રથમ સ્થિતિના ઉદયાવલિકાની ઉપરના દલિકોને ઉદીરણાકરણ દ્વારા ઉદયાવલિકામાં લાવી ભોગવવા તે.

પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે, ત્યારે ઉદીરણા પણ બંધ પડે છે. તેની છેલ્લી આવલિકા માત્ર શુદ્ધ ઉદય દ્વારા જ ભોગવાય છે.

પંચસંગ્રહમાં પણ આ જ પ્રમાણે કહ્યું છે. **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** પણ કહ્યું છે - પ્રથમસ્થિતિ અને દ્વિતીયસ્થિતિ સંબંધી આગાલ અને પ્રત્યાગાલ, આવલિકા અને પ્રત્યાવલિકા શેષ રહે ત્યાં સુધી જ પ્રવર્તે છે.

અહીં આવલિકા = ઉદયાવલિકા.

પ્રત્યાવલિકા = ઉદયાવલિકા ઉપરની આવલિકા.

---

१. उक्तञ्च जयधवलायाम्-"तत्थ आवलिया त्ति वृत्तं उदयावलिया घेत्तव्वा पडिआवलिया त्ति एदेण वि उदयावलियादो उवरिम विदियावलिया गहेयव्वा ।"

२. उक्तञ्च जयधवलायाम् आगालनमागालो विदियट्ठिदिपदेसाणं पढमठिदीए ओकट्टणावसेणागमणमिति वुत्तं होइ । प्रत्यागलनं प्रत्यागाल पढमट्ठिदिपदेसाण विदियट्ठिदीए उक्कडुणावसेण गमणमिदं भणिदं होइ । तदा पढमविदियट्ठिदियपदेसाणमुक्कड्डणोकड्डणावसेण परोप्परं विसयसंकमो आगालपडिआगालो त्ति घेतव्वो ।

प्रक्षेपणम्, प्रत्यागालो नाम प्रथमस्थितेर्दलानामुद्वर्तनया द्वितीयस्थितौ निक्षेपणमित्यर्थः। तौ तावद् वक्तव्यौ यावदुदयावलिकोपरितनाऽऽवलिका शेषा भवति, प्रथमस्थितेरावलिकाद्विकं शेषं भवतीत्यर्थः ।

(९९) **ननु** प्रथमस्थितौ द्व्यावलिकाशेषायां प्रत्यागालो व्यवच्छिद्यते, कथमेतदवसीयत इति **चेद् ? उच्यते** – यदा मिथ्यात्वस्य प्रत्यागालः प्रवर्तते तदा मिथ्यात्वस्य प्रथमस्थितितो दलान्युद्वर्तनया द्वितीयस्थितौ निक्षिप्यन्ते, 'उद्वर्तनाऽऽवलिकागतं कर्म सकलकरणाऽयोग्यम्' इति कृत्वाऽऽवलिकापर्यन्तं तद्दलिकं तदवस्थं तिष्ठति । ततः परं तदुपशमयितुं प्रक्रमते, एकसमयेनोद्वर्त्तितदलिकमावलिकाकालेन सर्वथोपशम्यते, एकसमयबद्धनूतनदलिकवत् । तथा च सति यदि प्रत्यागालोऽनिवृत्तिकरणस्य चरमसमयपर्यन्तं प्रवर्तते, तर्हि यथाऽनिवृत्तिकरणस्य चरमसमये समयोनाऽऽवलिकाद्विकबद्धदलिकमनुपशान्तं तिष्ठति तथैव समयोनाऽऽवलिकाद्विकेनोद्वर्त्तितमपि दलं द्वितीयस्थितावनुपशान्तं तिष्ठेत् । **न चो**द्वर्त्तितमपि दलमनिवृत्तिकरण-

गुणधन्या

આગાલ = દ્વિતીયસ્થિતિમાંથી અપવર્તના વડે પ્રથમસ્થિતિમાં દલિકોનો પ્રક્ષેપ.

પ્રત્યાગાલ = પ્રથમસ્થિતિમાંથી ઉદ્વર્તના વડે દ્વિતીયસ્થિતિમાં દલિકોનો પ્રક્ષેપ.

આ પ્રમાણે આગાલ અને પ્રત્યાગાલ પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષ રહે, ત્યાં સુધી જ હોય છે.

(૯૯) **પ્રશ્ન** : પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષ રહે ત્યારે પ્રત્યાગાલ વિચ્છેદ પામે છે, તે કેવી રીતે જણાય ?

ઉત્તર : જ્યારે મિથ્યાત્વનો પ્રત્યાગાલ ચાલુ હોય છે, ત્યારે મિથ્યાત્વની પ્રથમસ્થિતિમાં રહેલા દલિકો ઉદ્વર્તનાકરણ વડે દ્વિતીયસ્થિતિમાં નંખાય છે. ઉદ્વર્તનાવલિકાગત કર્મ સકલ કરણને અયોગ્ય હોય, એવો નિયમ છે. તેથી ૧ આવલિકા સુધી તે દલિક તેમ જ પડ્યું રહે છે. ત્યારબાદ ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. અને તેને ઉપશમાવતાં ૧ સમયબદ્ધ દલિકની જેમ ૧ આવલિકા જેટલો કાળ લાગે છે. હવે જો પ્રત્યાગાલ અનિવૃત્તિકરણના ચરમસમય સુધી ચાલુ જ રહે, તો અનિવૃત્તિકરણના ચરમસમયે, જેવી રીતે સમયોન ૨ આવલિકામાં બદ્ધ દલિકો અનુપશાંત રહે છે. તેવી રીતે સમયોન ૨ આવલિકાનું ઉદ્વર્તિત દલિક (= પ્રત્યાગાલથી દ્વિતીયસ્થિતિમાં આવેલ દલિક) પણ અનુપશાંત જ રહેવાની આપત્તિ આવે.

પ્રશ્ન : ઉદ્વર્તિત દલિક પણ ચરમસમયે અનુપશાંત રહે તો શું વાંધો ?

ઉત્તર : અનિવૃત્તિકરણના ચરમસમયે સમયોન ૨ આવલિકા બદ્ધ દલિક જ અનુપશાંત

चरमसमयेऽनुपशान्तं तिष्ठतु विरोधाऽभावादिति **वाच्यम्,** अनिवृत्तिकरणचरमसमये समयोनाऽऽवलिकाद्विकेन बद्धाभिनवदलिकमेवानुपशान्तं तिष्ठतीति तमन्तरेण सर्वस्यापि दलिकस्योपशमनासम्भवाद् न विरोधाभावः ।

यदाऽऽवलिकाद्वये शेष आगालो विच्छिद्यते, तदा मिथ्यात्वस्य गुणश्रेणिरपि व्यवच्छिन्ना भवति ।

(१००) **नन्वन्तरकरणक्रियायां** पूर्णायां गुणश्रेणेर्दलिकप्रक्षेपः कुत्र भवति ? यतः पूर्वोक्तप्रकारेणापूर्वकरणानिवृत्तिकरणाद्धायाः किञ्चिदधिके काले गुणश्रेणिदलरचना भवेत्तर्हि मिथ्यात्वाभाववत्यन्तरकरणेऽपि दलिकनिक्षेपः स्यात्, तेनानिवृत्तिकरणे परिसमाप्तेऽन्तरकरणं प्रविशन् मिथ्यात्वस्य दलान्यनुभवेत्, मिथ्यात्वं चानुभवन्नौपशमिकसम्यक्त्वं नाश्नुयादिति **चेद्, उच्यते** – अन्तरकरणं कुर्वन्नन्तरकरणगतगुणश्रेणिसङ्ख्येयतमभागस्य दलान्यप्युत्किरति, अपूर्वकरणानिवृत्तिकरणाद्धाया उपरितनकिञ्चिदधिककालप्रमाणगुणश्रेणिनिक्षेपं सङ्कुच्यान्तर-

રહે છે, તે સિવાયના બધા દલિકો ઉપશમી ગયા હોય જ. આથી ઉદ્વર્તિત દલિક અનુપશાંત ન રહે, તેથી ૨ આવલિકા શેષ રહે ત્યારે, પ્રત્યાગાલ પણ વિચ્છેદ પામી જાય છે.

જ્યારે પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષ રહેતાં આગાલ, પ્રત્યાગાલ વિચ્છેદ પામે છે, ત્યારે મિથ્યાત્વની ગુણશ્રેણી પણ વિચ્છેદ પામે છે.

अंतरकरण कर्या पछी गुणश्रेणीनो निक्षेप क्यां थाय ?

(१००) **प्रश्न :** અંતરકરણ ક્રિયાકાળ પૂર્ણ થયા પછી ગુણશ્રેણીના દલિકનો નિક્ષેપ ક્યાં કરે ? કારણ કે પહેલા કહ્યું છે તેમ જો ગુણશ્રેણીના દલની રચના અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળથી **કાંઈક અધિક** કાળમાં થાય, તો મિથ્યાત્વના દલિકોના અભાવવાળા અંતરકરણમાં પણ દલિકોનો નિક્ષેપ થાય. (કારણ કે અનિવૃત્તિકરણના કાળની ઉપર જ અંતર કરેલ છે.) અને જો આવું થાય, તો અનિવૃત્તિકરણ સમાપ્ત થતાં જીવ જ્યારે અંતરકરણમાં પ્રવેશે, ત્યારે પણ મિથ્યાત્વના દલિકોનો ઉદય થાય અને તો સમ્યક્ત્વની પ્રાપ્તિ કેવી રીતે શક્ય બને ?

ઉત્તર : જીવ જ્યારે અંતરકરણની ક્રિયા કરે છે, તે સાથે જ અંતરકરણમાં રહેલા ગુણશ્રેણીના સંખ્યાતમા ભાગના દલિકોને ઉકેરે છે. અને અપૂર્વકરણ-અનિવૃત્તિકરણાદ્ધાની ઉપર કિંચિત્ અધિક કાળમાં રહેલા ગુણશ્રેણીના નિક્ષેપને સંકોચીને અંતરકરણ ક્રિયા

करणक्रियाऽनन्तरं गुणश्रेणिरचनामनिवृत्ति-करणाद्धापर्यन्तं करोति, ततो गुणश्रेण्या दलिकनिक्षेपोऽनिवृत्तिकरणाद्धापर्यन्तमेव भवति, नाऽग्र इति युक्तिप्रयुक्तिभिर्वयं सम्भावयामहे, तत्त्वं तु केवलिनो विदन्ति ।

यदा प्रथमस्थितेरावलिकायां शेषायामुदीरणा व्यवच्छिद्यते, तदा मिथ्यात्वस्य स्थितिघातरसघातावपि निवर्तते, आयुर्वर्जशेषकर्मणां स्थितिघातरसघातौ गुणश्रेणिश्च भवन्ति । एकविंशतितमगाथायां मूलकारः स्वयमेव वक्ष्यते – **'ठिइरसघाओ'** इत्यादि ।

तथा चाऽऽह **चूर्णिकारः** –

मिच्छत्तस्स पढमट्ठिति जाव एगावलिसेसा ताव ।
ठितिघातो रसघातो य अत्थि परउ नत्थि ॥

तथैव **पञ्चसङ्ग्रहे** –

"मिच्छत्तस्स इगि दुगावलिसेसाए पढमाए ।"

उक्तञ्च **कषायप्राभृतचूर्णिकारैरपि** – **"आवलियाए सेसाए मिच्छत्तस्स घादो नत्थि ।"**

(१०१) प्रथमस्थित्या एकस्यामावलिकायां शेषायां स्थितिघातो निवर्तते, तस्य कारणमस्माभिरिदं सम्भाव्यते – उपशमाद्धाप्रवेशावसरे समयोनाऽऽवलिकाद्वयमात्रे बद्धान्येव

બાદ ગુણશ્રેણીની રચના અનિવૃત્તિકરણના કાળપર્યંતની જ કરી દે છે. તેથી ગુણશ્રેણીના દલિકોનો નિક્ષેપ અનિવૃત્તિકરણના ચરમસમય સુધી થાય, તેનાથી આગળ નહીં, એવી સંભાવના અમે યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા કરીએ છીએ. તત્ત્વ તો કેવળી ભગવંત જાણે...

જ્યારે પ્રથમસ્થિતિની ૧ આવલિકા બાકી રહેતા ઉદીરણાનો વિચ્છેદ થાય છે, ત્યારે મિથ્યાત્વના સ્થિતિઘાત અને રસઘાત પણ બંધ થાય છે. અને આયુષ્ય સિવાયના શેષકર્મોના સ્થિતિઘાત-રસઘાત અને ગુણશ્રેણી ચાલુ રહે છે. આ જ વાત આગળ ૨૧મી ગાથામાં સ્પષ્ટ થશે.

તેમજ કર્મપ્રકૃતિચૂર્ણિ, પંચસંગ્રહ અને કષાયપ્રાભૃતચૂર્ણિકારે પણ કહ્યું છે - પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે મિથ્યાત્વનો સ્થિતઘાત-રસઘાત બંધ પડે છે.

(૧૦૧) પ્રશ્ન : પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે, ત્યારે સ્થિતિઘાત વિચ્છેદ પામે, તેમાં શું કારણ ?

ઉત્તર : ઉપશાન્તાદ્ધામાં પ્રવેશ કરતાં સમયન્યૂન ૨ આવલિકાબદ્ધ દલિક જ અનુપશાંત

दलिकान्यनुपशमितानि तिष्ठन्ति, यदि च चरमसमयपर्यन्तं स्थितिघातो मन्येत, तर्ह्यनिवृत्तिकरणस्य समयोनचरमाऽऽवलिकायां घातितस्थितेर्दलिकान्युपशान्ताद्धां प्रविष्टस्यानुपशमितानि तिष्ठेयुः । किं कारणमिति **चेद्,** उच्यते-यथा बन्धाऽऽवलिकायामतीतायामभिनवान्येकसमयबद्ध-दलिकान्युपशमयितुमेकावलिका व्यतिक्रान्ता भवति, तथैव स्थितिघाततः प्राप्तानि दलिकान्युपशमयितुमेकाऽऽवलिका गच्छेदिति कृत्वा समयोनाऽऽवलिकया घातितस्थिते-र्दलान्यप्यनिवृत्तिकरणचरमसमयेऽनुपशमितानि तिष्ठेयुरिति युक्तिभिः सङ्गच्छत इत्यस्माभिः सम्भाव्यते, न कुत्रचिदेतादृगुल्लेखो दृश्यते ।

मिथ्यात्वस्थितिबन्धस्तु प्रथमस्थितेश्चरमसमये निवर्तते, मिथ्यात्वस्य ध्रुवबन्धित्वादुदय-बन्धित्वाच्च ।

(१०२) षट्खण्डागमस्य धवलाटीकायां स्थितिघातो रसघातो वा कुत्र निवर्तते, तत्र दर्शितम्, तथापि प्रथमस्थितेश्चरमसमयपर्यन्तं स्थितिघातो रसघातश्च भवत इति मतं विद्यते

રહે છે, તે સિવાયનું નહીં. હવે જો ચરમસમય સુધી સ્થિતિઘાત માનીએ, તો અનિવૃત્તિકરણની સમયન્યૂન ચરમ આવલિકામાં ઘાતિત દલિકો પણ અનુપશાંત રહેવાની આપત્તિ આવે.

પ્રશ્ન : તે કેવી રીતે ?

ઉત્તર : જેમ બંધાવલિકા વીત્યા પછી પણ ૧ સમયબદ્ધ દલિકને ઉપશમાવતાં બીજી ૧ આવલિકા જેટલો કાળ થાય છે, તેવી રીતે સ્થિતિઘાતથી પ્રાપ્ત થયેલ દલિક પણ ૧ આવલિકા વીત્યા પછી જ ઉપશમે છે. આવો નિયમ હોવાથી સમયન્યૂન ચરમ આવલિકામાં ઘાત થયેલ સ્થિતિના દલિકો અનિવૃત્તિકરણના ચરમસમય સુધી અનુપશાંત રહેશે. તેથી મિથ્યાત્વનો સ્થિતિઘાત પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે જ અટકી જાય એવી અમે સંભાવના કરીએ છીએ. આ વાતનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી.

પ્રથમસ્થિતિના ચરમસમયે મિથ્યાત્વનો સ્થિતિબંધ પણ અટકી જાય છે. કારણ કે મિથ્યાત્વ ધ્રુવબંધી પ્રકૃતિ છે અને જ્યાં સુધી તેનો ઉદય હોય ત્યાં સુધી જ બંધાય છે. (હવે જીવ અંતરકરણમાં પ્રવેશે ત્યારે મિથ્યાત્વનો ઉદય ન હોવાથી બંધ પણ ન થાય.)

स्थितघातना विच्छेद विशे धवलाटीकानो मत

(૧૦૨) ષટ્ખંડાગમની ધવલાટીકામાં સ્થિતિઘાત-રસઘાત ક્યાં બંધ થાય - તેવું સ્પષ્ટ રૂપે બતાવ્યું નથી, તો પણ પ્રથમસ્થિતિના ચરમસમય પર્યંત સ્થિતિઘાતાદિ હોય છે, એવો તેમનો મત હોય એવું લાગે છે.

धवलाकाराणामिति प्रतिभाति, यतो **धवलायामल्पबहुत्वाधिकारे "चरमस्थितिबन्धाद्धा चरमस्थितिघाताद्धया तुल्या"** इत्युक्तमस्ति । तथा तांष्टीकाकाराननुसृत्य **लब्धिसारग्रन्थकारेणा**-प्युक्तम्, **"दर्शनमोहस्य प्रथमस्थितिसमाप्तिसमकालभावि शेषकर्मणां गुणसङ्क्रमचरम-समयसमकालभावि यदनुभागकण्डकं तदन्त्यानुभागकण्डकमित्युच्यते"** इति । चरमरसघातः प्रथमस्थितिसमाप्तिसमकाले पूर्णो भवतीत्यर्थः । किञ्चोपर्युक्तवक्तव्यतायां स्वीक्रियमाणायां प्रथमस्थितेश्चरमसमये मिथ्यात्वसत्कस्थितिघातरसघातयोर्व्यवच्छेदे कषायप्राभृतचूर्णिकारस्य विरोधस्स्यात्, यदुक्तं **चूर्णिकारेण – "आवलियाए सेसाए मिच्छत्तस्स घादो णत्थि ।"**

(१०२) **न च** चूर्णिकारस्याल्पबहुत्वविषयसूत्रे विरोध आपद्यत इति **वाच्यम्,** चूर्णिकारस्य सूत्रमेवम्भूतं नास्ति – **"चरमस्थितिघाताद्धा चरमस्थितिबन्धाद्धा दो वि तुल्ला ।"** किन्त्वित्थं सूत्रमस्ति **"चरमट्ठिदीखण्डउक्कीरणकालो तम्हि चेव ठिदिबंधकालो च दोवि तुल्ला संखेज्जगुणा"** इति । यश्चरमस्थितिखण्डोत्कीर्णकालस्तस्मिंश्चरमस्थितिखण्डोत्कीर्णकाले प्रवर्तमानो यः

ગુણધન્યા

કારણ કે ધવલાટીકામાં અલ્પબહુત્વાધિકારમાં - ચરમ સ્થિતિબંધાદ્ધા અને ચરમ સ્થિતિઘાતાદ્ધાને તુલ્ય કહ્યા છે. અને આને જ અનુસરીને **લબ્ધિસારમાં** પણ કહ્યું છે કે, દર્શનમોહનીયની પ્રથમસ્થિતિના સમાપ્તિકાળે, શેષ કર્મોના ગુણસંક્રમના ચરમસમયે સમકાળ રહેતા જે અનુભાગકંડક છે તે ચરમ છે. અર્થાત્ ચરમ રસઘાત પ્રથમસ્થિતિના સમાપ્તિકાળે જ પૂર્ણ થાય છે. (તેથી તેની સાથે ચરમ સ્થિતિઘાત પણ પ્રથમસ્થિતિના સમાપ્તિકાળ સુધી જ હોવાનું જણાય છે.)

પરંતુ આ પ્રમાણે પ્રથમ સ્થિતિના ચરમસમયે મિથ્યાત્વના સ્થિતિઘાત અને રસઘાતનો વિચ્છેદ માનવામાં **કષાયપ્રાભૃતચૂર્ણિકાર** સાથે વિરોધ આવે છે. કારણ કે ચૂર્ણિકાર આવલિકા શેષ રહે ત્યારે મિથ્યાત્વના સ્થિતિઘાતનો વિચ્છેદ માને છે.

(૧૦૩) પ્રશ્ન : ચૂર્ણિકારને પણ **ચરમસ્થિતિબંધ** અને **ચરમસ્થિતિઘાત**નો કાળ તુલ્ય હોય છે એવા અલ્પબહુત્વવિષયક સૂત્ર સાથે વિરોધ આવશે ને ?

ઉત્તર : ચૂર્ણિકારના મતે ઉપરોક્ત અલ્પબહુત્વવિષયક સૂત્ર છે જ નહીં. તેઓનું અલ્પબહુત્વસૂત્ર આ પ્રમાણે છે, કે 'ચરમસ્થિતિઘાતનો કાળ અને સ્થિતિબંધનો કાળ તુલ્ય છે. અને પૂર્વ કરતાં સંખ્યાતગુણ છે.' અહીં ચરમ સ્થિતિઘાત અને સ્થિતિબંધ તુલ્ય બતાવ્યો છે. પરંતુ ચરમ સ્થિતિબંધ તુલ્ય બતાવ્યો નથી.

આથી જ ચરમસ્થિતિઘાતનો કાળ, તે કાળે થતાં સ્થિતિબંધકાળની સમાન હોવા છતાં, ચરમ સ્થિતિબંધને તુલ્ય નથી કહ્યો. આ કારણે જ ચરમ સ્થિતિઘાત અને ચરમ

स्थितिबन्धस्तस्य कालः, तयोरुभयोस्तुल्यत्वमित्यर्थः । अत्र स्थितिबन्धकालस्य तुल्यत्वं दर्शितम्, न तु चरमस्थितिबन्धकालस्य, अत एव चरमस्थितिघातकालस्य तत्कालीनस्थिति-बन्धकालेन तुल्यत्वे सत्यपि चरमस्थितिबन्धचरमस्थितिघातयोर्व्यवच्छिन्नकालभेदे न कश्चिद्विरोधो विद्यते । उभयोर्व्यवच्छिन्नकालभेदादेव **"आवलियाए सेसाए मिच्छत्तस्स घादो णत्थि"** इति चूर्णिसूत्रमपि सङ्गच्छते ।

(१०४) मिथ्यात्वस्य स्थितघातरसघातयोर्निवृत्तयोः केवलेन शुद्धेनोदयेनाऽऽवलिकाप्रमाणां प्रथमस्थितिमनुभवत आवलिकायाश्चरमसमये मिथ्यात्वस्य बन्धोदयौ युगपन्निवर्तेते । ततोऽनन्तरसमय उपशान्ताद्धां प्रविशति । उपशान्ताद्धां प्रविष्टस्य सतो जन्तोः प्रथमसमय एव मोक्षबीजमौपशमिकं सम्यक्त्वमुपजायते, उक्तञ्च **पञ्चसङ्ग्रहे –**

"आवलीमेत्तं उदयेण वेइउं ठाइ उवसमद्धाए ।
उवसमियं तत्थ भवे सम्मत्तं मोक्खबीयं जं ॥१॥" इति ।

इयमुपशान्ताद्धा परिनिष्ठितान्तरकरणदेशस्तेनोपशान्ताद्धाप्रवेशसमय एवौपशमिकं सम्यक्त्वमवाप्नोति, मिथ्यात्वदलिकवेदनाभावात् । अमुमेव पदार्थं सूत्रकृद् विस्तरशो व्याचिकीर्षुराह –

સ્થિતિબંધ જુદા જુદા કાળે હોવામાં કોઈ વિરોધ આવતો નથી. અને તેથી જ 'આવલિકા શેષે સ્થિતિઘાત વિચ્છેદ પામે,' એવું પૂર્વોક્ત સૂત્ર પણ સંગત બને.

(૧૦૪) મિથ્યાત્વના સ્થિતિઘાત અને રસઘાત બંધ થયા પછી ૧ આવલિકાપ્રમાણ સ્થિતિને માત્ર શુદ્ધ ઉદય દ્વારા જ ભોગવે છે. અને આવલિકાના ચરમસમયે મિથ્યાત્વનો બંધ અને ઉદય એકસાથે જ અટકી જાય છે.

ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ

ત્યારપછીના સમયે જીવ ઉપશાંતાદ્ધામાં પ્રવેશ કરે છે અને તેના પ્રથમસમયે જ ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

પંચસંગ્રહમાં કહ્યું છે - આવલિકા માત્ર સ્થિતિને ભોગવીને જીવ ઉપશાંતાદ્ધામાં પ્રવેશ કરે છે અને ત્યાં મોક્ષના બીજસ્વરૂપ ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

ઉપશાંતાદ્ધા = દલિકો વિનાની બનાવેલ જગ્યા (દલિકરહિત કાળ).

તેથી જ ઉપશાંતાદ્ધામાં પ્રવેશ કરતાં જ જીવ ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. કારણ કે ત્યાં મિથ્યાત્વના દલિકોનો ઉદય નથી. આ જ વાત સૂત્રકાર વિસ્તારથી કહે છે -

मिच्छत्तुदए खीणे लहए सम्मत्तमोवसमियं सो ।
लंभेण जस्स लभई आयहियमलद्धपुव्वं जं ॥१८॥

मिथ्यात्वोदये क्षीणे लभते सम्यक्त्वमौपशमिकं सः ।
लम्भेन यस्य लभते आत्महितमलब्धपूर्वं यत् ॥१८॥ इति पदसंस्कारः ॥

(१०५) "मिच्छत्तुदए" इत्यादि, मिथ्यात्वस्योदये क्षीणे सति स जीव उक्तेन प्रकारेणौपशमिकं सम्यक्त्वं लभते = अश्नुते । "जस्स" इत्यादि, यस्य सम्यक्त्वस्य लाभेन यदात्महितमलब्धपूर्वम् = अनादौ संसारसागरेऽप्राप्तपूर्वम्, संसारसागरस्य वडवाग्निकल्पम्, शिवहर्म्यसोपानम्, चिन्तमणिरत्नसदृशं जिनेन्द्रप्रणीततत्त्वप्रतिपत्त्यादिरूपम्, तल्लभते ।

यथा निदाघतौं मध्याह्नकाले निर्जलवने सहस्ररश्मेरातपेन पीड्यमानः पथिको जलचन्दनलेपादि प्राप्यापूर्वाऽऽनन्दमनुभवति, तथैव सम्यक्त्वलाभे सति तत्पुरुषस्य महान् प्रमोदो जायते । उक्तं च **सम्यक्त्वप्रकरणे –**

(१०६) संसारगिम्हतविओ तत्तो गोसीसचंदणरसोव्व ।
अइपरमनिव्वुइकरं तस्संते लहइ सम्मत्तं ॥

ગુણધન્યા

ગાથાર્થ : મિથ્યાત્વનો ઉદય ક્ષય પામતાં, જીવ ઉપશમસમ્યક્ત્વને પામે છે. જેના લાભથી પૂર્વે કદી નહીં મેળવેલા આત્મહિતને પામે છે.(૧૮)

(૧૦૫) વિવેચન : મિથ્યાત્વનો ઉદય ક્ષીણ થયા પછી, જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. અને તેની પ્રાપ્તિથી અનાદિ સંસારસાગરમાં પહેલા ક્યારેય નહીં પામેલું એવું આત્મહિત જીવ પામે છે.

સમ્યક્ત્વનું સ્વરૂપ

સમ્યક્ત્વ સંસારસાગરને શોષવા વડવાનલસમાન છે, શિવમંદિરના સોપાનસમાન છે, ચિંતામણિરત્નસમાન અને જિનેશ્વરપ્રણીત તત્ત્વમાં શ્રદ્ધાસ્વરૂપ છે.

જેવી રીતે ગ્રીષ્મઋતુમાં ભરબપોરે નિર્જલવનમાં સૂર્યના કિરણોથી પીડાતો મુસાફર જલ તથા ચંદનના લેપથી અપૂર્વ આનંદ અનુભવે, તેવી રીતે સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં તે સમ્યગ્દૃષ્ટિ જીવને અત્યંત આનંદ થાય છે.

(૧૦૬) સમ્યક્ત્વ પ્રકરણમાં કહ્યું છે કે, 'સંસારરૂપી ગ્રીષ્મઋતુથી તાપ પામેલા

तथैवान्यत्रापि –

जात्यन्धस्य यथा पुंसश्चक्षुर्लाभे शुभोदये ।
सद्दर्शनं तथैवाऽस्य सम्यक्त्वे सति जायते ॥

आनन्दो जायतेऽत्यन्तं तात्त्विकोऽस्य महात्मनः ।
सद्व्याध्यपगमे यद्व्याधितस्य सदौषधात् ॥

(१०७) तथा चोक्तं **समरादित्यकथायां** प्रथमभवाधिकारे –

[१]**सम्मत्तं उवसममाइएहि लक्खिज्जई उवाएहि ।**
आयपरिणामरूवं बज्झेहि पसत्थजोगेहिं ॥१॥

एत्थ परिणामो खलु जीवस्स सुहो उ होइ विन्नेओ ।
किं मलकलंकमुक्कं कणयं भुवि सामलं होइ ॥२॥

पयईइ कम्माणं वियाणिउं वा विवागअसुहत्ति ।
अवरद्धे वि ण कुप्पइ उवसमओ सव्वकालं पि ॥३॥

ગુણધન્યા

એવા સંતપ્ત જીવને જેમ ગોશીર્ષચંદનનો રસ પરમતૃપ્તિકર છે. તેમ અત્યંત પરમશાંતિને કરનાર એવું સમ્યક્ત્વ, જીવ તેના અંતે (= અનિવૃત્તિકરણના અંતે, અર્થાત્ અનિવૃત્તિકરણ પૂર્ણ થયા બાદ) પામે છે.'

અન્યત્ર પણ કહ્યું છે : જેમ જાત્યંધ પુરુષને પુણ્યોદયે ચક્ષુના લાભથી વસ્તુઓ બરાબર દેખાય છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ યથાવસ્થિત વસ્તુતત્ત્વને જાણે છે. તથા મહાવ્યાધિથી પીડાતા જીવને વ્યાધિ દૂર થવાથી જેવો આનંદ થાય, તેવો આનંદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જીવને થાય.

(૧૦૭) **સમરાદિત્યમહાકથામાં** પ્રથમભવના અધિકારમાં કહ્યું છે :-

આત્મપરિણામરૂપ સમ્યક્ત્વ બાહ્ય પ્રશસ્ત યોગોથી અને ઉપશમ વગેરેરૂપ ઉપાયોથી ઓળખાય છે. (૧)

સમ્યક્ત્વમાં જીવનો પરિણામ ખરેખર શુદ્ધ હોય, એમ સમજવું... શું આ જગતમાં મલરૂપ કલંકથી મુક્ત એવું સુવર્ણ શ્યામવર્ણી હોઈ શકે ? (૨)

---

१. सम्यक्त्वमुपशमादिकैर्लक्ष्यते उपायैः । आत्मपरिणामरूपं बाह्यैः प्रशस्तयोगैः ॥१॥
अत्र च परिणामः खलु जीवस्य शुभस्तु भवति विज्ञेयः । किं मलकलङ्कमुक्तं कनकं भुवि श्यामलं भवति ॥२॥
प्रकृतेश्च कर्मणां विज्ञाय वा विपाकमशुभमिति । अपराद्धेऽपि न कुप्यत्युपशमतः सर्वकालमपि ॥३॥

[1]नरविबुहेसरसोक्खं दुक्खं चिय भावओ उ मन्नन्तो ।
संवेगओ न मोक्खं मोत्तूण किंचि पत्थइ ॥४॥

नारयतिरियनरामरभवेसु निव्वेयओ वसइ दुक्खं ।
अकयपरलोयमग्गो ममत्तविसवेगरहिओ वि ॥५॥

दट्ठूण पाणिनिवहं भीमे भवसागरम्मि दुक्खत्तं ।
अविसेसओ अणुकम्पा दुहा वि सामत्थओ कुणइ ॥६॥

मन्नइ तमेव सच्चं नीसंकं जं जिणेहिं पन्नत्तं ।
सुहपरिणामो सव्वं कंखाइविसोत्तियारहिओ ॥७॥

एवंविहपरिणामो सम्मद्दिट्ठी जिणेहि पन्नत्तो ।
एसो य भवसमुद्दं लंघइ थेवेण कालेण ॥८॥

અથવા સ્વભાવથી કર્મોનો વિપાક અશુભ છે - એવું જાણીને ઉપશમભાવ ધરનારો જીવ હંમેશા માટે અપરાધી વિશે પણ ગુસ્સો ન કરે. (૩)

રાજા કે ઇન્દ્રનું સુખ પણ પરમાર્થથી દુઃખ જ છે - એવું માનતો જીવ સંવેગના કારણે મોક્ષ સિવાય બીજા કોઈની પણ પ્રાર્થના ન કરે. (૪)

જો કે મમત્વરૂપ ઝેરના આવેગથી રહિત પણ તે સમ્યક્ત્વી, ન કરેલા પરલોકના માર્ગવાળો (એટલે કે ન લીધેલા ચારિત્રવાળો એવો તે) નિર્વેદના કારણે નારક-તિર્યંચ-મનુષ્ય કે દેવના ભવોમાં દુઃખપૂર્વક વસે છે. (૫)

ભયંકર ભવસાગરમાં પ્રાણીઓના સમૂહને દુઃખથી પીડિત જોઈને સમ્યગ્દૃષ્ટિ જીવ સામર્થ્યાનુસાર દ્રવ્યાનુકંપા અને ભાવાનુકંપા એમ બંને પ્રકારની અનુકંપા સમાનપણે કરે છે. (૬)

શુભપરિણામવાળો અને શંકા-કાંક્ષા વગેરે વિશ્રોતસિકાથી (= મલિન અધ્યવસાયોથી) રહિત એવો સમ્યક્ત્વી જીવ માને છે કે, જે પરમાત્મા વડે કહેવાયું છે તે જ નિઃશંકપણે સાચું છે. (૭)

આવા પરિણામવાળો જીવ પરમાત્મા વડે 'સમ્યગ્દૃષ્ટિ' કહેવાયો છે. આવો જીવ થોડા જ કાળમાં ભવસમુદ્રને ઓળંગી જાય છે. (૮)

---

१. नरविवुधेश्वरसौख्यं दुःखमेव भावतस्तु मन्यमानः । सवेगतो न मोक्षं मुक्त्वा किञ्चित्प्रार्थयते ॥४॥
नारकतिर्यग्नरामरभवेषु निर्वेदतः वसति दुःखम । अकृतपरलोकमार्ग ममत्व विषवेगरहितोऽपि ॥५॥
दृष्ट्वा प्राणिनिवहं भीमे भवसागरे: दुःखार्तम् । अविशेषतोऽनुकम्पां द्विधाऽपि सामर्थयतः करोति ॥६॥
मन्यते तदेव सत्य निःशङ्क यज्जिनैः प्रज्ञप्तं । शुभपरिणामः सर्वं काङ्क्षादिविश्रोतसिकारहितः ॥७॥
एवविधपरिणामः सम्यग्दृष्टिर्जिनैः प्रज्ञप्तः । एष च भवसमुद्रं लङ्घते स्तोकेन कालेन ॥८॥

(१०८) मिथ्यात्वस्य त्रिपुञ्जकरणस्वरूपं वक्तुकाम आह –

तं कालं बीयठिइं तिहाणुभागेण देसघाइत्थ ।
सम्मत्तं संमिस्सं मिच्छत्तं सव्वघाइओ ॥१९॥

तस्मिन् काले द्वितीयस्थितिं त्रिधाऽनुभागेन देशघात्यत्र ।
सम्यक्त्वं सम्मिश्रं मिथ्यात्वं सर्वघातिकः ॥१९॥ इति पदसंस्कारः

"तं कालं" इत्यादि, तस्मिन् काले सम्यक्त्वप्राप्तिप्रथमसमय इत्यर्थः, औपशमिकसम्यग्दृष्टि-र्द्वितीयस्थितिगतानि मिथ्यात्वदलिकान्यनुभागभेदेन त्रिधा करोति – शुद्धमर्धशुद्धमशुद्धं चेति, कथमेतदवसीयत इति **चेत्**, उच्यते – औपशमिकसम्यग्दृष्टेः सम्यक्त्वप्राप्तित आवलिकाया अभ्यन्तरे सम्यङ्मिथ्यात्वस्य सङ्क्रमो न भवति, किं कारणमिति **चेद्** ? उच्यते – मिथ्यात्व-पुद्गला एव सम्यक्त्वानुगतविशोधिप्रभावतः सम्यङ्मिथ्यात्वरूपाः क्रियन्त इति कृत्वाऽन्य-प्रकृतिरूपतया परिणामाऽन्तरमापद्यन्ते, अन्यप्रकृतिरूपतया परिणामान्तरापादानं च सङ्क्रम उच्यते, सङ्क्रमावलिकागतं च कर्म सकलकरणायोग्यमिति कृत्वा सम्यक्त्वलाभादावलिकाया

(१०८) हवे मिथ्यात्वनां त्रिपुंजीकरणने कहेवानी इच्छावाळा ग्रंथकार कहे छे :-

गाथार्थ : ते समये बीजी स्थितिने रसभेदे त्रण प्रकारनी करे छे. त्यां देशघाती रसवाळा जे प्रदेशो करे छे, ते सम्यक्त्वमोहनीय, तथा सर्वघाती रसवाळा प्रदेशो ते मिश्रमोहनीय अने मिथ्यात्वमोहनीयना छे.(१९)

विवेचन : उपशमसम्यक्त्वनी प्राप्तिनी साथे ज अर्थात् उपशमसम्यक्त्वना प्रथमसमये बीजी स्थितिमां रहेल मिथ्यात्वमोहनीयना दलिकना रसभेदे त्रण पुंज करे छे, अर्थात् शुद्ध, अर्धशुद्ध अने अशुद्ध एम त्रण प्रकार करे छे.

प्रश्न : सम्यक्त्वना प्रथमसमये त्रण पुंज थाय छे, एवुं शी रीते जणाय ?

उत्तर : औपशमिक सम्यग्दृष्टिने सम्यक्त्वनी प्राप्तिनी प्रथमावलिकामां मिश्रमोहनीयना संक्रमनो निषेध कर्यो छे. ए उपरथी नक्की थाय छे के सम्यक्त्वना प्रथमसमये त्रण पुंज थाय छे. अहीं मिथ्यात्वमोहनीयना पुद्गलो सम्यक्त्वगत विशुद्धिना प्रभावथी मिश्रमोहनीयरूपे थया होवाथी ते अन्यप्रकृतिरूप परिणामने पामे छे. आने संक्रम कहेवाय छे. अने संक्रमावलिकागत कर्ममां एकावलिका सुधी कोई करण लागी शके नहीं, तेथी मिश्रमोहनीयनो सम्यक्त्वप्राप्ति पछीनी प्रथमावलिकामां सम्यक्त्वमोहनीयमां संक्रम थई शके नहीं, एम **संक्रमकरणमां** कहेलुं छे. आम सम्यक्त्वप्राप्तिथी आवलिका

अभ्यन्तरे सम्यङ्मिथ्यात्वं सम्यक्त्वे न सङ्क्रम्यते । उक्तं च **कर्मप्रकृतिचूर्णौ** –

(१०९) **"अट्ठावीससंतकम्मियस्स सम्मत्तलंभातो आवलियाए परतो वट्टमाणस्स सम्मत्तं पडिग्गत्तेति फेडिए सत्तावीसा संकमति, तस्सेव आवलिया अब्भंतरतो वट्टमाणस्स कमो सम्मामिच्छत्तस्स संकमो णत्थि त्ति छव्विसा संकमंति ।"**

अत्र प्रथमसम्यक्त्वप्राप्तित आवलिकापर्यन्तं सम्यङ्मिथ्यात्वस्य (मिश्रस्य) सङ्क्रमो निषिध्यते, न त्वौपशमिकसम्यक्त्वाभिमुखस्य मिथ्यात्वचरमसमयतः, न वा सम्यक्त्वप्राप्तितः समयोनाऽऽवलिकापर्यन्तमिति हेतोरन्तरकरणप्रथमसमय औपशमिकसम्यग्दृष्टिस्त्रीन् पुञ्जान् करोति । तथा चाऽत्र **शतकचूर्णिः** –

पढमसम्मत्त उप्पाडितो तिन्नि करणाणि करेओ उवसमसम्मत्तपडिवन्नो मिच्छत्तदलियं तिपुंजीकरेइ सुहं मीसं असुहं चेत्ति ।

तथैव **कर्मस्तवे**ऽप्युक्तम्-**इहाऽनन्तराऽभिहितविधिनौपशमिकसम्यक्त्वेनौषधिविशेषकल्पेन**

સુધી મિશ્રના સંક્રમનો નિષેધ કર્યો હોવાથી, અંતરકરણના પ્રથમસમયે ત્રણ પુંજ કરતો હોવાનું ફલિત થાય છે.

(૧૦૯) કર્મપ્રકૃતિચૂર્ણિમાં આ પ્રમાણે પાઠ છે - '૨૮ની સત્તાવાળા અને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી એક આવલિકાની ઉપર વર્તનારા એવા જીવને 'સમ્યક્ત્વમોહનીય' રૂપ પ્રકૃતિ પણ પતદ્ગ્રહરૂપે બનતાં ૨૭ પ્રકૃતિઓનો સંક્રમ થાય છે... અને એ જ જીવ જો (સમ્યક્ત્વપ્રાપ્તિ પછીની) આવલિકાની અંદર વર્તતો હોય, તો તેને મિશ્રમોહનીયનો સંક્રમ ન હોવાથી ૨૬ પ્રકૃતિઓ સંક્રમે.'

અહીં પણ પ્રથમસમ્યક્ત્વની પ્રાપ્તિથી ૧ આવલિકા સુધી મિશ્રમોહનીયના સંક્રમનો નિષેધ કર્યો છે. પણ મિથ્યાત્વના ચરમસમયથી સંક્રમનો નિષેધ કર્યો નથી. તથા સમ્યક્ત્વપ્રાપ્તિ પછી સમયન્યૂન આવલિકા પર્યંત પણ સંક્રમનો નિષેધ કર્યો નથી. પરંતુ માત્ર પ્રથમાવલિકાપર્યંત સંક્રમનો નિષેધ કર્યો છે. તે કારણથી અંતરકરણના પ્રથમસમયથી જ ઔપશમિક સમ્યક્ત્વી જીવ ત્રણ પુંજ કરે એવું ફલિત થાય.

શતકચૂર્ણિમાં પણ આ પ્રમાણે કહ્યું છે - પ્રથમ સમ્યક્ત્વને ઉત્પન્ન કરનાર જીવ ૩ કરણ કરીને, ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને મિથ્યાત્વના દલિકોના શુભ-અશુભ અને મિશ્ર એમ ૩ પુંજ કરે છે.

તથા **કર્મસ્તવમાં** પણ કહ્યું છે - અનંતર કહેલા પ્રકારવડે ઉપશમ સમ્યક્ત્વરૂપ વિશેષ

मदनकोद्रवस्थानीयं मिथ्यात्वमोहनीयं कर्म शोधयित्वा त्रिधा करोति, तद्यथा – शुद्धमर्धविशुद्धमशुद्धं चेति ।

तथा चोक्तं **कषायप्राभृतचूर्णावपि – "चरमसमयमिच्छदिट्ठी से काले उवसंतदंसणमोहणीओ ताधे चेव तिण्णि कम्मंसा उप्पादिदा"**

(१०९) तत्र शुद्धं सम्यक्त्वमोहनीयम्, तच्च देशघाति, देशघातिरससमन्वितत्वात् तस्यानुभाग एकस्थानको मन्दद्विस्थानको वा । अर्धविशुद्धं मिश्रमोहनीयम्, तच्च सर्वघाति, तस्य सर्वघातिरससमन्वितत्वात्, तस्यानुभागो मध्यमद्विस्थानकः, अशुद्धं मिथ्यात्वमोहनीयं तच्च सर्वघाति, सर्वघातिरससमन्वितत्वात्, तस्यानुभागो मध्यमद्विस्थानकादग्रेतनो यावत् त्रिचतुःस्थानको भवति, तदेव सूत्रकारोऽभिधत्ते-"सम्मिसं" इत्यादि, मिश्रेण सहितं मिथ्यात्वं सर्वघाति भवति। मिथ्यात्वसत्कानुभागस्य त्रिधा करणं त्रिपुञ्जकरणमित्युच्यते, पञ्चसङ्ग्रहादिकाराणामभिप्रायेण पुनस्त्रिपुञ्जा मिथ्यात्वचरमोदये वर्तमानेन सम्यक्त्वाभिमुखेन मिथ्यादृष्टिना क्रियते ।

उक्तं च **पञ्चसङ्ग्रहकारैः –**

उवरिमठिइअणुभागं तं च तिहा कुणइ चरिममिच्छुदए ।
देसघाईणं सम्मं इयरेण मिच्छमीसाइं ॥१॥

गुणधन्या

ઓષધિ દ્વારા માદક પદાર્થથી મિશ્રિત કોદરાની સમાન મિથ્યાત્વમોહનીયના શુદ્ધ-અર્ધશુદ્ધ અને અશુદ્ધ એમ ૩ વિભાગ કરે છે.

તથા **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** પણ આ જ પ્રમાણે કહેલું છે. કે 'મિથ્યાત્વના ચરમસમયવર્તી જીવ પછી જ્યારે ઉપશાંતદર્શનમોહનીયવાળો થાય ત્યારે તે કર્મના ત્રણ વિભાગ કરે છે.'

(૧૦૯) તેથી આ બધા શાસ્ત્રપાઠોથી એમ જણાય છે, કે સમ્યક્ત્વપ્રાપ્તિના પ્રથમસમયે ૩ પુંજ કરે છે. તેમાં -

(૧) જે શુદ્ધદલિકો છે, તે સમ્યક્ત્વમોહનીયના છે. અને તે (દેશઘાતી રસથી યુક્ત હોવાથી) દેશઘાતી છે. અને તેનો રસ એકઠાણિયો અથવા મંદ ૨ ઠાણિયો હોય છે.

(૨) જે અર્ધશુદ્ધ છે, તે મિશ્રમોહનીયના છે. અને તે (સર્વઘાતી રસથી યુક્ત હોવાથી) સર્વઘાતી છે. અને તેનો રસ મધ્યમ ૨ ઠાણિયો હોય છે.

(૩) જે અશુદ્ધ છે, તે મિથ્યાત્વમોહનીયના છે. અને તે પણ (સર્વઘાતી રસથી યુક્ત હોવાથી) સર્વઘાતી છે. અને તેનો રસ મધ્યમ ૨ ઠાણિયાથી વધુ યાવત્ ૩-૪ ઠાણિયા સુધીનો હોય છે.

(११०) तथा च पञ्चसङ्ग्रहस्य **मूलटीका – उपरिमस्थितेः = द्वितीयस्थितेः कर्मदलं रसभेदेन त्रिधा करोति शुद्धिमधिकृत्य; शुद्धं किञ्चिच्छुद्धमशुद्धमिति। तच्च प्रथमस्थितिचरमसमये मिथ्यात्वमनुभवमानो जीवो देशघातिरसेन सम्यक्त्वपुञ्जं सर्वघातिरसेन द्विस्थानकेन सम्यग्मिथ्यात्वपुञ्जं (द्वि) त्रिचतुःस्थानरसेन सर्वघातिना मिथ्यात्वपुञ्जं प्रारम्भयतीत्यर्थः ।**

तथा च तस्यैव **श्रीमलयगिरिटीका** – प्रथमस्थितिचरमसमये मिथ्यात्वोदये वर्तमानो मिथ्यादृष्टिरुपरितनस्थितेः = द्वितीयस्थितेः सम्बन्धिनां कर्मपरमाणूनामनुभागं त्रिधा करोति = अनुभागभेदेन त्रिधा द्वितीयस्थानगतं मिथ्यात्वदलिकं करोतीत्यर्थः ।

(१११) **"चरमसमयमिच्छदिट्ठी से काले उवसमसम्मदिट्ठी होहि त्ति ताहे बितीयट्ठितीते तिहा अणुभागं करोति, तं जहा – सम्मत्तं सम्मामिच्छत्तं मिच्छत्तं चेति"** । इति कर्मप्रकृतिचूर्णिकाराणामक्षराणामयमर्थः – **"मिथ्यादृष्टिर्मिथ्यात्वचरमोदये वर्तमानस्सन् त्रीन्**

આમ મિથ્યાત્વના અનુભાગના ૩ ભાગ કરવા તેને જ ત્રિપુંજીકરણ કહેવાય છે.

ત્રિપુંજીકરણ વિશે પંચસંગ્રહકારનો મત

(૧૧૦) પંચસંગ્રહકાર વગેરેના મતે ત્રિપુંજીકરણ મિથ્યાત્વના ચરમસમયે થાય છે. તેમણે કહ્યું છે - 'દ્વિતીયસ્થિતિના દલને રસભેદથી ૩ પ્રકારે કરે છે - શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ... અને પ્રથમસ્થિતિના ચરમસમયે મિથ્યાત્વને અનુભવતો જીવ દેશઘાતી રસ વડે સમ્યક્ત્વપુંજને, સર્વઘાતી ૨ ઠાણિયા રસ વડે મિશ્રપુંજને, અને (૨) ૩-૪ ઠાણિયા રસવડે સર્વઘાતી મિથ્યાત્વના પુંજને કરે છે.'

પંચસંગ્રહની મલયગિરિ ટીકામાં કહ્યું છે - 'પ્રથમસ્થિતિના ચરમસમયે મિથ્યાત્વના ઉદયમાં વર્તતો જીવ મિથ્યાત્વની દ્વિતીયસ્થિતિમાં રહેલા દલિકના રસને ૩ પ્રકારે કરે છે.'

આમ પંચસંગ્રહકાર મિથ્યાત્વના ચરમસમયે ત્રિપુંજીકરણ માને છે.

કર્મપ્રકૃતિચૂર્ણિગત પાઠ સાથે સમન્વય

(૧૧૧) પ્રશ્ન : પંચસંગ્રહકારને કર્મપ્રકૃતિચૂર્ણિ સાથે વિરોધ આવશે ને ?

ઉત્તર : 'ચરમસમયનો મિથ્યાદૃષ્ટિ જીવ તે કાળે ઉપશમસમ્યક્ત્વી થાય છે, ત્યારે દ્વિતીયસ્થિતિગત (દલિકના) રસને સમ્યક્ત્વ-મિશ્ર-મિથ્યાત્વ એમ ૩ પ્રકારે કરે છે' આ પ્રમાણે **ચૂર્ણિના પાઠનો** જુદી રીતે અર્થ કરવા દ્વારા મલયગિરિ મ.સા. સમન્વય કરે છે. તે આ પ્રમાણે - મિથ્યાત્વના ચરમસમયે વર્તમાન મિથ્યાદૃષ્ટિજીવ ૩ કરણ કરે છે. તેમણે રચેલી ટીકાનો ભાવાર્થ આ પ્રમાણે છે :-

पुञ्जान् करोति'' इति श्रीमन्मलयगिरीपादैः कृतः, तथा चात्र **कर्मप्रकृतिमलयगिरिटीका** – ''**तस्मिन् काले = यतोऽनन्तरसमय औपशमिकसम्यग्दृष्टिर्भविष्यति तस्मिन् प्रथमस्थितौ चरमसमय इत्यर्थः, मिथ्यादृष्टिस्सन् द्वितीयं = द्वितीयस्थितिगतं दलिकमनुभागेन अनुभागभेदेन त्रिधा करोति**'' इति । तथैवोपाध्यायप्रवरैः स्वकर्मप्रकृतिटीकायामप्युक्तम्, एवं सप्ततिका-वृत्तावप्युपर्युक्त एवार्थः कृतः, तथा चात्र **सप्ततिकावृत्तिः** – ''**तस्मिंश्च मिथ्यात्वप्रथम-स्थितिवेदनचरमसमये द्वितीयस्थितिगतं मिथ्यात्वदलिकमनुभागभेदेन त्रिधा करोति, तद्यथा–सम्यक्त्वं सम्यङ्मिथ्यात्वं मिथ्यात्वञ्च**'' । इत्येवं नव्यशतकवृत्तावपि ।

श्रीमन्मुनिचन्द्रसूरिभिस्स्वक**कर्मप्रकृतिचूर्णिटिप्पनक** एवमुक्तम् – ''**ताहे बितीयट्ठिईए तिहाणुभागं करेइ**' त्ति प्रथमस्थितिचरमसमयवर्ती द्वितीयस्थितेः त्रिधाऽनुभागं करोति मिथ्यादृष्टिरपि सन् । **नन्वे**वं सम्यक्त्वमिश्रपुञ्जयोरुत्पादितयोः को गुण इति **चेत् ? उच्यते** – औपशमिकसम्यक्त्वप्रथमसमयप्रभृत्येव मिथ्यात्वस्य गुणसङ्क्रम प्रवर्तते । न चासावप्रतिग्रहो युक्त इति प्रागेव प्रतिग्रहसिद्धौ सोऽबाधितरूप एव यथा प्रवर्तते तथा मिथ्यात्वानुभागव्यवस्थानं क्रियत इति'' ।

मिथ्यात्वं चेति द्वितीयस्थितिगतं मिथ्यात्वदलमनुभागभेदेन त्रिधा करोति – सम्यक्त्वं

गुणधन्या

(ચૂર્ણિના પાઠમાં મુકેલ) 'से काले' શબ્દનો 'જેના અનંતર સમયે જીવ ઉપશમસમ્યક્ત્વી થશે તે પ્રથમસ્થિતિના ચરમસમયે (આવો અર્થ કરે છે. તેથી સિદ્ધ થાય છે કે મિથ્યાત્વના ચરમસમયે) જીવ ૩ પુંજ કરે છે. આ પ્રમાણે ચૂર્ણિનો પાઠ પણ સંગત થઈ જાય છે.

આ પ્રમાણે જ ઉપાધ્યાયજી મ.સા.એ **સ્વરચિત કર્મપ્રકૃતિટીકા**માં કહ્યું છે. તથા **સપ્તતિકાવૃત્તિ અને નવ્યશતકવૃત્તિમાં** પણ આ પ્રમાણે કહ્યું છે. અને શ્રીમુનિચંદ્રસૂરિ મ.સા.એ પણ **કર્મપ્રકૃતિટિપ્પણ**માં કહ્યું છે - પ્રથમસ્થિતિના ચરમસમયે દ્વિતીયસ્થિતિગત (દલિકના) રસને ૩ પ્રકારે કરે છે.

આ પ્રમાણે દ્વિતીયસ્થિતિગત મિથ્યાત્વના દલિકના રસનું ૩ પ્રકારે વિભજન થાય છે, તે તો નક્કી જ છે... પણ તે સમ્યક્ત્વપ્રાપ્તિના પ્રથમસમયે થાય, કે મિથ્યાત્વના ચરમસમયે થાય ? તેમાં તત્ત્વ તો કેવલિ ભગવંત જાણે.

પ્રશ્ન : આ પ્રમાણે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયના પુંજ શા માટે બનાવે છે ?

ઉત્તર : ઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિના પ્રથમસમયથી જ મિથ્યાત્વનો ગુણસંક્રમ શરૂ થાય

सम्यङ्मिथ्यात्वं मिथ्यात्वं चेति। तच्च सम्यक्त्वप्राप्तिसमये वा मिथ्यात्वोदयचरमसमये वा करोतीति तत्त्वं त्वतिशायिज्ञानिनो विदन्ति ।

(११२) उपशमसम्यक्त्वप्रथमसमयादारभ्य जन्तुर्गुणसङ्क्रममारभते, तमभिधित्सुः सूत्रकार आह —

पढमे समये थोवो सम्मत्ते मीसए असंखगुणो ।
अणुसमयमविय कमसो भिन्नमुहुत्ता हि विज्झाओ ॥२०॥

प्रथमसमये स्तोकं सम्यक्त्वे मिश्रेऽसङ्ख्येयगुणः ।
अणुसमयमपि च क्रमशो भिन्नमुहूर्त्ताद्धि विध्यातः ॥२०॥ इति पदसंस्कारः

"पढमे" इत्यादि, औपशमिकसम्यक्त्वप्राप्तिप्रथमसमयादारभ्य मिथ्यात्वदलानि गुणसङ्क्रमेण मिश्रसम्यक्त्वयोः सङ्क्रमयति । सङ्क्रमश्चायम् — प्रथमसमये सम्यक्त्वे स्तोकं मिथ्यात्वदलं निक्षिप्यते, ततो मिश्रेऽसङ्ख्येयगुणम्, ततोऽपि द्वितीयसमये सम्यक्त्वेऽसङ्ख्येयगुणम्, ततोऽपि तस्मिन्नेव द्वितीयसमये मिश्रेऽसङ्ख्येयगुणम्, ततोऽपि तृतीयसमये सम्यक्त्वेऽसङ्ख्येयगुणम्, ततस्तस्मिन्नेव तृतीयसमये मिश्रेऽसङ्ख्येयगुणं निक्षिप्यते । एवम् "अणुसमयं" ति, प्रतिसमयं

છે. અને પતદ્ગ્રહ વિના તેને શેમાં સંક્રમાવે ? માટે મિથ્યાત્વના રસના ત્રણ ભાગ કરીને પતદ્ગ્રહ બનાવી દે છે. તેથી અબાધિતરૂપે ગુણસંક્રમ થઈ શકે...

(૧૧૨) ઉપશમસમ્યક્ત્વના પ્રથમસમયથી જ જીવ ગુણસંક્રમનો પ્રારંભ કરે છે. તેથી હવે ગુણસંક્રમના સ્વરૂપને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે :-

ગાથાર્થ : ઉપશમસમ્યક્ત્વનાં પ્રથમસમયે સમ્યક્ત્વમાં મિથ્યાત્વમોહનીયનો થોડો (પ્રદેશ અપેક્ષાએ) નિક્ષેપ કરે છે. તેનાથી મિશ્રમાં અસંખ્યગુણો નિક્ષેપ કરે છે. આ રીતે પ્રતિસમય ક્રમશઃ અંતર્મુહૂર્ત સુધી ગુણસંક્રમ થાય છે. ત્યારબાદ વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે.(૨૦)

વિવેચન :-

ગુણસંક્રમ

ઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિના પ્રથમસમયથી જ જીવ મિથ્યાત્વના દલિકોને ગુણસંક્રમ વડે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે. તે આ પ્રમાણે :-

પ્રથમસમયમાં સમ્યક્ત્વમોહનીયમાં થોડું દલિક નાંખે છે. તેનાથી (તે જ સમયમાં) મિશ્રમોહનીયમાં અસંખ્યગુણદલિક નાંખે છે.

तावद् वक्तव्यं यावदन्तर्मुहूर्तम्। मिथ्यात्वस्य गुणसङ्क्रमारम्भसमयादूर्ध्वमावलिकाऽनन्तरं गुणसङ्क्रमेण सम्यक्त्वमोहनीये मिश्रमोहनीयस्य सङ्क्रमोऽपि भवति। इयमत्र भावना – मिथ्यात्वस्य गुणसङ्क्रमो मिश्रस्य च गुणसङ्क्रम उभौ युगपन्नारभ्येते, किन्तु मिथ्यात्वमोहनीयस्य सङ्क्रमारम्भानन्तरमावलिकायां व्यतिक्रान्तायामेव भवति, यतः सङ्क्रमावलिका सकलकरणाऽयोग्या।[१]

(११३) उक्तं च **कर्मप्रकृतिमलयगिरिटीकायाम्** – तस्यैवौपशमिकसम्यग्दृष्टेरष्टाविंशतिसत्कर्मण आवलिकायामभ्यन्तरे वर्तमानस्य सम्यग्मिथ्यात्वं सम्यक्त्वे न सङ्क्रामति, यतो मिथ्यात्वपुद्गला एव सम्यक्त्वानुगतविशोधिप्रभावतः सम्यग्मिथ्यात्वलक्षणं परिणामान्तरमापादिताः, अन्यप्रकृतिरूपतया परिणामाऽन्तरमापादानं च सङ्क्रमः, सङ्क्रमावलिकागतं च सकलकरणाऽयोग्यमिति सम्यक्त्वलाभादावलिकाया अभ्यन्तरे वर्तमानेन सम्यग्मिथ्यात्वं सम्यक्त्वे न सङ्क्रम्यते, किन्तु केवलं मिथ्यात्वमेव।

गुणधन्या

તેનાથી બીજા સમયે સમ્યક્ત્વમોહનીયમાં અસંખ્યગુણ, તેનાથી મિશ્રમોહનીયમાં અસંખ્યગુણ, તેનાથી ત્રીજા સમયે સમ્યક્ત્વમોહનીયમાં અસંખ્યગુણ, તેનાથી મિશ્રમોહનીયમાં અસંખ્યગુણ... આ પ્રમાણે પ્રતિસમય અંતર્મુહૂર્ત સુધી સંક્રમાવે છે.

મિથ્યાત્વના ગુણસંક્રમનો પ્રારંભ થાય, તેની ૧ આવલિકા પછી સમ્યક્ત્વમોહનીયમાં મિશ્રમોહનીયનો પણ ગુણસંક્રમ થાય છે.

મિથ્યાત્વ અને મિશ્રમોહનીય બન્નેનો ગુણસંક્રમ એક સાથે શરૂ થતો નથી. પરંતુ મિથ્યાત્વના સંક્રમની ૧ આવલિકા પછી મિશ્રમોહનીયનો સંક્રમ થાય છે. કારણ કે સંક્રમાવલિકા સકલ કરણને અયોગ્ય હોય છે.

(११३) **કર્મપ્રકૃતિની મલયગિરિ ટીકામાં** કહ્યું છે કે, ૨૮ની સત્તાવાળો ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ત્વપ્રાપ્તિ(ના સમય)થી ૧ આવલિકા સુધી સમ્યક્ત્વમોહનીયમાં મિશ્રમોહનીયનો સંક્રમ કરતો નથી. કારણ કે સમ્યક્ત્વની વિશુદ્ધિથી મિથ્યાત્વમોહનીયના દલિકો મિશ્રમોહનીયરૂપે થાય છે. અને અન્યપ્રકૃતિરૂપે પરિણામ પામવું તે જ સંક્રમ કહેવાય છે. અને સંક્રમાવલિકા સકલ કરણને અયોગ્ય હોવાથી, સમ્યક્ત્વ પ્રાપ્તિની પ્રથમાવલિકામાં વર્તમાન જીવ મિશ્રમોહનીયના દલિકને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવતો નથી. માત્ર મિથ્યાત્વમોહનીયને જ સંક્રમાવે છે.

---

१. औपशमिसम्यक्त्वप्रथमसमये मिश्रप्रकृतिस्त्रिपुञ्जक्रियायां मिथ्यात्वस्य सङ्क्रमेण प्राप्यते, सङ्क्रमाऽऽवलिका च सकलकरणाऽयोग्येत्यौपशमिकसम्यक्त्वप्रथमसमयादावलिकापर्यन्तं मिश्रमोहनीयमन्यत्र सङ्क्रमयितुं नाऽलम्।

(११४) कषायप्राभृतचूर्णिकारमते त्रिपुञ्जकरणे परप्रकृतिसङ्क्रमः स्वीक्रियते, कथमेतदवगन्तव्यमिति चेद् ? उच्यते – कषायप्राभृतचूर्णिकारा मिश्रस्य सङ्क्रमं मन्यन्ते सम्यक्त्वप्राप्तितो द्वितीयात्समयादारभ्य, न त्वावलिकायां व्यतिक्रान्तायाम्, तथा च तद्ग्रन्थः – "**सम्मामिच्छत्तस्स संकामओ को होई ? मिच्छइट्ठी उवेल्लमाणओ सम्माइट्ठी वा नीरासाणा मोत्तूण पढमसमयं सम्मामिच्छसंतकम्मीयं** ।" औपशमिकसम्यक्त्वप्रथमसमये त्रिपुञ्जकरणेन मिश्रस्य सत्कर्म प्राप्यते, तद्द्वितीयसमयात्प्रभृति मिश्रमोहनीयं सङ्क्रम्यते । **न च** सम्यक्त्वप्राप्तिप्रथमसमये मिश्रस्य सङ्क्रमः कथं न भवतीति **वाच्यम्**, मिश्रस्योत्पत्तिक्रियासङ्क्रमक्रिययोः परस्परं विरोधात् । तेन तेषां मते मिश्रस्यौपशमिकसम्यक्त्वद्वितीयसमयाद् गुणसङ्क्रमो प्रवर्तते ।

(११५) अत्र गुणसङ्क्रमः कः पदार्थ इति चेद् ? अत्र वयं ब्रूमः – अत्र गुणशब्दो

મિશ્રના ગુણસંક્રમ વિશે કષાયપ્રાભૃતચૂર્ણિકારનો મત

(११४) કષાયપ્રાભૃતચૂર્ણિકારના મતે ત્રિપુંજીકરણમાં પરપ્રકૃતિનો પણ સંક્રમ મનાયો છે. કારણ કે કષાયપ્રાભૃતચૂર્ણિકાર સમ્યક્ત્વપ્રાપ્તિ પછી બીજા સમયથી લઈને મિશ્રમોહનીયનો સંક્રમ માને છે, નહીં કે એક આવલિકા ઓળંગાયા પછી. જુઓ કષાયપ્રાભૃતચૂર્ણિનો પાઠ –

પ્રશ્ન : મિશ્રમોહનીયનો સંક્રામક કયો જીવ હોય છે ?

ઉત્તર : મિથ્યાદૃષ્ટિ જીવ ઉદ્વલના દ્વારા મિશ્રમોહનીયનો સંક્રમ કરે... અથવા ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ (સમ્યક્ત્વ પ્રાપ્તિનાં પ્રથમસમયને =) મિશ્રમોહનીયની સત્તા થવાના પ્રથમસમયને છોડીને (બીજા સમયથી જ) મિશ્રમોહનો સંક્રમ કરે છે.

પ્રશ્ન : સમ્યક્ત્વપ્રાપ્તિના પ્રથમસમયે મિશ્રમોહનીયનો સંક્રમ શા માટે ન થાય ?

ઉત્તર : મિશ્રમોહનીયની ઉત્પત્તિક્રિયા અને સંક્રમક્રિયા બંનેનો પરસ્પર વિરોધ છે. તેથી પ્રથમસમયે મિશ્રમોહનીયની ઉત્પત્તિ થતી હોવાથી, સંક્રમક્રિયા બીજા સમયથી થાય. એટલે તેમના મતે મિશ્રમોહનીયનો ગુણસંક્રમ ઔપશમિકસમ્યક્ત્વના બીજા સમયથી શરૂ થાય.

ગુણસંક્રમનો વાસ્તવિક અર્થ

(११५) અહીં ગુણસંક્રમ એટલે શું ? તે બતાવતા કહે છે :-

(૧) ગુણ શબ્દ ક્ષમાદિગુણોનો અથવા રૂપાદિગુણોનો વાચક નથી. પરંતુ 'ભામા' એવા એક દેશીય શબ્દથી જેમ 'સત્યભામા'નું જ્ઞાન થાય છે. તેમ અહીં પણ 'ગુણ'શબ્દથી

न क्षमादिगुणानां वाचकः, न च रूपादिगुणानां वाचकः, अपि त्विह "भामा सत्यभामा" इति न्यायेन गुणशब्दस्याऽसङ्ख्येयगुणे वृत्तिर्ज्ञातव्या, यद्वा पारिभाषिको गुणशब्दोऽयं योऽसङ्ख्येयगुणे वर्तते, यत्र पूर्वपूर्वत उत्तरोत्तरसमयेऽसङ्ख्येयगुणकारेण प्रक्रिया भवति, तत्र बहुलमस्मिन् शास्त्रे गुणशब्दो व्यवह्रियते । यथा गुणोपशमना, यत्र पूर्वपूर्वसमयादुत्तरोत्तरसमयेऽसङ्ख्येयगुणकारेण दलान्युपशम्यन्ते । एवं यथा च गुणश्रेणिरपि यत्र सम्यक्त्वचारित्रादिप्रशस्तगुणान्वितेन जीवेन पूर्वपूर्वसमयादुत्तरोत्तरसमयेऽसङ्ख्येयगुणकारेण श्रेणिर्दलरचना क्रियते । तथैव गुणसङ्क्रमः पूर्वपूर्वसमयत उत्तरोत्तरसमयेऽसङ्ख्येयगुणनया प्रवर्तमानः सङ्क्रमः। तेन सम्यक्त्वलाभप्रथमसमये यावन्ति दलानि सङ्क्रमयति, ततो द्वितीयसमयेऽसङ्ख्येयगुणानि दलानि सङ्क्रमयति, ततस्तृतीयसमयेऽसङ्ख्येयगुणानि सङ्क्रमयति, एतेनासङ्ख्येयगुणकारेण क्रमेण दलानि यावत्सङ्क्रमयति, स गुणसङ्क्रमपदार्थ इति भावः ।

(११६) गुणसङ्क्रमस्य सामान्यलक्षणम्—अपूर्वकरणप्रभृतिगुणस्थानकेऽथवाऽपूर्वकरणादारभ्याऽबध्यमानानामशुभप्रकृतीनां कर्मदलिकानां प्रतिसमयं गुणेन = असङ्ख्येयगुणकारेण बध्यमानासु स्वजातीयासु प्रकृतिषु यः प्रक्षेपः स गुणसङ्क्रमः । अपवादतो मिथ्यात्वमोहनीय-

'असंख्यगुण' અર્થનું જ્ઞાન થાય છે. તેથી 'असंख्यगुणाकारे संक्रम' એવો અર્થ થાય.

(૨) અથવા, ગુણશબ્દ પારિભાષિક સમજવો. જે 'असंख्यगुण' પરિભાષામાં વર્તે છે. જે પ્રક્રિયા પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર असंख्यगुण દલિકોમાં પ્રવર્તતી હોય, ત્યાં બધે આ શાસ્ત્રમાં 'ગુણ'શબ્દ વાપરેલો છે. જેમકે **'गुणोपशमना'** = પૂર્વથી ઉત્તરોત્તર સમયે असंख्यगुण દલિકોની ઉપશમના... **'गुणश्रेणी'** = સમ્યક્ત્વાદિ પ્રશસ્તગુણોથી યુક્ત જીવવડે પૂર્વ-પૂર્વ સ્થિતિસ્થાનથી ઉત્તરોત્તર સ્થિતિસ્થાનમાં થતી असंख्यगुण દલિકોની રચના... તેવી રીતે **'गुणसंक्रम'** = પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સમયે असंख्यगुण દલિકોનો સંક્રમ... એટલે પ્રથમસમયે મિથ્યાત્વમોહનીયના જેટલા દલિકો સંક્રમ્યા, તેના કરતાં બીજા, ત્રીજા વગેરે સમયે असंख्यगुण-असंख्यगुण દલિકો જ્યાં સુધી સંક્રમે, તેને ગુણસંક્રમ કહેવાય.

ગુણસંક્રમનું સમાન્ય લક્ષણ

(૧૧૬) અપૂર્વકરણાદિ ગુણઠાણાએ અથવા અપૂર્વકરણરૂપ અધ્યવસાયથી પ્રારંભીને અબધ્યમાન અશુભ પ્રકૃતિઓના દલિકોને પ્રતિસમય असंख्यगुणाकारे બધ્યમાન સ્વજાતીય પ્રકૃતિમાં સંક્રમાવવા, તે ગુણસંક્રમ કહેવાય છે.

मिश्रमोहनीययोरसङ्ख्येयगुणनया त्वबध्यमानसजातीये यथायोगं सम्यक्त्वमोहनीये मिश्रमोहनीये वाऽपि यः प्रक्षेपः स गुणसङ्क्रम उच्यते ।

उक्तञ्च **पञ्चसङ्ग्रहे** सङ्क्रमाधिकारे –

असुभाण पएसग्गं बज्झंतीसु असंखगुणणाए ।
सेढीए अपुव्वाई छुभंति गुणसंकमो एसो ॥१॥

(११७) स च गुणसङ्क्रमोऽनन्तानुबन्धिचतुष्कमिथ्यात्वमिश्रमोहनीयरूपषट्प्रकृतिवर्जानां शेषाबध्यमानाशुभप्रकृतीनामपूर्वकरणप्रभृतिगुणस्थानके भवति । विसंयोजनाकालेऽनन्तानुबन्धि-चतुष्करूपाशुभप्रकृतीनां तथा दर्शनत्रिकक्षपणाकाले मिथ्यात्वमिश्रमोहनीययोरशुभप्रकृत्योर्गुण-सङ्क्रमोऽपूर्वकरणादारभ्य भवति । प्रथमौपशमिकसम्यक्त्वावसरे तु मिथ्यात्वस्य गुणसङ्क्रमः सम्यक्त्वप्राप्तिप्रथमसमयादारभ्यैवान्तर्मुहूर्तपर्यन्तं भवति नार्वाक् । मिश्रस्य पुनः पूर्ववत् । **ननु** मिथ्यात्वस्य गुणसङ्क्रमः सम्यक्त्वमोहनीये सम्यक्त्वप्राप्तेरर्वागपूर्वकरणादारभ्य कुतो न भवतीति

गुणधन्या

સામાન્યથી અબધ્યમાન અશુભપ્રકૃતિઓનો બંધાતી સ્વજાતીય પ્રકૃતિઓમાં સંક્રમ થાય છે. પરંતુ મિથ્યાત્વ અને મિશ્રમોહનીયમાં એટલો અપવાદ છે કે, તેઓ અબધ્યમાન એવા સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયમાં પણ સંક્રમે છે.

પંચસંગ્રહના સંક્રમાધિકારમાં કહ્યું છે કે, શ્રેણીના અપૂર્વકરણ આદિ ગુણઠાણાથી અશુભપ્રકૃતિના દલિકોને બધ્યમાન પ્રકૃતિમાં અસંખ્યગુણાકારે નાંખવા તેનું નામ ગુણસંક્રમ.

(११७) કઇ પ્રકૃતિનો ગુણસંક્રમ ક્યાંથી શરૂ થાય ?

(૧) અનંતાનુબંધી-૪, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય - આ ૬ પ્રકૃતિ સિવાય શેષ અબધ્યમાન અશુભપ્રકૃતિઓનો ગુણસંક્રમ અપૂર્વકરણાદિ ગુણસ્થાનકથી શરૂ થાય.

(૨) અનંતાનુબંધી-૪નો ગુણસંક્રમ તેની વિસંયોજના કાળે થાય છે.

(૩) મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયનો ગુણસંક્રમ દર્શનત્રિકની ક્ષપણાકાળે થતા અપૂર્વકરણથી પ્રારંભીને થાય છે.

(૪) ઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિકાળે મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ સમ્યક્ત્વપ્રાપ્તિના પ્રથમસમયથી લઈને યાવત્ અંતર્મુહૂર્ત સુધી થાય, તે પહેલા નહીં.

(૫) મિશ્રમોહનીયનો ગુણસંક્રમ વળી પૂર્વે કહ્યા મુજબ સમજવો.

चेद् ? उच्यते – मिथ्यात्वस्य ध्रुवबन्धित्वेन प्रथमगुणस्थानकेऽवश्यं बध्यमानत्वादनिवृत्तिकरणस्य चरमसमयपर्यन्तमबध्यमानत्वाभावात् पतद्ग्रहरूपसम्यक्त्वमोहनीयस्याभावाच्च गुणसङ्क्रमो न भवति । गुणसङ्क्रमो ह्यबध्यमानानां प्रकृतीनां भवति ।

यद्वा यः सङ्क्रमोऽन्तरकरणस्थितेनौपशमिकसम्यक्त्वलक्षणप्रशस्तगुणान्वितेन क्रियत इति स गुणसङ्क्रमः । तथा चोक्तं **पंचसङ्ग्रहे** –

गुणसंकमेण एसो होइ संकमो सम्ममीसेसु ।
अंतरकरणम्मि ट्ठिओ कुणइ जओ सपसत्थगुणा ॥१॥

(११८) अत्रोपशमसम्यक्त्वप्राप्तितो य आरब्धो गुणसङ्क्रमः, स गुणसङ्क्रमोऽन्तर्मुहूर्त-

ગુણધન્યા

પ્રશ્ન : અહીં પ્રથમસમ્યક્ત્વપ્રાપ્તિકાળે મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ અપૂર્વકરણથી જ કેમ શરૂ ન થઈ જાય ?

ઉત્તર : ગુણસંક્રમ અબધ્યમાન પ્રકૃતિઓનો જ થાય છે. તેથી મિથ્યાત્વમોહનીય ધ્રુવબંધી પ્રકૃતિ હોવાથી મિથ્યાત્વના ચરમસમય સુધી = અનિવૃત્તિકરણના ચરમસમય સુધી, અવશ્ય બંધાય છે. તેથી તે અપૂર્વકરણ-અનિવૃત્તિકરણકાળે અબધ્યમાન નથી. અને માટે ત્યાં ગુણસંક્રમ ન થાય. પરંતુ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થતાં જ મિથ્યાત્વમોહનીય અબધ્યમાન થવાથી, ત્યાં ગુણસંક્રમ થઈ શકે.

અને બીજું, અનિવૃત્તિકરણપર્યંત ત્રિપુંજીકરણ ન થયું હોઈ, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયસ્વરૂપ પતદ્ગ્રહનો પણ અભાવ હોવાથી, ઉપશમસમ્યક્ત્વ પહેલા મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ ન થઈ શકે.

ગુણસંક્રમની બીજી વ્યાખ્યા

અંતરકરણમાં રહેલા અને ઉપશમસમ્યક્ત્વ સ્વરૂપ પ્રશસ્ત ગુણથી યુક્ત એવા જીવ વડે જે સંક્રમ કરાય તે ગુણસંક્રમ.

પંચસંગ્રહમાં પણ કહ્યું છે - જે કારણથી અંતરકરણમાં રહેલો જીવ પ્રશસ્ત ગુણોના કારણે મિથ્યાત્વમોહનીયને અસંખ્યાતગુણાકારે સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયમાં સંક્રમાવે છે, તે કારણથી આ 'ગુણસંક્રમ' કહેવાય છે.

ગુણસંક્રમનો કાળ

(૧૧૮) અહીં ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિથી આરંભાયેલો ગુણસંક્રમ અંતર્મુહૂર્તપર્યંત પ્રવર્તે છે, ત્યારબાદ બંધ પડી જાય છે.

पर्यन्तमेव प्रवर्तते । **न चा**यमुपशमसम्यक्त्वकालपर्यन्तं कुतो न प्रवर्ततेऽन्तर्मुहूर्ते व्यतिक्रान्त एव कुतो निवर्तत इति **वाच्यम्,** यतोऽत्रायं नियमः प्रतिभाति – करणकालात्पूर्वावस्थायां तथा यथाप्रवृत्तादिषु करणेषु या प्रतिसमयमनन्तगुणवृद्ध्या विशोधिः, सा प्रथमसम्यक्त्वादि-गुणप्राप्तिप्रथमसमयादारभ्यान्तर्मुहूर्तपर्यन्तं प्रवर्तते, तत ऊर्ध्वं प्रतिसमयमनन्तगुणवृद्ध्या विशोधिर्न प्रवर्तत इति । तस्मादत्राप्युपशमसम्यक्त्वप्राप्तिसमयादारभ्यान्तर्मुहूर्तं यावदनन्तगुणवृद्ध्या विशुद्ध्यां वर्तमानो जन्तुर्भवतीति सम्भाव्यतेऽत एव सम्यक्त्वप्राप्तिसमयादन्तर्मुहूर्तपर्यन्तं गुणसङ्क्रमो भवति, तत उद्ध्वं गुणसङ्क्रमो निवर्तत इति । तथा चान्तर्मुहूर्तात्परतः प्रवर्धमानविशुद्धेरसम्भवाद् गुणसङ्क्रमेण सह मिथ्यात्ववर्जशेषकर्मणां स्थितिघातादयोऽपि निवर्तन्ते । गुणसङ्क्रमसम्बन्धिन्यन्तर्मुहूर्ते व्यतिक्रान्ते गुणसङ्क्रमो निवर्तते । ततश्च विध्यातसङ्क्रमः प्रवर्तते । विध्यातसङ्क्रमेण सम्यक्त्वमोहनीये मिथ्यात्वसम्यक्त्वमिथ्यात्वपुञ्जौ मिश्रमोहनीये च मिथ्यात्वपुञ्जं सङ्क्रमयति ।

ગુણધન્યા

પ્રશ્ન : એ ગુણસંક્રમ ઉપશમ સમ્યક્ત્વના કાળ સુધી ચાલુ કેમ ન રહે ? અંતર્મુહૂર્ત બાદ કેમ અટકી જાય?

ઉત્તર : અહીં સામાન્યતઃ એવો નિયમ લાગે છે કે કોઈપણ ગુણની પ્રાપ્તિ પૂર્વે કરણો થાય છે. તેની અંતર્મુહૂર્ત પૂર્વેથી પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ વધતી જાય છે. અને પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ વધવાનો ક્રમ તે ગુણપ્રાપ્તિ પછી અંતમુહૂર્ત સુધી ચાલુ રહેતો હોય તેવો સંભવ છે. ત્યારપછી તેવા પ્રકારના પ્રવર્ધમાન પરિણામ હોતા નથી. માટે અહીં પણ ઉપશમસમ્યક્ત્વ પામ્યા પછી અંતર્મુહૂર્ત સુધી જીવ અનંતગુણ વિશુદ્ધિમાં વધતો હોય તેવું સંભવિત છે અને માટે ત્યાં સુધી જ ગુણસંક્રમ ચાલે છે. અને અંતર્મુહૂર્ત પછી વિશુદ્ધિ વધવાનો ક્રમ અટકી જવાથી ગુણસંક્રમ પણ અટકી જાય.

તેમજ આ કારણે જ શેષકર્મોના સ્થિતિઘાતાદિ પણ અહીં સુધી જ થાય છે. અંતર્મુહૂર્ત પછી તેવા પ્રકારના પ્રવર્ધમાન પરિણામ ન હોવાથી, ગુણસંક્રમ તેમજ મિથ્યાત્વમોહનીય સિવાય શેષ કર્મોના સ્થિતિઘાતાદિ પણ નથી થતા.

આમ ગુણસંક્રમસંબંધી અંતર્મુહૂર્ત ઓળંગાયા બાદ ગુણસંક્રમ અટકી જાય છે.

ગુણસંક્રમ અટકી ગયા બાદ વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે. હવે જીવ સમ્યક્ત્વમોહનીયમાં મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયના તથા મિશ્રમોહનીયમાં મિથ્યાત્વમોહનીયના દલિકોને વિધ્યાત સંક્રમ વડે સંક્રમાવે છે.

(११९) **ननु** किं नाम विध्यातसङ्क्रम इति **चेद् ? उच्यते** – विध्यातसङ्क्रमोऽपि गुणप्रत्ययतो भवप्रत्ययतो वाऽबध्यमानानां प्रकृतीनां भवति, किन्त्वनेन सङ्क्रमेण स्तोकान्येव दलिकानि परप्रकृतिषु सङ्क्रम्यन्ते। प्रथमसमये विध्यातसङ्क्रमेण यावत्कर्मदलिकं परप्रकृतिषु सङ्क्रम्यते, तेन मानेनावशिष्टदलिकस्यापहारे क्रियमाणे क्षेत्रतोऽङ्गुलासङ्ख्येतमभागगता-ऽऽकाशप्रदेशैरपहारो भवति, कालतश्चाऽसङ्ख्येयाभिरुत्सर्पिण्यवसर्पिणिभिरपहारो भवति ।

उक्तं च **पञ्चसङ्ग्रहे** सङ्क्रमाधिकारे –

"जाण न बंधो जायइ आसज्ज गुणं भवं व पगईणं ।
विज्झाओ ताणंगुलअसंखभागेण अण्णत्थ ॥१॥"

इदन्तु विध्यातसङ्क्रमस्य मन्दतां प्रदर्शयितुमुक्तम् । वस्तुतस्तु शेषसर्वदलिकं कदाऽपि विध्यातसङ्क्रमेणान्यत्र न सङ्क्रम्यत इति ध्येयम् ।

(१२०) गुणसङ्क्रमकालमभिधाय सम्प्रति गुणसङ्क्रमनिवर्तनकाले ये पदार्था अपूर्वकरणे स्थितिघातादय आरब्धाः, तेषां निवृत्तिकालमभिधित्सुराह –

ગુણધન્યા

विध्यातसंक्रम એટલે શું ?

(११९) ગુણ તથા ભવને આશ્રયીને જે પ્રકૃતિઓ અબધ્યમાન છે, તેઓનો વિધ્યાતસંક્રમ પ્રવર્તે છે. પરંતુ વિધ્યાતસંક્રમ વડે પરપ્રકૃતિમાં થોડું જ દલિક સંક્રમે છે. વિધ્યાતસંક્રમથી પ્રથમસમયે જેટલું દલિક અન્ય પ્રકૃતિમાં સંક્રમાવે, તેટલું જ પ્રતિસમયે સંક્રમાવતો રહે, તો ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશોનો અપહાર કરતા જેટલો સમય લાગે તેટલા કાળે અને કાળથી અસંખ્ય-ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલા કાળે સંપૂર્ણ દલિક સત્તામાંથી ખાલી થાય.

પંચસંગ્રહના સંક્રમાધિકારમાં પણ કહ્યું છે - 'જે પ્રકૃતિઓનો ગુણ તથા ભવને આશ્રયીને બંધ થતો નથી, તે પ્રકૃતિઓનો અન્ય પ્રકૃતિમાં (ક્ષેત્રથી) અંગુલના અસંખ્યાતમા ભાગ(માં રહેલા આકાશપ્રદેશ) વડે (એટલે કે તેટલા કાળમાં) વિધ્યાતસંક્રમ થાય છે.'

આ તો વિધ્યાતસંક્રમની ગતિ આટલી મંદ છે તે બતાવવા માટે જણાવ્યું છે. બાકી આ સંક્રમવડે સર્વ દલિકો સત્તામાંથી નિર્મૂળ થતા જ નથી.

(१२०) આ પ્રમાણે ગુણસંક્રમનો કાળ કહીને, હવે ગુણસંક્રમના નિવૃત્તિકાળે, અપૂર્વકરણમાં જે સ્થિતિઘાતાદિ થતા હતા તેઓનો પણ નિવૃત્તિકાળ બતાવે છે –

ट्ठिइरसघाओ गुणसेढी विय तावं पि आउवज्जाणं ।
पढमठिइए एगदुगावलिसेसम्मि मिच्छत्ते ॥२१॥

स्थितिरसघातौ गुणश्रेणिरपि च तावदप्यायुर्वर्जानाम् ।
प्रथमस्थित्या एकद्व्यावलिकाशेषे मिथ्यात्वे ॥२१॥ इति पदसंस्कारः

"ट्ठिइरसघाओ" इत्यादि, यावद् गुणसङ्क्रमस्तावदेव मिथ्यात्वाऽऽयुर्वर्जानां शेषाणां सप्तकर्मणां स्थितिघातो रसघातो गुणश्रेणिरपि च प्रवर्तन्ते । गुणसङ्क्रमे च निवर्तमाने स्थितिघातरसघातगुणश्रेणयोऽपि निवर्तन्ते । अत्र यद्यपि शेषकर्मणामपूर्वस्थितिबन्धस्य निवर्तनं नोक्तम्, तथाऽपि यः [१]पूर्वपूर्वस्थितिबन्धत उत्तरोत्तरस्थितिबन्धः प्रत्यन्तर्मुहूर्तं पल्योपमसङ्ख्येय-भागेन हीयमानः प्रवर्तमान आसीत् । सोऽप्यनन्तगुणवृद्ध्या प्रवर्धमानपरिणामाभावेन गुणसङ्क्रमणनिवृत्त्या सह निवर्तते ।

(१२१) मिथ्यात्वस्य यावत्प्रथमस्थितेरेकाऽऽवलिका शेषा भवति तावन्मिथ्यात्वस्य

गुणधन्या

गाथार्थ : आयुष्य सिवायना सात कर्मोनो स्थितिघात, रसघात अने गुणश्रेणी पण त्यां सुधी ज (मिथ्यात्वना गुणसंक्रम सुधी) प्रवर्ते छे. तथा मिथ्यात्वमोहनीयमां (तेनी गुणश्रेणी) प्रथम स्थितिनी २ आवलिका शेष रहे त्यां सुधी (तथा तेनो स्थितिघात-रसघात) प्रथमस्थितिनी १ आवलिका शेष रहे त्यां सुधी ज प्रवर्ते छे. (२१)

विवेचन : જ્યાં સુધી મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ ચાલુ હોય છે, ત્યાં સુધી જ આયુષ્ય સિવાયનાં શેષ ૭ કર્મોનો સ્થિતિઘાત, રસઘાત તથા ગુણશ્રેણી પ્રવર્તે છે. મિથ્યાત્વમોહનીયનો ગુણસંક્રમ બંધ પડે તેની સાથે તે પણ અટકી જાય.

અહીં સ્થિતિબંધના વિશે કોઈ ઉલ્લેખ કર્યો નથી. છતાં સમજી લેવું, અત્યારસુધી પૂર્વ-પૂર્વના સ્થિતિબંધથી ઉત્તરોત્તર સ્થિતિબંધ પ્રત્યેક અંતર્મુહૂર્તે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન-ન્યૂન થતો હતો. તેવો અપૂર્વસ્થિતિબંધ હવે અટકી જાય છે. કારણ કે હવે અનંતગુણવૃદ્ધ પ્રવર્ધમાન પરિણામ ન હોવાથી ગુણસંક્રમના નિવૃત્તિકાળે તે પણ અટકી જાય છે.

(૧૨૧) તથા મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યાં સુધી

---

१. उक्तं च लब्धिसारस्य चतुःपञ्चाशत्तमगाथायाष्टीकायाम्.....
ठिदिबंधोसरणं पुण अद्धापवत्तादुपूरणो त्ति हवे ।
ठिदिबंध ठिदिखंडुक्कीरणकाला समाहोति ॥१॥
टीका—स्थितिबन्धाऽपसरणं पुनरधःप्रवृत्तकरणप्रथमसमयादारभ्य आगुणसङ्क्रमपूरणचरमसमयं प्रवर्तते ।

स्थितिघातरसघातौ च भवतः, ततः परं न भवतः । तथा च यावन्मिथ्यात्वस्य प्रथमस्थितेर्द्वे आवलिके शेषे भवतस्तावन्मिथ्यात्वस्य गुणश्रेणिर्भवति, ततः परं न भवति, मिथ्यात्वस्यापूर्वस्थितिबन्धश्च यावत्प्रथमस्थितेश्चरमसमयं तावद् मिथ्यात्वस्य ध्रुवबन्धित्वेनोदयबन्धित्वेन चावश्यं भवति, मिथ्यात्वस्योदयविच्छेदे मिथ्यात्वस्य स्थितिबन्धोऽपि व्यवच्छिद्यते, ततः परं न भवति, अयं भावः – मिथ्यात्वस्य प्रथमस्थितेरावलिकाद्वये शेषे मिथ्यात्वस्य गुणश्रेणिर्व्यवच्छिद्यते, मिथ्यात्वस्य प्रथमस्थितेरावलिकायां शेषायां मिथ्यात्वस्य स्थितिघातरसघातौ व्यवच्छिद्येते, मिथ्यात्वस्योदयविच्छेदे सति स्थितिबन्धोऽपि व्यवच्छिद्यते । एतत्सर्वं यथास्थानं प्राग् भावितम् ।

गुणसङ्क्रमे निवृत्तेऽन्तरकरणगतौपशमिकसम्यग्दृष्टिर्विध्यातसङ्क्रमेण सम्यक्त्वमोहनीये मिश्रपुञ्जं मिथ्यात्वं च तथा मिश्रमोहनीये मिथ्यात्वमोहनीयं सङ्क्रमयन्नुपशान्ताद्धायाः किञ्चिदधिकाऽऽवलिकां शेषामधिगम्य यत्करोति तदाह –

उवसंतद्धा अंते विहिणा ओकड्डियस्स दलियस्स ।
अज्झवसाणणुरूवस्सुदओ तिसु एक्कयरस्स ॥२२॥

उपशान्ताद्धाया अन्ते विधिनाऽऽकृष्टस्य दलिकस्य ।
अध्यवसायानुरूपस्योदयस्त्रयाणामेकतरस्य ॥२२॥ इति पदसंस्कारः

ગુણધન્યા

જ મિથ્યાત્વમોહનીયનો સ્થિતિઘાત અને રસઘાત હોય છે, ત્યારબાદ નહીં. અને મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિની ૨ આવલિકા શેષ રહે ત્યાં સુધી જ મિથ્યાત્વમોહનીયની ગુણશ્રેણી થાય છે, ત્યારબાદ નહીં. અને મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિના ચરમસમય સુધી જ સ્થિતિબંધ થાય છે, ત્યારબાદ નહીં. કારણ કે મિથ્યાત્વમોહનીય ધ્રુવબંધી અને ઉદયબંધી (= ઉદય વખતે બંધ પામનારી) છે, આ વાત આગળ કહેલી જ છે.

આ પ્રમાણે ગુણસંક્રમ અટકી જતા, અંતરકરણમાં રહેલો ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ વિધ્યાતસંક્રમ વડે સમ્યક્ત્વમોહનીયમાં મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયને, તથા મિશ્રમોહનીયમાં મિથ્યાત્વમોહનીયને સંક્રમાવતા, જ્યારે ઉપશાંતાદ્ધાની કંઈક અધિક આવલિકા શેષ રહે, ત્યારે જે કરે તે કહે છે –

ગાથાર્થ : ઉપશાંતાદ્ધાને અંતે વિધિપૂર્વક આકર્ષેલા (ત્રણ પુંજના) દલિકમાંથી અધ્યવસાયને અનુરૂપ ત્રણમાંથી એક પુંજનો ઉદય થાય છે. (૨૨)

(१२२) "उवसंतद्धा" इत्यादि, उपशान्ताद्धाया = औपशमिकसम्यक्त्वाद्धाया अन्ते — किञ्चिदधिकावलिकाशेषे वर्तमानो द्वितीयस्थितिगतस्य सम्यक्त्वादिपुञ्जत्रयस्य दलिक-मध्यवसायविशेषेणाऽऽकृष्यान्तरकरणस्यान्तिमाऽऽवलिकायां प्रक्षिपति, तत्र प्रक्षेपविधिश्चायम् — उपशान्ताद्धासत्कचरमाऽऽवलिकायाः प्रथमसमये प्रभूतं दलिकम्, ततो द्वितीयसमये स्तोकम्, ततस्तृतीये समये स्तोकम्, एवं तावद्वाच्यं यावदावलिकाचरमसमयः, तानि चेत्थं निक्षिप्यमाणानि दलिकानि गोपुच्छाकारं क्षेत्रमास्तृणन्ति । तत उपशान्ताद्धाया आवलिकामात्रे काले शेषे "विहिणा" इत्यादि विधिनाऽवतारितस्य गोपुच्छाकारेण स्थापितस्येति यावत्, सम्यक्त्वादि-पुञ्जत्रयस्यैकतरस्याध्यवसायानुरूपस्य पुञ्जस्योदयो भवति । अयं भावः — उपशान्ताद्धायाः किञ्चिदधिकाऽऽवलिकायां शेषायामपवर्तनया गोपुच्छाकारेणाऽऽवलिकायां सम्यक्त्वादि-मोहनीयत्रयस्य दलानि स्थापयति । किञ्चिदधिके काले गते सति यदोपशान्ताद्धायाः पर्यन्ताऽऽवलिकां प्रविशति, तदा शुभपरिणामस्य जन्तोः सम्यक्त्वमोहनीयस्योदयो भवति । मध्यमपरिणामस्य जन्तोर्मिश्रमोहनीयस्योदयः, तथाऽशुभपरिणामस्य जन्तोर्मिथ्यात्वस्योदयो भवति ।

ગુણધન્યા

(१२२) विवेचन : ઉપશાંતાદ્ધા = ઉપશમસમ્યક્ત્વકાળ, તેના અંતે = ઉપશાંતાદ્ધાની કંઈક અધિક ૧ આવલિકા શેષ રહે ત્યારે, બીજી સ્થિતિમાં સમ્યક્ત્વમોહનીયાદિ ૩ પુંજના જે દલિકો છે, તેને અધ્યવસાયવિશેષથી ખેંચીને અંતરકરણની ચરમાવલિકામાં નાંખે છે. તે દલિકોની પ્રક્ષેપવિધિ આ પ્રમાણે છે —

ઉપશાંતાદ્ધાની ચરમ આવલિકાના પ્રથમસમયે ઘણાં દલિકોને નાંખે છે. બીજા સમયમાં તેનાથી વિશેષહીન, ત્રીજા સમયે તેનાથી વિશેષહીન... એ પ્રમાણે યાવત્ ચરમ આવલિકાના ચરમસમય સુધી દલિકોનો વિશેષહીન ક્રમે પ્રક્ષેપ કરે છે. આવી રીતે ગોપુચ્છાકારે દલિકો ગોઠવાય છે.

ત્યારબાદ જીવ જ્યારે ચરમ આવલિકામાં પ્રવેશ કરે છે, ત્યારે ગોપુચ્છાકારે સ્થાપિત કરાયેલા સમ્યક્ત્વમોહનીય આદિ ૩ પુંજના દલિકોમાંથી અધ્યવસાયને અનુસારે કોઈપણ એક પુંજનો ઉદય થાય છે.

तात्पर्य : ઉપશાંતાદ્ધાની કાંઈક અધિક આવલિકા બાકી હોય, ત્યારે અપવર્તના વડે ગોપુચ્છાકારે ચરમ આવલિકામાં સમ્યક્ત્વમોહનીયાદિ ત્રણેય પુંજના દલિકોને ગોઠવે છે. ત્યારબાદ (આવલિકા પહેલાનો) કાંઈક અધિક કાળ પૂર્ણ થતાં = ચરમાવલિકામાં પ્રવેશ કરતા જીવને શુભપરિણામ હોય તો સમ્યક્ત્વમોહનીય, મધ્યમપરિણામ હોય તો

(१२३) उक्तं च **पञ्चसङ्ग्रहेऽपि –**

[1]उवसंतद्धा अंते बिइए ओकड्डियस्स दलियस्स ।
अज्झवसाणविसेसा एक्कस्सुदओ भवे तिण्हं ॥१॥

यस्य जन्तोर्मिथ्यात्वस्योदयो भवति, स मिथ्यात्वगुणस्थानकं प्राप्नोति । तत्र च अन्तर्मुहूर्तादूर्ध्वं नानाजीवापेक्षया तीर्थकृत्कर्माऽऽहारकद्विकं विना सप्तदशाधिकशतप्रकृतीनां बन्धकः सञ्जायते, द्वाविंशत्युत्तरशतोदययोग्यप्रकृतीनां मध्याद् मिश्रसम्यक्त्वाऽऽहारकद्विक-तीर्थकृत्कर्मरूपपञ्चप्रकृतीस्त्यक्त्वा सप्तदशोत्तरशतप्रकृतिषु यथायोग्यप्रकृतीनां वेदको भवति, आहारकचतुष्कजिननाम विना त्रिचत्वारिंशदुत्तरशतसत्ताको भवति ।

(१२४) यस्य जन्तोर्मिश्रस्योदयो भवति, स मिश्रगुणस्थानकं प्राप्नोति, तत्र स्थितो न परभवयोग्याऽऽयुर्बध्नाति, न च तत्र म्रियते । ततश्च्युत्वा मिथ्यादृष्टिः सन् यद्वा सम्यक्त्वमासाद्य

મિશ્રમોહનીય અને અશુભપરિણામ હોય તો મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય છે.

(૧૨૩) **પંચસંગ્રહમાં** પણ આ વાત કહી છે કે, ઉપશાંતાદ્ધાના અંતે બીજી સ્થિતિના અપવર્તના કરાયેલા દલિકોમાંથી અધ્યવસાયને અનુસારે કોઈપણ ૧ (પુંજ)નો ઉદય થાય છે.

મિથ્યાત્વગુણસ્થાનકની પ્રાપ્તિ

જે જીવને મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય, તે મિથ્યાત્વગુણઠાણે જાય છે. અને ત્યાં અંતર્મુહૂર્ત પછી અનેક જીવની અપેક્ષાએ જિનનામ અને આહારક-૨ વિના ૧૧૭ પ્રકૃતિનો બંધ થાય છે. અને ઉદયયોગ્ય ૧૨૨ પ્રકૃતિઓમાંથી મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, આહારક-૨ અને જિનનામ - આ ૫ વિના ૧૧૭ પ્રકૃતિનો ઉદય હોય છે. અને ૧૪૮ પ્રકૃતિમાંથી આહારક-૪ અને જિનનામ = ૫ વિના ૧૪૩ની સત્તા હોય છે.

મિશ્રગુણસ્થાનકની પ્રાપ્તિ

(૧૨૪) જે જીવને મિશ્રમોહનીયના પુંજનો ઉદય થાય, તે મિશ્રગુણઠાણું પામે છે. ત્રીજા ગુણઠાણે આયુષ્યનો બંધ થતો નથી અને જીવ મરતો પણ નથી. તેથી ત્યાંથી

---

१. उपशान्ताद्धाऽन्ते द्वितीयाया अपकर्षितस्य दलिकस्य ।
अध्यवसायविशेषादेकस्योदयो भवेत् त्रयाणाम् ॥

सम्यग्दृष्टिः सन् समाप्त आयुष्के म्रियते, नानाजीवापेक्षया मिश्रगुणस्थानकवर्ती तिर्यक्त्रिकस्त्यानर्द्धित्रिकदुर्भगदुःस्वरानादेयानन्तानुबन्धिमध्यमसंस्थानचतुष्कमध्यमसंहनन-चतुष्कनीचैर्गोत्रोद्योताप्रशस्तखगतिस्त्रीवेदरूपपञ्चविंशतिप्रकृतीनां बन्धापगमात् मनुष्य-देवायुराहारकद्विकजिननामरूपप्रकृतीनामबन्धात् सास्वादनगुणस्थाने बन्धविच्छेदयोग्य-मिथ्यात्वनरकत्रिकैकेन्द्रियादिजातिचतुष्कस्थावरचतुष्काऽऽतपहुण्डकसेवार्तनपुंसकवेद-रूपषोडशप्रकृतीर्वर्जयित्वा शेषाणां चतुःसप्ततिप्रकृतीनां बन्धको भवति, वेदकः पुनरेकेन्द्रिय-विकलेन्द्रियरूपजातिचतुष्कानन्तानुबन्धिचतुष्कस्थावररूपनवप्रकृतीनां विच्छेदात् देवमनुष्य-तिर्यगानुपूर्व्यनुदयान्नरकानुपूर्वीसूक्ष्मत्रिकाऽऽतपमिथ्यात्वोदयस्य सास्वादनगुणस्थानक एव व्यवच्छेदात्, आहारकद्विकजिननामसम्यक्त्वमोहनीयमिश्रमोहनीयरूपपञ्चप्रकृतीनां मिथ्यात्व-गुणस्थानकेऽनुदयवतीनां मध्याद् मिश्रस्य चोदयमानत्वात् शतप्रकृतीनां भवति । तथा यद्यपि

પડે, તો મિથ્યાત્વ ગુણઠાણાને પામીને... અને જો ચઢે, તો સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને આયુષ્ય સમાપ્ત થતાં મૃત્યુ પામે છે.

બંધ : મિશ્રગુણઠાણે અનેક જીવની અપેક્ષાએ બંધપ્રાયોગ્ય ૧૨૦ પ્રકૃતિમાંથી તિર્યંચ-૩, થિણદ્ધિ-૩, દૌર્ભાગ્ય-૩, અનંતાનુબંધી-૪, મધ્યમ સંસ્થાન-૪, મધ્યમ સંઘયણ-૪, નીચગોત્ર, ઉદ્યોત, અશુભવિહાયોગતિ અને સ્ત્રીવેદ - આ ૨૫ પ્રકૃતિનો બંધ નથી હોતો. તથા મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય, આહારક-૨ જિનનામ - આ ૫ પ્રકૃતિનો અબંધ હોય છે. તથા સાસ્વાદનગુણઠાણે પણ બંધમાં ન આવતી મિથ્યાત્વ, નરક-૩, જાતિ-૪, સ્થાવર-૪, આતપ, હુંડક, છેવટ્ઠું, નપુંસકવેદ - આ ૧૬ પ્રકૃતિનો મિશ્રગુણઠાણે બંધ ન હોવાથી, ૨૫ ૫ ૧૬ = ૪૬ પ્રકૃતિ વિના ૭૪ પ્રકૃતિઓ બંધાય છે.

ઉદય : જાતિ-૪, અનંતાનુબંધી-૪, સ્થાવર - આ ૯ પ્રકૃતિનો મિશ્રગુણઠાણે ઉદય હોતો નથી. તથા દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વી - આ ૩ નો અનુદય થાય છે. તથા સાસ્વાદનગુણઠાણે જ ઉદયમાં ન હોય તેવી નરકાનુપૂર્વી, સૂક્ષ્મ-૩, આતપ અને મિથ્યાત્વ - આ ૬ પ્રકૃતિઓ પણ મિશ્રગુણઠાણે ઉદયમાં ન હોય તથા મિથ્યાત્વગુણઠાણે પણ ઉદયમાં ન હોય તે આહારક-૨, જિનનામ, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય - આ ૫ પ્રકૃતિઓ પણ મિશ્રગુણઠાણે ઉદયમાં ન હોય. તેથી ૯ ૩ ૬ ૫ = ૨૩ પ્રકૃતિઓ બાદ કરતા અને મિશ્રમોહનીયનો ઉદય થવાથી તે ઉમેરતા ૧૨૨ - ૨૩ ૧ = ૧૦૦ પ્રકૃતિનો ઉદય હોય છે.

સત્તા : આમ તો મિશ્રગુણઠાણે જિનનામ વિના ૧૪૭ ની સત્તા હોય છે. છતાં

मिश्रदृष्टिर्जिननामवर्जसप्तचत्वारिंशदधिकशतसत्ताको भवति तथापि प्रथमोपशमसम्यक्त्वानन्तरे मिश्रदृष्टिराहारकचतुष्कजिननामकर्म विना त्रिचत्वारिंशदधिकशतप्रकृतिसत्ताको भवति ।

(१२५) यस्य सम्यक्त्वमोहनीयस्योदयो भवति, स क्षायोपशमिकसम्यग्दृष्टिः सन् यदा चतुर्थगुणस्थानकं प्राप्नोति, तदा तत्र च व्रतरहितस्सन् कालं गमयति । यद्यप्ययं जन्तुः सावद्यव्यापारं कुत्सितकर्मत्वेन जानीते, तथाप्यप्रत्याख्यानावरणलक्षणद्वितीयकषायोदय-प्रतिबन्धकस्य सत्त्वाद् व्रतं न गृह्णाति, प्रतिबन्धकाभावस्य कार्यजनकत्वनियमात् । अविरतोऽप्येवं सद्देवगुरुसङ्घानां पूजाप्रणतिवात्सल्यादिरूपभक्तिं शासनोन्नतिं च कर्तुं समुद्यतते । उक्तं चान्यत्रापि—

[१]जो अविरओऽवि संघे भत्तिं तित्थुण्णइं सदा कुणइ ।
अविरयसम्मद्दिट्ठी पभावगो सावगो सो वि ॥१॥

नानाजीवापेक्षया चतुर्थगुणस्थानवर्तिनः क्षायोपशमिकसम्यग्दृष्टेर्मिश्रगुणस्थानके बध्यमानचतुःसप्ततिप्रकृतीनां तीर्थकृन्मनुष्यदेवायूरूपप्रकृतित्रयस्य च बन्धो भवति, तथा मिश्रं

પણ અહીં પ્રથમ ઉપશમસમ્યક્ત્વપ્રાપ્તિના અનંતરસમયે મિશ્રદૃષ્ટિ જીવને આહારક-૪ અને જિનનામ વિના ૧૪૩ પ્રકૃતિની સત્તા હોય છે.

क्षायोपशमिकसम्यक्त्वनी प्राप्ति

(૧૨૫) જે જીવને સમ્યક્ત્વમોહનીયનો ઉદય થાય, તે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. અને તે ચોથા ગુણઠાણાને પ્રાપ્ત કરે છે. આ ગુણઠાણે જીવ વ્રત-નિયમરહિત જ કાળ પસાર કરે છે. જો કે આ સમ્યગ્દ્રષ્ટિ જીવ જાણે છે કે 'સાવદ્યવ્યાપાર એ નિંદનીય કર્મ છે,' છતાં અપ્રત્યાખ્યાનાવરણીય સ્વરૂપ બીજો કષાય પ્રતિબંધક હોવાથી, વ્રત-નિયમ કરી શકતો નથી. કારણ કે કષાયોદયસ્વરૂપ પ્રતિબંધક ન હોય તો જ વિરતિ પ્રાપ્ત થાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ અવિરત હોવા છતાં સુદેવ-સુગુરુ-સંઘની પૂજા, નમસ્કાર, વાત્સલ્યાદિ સ્વરૂપ ભક્તિ અને શાસનની ઉન્નતિને કરવા માટે ઉદ્યત હોય છે. **અન્યત્ર પણ કહ્યું છે-**

'જે અવિરત હોવા છતાં પણ હંમેશા (૧) સંઘ વિશે ભક્તિ, અને (૨) તીર્થની ઉન્નતિ કરે છે, તે અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ પ્રભાવક શ્રાવક સમજવો.'

ચોથા ગુણઠાણે અનેક જીવની અપેક્ષાએ **બંધ :** મિશ્રગુણઠાણે બંધાતી ૭૪ પ્રકૃતિમાં જિનનામ, મનુષ્યાયુ અને દેવાયુ = ૩ પ્રકૃતિ ઉમેરતાં ૭૭ પ્રકૃતિનો બંધ થાય છે.

ઉદય : મિશ્રગુણઠાણે ઉદયમાં કહેલી ૧૦૦ પ્રકૃતિઓમાંથી મિશ્રમોહનીય સિવાયની

१. योऽविरतोऽपि संघे भक्तिं तीर्थोन्नतिं सदा करोत्ति । अविरतसम्यग्दृष्टिः प्रभावकः श्रावकः सोऽपि ॥१॥

वर्जयित्वा मिश्रगुणस्थानकवन्नवनवतिप्रकृतय आनुपूर्वीचतुष्कसम्यक्त्वरूपपञ्चप्रकृतयश्चेति चतुरधिकशतप्रकृतीनामुदयो भवति, अष्टचत्वारिंशदुत्तरशतप्रकृतीनां सत्ता भवति ।

सामान्यतश्चतुर्थगुणस्थानके बन्धे सत्तायां चोपर्युक्तप्रकृतयो भवन्ति तथापि प्रथमसम्यक्त्वानन्तरं क्षयोपशमसम्यग्दृष्टे र्बन्धे जिननाम तथा सत्तायां जिनाहारकचतुष्कञ्च न भवति ।

(१२६) अथ सास्वादनस्य प्रतिपत्तिं दर्शयितुकाम आह –

सम्मत्तपढमलंभो सव्वोवसमा तहा विगिट्ठो य ।
छलिग सेसा परं आसाणं कोइ गच्छेज्जा ॥२३॥

सम्यक्त्वप्रथमलाभः सर्वोपशमात् तथा विप्रकृष्टश्च ।
षडावलिकाशेषायां परमासादनं कश्चिद् गच्छेत् ॥२३॥ इति पदसंस्कारः

प्रथमोपशमसम्यक्त्वलाभो मिथ्यात्वस्य सर्वोपशमनाद् भवति, नान्यथा । तथा प्रथमोपशमसम्यक्त्वस्य कालः प्रथमस्थित्यपेक्षया विप्रकृष्टः, बृहत्तरान्तर्मुहूर्तप्रमाणः ।

गुजराती भाषान्तर

૯૯ प्रकृतिओ ४ आनुपूर्वी अने सम्यक्त्व मोहनीय - आ ५ प्रकृति उमेरता १०४ प्रकृतिनो उदय होय छे.

सत्ता : १४८नी सत्ता होय छे.

सामान्यथी चोथा गुणठाणे बंधमां अने सत्तामां उपर कहेल प्रकृतिओ होय छे, छतां पण प्रथमसम्यक्त्वप्राप्ति पछी क्षायोपशमिकसम्यग्दृष्टि जीवने बंधमां जिननाम न होय अने सत्तामां जिननाम आहारक ४ = ५ प्रकृति न होय.

(१२६) हवे **सास्वादन गुणस्थानकनी प्राप्तिने बतावे छे :**

गाथार्थ : (अनादि मिथ्यादृष्टिने उपशम) सम्यक्त्वनो प्रथम लाभ सर्वोपशमनाथी थाय छे. तथा ए सम्यक्त्व प्रथमस्थिति करतां विप्रकृष्ट = मोटा अंतर्मुहूर्तवाळुं होय छे. सम्यक्त्वनो काळ जघन्यथी १ समय अने उत्कृष्टथी ६ आवलिका जेटलो बाकी रहे त्यारे कोईक जीव सास्वादनभावने पामे छे. (२३)

विवेचन : प्रथमवार सम्यक्त्वनी प्राप्ति मिथ्यात्वमोहनीयनी सर्वोपशमनाथी ज थाय छे, देशोपशमनाथी नहीं. तथा प्रथमोपशम सम्यक्त्वनो काळ मिथ्यात्वनी प्रथमस्थितिनी अपेक्षाओ मोटा अंतर्मुहूर्त प्रमाण होय छे.

उपशमसम्यक्त्व प्राप्त थतां कोईक जीव प्रथम सम्यक्त्वनी साथे ज देशविरति अथवा सर्वविरतिने पामे छे.

अस्मिन् सम्यक्त्वे प्रतिपद्यमाने कश्चिज्जन्तुः प्रथमसम्यक्त्वेन सह देशविरतिं सर्वविरतिं वा प्रतिपद्यते[१] । उक्तं च **शतकबृहच्चूर्णौ** –

[२]**"उवसमसम्मद्दिट्ठी अन्तरकरणे ठिओ कोइ देसविरइं पि लभेइ ।**
कोइ पमत्तापमत्तभावं पि, सासायणो पुण न किंपि लभे इति ॥१॥" इति ।

तथैव **पञ्चसङ्ग्रहेऽपि** –

"सम्मत्तेण समगं सव्वं देसं च कोइ पडिवज्जे ।" इति ।
ततो देशविरतिप्रमत्ताप्रमत्तसंयतेषु मिथ्यात्वमुपशान्तं प्राप्यते ।

"छलिग सेसा" इत्यादि, जघन्यत औपशमिकसम्यक्त्वकाले समयमात्रशेष उत्कर्षत आवलिकाषट्कशेषे कश्चिज्जन्तुरनन्तानुबन्धिकषायोदयादासादनं = सास्वादनत्वं प्रतिपद्यते, सास्वादनगुणस्थानकं प्राप्नोतीत्यर्थः ।

ગુણધન્યા

शतकनी बृहत्चूर्णिमां કહ્યું છે - '(અંતરકરણમાં રહેલો) ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવ દેશવિરતિને પણ પામે છે. કોઈ પ્રમત્ત-અપ્રમત્તભાવ = સર્વવિરતિને પામે છે. પરંતુ સાસ્વાદને ગયેલો કાંઈપણ પામતો નથી.'

पंचसंग्रहमां પણ કહ્યું છે - 'કોઈક જીવ સમ્યક્ત્વની સાથે દેશવિરતિ તથા સર્વવિરતિને પામે છે.'

તેથી જ્યારે ઉપશમસમ્યક્ત્વી દેશવિરતિગુણઠાણું, પ્રમત્તગુણઠાણું અને અપ્રમત્તગુણઠાણું પામે, ત્યારે તો મિથ્યાત્વમોહનીય ઉપશાંત જ રહે છે. પરંતુ જ્યારે ઉપશમસમ્યક્ત્વનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા જેટલો કાળ બાકી હોય, ત્યારે કોઈક જીવને અનંતાનુબંધી કષાયનો ઉદય થવાથી સાસ્વાદનગુણઠાણું પ્રાપ્ત થાય છે.

---

१. सिद्धान्तमते स्थितिसत्कर्मतः पल्योपमपृथक्त्वे क्षपिते जन्तुर्देशविरतिं सागरोपमपृथक्त्वे च क्षपिते सर्वविरतिं प्रतिपद्यते, तथा च समरादित्यकथायां भणितम्.....
सम्मत्तम्मि उ लद्धे पलियपुहुत्तेण सावगो होज्जा ।
चरणोवसमखयाणं सागरसंखन्तरा होन्ति ॥१॥
श्रावकप्रज्ञप्त्यामपि तथैवोक्तम् ।

२. उपशमसम्यग्दृष्टिरन्तरकरणे स्थितो कोऽपि देशविरतिमपि लभते । कोऽपि प्रमत्ताप्रमत्तभावमपि, सास्वादनं पुनः न कोऽपि लभेदिति ॥१॥

(१२७) तथा चोक्तं **गुणस्थानकक्रमारोहे** –

"एकस्मिन्नुदिते मध्याच्छान्तानन्तानुबन्धीनाम् ।
आद्यौपशमिकसम्यक्त्वशैलमौलेः परिच्युतः ॥१॥

समयादावलिषट्कं यावन्मिथ्यात्वभूतलम् ।
नासादयति जीवोऽयं तावत्सास्वादनो भवेत् ॥२॥" इति ।

इदं सास्वादनगुणस्थानकं सम्यक्त्वतः पततैव जन्तुना प्राप्यते, अतोऽस्य स्वामी भव्यजन्तुरेव । भव्येष्वप्यस्योत्कृष्टतो यः किञ्चिदूनपुद्गलावर्तार्द्धकालप्रमाणसंसारः स एव नान्यः । उक्तं चान्यत्र –

"अंतोमुहुत्तमित्तं पि फासियं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गलपरिअट्टो चेव संसारो ॥१॥" इति

(१२८) अथ सास्वादनगुणस्थानकान्तरं भण्यते – अन्तरं नाम विवक्षितगुणस्थानावस्थितेः प्रच्युतानां पुनस्तत्प्राप्तेर्व्यवधानम् । तच्च सास्वादनगुणस्थानकस्य जघन्यतः पल्योपमा-

सास्वादन गुणस्थानकनी प्राप्ति

(१२७) **गुणस्थानकक्रमारोहमां** कह्युं छे - 'उपशांत थयेला अनंतानुबंधी कषायमांथी कोई एकनो पण उदय थाय, तो जीव प्रथम उपशमसम्यक्त्व रूपी पर्वतना शिखर परथी पडीने १ समयथी मांडीने ६ आवलिका जेटला काळमां, मिथ्यात्वरूप भूतल पर न पहोंचे तेटलो समय ए जीव सास्वादनभाववाळो होय छे.'

आ प्रमाणे सास्वादनगुणस्थानक, सम्यक्त्वथी पडता जीवने ज प्राप्त थाय छे. आथी आना स्वामी भव्यजीव ज होय छे. भव्यजीवोमां पण जेनो संसार उत्कृष्टथी कंईक न्यून अर्धपुद्गलपरावर्त जेटलो बाकी होय तेवो जीव होय छे.

नवतत्त्वमां पण कहेलुं छे - 'जे जीव अंतर्मुहूर्त माटे पण सम्यक्त्वने स्पर्शे छे, तेओनो संसार अर्धपुद्गल परावर्त जेटलो ज होय छे.'

(१२८) सास्वादनगुणठाणानुं अंतर

अंतर = विवक्षित गुणने प्राप्त करीने, फरी पाछी ते गुणनी प्राप्ति थाय ते वच्चेनुं व्यवधान.

सास्वादन गुणठाणानुं अंतर **जघन्यथी** : पल्योपमना असंख्यातमा भाग प्रमाण

ऽसङ्ख्येयभागप्रमाणम्, यतः करणत्रयपूर्वकमन्तरकरणं कृत्वौपशमिकसम्यक्त्वमासादयति, ततोऽनन्तानुबन्ध्युदयात् सास्वादनभावमासाद्य तत्काले व्यतीतेऽवश्यं मिथ्यात्वं गच्छति। तत्र पल्योपमाऽसङ्ख्येयभागेन कालेन मिश्रसम्यक्त्वे उद्वल्य षड्विंशतिसत्कर्मा सन् कश्चिज्जन्तुर्भूय औपशमिकसम्यक्त्वमासाद्य सास्वादनत्वं प्रतिपद्यते, अतो जघन्येन पल्योपमासङ्ख्येय-भागप्रमाणमन्तरमुपपद्यते। उत्कृष्टमन्तरं च देशोनार्धपुद्गलपरावर्तमानम्, तथाहि – सम्यक्त्वतः परिभ्रष्टो जीव उत्कृष्टतः किञ्चिदूनार्धपुद्गलपरावर्ताद्धां यावत्संसारपारावारमध्यमवगाह्य सम्यक्त्वं लभते, ततो देशोनार्धपुद्गलपरावर्तप्रमाणमुत्कृष्टान्तरं घटते।

यावदन्तरकरणे तिष्ठति तावदौपशमिकसम्यग्दृष्टिर्ज्ञातव्यः। उक्तं च **पञ्चसङ्ग्रहे**– "**उवसंतदंसणी सो अन्तरकरणे ठिओ जाव।**" इति। किन्त्वनन्तानुबन्ध्युदयादधः पतति, तदाऽन्तरकरणे स्थितोऽपि सम्यक्त्वस्याऽऽस्वादनमात्रं करोति। उक्तं च –

"उवसमअद्धाइठिओ मिच्छमपत्तं तमेव गन्तुमणो।
सम्मं आसायन्तो सासायणमो मुणेयव्वो ॥१॥" इति

गुणधन्या

छे. કારણ કે ૩ કરણ કર્યા પછી અંતરકરણ કરીને જીવ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. ત્યારબાદ અનંતાનુબંધી કષાયનો ઉદય થવાથી સાસ્વાદનગુણઠાણે જાય છે. અને સાસ્વાદનગુણઠાણાનો કાળ વ્યતીત થયે, જીવ અવશ્ય મિથ્યાત્વે જાય છે. ત્યાં અંતર્મુહૂર્ત રહીને પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલા કાળે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરે છે. અને ૨૬ની સત્તાવાળો થાય છે. પછી કોઈક જીવ ફરીથી ઉપશમસમ્યક્ત્વને પ્રાપ્ત કરીને સાસ્વાદનગુણઠાણે આવે છે. આથી જઘન્ય અંતર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

ઉત્કૃષ્ટ અંતર : દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત પ્રમાણ છે. તે આ રીતે :- સમ્યક્ત્વથી પડેલો જીવ ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત પ્રમાણ કાળ સુધી સંસારમાં રહીને સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. તેથી ઉત્કૃષ્ટ અંતર આટલું હોય.

જ્યાં સુધી જીવ અંતરકરણમાં રહે છે, ત્યાં સુધી ઔપશમિક સમ્યક્ત્વી કહેવાય છે. **પંચસંગ્રહમાં** પણ કહ્યું છે - 'જ્યાં સુધી અંતરકરણમાં રહેલો છે, (ત્યાં સુધી) તે ઔપશમિક સમ્યક્ત્વી કહેવાય છે.'

પરંતુ અનંતાનુબંધીના ઉદયથી જ્યારે નીચે પડે છે, ત્યારે અંતરકરણમાં હોવા છતાં પણ સમ્યક્ત્વનો આસ્વાદમાત્ર હોય છે. **કહ્યું છે કે** 'ઉપશાંતાદ્ધામાં રહેલો જીવ, મિથ્યાત્વ ગુણઠાણાને ન પામવા છતાં, મિથ્યાત્વે જવા અભિમુખ થયેલો તે, સમ્યક્ત્વના આસ્વાદવાળો સાસ્વાદનગુણઠાણે રહેલો જાણવો.'

(१२९) नानाजीवापेक्षया सास्वादनगुणस्थानकवर्ती एकोत्तरशतप्रकृतीनां बन्धकः, यतो मिथ्यात्वनरकत्रिकैकेन्द्रियादिजातिचतुष्कस्थावरचतुष्काऽऽतपहुण्डकसेवार्तनपुंसकवेदरूपषोडशप्रकृतीर्न बध्नाति, तासां मिथ्यात्वप्रत्ययत्वात् तथा चाऽऽहारकद्विकजिननामलक्षणत्रिप्रकृतीनामबन्धक-स्तद्बन्धयोग्यगुणाऽभावात्। सूक्ष्मत्रिकाऽऽतपमिथ्यात्वरूपपञ्चानामुदयव्यवच्छेदाद् आहारकद्विक-जिननामसम्यक्त्वमोहनीय-मिश्रमोहनीयनरकानुपूर्व्यनुदयाच्चैकादशोत्तरशतप्रकृतीनां वेदको, नरकानुपूर्व्यनुदय इदं कारणम् — सास्वादनस्थो जीवो नरकं न याति। नानाजीवमाश्रित्य सास्वादनस्थः 'तीर्थकृत्सत्ताऽसम्भवा' इति सप्तचत्वारिंशदधिकशतसत्ताको भवति।

(१३०) अथ सम्यग्दृष्टेः स्वरूपमाविश्चिकीर्षुराह —

सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ।
सद्दहइ असब्भावं अजाणमाणो गुरुनियोगा ॥२४॥

ગુણધન્યા

सास्वादनगुणठाणे बंधादि

(१२९) बंध : અનેક જીવની અપેક્ષાએ સાસ્વાદનગુણઠાણે ૧૦૧ પ્રકૃતિઓ બંધાય છે. કારણ કે મિથ્યાત્વ, નરક-૩, જાતિ-૪, સ્થાવર-૪, આતપ, હુંડક, છેવટ્ઠું અને નપુંસકવેદ - આ ૧૬ પ્રકૃતિઓ મિથ્યાત્વપ્રત્યયિકી (= મિથ્યાત્વના ઉદયકાળે જ બંધાતી) હોવાથી પહેલા ગુણઠાણે જ બંધાય. તેથી અહીં તેનો બંધ થતો નથી. તથા આહારક-૨ અને જિનનામ - આ ૩ પ્રકૃતિ યોગ્ય વિશુદ્ધિનો અભાવ હોવાથી, તેનો અહીં અબંધ હોય છે. તેથી ૧૦૧ પ્રકૃતિઓ બંધમાં હોય છે.

ઉદય : મિથ્યાત્વ ગુણઠાણે આહારક-૨, જિનનામ, સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય - આ ૫ પ્રકૃતિનો અનુદય હોવાથી ૧૧૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તેમાંથી સૂક્ષ્મ-૩, આતપ અને મિથ્યાત્વ - આ ૫ પ્રકૃતિઓનો મિથ્યાત્વગુણઠાણાના અંતે ઉદયવિચ્છેદ થાય છે. અને સાસ્વાદન ગુણઠાણે રહેલો જીવ નરકમાં જતો નથી. તેથી બીજે ગુણઠાણે નરકાનુપૂર્વીનો અનુદય થાય છે. તેથી આ ૬ પ્રકૃતિઓ બાદ કરતાં બીજા ગુણઠાણે ૧૧૧ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

सत्ता : અનેક જીવની અપેક્ષાએ સાસ્વાદનગુણઠાણે ૧૪૭ પ્રકૃતિઓ સત્તામાં હોય છે, કેમકે સાસ્વાદન ગુણઠાણે જિનનામની સત્તા સંભવતી નથી.

(૧૩૦) હવે સમ્યગ્દૃષ્ટિના સ્વરૂપને પ્રગટ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે :-

ગાથાર્થ : સમ્યગ્દૃષ્ટિ જીવ (સર્વજ્ઞ વડે) ઉપદિષ્ટ પ્રવચનની જ શ્રદ્ધા કરે છે, સાચું માને

सम्यग्दृष्टिर्जीव उपदिष्टं प्रवचनं तु श्रद्धत्ते ।
श्रद्धत्तेऽसद्भावमजानन् गुरुनियोगात् ॥२४॥ इति पदसंस्कारः

सम्यग्दृष्टिर्जन्तुर्गुरुभिः = अर्थतः परमगुरुभिस्तीर्थकरैः सूत्रतो गणधरादिभिश्चोपदिष्टं प्रज्ञप्तं प्रवचनं नियमाच्छ्रद्दधात्येव, तुशब्दोऽत्रैवकारार्थो भिन्नक्रमश्च । तेन यः पुनः सम्यग्दृष्टिरप्यसद्भावं = न विद्यते सद्भावो जीवाजीवानामनुपहतं स्वरूपं यस्मिन् प्रवचने, तद्, असद्भूतमित्यर्थः, मिथ्यात्वमदवासितधीप्रणीतमिति यावत्, प्रवचनं श्रद्दधन्ते, सोऽजानन् = यथार्थज्ञानविकलः सन् । अत्राऽज्ञानं ज्ञानावरणकर्मविपाकोदयादुत्पन्नं न सम्यक्त्वप्रतिबन्धकम्, यद्वा गुरोः = सम्यग्ज्ञानरहितस्य जमाल्यादिप्रमुखस्य मिथ्यादृष्टेर्नियोगात्, नियोजनं नियोगः "भावाऽकर्त्रोः" (सिद्धहेम० ५/३/३८) इत्यनेन भावे घञ्, "आज्ञाशिष्टिर्निराङ्निम्यदेशो नियोगशासने" (अभिधान०) इत्यनेन आज्ञापारतन्त्र्यादिति यावत्, असद्भूतं प्रवचनं श्रद्दधाति, न स्वेच्छया।

गुणधन्या

छे. तथा अज्ञानने लीधे के गुरुना पारतंत्र्यथी खोटा अर्थनी पण श्रद्धा करे छे. (२४)

विवेचन : गुरुओ = परमगुरु तीर्थंकर परमात्माओ अर्थथी अने गणधरोओ सूत्रथी उपदेशेला पदार्थ विशे सम्यग्दृष्टि जीव नियमा श्रद्धा करे छे.

अज्ञान होवा छतां सम्यक्त्वनो अप्रतिबंध

कोई सम्यग्दृष्टि जीव यथार्थज्ञानथी रहित होवाना कारणे, जीवाजीवना वास्तविक स्वरूपथी रहित मिथ्यादर्शननी श्रद्धा पण करे छे. पण ते श्रद्धानुं मूळ तेनुं अज्ञान ज होय छे.

प्रश्न : अज्ञान सम्यक्त्वने अटकावतुं नथी ?

उत्तर : ना, अहीं ज्ञानावरणीयना विपाकोदयथी अज्ञान रहेलुं छे, नहीं के कदाग्रहथी... तेथी ते सम्यक्त्वने अटकावतुं नथी.

गुरुनियोगजन्य मिथ्यादर्शननो स्वीकार

अथवा... कोईक सम्यग्दृष्टि आत्मा पोताना जमालि वगेरे जेवा मिथ्यादृष्टि गुरुना नियोगथी पण मिथ्यादर्शनने स्वीकारे छे. पण, स्वेच्छाथी नथी स्वीकारता.

अहीं 'नि + युज्' धातुने 'भावाकर्त्रोः' (सिद्ध हेम. ५/३/३८) सूत्रथी भावमां 'घञ्' लागीने नियोग शब्द बन्यो छे. अने **अभिधानचिंतामणिनाममालामां** कहेला 'आज्ञाशिष्टि....' थी जणाय छे, के नियोग = आज्ञापारतंत्र्य.

तेथी अहीं जीव मिथ्यात्वी गुरुनी आज्ञाने परतंत्र होवाना कारणे मिथ्यादर्शननी

(१३१) यद्यपि ज्ञानावरणोदयमात्रेण जनितं यदज्ञानं तेन शास्त्रादीनामर्थः संशयात्मको भवति, यथा कोऽपि सम्मतितर्कादीन् ग्रन्थान् पठति, तेषामर्थे कस्यचित् संशयो जायते, 'अनुक्तानामक्षराणामयमर्थो जायते तदितरो वा जायते' स संशयः, श्रद्धाभक्त्यादिजनितसंशयश्च सम्यक्त्वं प्रतिबद्धुं न शक्यते, यथा सौधर्मेन्द्रस्य मेरुगिरौ अभिषेकावसरे संशयो जातः — 'किं बालोऽयमेतेषां कलशानां जलं सोढुं समर्थो भविष्यत्युत न ?' तादृशाः संशयाः सम्यक्त्वं प्रतिबद्धुं न शक्नुवन्ति, किन्तु गुरुनियोगजनितं नानामताभ्युपगन्तुरज्ञानं मिथ्यात्व-प्रदेशोदयमाहात्म्यात् सद्भूतप्रवचनार्थसंशयरूपः सम्यक्त्वप्रतिबन्धको भवितुमर्हति, तथापि 'तमेव सच्चं' इति उत्तेजकसत्त्वात् सम्यक्त्वं प्रतिबद्धुं नार्हम्, उत्तेजकाभावविशिष्टप्रतिबन्धकः सम्यक्त्वं प्रतिबद्धुं समर्थो भवति, नान्यथा ।

શ્રદ્ધા કરે છે, પણ સ્વેચ્છાથી નહીં. તેથી તેના સમ્યક્ત્વને બાધા પહોંચતી નથી.

પ્રતિબંધકની હાજરી છતાં ઉત્તેજકના કારણે અપ્રતિબંધ

(૧૩૧) પ્રશ્ન : સંશયો તો ઘણા જોયા... જેમ કે, કોઈ સંશય જ્ઞાનાવરણીયના ઉદયથી જ હોય. અને તેના લીધે જીવને શાસ્ત્ર વાંચતા સંશય થાય... જેમકે કોઈક સન્મતિતર્ક ભણે, હવે વિષય અઘરો અને ક્ષયોપશમ મંદ ! શું થાય ? પંક્તિ વાંચતા ડગલે ને પગલે સવાલ ઉઠે કે, જેનો અર્થ નથી બતાવાયો તેવા અક્ષરોનો આ જ અર્થ થાય કે બીજો ? ઇત્યાદિ સંશય થાય તે અજ્ઞાનજન્ય છે... તે તો સમજ્યા... બીજા કોઈકને વળી શ્રદ્ધા-ભક્તિના લીધે પણ સંશય થાય... જેમ કે, સૌધર્મેન્દ્રને મેરુગિરિ ઉપર પ્રભુનો અભિષેક કરતાં સંશય થયો, કે બાળ પ્રભુ આટલા બધા કળશોનું જલ સહી શકશે કે કેમ ? આ સંશય ભક્તિજન્ય હતો... આવા, અજ્ઞાન, શ્રદ્ધા, ભક્તિ આદિથી જન્ય સંશયો તો સમ્યક્ત્વ ન જ અટકાવે. એ તો મગજમાં બેસે એવું છે. પણ, ભલે ને ગુરુની પરતંત્રતાના કારણે મિથ્યાદર્શનને સ્વીકારે, પરંતુ અનેક મતને સ્વીકારનાર તે જીવને મિથ્યાત્વમોહનીયના પ્રદેશોદયના લીધે જે અજ્ઞાન છે, તેના કારણે સદ્‌ભૂત જિનપ્રવચન વિશે જે સંશય થાય, તે તો સમ્યક્ત્વનો પ્રતિબંધક બને જ ને ?

ઉત્તર : હા, આવો સંશય પ્રતિબંધક બની શકે છે. પરંતુ એવો નિયમ છે, કે ઉત્તેજક ન હોય તો જ પ્રતિબંધક કાર્યને અટકાવે છે... અહીં તો 'તમેવ સચ્ચં' સ્વરૂપ ઉત્તેજક હાજર છે. કારણ કે ગુરુને પરતંત્ર હોવા છતાં, તેને પરમાત્મા ઉપર અથાગ શ્રદ્ધા હોય છે. તેથી ઉત્તેજક હાજર હોવાના કારણે સંશયરૂપ પ્રતિબંધક સમ્યક્ત્વરૂપ કાર્યને અટકાવી શકે નહીં.

(१३२) तथाऽऽहुः **उपाध्यायप्रवराः** –

"गुरुनियोगजनितं तु मध्यस्थस्य विनेयस्य नानामतदर्शिनो मिथ्यात्वप्रदेशोदयमहिम्ना विप्रतिपत्त्युपनीतप्रवचनार्थसंशयरूपं सम्यक्त्वप्रतिबन्धाभिमुखमपि 'तमेव सच्चं' इत्याद्यालम्बनरूपोत्तेजकप्रभावान्न सम्यक्त्वं प्रतिबद्धुमलमित्यज्ञानाद् गुरुनियोगाद् वाऽसद्भूतार्थश्रद्धानेऽपि भावतो जिनाज्ञाप्रामाण्याभ्युगन्तुर्न शुभात्मपरिणामरूपसम्यक्त्वोपघात इति भावनीयम्। "एतेन यदुच्यते केनचित् – 'परपक्षस्य निश्रितस्य सर्वथा सम्यक्त्वं न भवत्येवेति' तदपास्तं द्रष्टव्यम् । अनभिनिविष्टमिथ्यादृष्टिनिश्रयाऽपि तदुपनीतासद्भूतार्थश्रद्धानस्यास्वारसिकत्वेन स्वारसिकजिनवचनश्रद्धानाऽविरोधित्वात् । अभिनिविष्टस्य तु स्वपक्षपतितस्य परपक्षपतितस्य वा मिथ्यादृष्टित्वानपायादलं प्रपञ्चेन" इति ।

गुणधन्या

(१३२) **उपाध्यायजीએ** કહ્યું છે - 'ગુરુના નિયોગથી જનિત, નાનામતદર્શિ મધ્યસ્થ શિષ્યને મિથ્યાત્વના પ્રદેશોદયના કારણે વિપ્રતિપત્તિથી શાસ્ત્રાર્થ ઉપર જે સંશય થાય છે, તે સમ્યક્ત્વનો પ્રતિબંધ કરવા સમર્થ હોવા છતાં, 'तमेव सच्चं' ઇત્યાદિ આલંબનરૂપ ઉત્તેજક હોવાના કારણે સમ્યક્ત્વનો પ્રતિબંધ કરી શકતો નથી.

આ પ્રમાણે અજ્ઞાનથી અથવા ગુરુના નિયોગથી અસદ્ભૂત પદાર્થો ઉપર શ્રદ્ધા કરવા છતાં, તે જીવ ભાવથી તો જિનાજ્ઞાને જ પ્રમાણભૂત સ્વીકારતો હોવાથી, તેના શુભાત્મપરિણામ સ્વરૂપ સમ્યક્ત્વને હાનિ પહોંચતી નથી.

પરપક્ષમાં રહેલાને પણ સમ્યક્ત્વ હોઇ શકે

પ્રશ્ન : જે પરપક્ષમાં રહેલા હોય તેમને તો સમ્યક્ત્વ ક્યાં હોય ?

ઉત્તર : હોય. કારણ કે ઉપરોક્ત વાત ઉપરથી જ સિદ્ધ થાય છે, કે અભિનિવેશથી રહિત મિથ્યાદૃષ્ટિની નિશ્રા હોવા છતાં, તેણે (= મિથ્યાત્વીએ) કહેલા અસદ્ભૂત પદાર્થો અસ્વરસવડે શ્રદ્ધા કરતાં જીવને, સ્વરસથી જિનવચન ઉપર જ શ્રદ્ધા હોવામાં કોઇ વિરોધ નથી.

અભિનિવેશ = મિથ્યાત્વ

કદાગ્રહી જીવ તો સ્વપક્ષમાં હોય, કે પરપક્ષમાં હોય, પરંતુ તે તો મિથ્યાત્વી જ હોય તેમાં કોઈ શંકા નથી. કારણ કે કદાગ્રહ એ જ મોટો દોષ છે.

(૧૩૩) હવે મિથ્યાદૃષ્ટિના સ્વરૂપની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે :-

(१३३) अथ मिथ्यादृष्टेः स्वरूपं व्याजिहीर्षुराह –

मिच्छद्दिट्ठी नियमा उवइट्ठं पवयणं न सद्दहइ ।
सद्दहइ असब्भावं वा अणुवइट्ठं ॥२५॥

मिथ्यादृष्टिर्नियमादुपदिष्टं प्रवचनं न श्रद्धत्ते ।
श्रद्धत्तेऽसद्भावमुपदिष्टं वाऽनुपदिष्टम् ॥२५॥ इति पदसंस्कारः

मिथ्यादृष्टिर्जीवस्तीर्थंकरादिभिरुपदिष्टं प्रज्ञप्तं प्रवचनं नियमान्न श्रद्धत्ते, जिनेन्द्रप्रणीत-तत्त्वमात्मनि न सम्यग्परिणमयतीत्यर्थः । किन्तु गुरुभिरुपदिष्टमनुपदिष्टं वा प्रवचनमसद्भूतं मिथ्यात्वरूपं विपरीतार्थं श्रद्धत्ते, न सम्यग्यथावत् । **न च** यो जिनेन्द्रादिभिर्गुरुभिरुपदिष्टमपि प्रवचनं कथञ्चिच्छ्रद्धत्ते स कथं सर्वथा मिथ्यादृष्टिरिति **वाच्यम्,** एकस्मिन् प्रवचनार्थे-ऽभिनिवेशेनासद्भूतश्रद्धानेऽपि तदितरसकलसद्भूतार्थश्रद्धानस्याप्यश्रद्धानकल्पत्वात्, विषकण-मिश्रितमोदकवत् । मिथ्यात्वमोहितो जीवो हिताहिततत्त्वातत्त्वप्रभृतिं न जानाति । उक्तं **चाऽन्यत्र** –

गुणधन्या

गाथार्थ : मिथ्यादृष्टि जीव नियमा (सर्वज्ञवडे) उपदिष्ट प्रवचननी श्रद्धा करतो नथी अने उपदिष्ट के अनुपदिष्ट एवा असद्भूत अर्थनी श्रद्धा करे छे. (२५)

विवेचन : मिथ्यादृष्टि जीव तीर्थंकरे कहेला प्रवचन उपर नियमा श्रद्धा राखतो नथी. गुरुओ उपदेशेल होय के न पण उपदेशेल होय, छतां मिथ्यारूप विपरीत अर्थनी ज श्रद्धा करे छे.

प्रश्न : जे जीव जिनेश्वरोओ कहेला बधा पदार्थो उपर श्रद्धा न राखे, पण कोईक पदार्थ उपर ज श्रद्धा राखे, तो कथंचित् श्रद्धावाळा ते जीवने सर्वथा मिथ्यादृष्टि केवी रीते कहेवाय ?

विषना १ कणवाळो मोदक पण झेरीलो

उत्तर : जे जीव प्रभुए कहेला १ शास्त्रवचन उपर पण जो कदाग्रहना कारणे अश्रद्धा करे, तो बीजा सकल शास्त्रवचन उपर मूकेली श्रद्धा पण अश्रद्धातुल्य ज गणाय. जेमके १ कण पण विषथी मिश्रित होय एवो आखो मोदक झेरीलो गणाय.

मिथ्यात्वथी मूढ थयेलो जीव हित-अहित, तत्त्व-अतत्त्व वगेरेने जाणतो नथी. **अन्यत्र** कह्युं छे-

'मिथ्यात्वथी युक्त चित्तवाळा जीवो अवश्यपणे हित-अहित, तत्त्व-अतत्त्वने जाणी शकता नथी. शुं जात्यंध व्यक्ति कोईपण वस्तुमां "आ मनोहर छे ? के अमनोहर ?"

"मिथ्यात्वेनाऽऽलीढचित्ता नितान्तं तत्त्वातत्त्वं जानते नैव जीवाः ।
किं जात्यन्धाः कुत्रचिद्वस्तुजाते रम्यारम्यव्यक्तिमासादयेयुः ॥१॥" इति ।

उक्तं च **गुणस्थानकक्रमारोहे** –

"मद्यमोहाद्यथा जीवो न जानाति हिताहितम् ।
धर्माधर्मौ न जानाति तथा मिथ्यात्वमोहितः ॥१॥" इति ।

(१३४) सम्प्रति मिश्रदृष्टिस्वरूपमभिधित्सुराह –

सम्मामिच्छद्दिट्ठी सागारे वा तहा अणागारे ।
अह वंजणोग्गहम्मि य सागारे होइ नायव्वो ॥२६॥

सम्यग्मिथ्यादृष्टिः साकारे वा तथाऽनाकारे ।
अथ व्यञ्जनावग्रहे च साकारे भवति ज्ञातव्यः ॥२६॥ इति पदसंस्कारः

सम्यग्मिथ्यादृष्टिश्चिन्त्यमानः साकारोपयोगे भवति अनाकारोपयोगे वा । अथशब्दो यद्यर्थः । तेन यदि साकारोपयोगे भवति तर्हि व्यञ्जनावग्रह एव व्यावहारिकेऽव्यक्तज्ञानरूपे भवति, नार्थावग्रहे, यस्मात् संशयज्ञानी अन्नविषये नालिकेरदेशोद्भवमनुजवत् जिनप्रवचनानुरागद्वेषरहितो

એવા ભેદને જાણી શકે છે ?

गुणस्थानकक्रमारोहमां પણ કહ્યું છે -

'મદિરાથી મૂઢ થયેલો જીવ જેમ હિત-અહિતને ઓળખતો નથી, તેમ મિથ્યાત્વથી મોહિત થયેલો જીવ ધર્મ-અધર્મને ઓળખી શકતો નથી.'

(૧૩૪) હવે મિશ્રદૃષ્ટિના સ્વરૂપને બતાવવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે :-

ગાથાર્થ : સમ્યગ્મિથ્યાદૃષ્ટિ (મિશ્રદૃષ્ટિ) જીવ સાકારોપયોગમાં તથા અનાકારોપયોગમાં વર્તે છે. જો સાકારોપયોગમાં હોય તો વ્યંજનાવગ્રહ જ હોય. (૨૬)

વિવેચન : મિશ્રદૃષ્ટિ જીવને સાકારોપયોગ તથા અનાકારોપયોગ એટલે કે જ્ઞાનોપયોગ કે દર્શનોપયોગ બન્નેમાંથી કોઈપણ એક ઉપયોગ હોય છે. તેમાં જ્ઞાનોપયોગ = સાકારોપયોગમાં હોય તો વ્યવહારિક અવ્યક્તજ્ઞાનોપયોગસ્વરૂપ વ્યંજનાવગ્રહ જ હોય છે. નૈશ્ચયિક વ્યક્તજ્ઞાનોપયોગરૂપ અર્થાવગ્રહ હોતો નથી.

જેમ નાલિકેર દેશમાં ઉત્પન્ન થયેલો જીવ અન્નના વિષયમાં રાગ-દ્વેષથી રહિત હોય છે. તેવી રીતે સંશયજ્ઞાની મિશ્રદૃષ્ટિજીવ જિનવચન વિશે અનુરાગ-દ્વેષથી રહિત હોય છે. તેને સાચું નિશ્ચયજ્ઞાન હોતું નથી. અને આવું સંશયજ્ઞાન વ્યંજનાવગ્રહમાં જ હોય,

मिश्रदृष्टिर्भवति, न सम्यग्निश्चयज्ञानी । संशयज्ञानत्वञ्च व्यञ्जनावग्रह एव नाऽर्थावग्रहे ।

(१३५) **प्रथमसम्यक्त्वप्राप्त्यधिकारे नानावस्तूनां कालमाश्रित्याल्पबहुत्वं यत् कुमत-सर्पदर्पसौपर्णेयैः कषायप्राभृतचूर्णिकृद्भिरभिहितं तदत्राभिधीयते ।** इदमल्पबहुत्वमपूर्वकरणस्य प्रथमसमयादारभ्योपशान्ताद्धायां प्रवर्तमानमिथ्यात्वगुणसङ्क्रमं यावत्पञ्चविंशतिपदानां कालतो ज्ञातव्यम् । तथाहि –

"एदिस्से परूवणाए णिद्दिदाए इमो दंडओ पणुवीसपडिगो ।

(१) सव्वथोवा उवसामगस्स जं चरिमं अणुभागखंडयं तस्स उक्कीरणाद्धा ।

(२) अपुव्वकरणस्स पढमस्स अणुभागखंडयस्स उक्कीरणकालो विसेसाहिओ ।

(३-४) चरिमट्ठिदिखंडयउक्कीरणकालो तम्हि चेव ट्ठिदिबंधकालो च दोवि तुल्ला संखेज्जगुणा।

(५-६) अंतरकरणाद्धा तम्हि चेव ट्ठिदिबंधगद्धा च दोवि तुल्लाओ विसेसाहियाओ ।

(७-८) अपुव्वकरणे ट्ठिदिखंडयउक्कीरणद्धा ट्ठिदिबंधगद्धा च दोवि तुल्लाओ विसेसाहियाओ।

(९) उवसामगो जाव गुणसंकमेण सम्मत्तसम्मामिच्छत्ताणि पूरेदि सो कालो संखेज्जगुणो।

(१०) पढमसमयउवसामगस्स गुणसेढिसीसयं संखेज्जगुणं ।

(११-१२) पढमट्ठिदि संखेज्जगुणा । उवसामगद्धा विसेसाहिया, विसेसो पुण बे आवलियाओ समयूणाओ ।

(१३) अणियट्टि अद्धा संखेज्जगुणा ।

(१४) अपुव्वकरणाद्धा संखेज्जगुणा ।

(१५) गुणसेढिनिक्खेवो विसेसाहिओ ।

અર્થાવગ્રહમાં નહીં. માટે મિશ્રદૃષ્ટિને વ્યંજનાવગ્રહ હોવાનું કહ્યું.

(૧૩૫) હવે પ્રથમ સમ્યક્ત્વપ્રાપ્તિના અધિકારમાં **કષાયપ્રાભૃતચૂર્ણિકારે** જે અલ્પબહુત્વ અપૂર્વકરણના પ્રથમસમયથી ઉપશાંતાદ્ધામાં થતાં મિથ્યાત્વના ગુણસંક્રમ સુધીના ૨૫ પદાર્થો વિશે કહેલું છે, તે અત્રે બતાવાય છે :- (૨૫ બોલનું સ્વરૂપ ભાવાર્થ સાથે જ અહીં જણાવાઇ રહ્યું છે.)

(१६) उवसंताद्धा संखेज्जगुणा ।

(१७) अंतरं संखेज्जगुणं ।

(१८) जहण्णिया आबाहा संखेज्जगुणा ।

(१९) उक्कस्सिया आबाहा संखेज्जगुणा ।

(२०) जहण्णयं ट्ठिदिखंडयमसंखेज्जगुणं ।

(२१) उक्कस्सयं ट्ठिदिखंडयं संखेज्जगुणं ।

(२२) जहण्णगो ट्ठिदिबंधो संखेज्जगुणो ।

(२३) उक्कस्सगो ट्ठिदिबंधो संखेज्जगुणो ।

(२४) जहण्णयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं ।

(२५) उक्कस्सयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं ।

एवं पणुवीसपडिगो दंडगो सम्मत्तो" इति ।

(१३६) भावार्थः पुनरयम् –

(१) उपशामकस्य यच्चरमानुभागखण्डं तस्योत्कीर्णाद्धा सर्वस्तोका । मिथ्यात्व-सत्कप्रथमस्थितेरावलिकायां शेषायां समाप्यमानो यो मिथ्यात्वसत्करसघातस्तस्य कालस्सर्वस्तोकोऽथवा मिथ्यात्वस्य गुणसङ्क्रमणनिवर्तनकाले समाप्यमानो यः शेषकर्मणां रसघातस्तस्य कालस्सर्वस्तोकः ।

(२) ततोऽपूर्वकरणस्य प्रथमानुभागखण्डस्योत्कीर्णाद्धा विशेषाधिका । अपूर्व-करणस्य प्रथमानुभागखण्डस्योत्कीर्णकालतः उत्तरोत्तरानुभागखण्डोत्कीर्णकालो विशेषहीनो

(૧૩૬) ૨૫ પદાર્થોનું અલ્પબહુત્વ

(૧) **ઉપશમકને ચરમ અનુભાગખંડનો ઉત્કીરણકાળ-સર્વાલ્પ**-અહીં મિથ્યાત્વ મોહનીયકર્મની અપેક્ષાએ ગણીએ તો મિથ્યાત્વમોહનીયની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહેતાં જે મિથ્યાત્વમોહનીયસંબંધી રસઘાત પૂર્ણ થાય છે, તેનો કાળ અથવા મિથ્યાત્વમોહનીયના ગુણસંક્રમની સાથે પૂર્ણ થતાં શેષ કર્મોના ચરમરસઘાતનો કાળ તે સર્વથી અલ્પ છે.

(૨) **અપૂર્વકરણનો પ્રથમ રસઘાતકાળ - વિશેષાધિક** - અપૂર્વકરણના પ્રથમસમયથી

विशेषहीनो भवति । तेन चरमानुभागखण्डोत्कीर्णकालतः प्रथमानुभागखण्डोत्कीर्णकालो विशेषाधिकः ।

(३-४) प्रथमस्थितेरावलिकामात्रे शेषे समाप्यमानो यश्चरमस्थितिखण्डोत्कीर्णकालः स तथा तस्मिन् चरमस्थितिखण्डोत्कीर्णकाले यः स्थितिबन्धकाल इमौ उभौ पूर्वतः सङ्ख्यातगुणौ परस्परं च तुल्यौ ।

एकस्मिन् स्थितिघातेऽनेकसहस्राणि रसघाता भवन्ति, इति कृत्वा चरमरसघातकालतश्चरमस्थितिघातकालः सङ्ख्यातगुणो भवति । तथा चरमरसघातकालतः प्रथमरसघातकालः केवलं विशेषाधिकः । अतः प्रथमरसघातकालतश्चरमस्थितिघातकालः सङ्ख्यातगुणः, स्थितिघातकालेन समकालीनः स्थितिबन्धकालस्तुल्यः, तेनात्रापि चरमखण्डोत्कीर्णकालेन तत्कालीनस्थितिबन्धकालस्तुल्यः ।

(५-६) ततोऽन्तरकरणस्य क्रियाकालः तस्मिन्नेव = अन्तरकरणक्रियाकाल एव स्थितिबन्धकालश्च विशेषाधिकौ परस्परं च तुल्यौ ।

उपलक्षणत्वात् तत्कालीनस्थितिघातकालोऽपि पूर्वतो विशेषाधिकः परस्परं च तुल्यः,

રસઘાત શરૂ થાય છે. અને ઉત્તરોત્તર રસઘાતનું અંતર્મુહૂર્ત ન્યૂન-ન્યૂન (વિશેષહીન) થતું જાય છે. તેથી ચરમ રસઘાત કરતાં પ્રથમ રસઘાતનો કાળ વિશેષાધિક છે.

(૩,૪) પ્રથમસ્થિતિની આવલિકા શેષ હોય ત્યારે સમાપ્ત થતો ચરમ સ્થિતિખંડોત્કીરણકાળ તથા તે વખતે થતા સ્થિતિબંધનો કાળ - પૂર્વથી સંખ્યાતગુણ, પરસ્પરતુલ્ય - એક સ્થિતિઘાતના કાળમાં હજારો રસઘાત થાય છે. તેથી સ્થિતિઘાતનો કાળ રસઘાતના કાળથી સંખ્યાતગુણો હોય છે. અને છેલ્લા રસઘાત કરતાં પ્રથમ રસઘાતનો કાળ માત્ર વિશેષાધિક જ હોવાથી પ્રથમ રસઘાતના કાળથી પણ ચરમ સ્થિતિઘાતનો કાળ સંખ્યાતગુણો હોય છે. તથા સ્થિતિઘાત અને સ્થિતિબંધનો કાળ તુલ્ય હોવાથી, અહીં પણ ચરમ સ્થિતિઘાતનો કાળ અને તે સમયે થતા સ્થિતિબંધનો કાળ તુલ્ય કહ્યો છે.

(૫-૬) અંતરકરણક્રિયાકાળ તથા તેમાં થતા સ્થિતિબંધનો કાળ - વિશેષાધિક અને પરસ્પરતુલ્ય - અંતરકરણક્રિયા, સ્થિતિઘાત અને સ્થિતિબંધ - આ ત્રણે એકસાથે શરૂ થાય છે. અને એકસાથે જ પૂર્ણ થાય છે. તેથી ત્રણેયનો કાળ સરખો છે. અહીં સ્થિતિઘાતનો કાળ જો કે નથી કહ્યો, પરંતુ તે પણ ઉપલક્ષણથી સમજી લેવાનો છે. વળી અંતરકરણક્રિયા અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે શરૂ થાય છે. તેથી

अन्तरकरणक्रियाकालो नूतनस्थितिबन्धश्च स्थितिघातश्च युगपदारभ्यन्ते, तथैकेन स्थितिबन्धकालेनान्तरकरणक्रियाकालः स्थितिघातकालश्च युगपद् निष्ठां यातः । तेनान्तरकरणक्रियाकालेन तत्कालीनस्थितिबन्धकालो वा स्थितिघातकालो वा तुल्यो भवति, यतस्तत्स्थितिघातोऽनेकस्थितिघातेषु व्यतिक्रान्तेष्वनिवृत्तिकरणस्य चरमस्थितिघातः प्राप्यते तथोत्तरोत्तरस्थितिघातकालस्य हीनत्वेन चरमस्थितिघातकालो विशेषहीनो भवति, अर्थाच्चरमस्थितिघातकालतोऽन्तरकरणक्रियाकालीनस्थितिघातकालो विशेषाधिको भवति, अतः पूर्वतोऽन्तरकरणक्रियाकालस्तत्कालीनस्थितिघातकालस्तत्कालीनश्च स्थितिबन्धकालो विशेषाधिकाः परस्परं च तुल्या भवन्ति ।

(७-८) ततोऽपूर्वकरणे प्रथमस्थितिघातोत्कीर्णाद्धा स्थितिबन्धाऽद्धा च विशेषाधिके परस्परं च तुल्ये भवतः ।

अपूर्वकरणस्य प्रथमस्थितिघातादारभ्य पूर्वपूर्वतः किञ्चिद्धीयमानैः सहस्रैरुत्तरोत्तरस्थितिघातकालैरन्तरकरणक्रियाकालस्तत्कालीनश्च स्थितिबन्धकालः स्थितिघातकालो वा प्राप्यते, अतोऽन्तरकरणक्रियाकालतस्तत्कालीनस्थितिबन्धकालतश्चापूर्वकरणस्य प्रथमस्थितिघातकालो विशेषाधिकः, तथा स्थितिघातकालेन स्थितिबन्धकालस्तुल्य इति कृत्वाऽपूर्वकरणस्य प्रथमस्थितिघातकालः स्थितिबन्धकालश्च परस्परं तुल्यौ भवतः ।

ગુણધન્યા

અંતરકરણક્રિયાકાળે થતા સ્થિતિઘાતથી અનેક સ્થિતિઘાત થયા પછી અનિવૃત્તિકરણનો ચરમ સ્થિતિઘાત થાય છે. તથા ઉત્તરોત્તર સ્થિતિઘાતનો કાળ પૂર્વ-પૂર્વ કરતાં વિશેષહીન હોય છે. તેથી ચરમ સ્થિતિઘાતના કાળથી અંતરકરણક્રિયાકાળે થતો સ્થિતિઘાત વિશેષાધિક હોય છે. માટે પૂર્વ કરતાં અંતરકરણક્રિયાકાળ, તત્કાલીન સ્થિતિઘાતકાળ અને તત્કાલીન સ્થિતિબંધકાળ વિશેષાધિક અને પરસ્પર તુલ્ય હોય છે.

(૭-૮) **અપૂર્વકરણનો પ્રથમસ્થિતિખંડોત્કીરણકાળ અને સ્થિતિબંધકાળ - વિશેષાધિક અને પરસ્પર તુલ્ય** - અપૂર્વકરણના પ્રથમસ્થિતિઘાતથી લઈને પૂર્વ-પૂર્વ કરતા હીન-હીન એવા હજારો ઉત્તરોત્તર સ્થિતિઘાતરૂપ કાળ વીત્યા બાદ (૧) અંતરકરણક્રિયાકાળ, (૨) તત્કાલીન સ્થિતિબંધ, કે (૩) તત્કાલીન સ્થિતિઘાત પ્રાપ્ત થાય. એટલે આ ત્રણે કરતાં અપૂર્વકરણના પ્રથમસ્થિતિઘાતનો કાળ વિશેષાધિક સમજવો. અને સ્થિતિઘાત અને સ્થિતિબંધ તુલ્યકાલીન હોવાથી, અપૂર્વકરણનો પ્રથમસ્થિતિઘાત અને પ્રથમસ્થિતિબંધનો કાળ તુલ્ય સમજવો.

(९) उपशमकस्य यावद्गुणसङ्क्रमेण सम्यक्त्वमोहनीयं सम्यक्त्वमिथ्यात्वमोहनीयं च पूरयति स पूर्वतः सङ्ख्यातगुणः, गुणसङ्क्रमणकालः पूर्वतः सङ्ख्यातगुण इति यावत् ।

औपशमिकसम्यक्त्वस्य प्रथमसमयादारभ्यान्तर्मुहूर्तपर्यन्तं मिथ्यात्वमोहनीयस्य गुणसङ्क्रमो भवति, गुणसङ्क्रमसत्कान्तर्मुहूर्तकालस्यानेकसहस्रस्थितिघाताद्धाप्रमाणत्वेन स पूर्वतः सङ्ख्यातगुणः, यतो गुणसङ्क्रमकाले शेषकर्मणामनेकसहस्राणि स्थितिघातादयो भवन्ति।

(१०) तत उपशमकस्य प्रथमसमयसत्कगुणश्रेणिशिरः सङ्ख्यातगुणम्। अत्र गुणश्रेणिशीर्षं नामाऽन्तरकरणस्य यावति काले गुणश्रेणिरचना भवति, तावत्कालो गुणश्रेणिशिरो ज्ञातव्यम्। इदमुक्तं भवति — अनिवृत्तिकरणादूर्ध्वम् अन्तरकरणस्य प्रथमसमयादारभ्य गुणश्रेणिचरम-निक्षेपस्थानपर्यन्तमुपशमकस्य गुणश्रेणिशिर उच्यते, तच्चात्र मिथ्यात्ववर्जशेषकर्मणां सम्भवति, यतोऽन्तरकरणक्रियाकाले पूर्णे सति यदा प्रथमसमय उपशामको भवति, तदा मिथ्यात्वमोहनीयस्य गुणश्रेणिरचनाऽन्तरकरणे न सम्भाव्यते, मिथ्यात्ववर्जशेषकर्मणां गुणश्रेणिरचनाऽन्तरकरणेऽपि भवति, यत उपशमकस्य प्रथमसमयादारभ्य गुणसङ्क्रमनिवर्तनसमयपर्यन्तं मिथ्यात्ववर्ज-शेषकर्मणां गुणश्रेणिः प्रवर्तते । गुणसङ्क्रमनिवर्तनकालीनगुणश्रेणिरचनाऽप्युपरितनान्त-

(૯) **ઉપશામકને ગુણસંક્રમનો કાળ - સંખ્યાતગુણ** - ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારથી શરૂ થયેલો મિથ્યાત્વનો ગુણસંક્રમ અંતર્મુહૂર્ત સુધી ચાલુ રહે છે. તે વખતે શેષ કર્મોના હજારો સ્થિતિઘાત થાય છે. તેથી એક સ્થિતિઘાતના કાળ કરતાં ઉપશામકનો ગુણસંક્રમકાળ સંખ્યાતગુણ આવે.

(૧૦) **ઉપશામકનું પ્રથમસમયનું ગુણશ્રેણીશીર્ષ - સંખ્યાતગુણ** - અહીં ગુણશ્રેણીશીર્ષ = અંતરકરણમાં પ્રથમસમયથી લઈને જેટલા કાળ સુધી ગુણશ્રેણીની રચના થઈ છે તેટલો કાળ. અહીં મિથ્યાત્વ સિવાય શેષકર્મોનું ગુણશ્રેણીશીર્ષ લેવું. કારણ કે અંતરકરણક્રિયાકાળ પૂર્ણ થયા પછી પ્રથમસમયે જીવ ઉપશમક થાય છે. તેથી મિથ્યાત્વની ગુણશ્રેણી તો ઉપશાંતાદ્ધામાં સંભવતી નથી. જ્યારે શેષકર્મની ગુણશ્રેણીરચના તો ઉપશાંતાદ્ધામાં પણ થાય છે. કારણ કે ઉપશમકને શેષકર્મની ગુણશ્રેણી ઉપશમકના પ્રથમસમયથી છેક ગુણસંક્રમના ચરમસમય સુધી ચાલે છે. તેથી તેની રચનાનો કાળ ગુણસંક્રમની પછી પણ અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિમાં હોય છે. તેથી ગુણસંક્રમના કાળ કરતાં પ્રથમસમયઉપશમકનું ગુણશ્રેણીશીર્ષ સંખ્યાતગુણ આવે. અહીં ગુણશ્રેણીશીર્ષ એટલે

र्मुहूर्तप्रमाणस्थितिषु भवतीत्यन्तरकरणप्रथमसमयादारभ्य गुणश्रेणिचरमनिक्षेपस्थानपर्यन्तमुपशमक-गुणश्रेणिशिर उच्यते, तच्च पूर्वतः सङ्ख्यातगुणम्।

(११) ततः प्रथमस्थितिः सङ्ख्यातगुणा ।

अनिवृत्तिकरणस्य सङ्ख्यातभागेऽन्तरकरणक्रियाऽऽरभ्यते, एकया स्थितिबन्धाद्धया पूर्णायां तस्यामनिवृत्तिकरणस्य शेषकालः प्रथमस्थितिरुच्यते । [१]सा च पूर्वतः सङ्ख्यातगुणा । कथमेतदवसीयत इति चेद् ? उच्यते - यदाऽन्तरकरणक्रियासमाप्तिकालेऽन्तरकरणगतं तत्कालीनगुणश्रेणिसत्कं यं सङ्ख्येयभागं खण्डयति, ततः सङ्ख्यातगुणाऽवशिष्टगुणश्रेणिः विद्यते, एवं प्रथमस्थितेरपि तावत्त्वेन गुणश्रेणिसत्कखण्ड्यमानसङ्ख्येयभागतः सङ्ख्येयगुणत्वं भवति, गुणश्रेणिसत्कखण्ड्यमानसङ्ख्येयभाग उपशमकस्य गुणश्रेणिशिरश्च इत्युभयोस्तुल्य-त्वसम्भवाद् उपशमकस्य गुणश्रेणिशिरस्तः प्रथमस्थितिः सङ्ख्यातगुणा सिध्यति ।

गुणधन्या

ઉપશમકના પ્રથમસમયે રહેલા જીવને અંતરકરણના પ્રથમસમયથી લઈને ગુણશ્રેણીના ચરમનિક્ષેપસ્થાન સુધીનો કાળ સમજવો.

(११) प्रथमस्थिति - संख्यातगुण - અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે જીવ અંતરકરણક્રિયા કરે છે. અને ૧ સ્થિતિબંધ જેટલા કાળમાં તે પૂર્ણ થયા બાદ શેષ અનિવૃત્તિકરણનો કાળ તે પ્રથમસ્થિતિ છે. તે પૂર્વથી સંખ્યાતગુણ છે. કારણ કે અનિવૃત્તિકરણની ઉપર ઉપશાંતાદ્ધાના જેટલા કાળમાં ગુણશ્રેણી ગોઠવાઈ છે તે ગુણશ્રેણીશીર્ષ છે. અંતરકરણ કરતી વખતે (મિથ્યાત્વની) ગુણશ્રેણીના સંખ્યાતમા ભાગરૂપ શીર્ષને ખંડે છે. એમ પૂર્વે કહી ગયા. એટલે સંપૂર્ણ ગુણશ્રેણીના આયામ કરતાં ગુણશ્રેણીશીર્ષ સંખ્યાતમા ભાગપ્રમાણ છે. એમ આ પરથી નક્કી થવાથી ગુણશ્રેણીશીર્ષ કરતાં શેષ ગુણશ્રેણી સંખ્યાતગુણ થાય.

હવે પ્રથમસ્થિતિ પણ શેષગુણશ્રેણીપ્રમાણ હોવાથી, ગુણશ્રેણીસંબંધી ખંડિત કરાતા સંખ્યાતમા ભાગ કરતાં તે પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ બને. અને (૧) ગુણશ્રેણીનો ખંડિત કરાતો સંખ્યાતમો ભાગ, અને (૨) ઉપશામકનું ગુણશ્રેણીશીર્ષ - બંને તુલ્યપ્રમાણ હોવાથી ઉપશામકના ગુણશ્રેણીશીર્ષ કરતાં પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ હોવી સિદ્ધ થાય છે.

---

१. तथैवोक्तं जयधवलायामपि-सयलस्स गुणसेडिआयामस्स तक्कालं दीसमाणस्स संखेज्जदिभागजुत्तो जो अणियट्टिअद्धादो उवरिमो विसेसाहियणिक्खेवो तं सव्वमंतरट्ठमागएदि त्ति भणियं होदि (१७२०)
अथवा पढमट्ठिदीए संखेज्जदिभागमंतस्सेव गुणसेढिसीसयस्स अंतर दुगागाइदत्तादो (१७२५)

(१३७) **नन्वल्पबहुत्वानुसारेणान्तरकरणक्रियाकालतः प्रथमस्थितिः सङ्ख्यातगुणा भवति,** यतः प्रथमस्थितिबन्धाद्धाऽन्तरकरणक्रियाकालतः विशेषाधिका, ततः सङ्ख्यातगुण उपशमकस्य गुणसङ्क्रमकालः, ततः सङ्ख्यातगुणमुपशमकस्य गुणश्रेणिशिरः, ततः सङ्ख्यातगुणा प्रथमस्थितिरिति । तथा चाभिनवस्थितिबन्धकालतः किञ्चिदधिका प्रथमस्थितिर्भवतीति मलयगिरिसूरीश्वराणामभिप्रायः । उक्तं च तैः **कर्मप्रकृत्यादौ** ग्रन्थे - **"अन्तरकरणक्रियाकाल-श्चान्तर्मुहूर्तप्रमाणः प्रथमस्थितेः किञ्चिन्न्यूनोऽभिनवस्थितिबन्धाद्धया समः ।"** इत्युभयोः परस्परं विरोध उद्भवतीति **चेद् ?**

(१३८) **न,** वादिमृगमृगपतीनां श्रीमन्मलयगिरिसूरीश्वराणामक्षराणामयमर्थः कर्तव्यः – अन्तरकरणक्रियाकालोऽन्तर्मुहूर्तप्रमाणः प्रथमस्थितिकरणकालाच्च किञ्चिन्न्यूनोऽभिनव-स्थितिबन्धाद्धया समः, अन्यथा विरोधापत्तेरिति वयं सम्भावयामहे । तथाहि –

गुणधन्या

(१३७) प्रश्न : આ અલ્પબહુત્વના અનુસારે અંતરકરણક્રિયાકાળ કરતાં પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ થાય છે. કારણ કે હમણા આગળ અલ્પબહુત્વમાં કહ્યું તે રીતે અંતરકરણક્રિયાકાળથી અપૂર્વકરણનો પ્રથમસ્થિતિબંધકાળ વિશેષાધિક છે. તેનાથી ઉપશમકનો ગુણસંક્રમકાળ સંખ્યાતગુણ છે. તેનાથી ઉપશમકની ગુણશ્રેણીનું શીર્ષ સંખ્યાતગુણ છે. તેનાથી પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ છે. આ પ્રમાણે અંતરકરણક્રિયાકાળથી પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ બતાવી.

પરંતુ **મલયગિરિ મહારાજે** અભિનવસ્થિતિબંધકાળથી પ્રથમસ્થિતિ કિંચિત્ અધિક જ કહી છે. **કર્મપ્રકૃતિગ્રંથમાં** તેઓએ આ પ્રમાણે કહ્યું છે -

'અંતરકરણક્રિયાકાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અને તે પ્રથમસ્થિતિથી કંઈક ન્યૂન છે. તથા અભિનવ સ્થિતિબંધાદ્ધા તુલ્ય છે. આથી અભિનવસ્થિતિબંધ સમાન અંતરકરણક્રિયાકાળથી પ્રથમસ્થિતિ વિશેષાધિક જ થશે. આ રીતે બંને મતમાં પરસ્પર વિરોધ આવે છે.'

(૧૩૮) ઉત્તર : મલયગિરિસૂરિ મહારાજે **કર્મપ્રકૃતિમાં** કહેલ અક્ષરોનો અર્થ આ રીતે કરવાથી વિરોધ નહીં આવે - 'અંતરકરણક્રિયાકાળ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અને તે પ્રથમસ્થિતિથી = **પ્રથમસ્થિતિકરણકાળથી** કંઈક ન્યૂન છે. તે અભિનવ સ્થિતિબંધકાળસમાન છે. આમ પ્રથમસ્થિતિ શબ્દનો પ્રથમસ્થિતિકરણકાળ એવો અર્થ કરવાથી વિરોધ નહીં આવે. અન્યથા વિરોધ આવશે. તે આ રીતે :-

જો અંતરકરણક્રિયાકાળ, પ્રથમસ્થિતિથી કંઈક ન્યૂન જ કહીએ, તો પ્રથમસ્થિતિ

यद्यन्तरकरणक्रियाकालः प्रथमस्थितितः किञ्चिन्न्यून उच्यते, तर्हि प्रथमस्थितिरभिनवबन्धकालेन तुल्यभूतान्तरकरणक्रियाकालतः किञ्चिदधिका वाच्या, अभिनवस्थितिबन्धकालान्तरकरण-क्रियाकालयोस्तुल्यत्वात् । अत्रान्तरकरणक्रियाकाले समाप्तेऽग्रे प्रथमस्थितेरावलिकाद्वयशेषे गुणश्रेणिर्व्यवच्छिद्यत इत्युक्तम् । तत्र प्रथमस्थितिसत्कैकावलिकायां सङ्ख्येया अभिनवबन्धाद्धा भवन्ति, प्रत्येकस्थितिबन्धाद्धाया आवलिकायाः सङ्ख्येयभागप्रमाणत्वात् । स्थितिबन्धाद्धाया आवलिकासत्कसङ्ख्येयभागमात्रत्वं स्थितिबन्धाद्धाप्ररूपणाऽवसरे प्राग् विस्तरशो दर्शितमिति । पूर्वोक्तप्रकारेण प्रथमस्थितिरभिनवस्थितिबन्धकालतः केवलं किञ्चिदधिकोच्यते, तर्हि सङ्ख्येया अभिनवस्थितिबन्धाद्धाः कथं भवेयुः ? तस्या प्रथमस्थितेः अभिनवस्थितिबन्धाद्धाद्वयादपि न्यूनत्वात् । अतः प्रथमस्थितिशब्दस्य प्रथमस्थितिकरणकाले लक्षणा कर्तव्या ।

(१३९) **न च** शक्यार्थं परित्यज्य लक्ष्यार्थः कथं गृह्यते ? यथा "पिको रौति" इत्यादौ पिकशब्दस्य शक्यार्थ एव कोकिलात्मको गृह्यते, न लक्ष्यार्थ इति **वाच्यम्**, यतो

गुणधन्या

અભિનવ સ્થિતિબંધને તુલ્ય એવા અંતરકરણક્રિયાકાળથી કંઈક અધિક થાય. કારણ કે અભિનવસ્થિતિબંધ અને અંતરકરણક્રિયાકાળ એ બંને સમાન છે. અને આગળ 'અંતરકરણક્રિયાકાળ સમાપ્ત થયા પછી પ્રથમસ્થિતિની ૨ આવલિકા બાકી રહે ત્યારે ગુણશ્રેણીનો વિચ્છેદ થાય છે.' આ પ્રમાણે કહ્યું છે. અને ૧ આવલિકામાં તો સંખ્યાતા સ્થિતિબંધો થાય છે. કારણ કે આગળ આ પણ કહ્યું જ છે કે '૧ સ્થિતિબંધનો (અંતર્મુહૂર્ત)કાળ આવલિકાના સંખ્યાતમાં ભાગ જેટલો જ છે.' આથી જો પ્રથમસ્થિતિને સ્થિતિબંધના કાળથી કિંચિત્ અધિક જ માનીએ, તો તે ૨ સ્થિતિબંધના કાળથી પણ ન્યૂન થશે. અને તો પછી પ્રથમસ્થિતિમાં સંખ્યાતા સ્થિતિબંધો ક્યાંથી ઘટી શકશે ? માટે કર્મપ્રકૃતિમાં કહેલા પ્રથમસ્થિતિશબ્દનો પ્રથમસ્થિતિકરણકાળ એવો અર્થ કરવો.

(૧૩૯) **પ્રશ્ન :** અહીં પ્રથમસ્થિતિ શબ્દના મૂળ અર્થ = શક્યાર્થને ત્યજીને લક્ષણાથી જણાવેલ પ્રથમસ્થિતિકરણકાળસ્વરૂપ લક્ષ્યાર્થને કેમ ગ્રહણ કરો છો ? જેમ 'પિકો રૌતિ' આ વાક્યમાં પિક શબ્દનો શક્યાર્થરૂપે કોયલ જ ગ્રહણ થાય છે, લક્ષ્યાર્થ નહીં. તો અહીં શક્યાર્થ છોડી લક્ષ્યાર્થનું ગ્રહણ કેમ ?

લક્ષણાનું બીજ

ઉત્તર : લક્ષણા કરવાના ૨ કારણો છે. (૧) અન્વયની અનુપપત્તિ, અને (૨) તાત્પર્યની અનુપપત્તિ.

यत्रान्वयानुपत्तिस्तात्पर्यानुपपत्तिर्वा भवति, तत्र शक्यार्थं परित्यज्य लक्ष्यार्थः स्वीक्रियते । उक्तं च – "**लक्षणा शक्यसम्बन्धतात्पर्यानुपपत्तितः**" इति । यथाऽन्वयाऽनुपपत्तितः – "गङ्गायां घोषः" इत्यादौ गङ्गाप्रवाहरूपशक्यार्थं परित्यज्य गङ्गातीररूपलक्ष्यार्थो गृह्यते । तथैव तात्पर्यानुपपत्तितः – "यष्टीः प्रवेशय" इत्यादौ यष्टिधरेषु लक्षणा, तथैवाऽत्र तात्पर्यानुपपत्तितः प्रथमस्थितिशब्दस्य प्रथमस्थितिकरणकाले लक्षणा कर्तव्या ।

(१४०) **नन्वत्र** प्रथमस्थितिकरणकालेनान्तरकरणक्रियाकालस्तुल्यो भवितुमर्हति, न किञ्चिन्न्यूनः, यतोऽन्तरकरणक्रिया प्रथमस्थितिकरणं च युगपदारभ्येते युगपच्च समाप्येते इति **चेद् ? उच्यते**, तत्समीचीनम्, किन्तु व्यवहारनयेन मिथ्यात्वाऽभाववत्यन्तरकरणे कृते सत्येव प्रथमस्थितिरिति व्यपदिश्यत इति हेतुनाऽन्तरकरणक्रियाकालसमाप्त्यनन्तरं प्रथमस्थितित्वेन

गुणधन्या

(१) अन्वयनी अनुपपत्ति : જ્યાં શક્યાર્થ લેવાથી અન્વયની સંગતિ ન થતી હોય. દા.ત. 'ગંગાયાં ઘોષ' અહીં ગંગાશબ્દનો ગંગાપ્રવાહ એ શક્યાર્થ છે. પણ 'ગંગાપ્રવાહમાં ઝુંપડું' આવો અન્વય સંગત નથી થતો. તેથી ગંગાપદની 'ગંગાતીર'માં લક્ષણા કરાય છે. તેથી ગંગાતીર સ્વરૂપ લક્ષ્યાર્થને લઈને 'ગંગાતીરમાં ઝુંપડું' આમ અન્વય સંગત થઈ જાય.

(૨) तात्पर्यनी अनुपपत्ति : જ્યાં વક્તાનું તાત્પર્ય ન ઘટતું હોય ત્યાં પણ લક્ષણા કરાય છે. દા.ત. 'यष्टीः प्रवेशय' અહીં યષ્ટિ પદનો શક્યાર્થ 'લાકડી' છે. પણ 'લાકડીને પ્રવેશ કરાવો' એવું વક્તાનું તાત્પર્ય નથી. તેથી યષ્ટિપદની 'યષ્ટિધર'માં લક્ષણા કરાય છે. અને તેથી જ 'યષ્ટિધરને પ્રવેશ કરાવો' આવું વક્તાનું તાત્પર્ય સંગત થાય છે.

આ પ્રમાણે અહીં પણ પ્રથમસ્થિતિ શબ્દના શક્યાર્થને લેતાં તાત્પર્યની અસંગતિ ઊભી થાય છે. તેથી તેની પ્રથમસ્થિતિકરણકાળમાં લક્ષણા કરી છે. તેથી કોઈ અસંગતિ ન રહે.

(૧૪૦) પ્રશ્ન : તો પછી પ્રથમસ્થિતિકરણકાળ અને અંતરકરણક્રિયાકાળ બંને તુલ્ય આવે, અંતરકરણક્રિયાકાળ ન્યૂન શી રીતે આવે ? કેમ કે પ્રથમસ્થિતિકરણ અને અંતરકરણક્રિયા સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે.

ઉત્તર : પ્રથમસ્થિતિકરણ અને અંતરકરણક્રિયા સાથે શરૂ થાય છે અને સાથે પૂર્ણ થાય છે. પરંતુ વ્યવહારનયથી અંતરકરણક્રિયા પૂર્ણ થયા પછી પ્રથમસ્થિતિનો વ્યપદેશ થાય છે. આથી અંતરકરણક્રિયાકાળ પ્રથમસ્થિતિકરણકાળથી કાંઈક ન્યૂન સિદ્ધ થાય છે.

આ પ્રમાણે પ્રથમસ્થિતિકરણકાળથી જ અંતરકરણક્રિયાકાળ કંઈક ન્યૂન હોવાનું સિદ્ધ

व्यपदेशो भवति । अतः प्रथमस्थितिकरणकालत एवान्तरकरणक्रियाकालस्य किञ्चिन्न्यूनत्वे सिद्धेऽन्तरकरणक्रियाकालतः प्रथमस्थितेः सङ्ख्यातगुणत्वे न कश्चिद् दोषः समुपजायते ।

(१२) तत उपशमकाद्धा विशेषाधिका ।

आधिक्यं च समयोनाऽऽवलिकाद्विकेन ज्ञातव्यम् । प्रथमस्थितेः प्रथमसमयादारभ्योपशमनक्रियाऽऽरभ्यते, सा च प्रथमस्थितितोऽग्रेतनेषु समयेष्वप्यन्तरकरणाद्धायां समयोनाऽऽवलिकाद्वयपर्यन्तं भवति, यतः प्रथमस्थितेश्चरमसमये समयोनाऽऽवलिकाद्वयेन बद्धं दलिकमनुपशान्तं तिष्ठति । तच्च तावता कालेनाऽन्तरकरण उपशमयतीति प्रथमस्थितेः प्रथमसमयादारभ्यान्तरकरणाद्धायाः समयोनाऽऽवलिकाद्वयपर्यन्तो काल उपशमकाद्धोच्यते, अत उपशमकाद्धा प्रथमस्थितितः समयोनाऽऽवलिकाद्वयेनाऽधिका भवति, अतः पूर्वतो विशेषाधिका भवति ।

(१३) ततोऽनिवृत्तिकरणाद्धा सङ्ख्यातगुणा ।

प्रथमस्थितितोऽनिवृत्तिकरणकालः सङ्ख्यातगुणः, यतोऽन्तरकरणक्रियाकालन्यूनानिवृत्तिकरणसत्कसङ्ख्येयतमभागमात्रैव प्रथमस्थितिर्भवति, उपशमकाद्धा च प्रथमस्थितेः समयोनाऽऽवलिकाद्वयेनैवाधिका भवति, अतः पूर्वतोऽनिवृत्तिकरणकालः सङ्ख्यातगुणः ।

ગુણધન્યા

થતાં અંતરકરણક્રિયાકાળથી પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ હોવામાં કોઈ દોષ નહીં આવે. (**સાર** : અંતરકરણક્રિયાકાળથી પ્રથમસ્થિતિકરણકાળ કંઈક અધિક અને પ્રથમસ્થિતિ સંખ્યાતગુણ થાય.)

(૧૨) **ઉપશમકાદ્ધા - વિશેષાધિક - સમયોન ૨ આવલિકા અધિક** : અંતરકરણક્રિયા પૂર્ણ થયા પછી અનંતરસમયથી અર્થાત્ પ્રથમસ્થિતિના પ્રથમસમયથી ઉપશમનાની ક્રિયાની શરૂઆત થાય છે. અને પ્રથમસ્થિતિના ચરમસમયે માત્ર સમયોન ૨ આવલિકાનું બદ્ધ દલિક અનુપશાંત રહે છે, તે સમ્યક્ત્વના કાળમાં જ તેટલા સમયમાં ઉપશમાવી દે છે. માટે પ્રથમસ્થિતિ બધી ઉપશમકાદ્ધા ગણાય અને ઉપરાંતમાં ત્યારપછીની સમયન્યૂન ૨ આવલિકા પણ ઉપશમકાદ્ધા તરીકે ગણાય છે. માટે તેટલું અધિક છે.

(૧૩) **અનિવૃત્તિકરણાદ્ધા - સંખ્યાતગુણ** : અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અંતરકરણક્રિયા કરવા દ્વારા શેષ અનિવૃત્તિકરણ જેટલી પ્રથમસ્થિતિ કરે છે. એટલે પ્રથમસ્થિતિ કરતાં અનિવૃત્તિકરણ સંખ્યાતગુણ છે. અને પ્રથમસ્થિતિ કરતાં ઉપશમકાદ્ધા સમયોન ૨ આવલિકા જેટલી જ અધિક છે. માટે ઉપશમકાદ્ધાથી અનિવૃત્તિકરણ સંખ્યાતગુણ હોઈ શકે છે.

(१४) ततोऽपूर्वकरणाद्धा सङ्ख्यातगुणा ।

अनिवृत्तिकरणकालस्यान्तर्मुहूर्तकालतोऽपूर्वकरणसत्कान्तर्मुहूर्तकालस्य सङ्ख्यातगुणेन बृहत्तरत्वात् ।

(१५) ततो गुणश्रेणिनिक्षेपो विशेषाधिकः ।

गुणश्रेणिनिक्षेपोऽपूर्वकरणानिवृत्तिकरणरूपकरणद्वयकालात्किञ्चिदधिको भवति । तत्रानिवृत्तिकरणकालोऽपूर्वकरणकालतः सङ्ख्येयभागमात्र एव भवति, तस्मादपूर्वकरण-कालतोऽपूर्वकरणकालसत्कसङ्ख्यातभागतुल्यानिवृत्तिकरणकालेन गुणश्रेणिशिरोरूपकिञ्चिदधिक-कालेन च गुणश्रेणिनिक्षेपस्याऽऽधिक्यम्, ततः पूर्वतो गुणश्रेणिनिक्षेपो विशेषाधिको द्रष्टव्यः ।

(१६) तत उपशान्ताद्धा सङ्ख्यातगुणा ।

उपशान्ताद्धा नाम उपशमसम्यक्त्वकालः, स चान्तर्मुहूर्तप्रमाणस्तथा पूर्वतः सङ्ख्यातगुणो बृहत्तरः ।

(१७) ततोऽन्तरं सङ्ख्यातगुणम् ।

अन्तरं नाम मिथ्यात्वदलिकरहिताऽन्तर्मुहूर्तप्रमाणा स्थितिः । **न चो**पशान्ताद्धातोऽन्तरं

ગુણધન્યા

(૧૪) અપૂર્વકરણ - સંખ્યાતગુણ : કારણ કે અનિવૃત્તિકરણના કાળરૂપ અંતર્મુહૂર્ત કરતા અપૂર્વકરણનું અંતર્મુહૂર્ત સંખ્યાતગુણ છે.

(૧૫) ગુણશ્રેણીનિક્ષેપ - વિશેષાધિક : ગુણશ્રેણીનિક્ષેપ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક કાળમાં થાય છે. તેમાં અપૂર્વકરણથી અનિવૃત્તિકરણ સંખ્યાતમો ભાગ માત્ર છે. તેથી અપૂર્વકરણ કરતાં તેના સંખ્યાતમાં ભાગ રૂપ અનિવૃત્તિકરણ તથા તેથી કંઈક અધિક રૂપ ગુણશ્રેણીશીર્ષ એટલો કાળ અધિક ગુણશ્રેણીનિક્ષેપનો આવે અને તેથી અપૂર્વકરણ કરતાં ગુણશ્રેણીનિક્ષેપકાળ વિશેષાધિક હોવો સ્પષ્ટ છે.

(૧૬) ઉપશાંતાદ્ધા - સંખ્યાતગુણ : ઉપશાંતાદ્ધાનું (ઉપશમસમ્યક્ત્વના કાળનું) અંતર્મુહૂર્ત મોટું હોય છે. તેથી તે ગુણશ્રેણીનિક્ષેપથી પણ સંખ્યાતગુણ આવે.

(૧૭) અંતર - સંખ્યાતગુણ - અંતર = મિથ્યાત્વના દલિક વિનાની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ.

પ્રશ્ન : ઉપશાંતાદ્ધાથી અંતર સંખ્યાતગુણ શી રીતે ? કેમકે જે અંતર કર્યું છે તેની આવલિકા બાકી રહે ત્યારે ઉપશમસમ્યક્ત્વનો કાળ પૂર્ણ થાય છે, સાસ્વાદનની અપેક્ષાએ

सङ्ख्यातगुणं कथमुच्यते ? यतोऽन्तरकरणस्याऽऽवलिकायां शेषायामौपशमिकसम्यक्त्वकालः पूर्णो भवति, तत उपशान्ताद्धातः आवलिकयाऽधिकमन्तरं भवति । यद्वा सास्वादनमधिकृत्योत्कर्षतोऽन्तरकरणस्य षडावलिकासु शेषासूपशमसम्यक्त्वकालः पूर्णो भवति, अतोऽन्तरमुपशान्ताद्धातः षडावलिकाभिरेवाधिकं भवती**ति वाच्य**म्, यत इदमल्पबहुत्वं कषायप्राभृतचूर्णिकारमतानुरोधेनोक्तम्, अतोऽन्तरकरणं पूर्वतः सङ्ख्यातगुणमिति मतान्तरं प्रतिभाति, तेषां मतेऽन्तरकरणस्य समधिकायामावलिकायां शेषायां त्रयः पुञ्जा आकृष्यन्त इति कुत्रचिदपि न निर्दिष्टम्, अतस्तेषामभिप्रायेणान्तरस्य सङ्ख्येयतमे भागे व्यतिक्रान्ते द्वितीयस्थितितस्त्रीन् पुञ्जानाकृष्य वेदयतीति प्रतिभासते, तत्त्वं तु कलहंसा विदन्ति ।

(१४१) अत्र प्रथमस्थितितोऽन्तरायामः किञ्चिदधिको भवतीति मन्यन्त आराध्यपाद-**मलयगिरिसूरीश्वरादयः**, तथाहि – **पञ्चसङ्ग्रहस्याष्टादशगाथासूत्रस्य टीकायाम् – "इत्थं चानिवृत्तिकरणाऽद्धायाः सङ्ख्येयेषु भागेषु गतेषु सत्स्वेकस्मिंश्च सङ्ख्येयतमे भागे शेषे तिष्ठति अन्तर्मुहूर्तमात्रमधो मुक्त्वा मिथ्यात्वस्यान्तरकरणमन्तमुहूर्तप्रमाणं प्रथमस्थितेः किञ्चित्समधिकं**

ગણીએ તો કદાચ અંતરની ૬ આવલિકા બાકી રહે ત્યારે ઉપશાંતાદ્ધા પૂર્ણ થાય છે, તો પછી ઉપશાંતાદ્ધાથી અંતરનો કાળ વિશેષાધિક આવે, સંખ્યાતગુણ શી રીતે ?

ઉત્તર : આ અલ્પબહુત્વ **કષાયપ્રાભૃતચૂર્ણિ**ના આધારે આપવામાં આવ્યું છે. ઉપશમસમ્યક્ત્વના અંતરની આવલિકા શેષ રહે ત્યારે જે ત્રણ પુંજને ખેંચી લાવી છેલ્લી આવલિકામાં ગોઠવવાની પ્રક્રિયા છે, તેનો **કષાયપ્રાભૃતચૂર્ણિમાં** નિર્દેશ નથી. એટલે કદાચ એમ સંભવે છે કે એમની માન્યતા મુજબ અંતરનો સંખ્યાતમો ભાગ પસાર થાય અને સંખ્યાતા બહુભાગ બાકી રહે ત્યારે બીજી સ્થિતિમાંથી દર્શનમોહનીયના દલિક ખેંચી ઉદયમાં આવતા હોય, તેથી ઉપશાંતાદ્ધાનો કાળ તો ૧ સંખ્યાતમાં ભાગ જેટલો જ હોય અને અંતર તો ઘણા સંખ્યાતા ભાગ જેટલું હોય, તેથી તેનાથી તે સંખ્યાતગુણ ઘટે. તેવું આ અલ્પબહુત્વ ઉપરથી લાગે છે. તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

(૧૪૧) **પૂ. મલયગિરિ મહારાજ આદિએ** અંતરકરણનો આયામ પ્રથમ સ્થિતિથી **કંઈક અધિક જ** કહ્યો છે. **પંચસંગ્રહની ૧૮મી ગાથાની ટીકામાં** તેઓ જણાવે છે :- 'આ પ્રમાણે અનિવૃત્તિકરણાદ્ધાના ઘણા સંખ્યાતા ભાગો વીત્યા પછી જ્યારે ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે છે ત્યારે જીવ નીચલી અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિને છોડીને તેની ઉપરની અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિમાંથી મિથ્યાત્વના દલિકોને ખાલી કરે છે, અર્થાત્ અંતરકરણ કરે છે. આ અંતરકરણનું અંતર્મુહૂર્ત પ્રથમસ્થિતિના અંતર્મુહૂર્ત કરતાં **કિંચિદ્ અધિક** હોય છે.

भवति'' इति । तथा च **नव्यशतकवृत्तावपि – मिथ्यात्वस्याऽन्तरकरणमन्तर्मुहूर्तप्रमाणं प्रथमस्थितेः किञ्चित्समधिकं न्यूनं वाऽभिनवस्थितिबन्धाद्धासमेनान्तर्मुहूर्तकालेन करोतीति ।**'' तथैव सप्ततिकावृत्तावप्युक्तम् ।

(१४२) अत्र **कषायप्राभृतचूर्णिकारैः** प्रथमस्थितितो विशेषाधिकोपशामकाद्धा, ततोऽनिवृत्तिकरणकालः सङ्ख्यातगुणः, ततोऽपूर्वकरणकालः सङ्ख्यातगुणः, ततो गुणश्रेणिनिक्षेपो विशेषाधिकः, तत उपशान्ताद्धा सङ्ख्यातगुणा, ततोऽन्तरं सङ्ख्यातगुणमित्युक्तम् । अतोऽन्तरं प्रथमस्थितितः सुतरां सङ्ख्यातगुणं भवति । मलयगिरिसूरीश्वरप्रभृतिमतेन प्रथमस्थितितोऽन्तरकरणं किञ्चिदधिकं भवतीत्युभे मतान्तरे प्रतिभासेते, प्रकारान्तरेण वा भाव्यम् ।

(१८) ततो जघन्याबाधा सङ्ख्यातगुणा ।

मिथ्यात्वस्य जघन्याबाधाऽनिवृत्तिकरणस्य चरमसमये तथा मिथ्यात्ववर्जशेषकर्मणां जघन्याबाधा गुणसङ्क्रमनिवर्तनकाले प्राप्यते, सा च पूर्वतः सङ्ख्यातगुणेन बृहत्तरान्तर्मुहूर्तप्रमाणा,

તથા **નવ્યશતકની વૃત્તિમાં** પણ કહ્યું છે - 'મિથ્યાત્વનું અંતર્મુહૂર્તપ્રમાણ અંતરકરણ પ્રથમસ્થિતિથી કાંઇક અધિક અથવા કાંઇક ન્યૂન હોય છે. અને અભિનવ સ્થિતિબંધાદ્ધાને તુલ્ય અંતર્મુહૂર્ત જેટલા કાલમાં તે કરાય છે.

તથા **સપ્તતિકાવૃત્તિમાં** પણ આ જ પ્રમાણે કહેલું છે. તેથી આ બધા શાસ્ત્રપાઠોથી સિદ્ધ થાય છે, કે પ્રથમસ્થિતિથી અંતરકરણકાળ કિંચિદ્ અધિક જ છે. (સંખ્યાતગુણ નહીં.)

(૧૪૨) જ્યારે પૂર્વોક્ત અલ્પબહુત્વમાં તો **કષાયપ્રાભૃતચૂર્ણિકારે** પ્રથમસ્થિતિથી ઉપશમકાદ્ધા વિશેષાધિક, તેનાથી અનિવૃત્તિકરણનો કાળ સંખ્યાતગુણ, તેનાથી અપૂર્વકરણનો કાળ સંખ્યાતગુણ તેનાથી ગુણશ્રેણીનો નિક્ષેપ વિશેષાધિક, તેનાથી ઉપશાંત અદ્ધા સંખ્યાતગુણ અને તેનાથી અંતર સંખ્યાતગુણ કહ્યું છે. તેથી પ્રથમસ્થિતિથી તો અંતર સુતરાં **સંખ્યાતગુણ** થાય છે.

આ પ્રમાણે અહીં કષાયપ્રાભૃતચૂર્ણિકાર અને પૂજ્ય મલયગિરિસૂરિ મહારાજ વગેરેનો આ બાબતે મતાંતર છે તેમ જાણવું. અથવા બીજી રીતે આ બાબતનું સમાધાન કરવું.

(૧૮) જઘન્ય અબાધા - સંખ્યાતગુણ :- મિથ્યાત્વમોહનીયની જઘન્ય અબાધા અનિવૃત્તિકરણના ચરમસમયે થતાં સ્થિતિબંધની હોય છે. મિથ્યાત્વમોહનીય સિવાયના શેષ કર્મોની જઘન્ય અબાધા ગુણસંક્રમના ચરમસમયે હોય છે. અને તે પૂર્વ કરતાં = અંતર કરતાં સંખ્યાતગુણ મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. જો તે પૂર્વથી ન્યૂન માનીએ, તો મિથ્યાત્વની પ્રથમસ્થિતિના ચરમસમયે જે દલિકો બંધાય છે, તેની નિષેકરચના કરવામાં અંતરકરણમાં પણ દલિકોનો નિક્ષેપ કરવો પડે. અને આવું થવાથી અંતરકરણમાંથી

यदि पूर्वतो न्यूना मन्येत, तर्हि मिथ्यात्वसत्कप्रथमस्थितेश्चरमसमये यानि दलानि बध्यन्ते निषेकरचनायां तेषां निक्षेपोऽन्तरकरणेऽपि स्यात् । तेनान्तरकरणदलिकोत्कीर्णं निष्फलं स्यात्, बन्धद्वारेण निषेकरचनया मिथ्यात्वदलिकानां निक्षेपणात् ।

(१९) तत उत्कृष्टाबाधा सङ्ख्यातगुणा ।

जघन्यस्थितिबन्धत उत्कृष्टस्थितिबन्धोऽपूर्वकरणप्रथमसमयभावी सङ्ख्येयगुणः, तेन जघन्याबाधात उत्कृष्टाबाधा सङ्ख्येयगुणा, अबाधायाः प्रायः स्थितिबन्धसापेक्षत्वात् ।

(२०) ततो जघन्यस्थितिखण्डमसङ्ख्येयगुणम् ।

जघन्यतः स्थितिखण्डं पल्योपमसङ्ख्येयभागप्रमाणं भवति, उत्कृष्टाबाधा च स्थितिबन्धस्याऽन्तःसागरोपमकोटाकोटित्वेनान्तर्मुहूर्तप्रमाणैव भवति, तथाऽन्तर्मुहूर्ततः पल्योपम-सङ्ख्येयभागोऽसङ्ख्यातगुणो भवतीति हेतोरुत्कृष्टाबाधातो जघन्यस्थितिखण्डमसङ्ख्येयगुणम् ।

(२१) तत उत्कृष्टस्थितिखण्डं सङ्ख्यातगुणम् ।

जघन्यस्थितिखण्डं पल्योपमसङ्ख्येयभागप्रमाणं भवति, उत्कृष्टस्थितिखण्डं तु

દલિકોને જે ખાલી કર્યા તે નિષ્ફળ થાય, કારણ કે બંધ દ્વારા નિષેકરચનાવડે મિથ્યાત્વનું નવું દલિક આવી જાય, તો પહેલાનાં ખાલી કરવાથી શું લાભ ? તેથી જઘન્ય અબાધા પૂર્વ કરતાં (અંતર કરતા) સંખ્યાતગુણ માનવામાં આ દોષ નહીં આવે.

(૧૯) **ઉત્કૃષ્ટ અબાધા - સંખ્યાતગુણ :-** અપૂર્વકરણના પ્રથમસમયે થતાં સ્થિતિબંધની અબાધા અહીં લેવાની છે. ઉત્કૃષ્ટસ્થિતિબંધ પણ જઘન્યસ્થિતિબંધથી સંખ્યાતગુણો હોવાથી, ઉત્કૃષ્ટ અબાધા પણ જઘન્ય અબાધાથી સંખ્યાતગુણ આવે, કારણ કે અબાધા પ્રાયઃ કરીને સ્થિતિબંધને સાપેક્ષ હોય છે.

(૨૦) **જઘન્ય સ્થિતિખંડ - અસંખ્યગુણ :-** જઘન્યથી પણ સ્થિતિખંડનું પ્રમાણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. અને ઉત્કૃષ્ટ અબાધા અંતર્મુહૂર્તપ્રમાણ છે, કેમકે અપૂર્વકરણના પ્રથમસમયે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ અંતઃકોડાકોડી સાગરોપમ છે. અને અંતર્મુહૂર્તથી તો પલ્યોપમનો સંખ્યાતમો ભાગ અસંખ્યગુણ હોવાથી, ઉત્કૃષ્ટ અબાધાથી જઘન્યસ્થિતિખંડ અસંખ્યગુણ હોય.

(૨૧) **ઉત્કૃષ્ટ સ્થિતિખંડ - સંખ્યાતગુણ :-** જઘન્ય સ્થિતિખંડ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિખંડ સેંકડો સાગરોપમ પ્રમાણ છે. માટે પૂર્વ કરતાં સંખ્યાતગુણ છે.

सागरोपमपृथक्त्वप्रमाणमिति पूर्वतः सङ्ख्यातगुणं भवति ।

(२२) ततो जघन्यस्थितिबन्धः सङ्ख्येयगुणः ।

जघन्यस्थितिबन्धस्याऽन्तःसागरोपमकोटाकोटित्वेन पूर्वतः सङ्ख्यातगुणत्वम् ।

(२३) तत उत्कृष्टस्थितिबन्धः सङ्ख्यातगुणः ।

यद्यप्युत्कृष्टस्थितिबन्धोऽप्यन्तःसागरोपमकोटाकोटिप्रमाणस्तथाऽपि स पूर्वतः सङ्ख्यातगुणो भवति, यत उत्कृष्टस्थितिबन्धस्यापूर्वकरणस्य प्रथमसमयभावित्वेनानिवृत्तिकरणचरमसमयभावी मिथ्यात्वस्य जघन्यस्थितिबन्धः सङ्ख्यातगुणहीनो भवति ।

(१४३) कथमिति चेद् ? उच्यते — अपूर्वकरणस्य प्रथमस्थितिबन्धतोऽपि तच्चरमस्थितिबन्धः सङ्ख्यातगुणहीनो भवतीत्युक्तम्, ततोऽपूर्वकरणस्य प्रथमस्थितिबन्धतोऽनिवृत्तिकरणचरमसमयस्थितिबन्धः सुतरां सङ्ख्यातगुणहीनो भवति, अतोऽनिवृत्तिकरणचरमसमयभाविजघन्यस्थितिबन्धतोऽपूर्वकरणस्य प्रथमसमयभाव्युत्कृष्टस्थितिबन्धः सङ्ख्यातगुणो वक्तव्यः । एवं शेषकर्मणामुत्कृष्टस्थितिबन्धोऽपूर्वकरणप्रथमसमये भवति, जघन्यस्थितिबन्धश्च मिथ्यात्वसत्कगुणसङ्क्रमनिवर्तनकाले भवति । अपूर्वकरणस्य प्रथमसमयभाविस्थितिबन्धतस्तच्चरमसमयभाविस्थितिबन्धः सङ्ख्यातगुणहीनो भवति, ततोऽप्यग्रेतनस्य स्थितिबन्धस्य

ગુણધન્યા

(૨૨) **જઘન્ય સ્થિતિબંધ - સંખ્યાતગુણ** :- કારણ કે જઘન્ય સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ છે.

(૨૩) **ઉત્કૃષ્ટ સ્થિતિબંધ - સંખ્યાતગુણ** :- અહીં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ છે, છતાં તે જઘન્યસ્થિતિબંધથી સંખ્યાતગુણ છે. કારણ કે મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અપૂર્વકરણના પ્રથમસમયે થાય છે અને જઘન્યસ્થિતિબંધ અનિવૃત્તિકરણના ચરમસમયે થાય છે. તેથી જઘન્ય સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે.

(૧૪૩) **પ્રશ્ન** : તે કેવી રીતે જણાય ?

ઉત્તર : 'અપૂર્વકરણના પ્રથમસ્થિતિબંધથી અપૂર્વકરણનો ચરમ સ્થિતિબંધ સંખ્યાતગુણહીન થાય છે.' એ પ્રમાણે આગળ કહી ગયા. તો પછી અપૂર્વકરણના પ્રથમસમયના સ્થિતિબંધથી અનિવૃત્તિકરણના ચરમસમયે થતો જઘન્યસ્થિતિબંધ તો સુતરાં સંખ્યાતગુણહીન થાય. આથી જઘન્યસ્થિતિબંધ કરતાં ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંખ્યાતગુણ જાણવો.

આ પ્રમાણે જ શેષકર્મોનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ અપૂર્વકરણના પ્રથમસમયે થાય છે. અને જઘન્યસ્થિતિબંધ મિથ્યાત્વમોહનીયના ગુણસંક્રમના ચરમસમયે થાય છે. અપૂર્વકરણના

प्रत्यन्तर्मुहूर्तं हीयमानत्वेन मिथ्यात्वस्य सङ्क्रमनिवर्तनकालीनजघन्यस्थितिबन्धस्य सुतरां सङ्ख्यातगुणहीनत्वं सिध्यति । इत्थं शेषकर्मणामपि मिथ्यात्वसत्कगुणसङ्क्रमनिवर्तनकालीन-जघन्यस्थितिबन्धतोऽपूर्वकरणप्रथमसमयभाव्युत्कृष्टस्थितिबन्धः सङ्ख्यातगुणो भवति ।

(२४) ततो जघन्यस्थितिसत्ता सङ्ख्यातगुणा ।

अप्रमत्ताभिमुखस्य मिथ्यादृष्टेर्जन्तोर्मिथ्यात्वस्योदयचरमसमये मिथ्यात्वस्य सत्कर्म शेषकर्मणां च सत्कर्म मिथ्यात्वगुणसङ्क्रमनिवर्तनकाले जघन्यं भवति, तस्य चाऽन्तःसागरोपमकोटा-कोटिप्रमाणत्वेऽप्युत्कृष्टस्थितिबन्धतः सङ्ख्यातगुणत्वं भवति ।

(२५) ततो उत्कृष्टस्थितिसत्ता सङ्ख्यातगुणा ।

अपूर्वकरणस्य प्रथमसमये यत्स्थितिसत्कर्म, तदुत्कृष्टस्थितिसत्कर्म ज्ञेयम् । तच्च पूर्वतः सङ्ख्येयगुणम्, तत्कारणमुत्कृष्टबन्धवज्ज्ञेयम् ।

इति समाप्तः प्रथमौपशमिकसम्यक्त्वाधिकारः ।

गुणधन्या

પ્રથમસમયે થનારા સ્થિતિબંધથી અપૂર્વકરણના ચરમસમયે થનારો સ્થિતિબંધ પણ સંખ્યાતગુણહીન હોય છે. તો તેની પછી થનારા સ્થિતિબંધ તો પ્રત્યેક અંતર્મુહૂર્તે હીન થતાં હોવાથી સુતરાં સંખ્યાતગુણહીન થાય છે. અને તે પ્રમાણે મિથ્યાત્વના ગુણસંક્રમના નિવર્તનકાળે થતાં શેષકર્મોના જઘન્યસ્થિતિબંધ કરતાં અપૂર્વકરણના પ્રથમસમયે થતો ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંખ્યાતગુણ હોય છે.

(૨૪) **જઘન્ય સ્થિતિસત્તા - સંખ્યાતગુણ** :- અપ્રમત્તાભિમુખ (સમ્યક્ત્વ સાથે અપ્રમત્ત ગુણઠાણું પામવા અભિમુખ એવા) મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વમોહનીયની જઘન્યસ્થિતિસત્તા મિથ્યાત્વના ચરમસમયે હોય છે. અને શેષકર્મોની જઘન્યસ્થિતિસત્તા ગુણસંક્રમના ચરમસમયે હોય છે. આ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવા છતાં, ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી સંખ્યાતગુણ હોય છે.

(૨૫) **ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા - સંખ્યાતગુણ** :- સર્વકર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા અપૂર્વકરણના પ્રથમસમયે હોય છે. તે પણ પૂર્વથી સંખ્યાતગુણ હોય છે. તેનું કારણ ઉત્કૃષ્ટબંધની જેમ જ જાણવું.

આ પ્રમાણે ઉપશમનાકરણ ગ્રંથમાં **'પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્તિ' નામનો પ્રથમ અધિકાર પૂર્ણ થયો.**

(१४४) सम्यक्त्वोत्पादप्ररूपणा विस्तरशः कृता। **अथ चारित्रमोहनीयस्योपशमनाऽभिधीयते,** तत्र चारित्रमोहनीयस्य प्रस्थापकं व्याजिहीर्षुराह –

वेयगसम्मद्दिट्ठी चरित्तमोहुवसमाइ चिट्ठंतो ।
अजओ देसजई वा विरतो व विसोहिअद्धाए ॥२७॥

वेदकसम्यग्दृष्टिश्चारित्रमोहोपशमनायै चेष्टते ।
अयतो देशयतिर्वा विरतो वा विशोध्यद्धायाम् ॥२७॥ इति पदसंस्कारः

તેથી આ વાતથી પણ જણાય છે કે ૧ આવલિકા જેટલી સ્થિતિ અનિવૃત્તિકરણમાં નાશ પામતી નથી. તેના સિવાયની જ નાશ પામે છે અને અનિવૃત્તિકરણ પૂર્ણ થયા પછી જ શેષાવલિકા સ્તિબુક સંક્રમ વડે નિઃસત્તાક કરે છે. બાકી તો આ બંને સ્થાન વિશે પરમાર્થ તો બહુશ્રુતો જાણે છે.

આ પ્રમાણે અનંતાનુબંધી વિસંયોજનાનો અધિકાર પૂર્ણ થયો...

(૨૦૪) કેટલાક આચાર્યોના અભિપ્રાયે અનંતાનુબંધીની ઉપશમના પણ થાય છે. તેમના મતે ઉપશમનાવિધિ કહેવાય છે.

અનંતાનુબંધી ઉપશમના

અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત કે પ્રમત્ત-અપ્રમત્ત સર્વવિરત જીવ અનંતાનુબંધીની ઉપશમના કરવા માટે ત્રણ કરણ કરે છે. તે જીવ કરણની અંતર્મુહૂર્ત પૂર્વેથી અનંતગુણ વિશુદ્ધિમાં વધતો હોય છે, ૩ યોગમાંથી કોઈ એક યોગમાં રહેલો હોય છે, તેજો-પદ્મ-

★. उक्तञ्च धवलाटीकायामपि-"तदो चरिमट्ठिदिखंडयपलिदोवमस्स असंखेज्जदिभागायामं अंतोमुहुत्तमेत्तुक्कीरणकालेन अदिक्कंतो अणियट्टिकरणचरिमसमए उदयावलिबाहिरसव्वट्ठिदिसंतकम्मं परसरूवेण संकामिय अंतोमुहुत्तकाले अदिक्कंते दंसणमोहणीयक्खपणं पट्ठवेदि ।"

पद्मशुक्ललेश्यास्वन्यतमलेश्यया युक्तः साकारोपयोगेनोपयुक्तोऽन्तःसागरोपमकोटाकोटी-स्थितिसत्कर्मा करणकालात्पूर्वमन्तर्मुहूर्तं यावत्पूर्ववत्परावर्तमानाः प्रकृतीः शुभा एव बध्नाति, तथा तेषामनुभागं प्रतिसमयमनन्तगुणवृद्ध्या चतुःस्थानकं बध्नाति, अशुभानां च प्रकृतीनां द्विस्थानकं प्रतिसमयमनन्तगुणहीनं बध्नाति । स्थितिबन्धश्च पूर्वपूर्वत उत्तरोत्तरोऽन्तर्मुहूर्तकालेन पल्योपमसङ्ख्येयभागहीनो भवति, एवमन्तर्मुहूर्ते गते यथाप्रवृत्तकरणं करोति तत्स्वरूपं च पूर्ववज्ज्ञातव्यम् । तद्यथा - अनन्तगुणवृद्ध्या विशुद्ध्या प्रवर्धमानो भवति । अध्यवसायस्थानानि च नानाजीवापेक्षया प्रतिसमयमसङ्ख्येयलोकाकाशप्रदेशप्रमाणानि षट्स्थानपतितानि भवन्ति। पूर्वपूर्वसमयतश्चोत्तरोत्तरसमये विशेषाधिकानि । एवं विशोध्यादि सर्वं प्रथमसम्यक्त्वो-पादवज्ज्ञेयम् ।

(२०५) यथाप्रवृत्तकरणं समाप्यापूर्वकरणं प्रविशति । अपूर्वकरणं च प्रविशन् पञ्चापूर्वपदार्थाः प्रारभ्यन्ते, तद्यथा — स्थितिघातो रसघातो गुणश्रेणिर्गुणसङ्क्रमोऽभिनव-स्थितिबन्धश्च । तत्र स्थितिघातादीनां स्वरूपं पूर्ववज्ज्ञेयम् । स्थितिघातसहस्रैरपूर्वकरणस्य प्रथमसमये

શુક્લ આ ૩ લેશ્યામાંથી કોઈપણ એક લેશ્યાવાળો હોય છે, સાકાર ઉપયોગથી ઉપયુક્ત હોય, અંતઃકોડાકોડી સાગરોપમપ્રમાણ સ્થિતિસત્તાવાળો હોય, પરાવર્તમાન શુભપ્રકૃતિઓનો બંધક હોય, પ્રતિસમય શુભપ્રકૃતિઓનો અનંતગુણવૃદ્ધિએ ૪ ઠાણિયો રસ બાંધે અને અશુભપ્રકૃતિઓનો અનંતગુણહાનિએ બે ઠાણિયો રસ બાંધે. પૂર્વ-પૂર્વથી ઉત્તરોત્તર સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન કરતો હોય છે...

આ પ્રમાણે અંતર્મુહૂર્ત સુધી રહી યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ કરે છે. તેનું સ્વરૂપ પૂર્વવત્ જાણવું. તે આ પ્રમાણે -

તેમાં જીવ અનંતગુણવિશુદ્ધિથી વર્ધમાન હોય છે, અનેક જીવની અપેક્ષાએ યથાપ્રવૃત્તકરણમાં અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાન હોય છે. તથા પૂર્વ-પૂર્વ સમયથી ઉત્તરોત્તરસમયે અધ્યવસાયો વિશેષાધિક હોય છે. એ પ્રમાણે વિશુદ્ધિ આદિ પૂર્વવત્ જાણવી.

(૨૦૫) યથાપ્રવૃત્તકરણ પૂર્ણ કરી અપૂર્વકરણમાં પ્રવેશ કરે છે. ત્યાં સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણી-ગુણસંક્રમ-અપૂર્વસ્થિતિબંધ એ પાંચે વસ્તુ એક સાથે પ્રવર્તે છે. હજારો સ્થિતિઘાતાદિ થતાં અપૂર્વકરણના ચરમસમયે પ્રથમસમય કરતાં સંખ્યાતગુણહીન સ્થિતિ સત્તામાં હોય છે. અને હજારો રસઘાત વડે અનંતગુણહીન રસ સત્તામાં હોય છે.

ગુણશ્રેણી માટે અપૂર્વકરણના પ્રથમસમયે અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિની ઉપરથી દલિકો ગ્રહણ કરી અનંતાનુબંધી આદિ અનુદયવતી પ્રકૃતિઓના ઉદયાવલિકાના ઉપરના સમયથી

यत्स्थितिसत्कर्माऽऽसीत्तस्यैव चरमसमये सङ्ख्येयगुणहीनं जातम् । अनेकसहस्रैः रसघातैश्चानुभागसत्त्वमनन्तगुणहीनं कृतम् ।

तत्र गुणश्रेणिर्नामान्तर्मुहूर्तप्रमाणानां स्थितिस्थानकानामुपरि याः स्थितयो वर्तन्ते, तन्मध्याद्दलिकं गृहीत्वाऽनन्तानुबन्ध्याद्यनुदयवत्प्रकृतीनामुदयावलिकाया उपरितनीष्वन्तर्मुहूर्त्त-प्रमाणासु स्थितिषु प्रतिसमयमसङ्ख्येयगुणनया निक्षिपति, उदयवत्प्रकृतीनां चोदयसमयादार-भ्यान्तर्मुहूर्तप्रमाणस्थितिषु निक्षेपः सम्भवति । तथा च दलिकग्रहणमपि पूर्वपूर्वत उत्तरोत्तर-समयेऽसङ्ख्येयगुणं भवति, गुणश्रेणिनिक्षेपोऽपूर्वकरणानिवृत्तिकरणकालाभ्यां मनागतिरिक्तस्तथा करणद्वयसमयेष्वनुभवतः क्रमशः क्षीणेषु समयेषु गुणश्रेणिदलिकनिक्षेपः शेषे शेषे भवति, न चोपर्युपरि वर्धत इत्यादिसर्वस्य प्रागभिहितात्वान्न पुनर्विस्तरतोऽभिधीयते ।

(२०६) अपूर्वकरणस्य प्रथमसमयादारभ्य गुणसङ्क्रमेणानन्तानुबन्धिनां दलानि परप्रकृतिषु सङ्क्रमयति । तत्राऽयं क्रमो वाच्यः – प्रथमसमये स्तोकं दलं सङ्क्रमयति, द्वितीयसमयेऽसङ्ख्येयगुणम् । एवं तावद्वक्तव्यम्, यावच्चरमसमयः । अपूर्वकरणस्य

गुणधन्या

અને ઉદયવતી પ્રકૃતિઓના ઉદયસમયથી અસંખ્યગુણાકારે અંતર્મુહૂર્તપ્રમાણ (અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણથી કંઈક અધિક) આયામમાં ગોઠવે છે.

બીજા સમયે તેનાથી અસંખ્યગુણ દલિકો લઈ તે જ રીતે અસંખ્યગુણાકારે ગોઠવે છે. આમ ઉત્તરોત્તરસમયે અસંખ્યગુણ દલિકો લઈ ગુણશ્રેણીની રચના કરે છે.

અહીં અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણનો સમય અનુભવવા દ્વારા જેમ જેમ ક્ષીણ થાય છે તેમ તેમ ગુણશ્રેણીનિક્ષેપ શેષ સમયોમાં થાય છે, પરંતુ ઉપર ઉપર વધતો નથી. આમ અહીં ગલિતાવશેષ ગુણશ્રેણી થાય છે. ઇત્યાદિ સર્વ પૂર્વવત્ સમજવું. પૂર્વે બધું જણાવી દીધું હોવાથી અહીં વિસ્તારથી કથન કર્યું નથી.

(૨૦૬) તથા અપૂર્વકરણના પ્રથમસમયથી જ ગુણસંક્રમ વડે અનંતાનુબંધીના દલિકો પરપ્રકૃતિમાં અસંખ્યગુણાકારે સંક્રમે છે. તે આ પ્રમાણે - પ્રથમસમયે અનંતાનુબંધીના થોડા દલિક પરપ્રકૃતિમાં સંક્રમે, બીજા સમયે તેનાથી અસંખ્યગુણ દલિકો સંક્રમે, ત્રીજા સમયે તેનાથી અસંખ્યગુણ દલિકો સંક્રમે... આમ ચરમસમય પર્યંત ગુણસંક્રમ થાય.

અપૂર્વકરણના પ્રથમસમયે પૂર્વ-પૂર્વ કરતા પલ્યોપમનો સંખ્યાતમો ભાગ હીન અભિનવ સ્થિતિબંધ શરૂ થાય છે. અને સ્થિતિઘાત તથા રસઘાત સાથે જ શરૂ થાય છે. અને સાથે જ પૂર્ણ થાય છે.

प्रथमसमयेऽभिनवस्थितिबन्धः प्रारभ्यते । स च पूर्वपूर्वतः पल्योपमसङ्ख्येयभागहीनो भवति । स्थितिघातरसघातौ च युगपदारभ्येते युगपदेव निष्ठां यातः । एवमेते पञ्च पदार्था अपूर्वकरणे प्रवर्तन्ते ।

अपूर्वकरणकालमतिक्रम्यानिवृत्तिकरणं करोति, तस्याध्यवसायविशोध्यादीनां सर्ववक्तव्यता प्रथमौपशमिकसम्यक्त्वोत्पादवज्ज्ञेया । अनिवृत्तिकरणस्य प्रथमसमयादारभ्य पूर्वोक्ताः पञ्च पदार्था अत्रापि प्रवर्तन्ते, तथाऽनिवृत्तिकरणस्य सङ्ख्येयेषु बहुभागेषु गतेष्वेकस्मिंश्च सङ्ख्येयतमे भागेऽवतिष्ठमानेऽनन्तानुबन्धिनामधस्तादावलिकामात्रं मुक्त्वाऽन्तर्मुहूर्तमात्रमन्तरकरणं करोति, कर्तुमारभत इत्यर्थः । आवलिकाया उपरितनाऽन्तर्मुहूर्तप्रमाणस्थितेर्दलान्युत्कीर्य परप्रकृतिषु बध्यमानासु प्रक्षिपति । आवलिकायाः समये वेदिते स्थितिबन्धाद्धाप्रमाणान्तर्मुहूर्तं यावदावलिकोपर्युपरि वर्धते, उपरितना निषेकाः क्रमेणोदयावलिकायां प्रविशन्तीत्यर्थः । स्थितिबन्धाद्धारूपान्तर्मुहूर्तकालेनान्तरकरणं भवति, अन्तर्मुहूर्तप्रमाणा स्थितिरनन्तानुबन्धिदलिकाऽभाववती जायत इत्यर्थः । प्रथमस्थितिश्चावलिकाप्रमाणा भवति, अन्तरकरणे कृते

गुणधन्या

આ પ્રમાણે અપૂર્વકરણમાં ૫ પદાર્થો થાય છે.

અપૂર્વકરણ પૂર્ણ થયા પછી જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. અનિવૃત્તિકરણમાં અધ્યવસાયવિશુદ્ધિ વગેરેનું સ્વરૂપ પ્રથમ ઉપશમસમ્યક્ત્વની ઉત્પત્તિ પ્રમાણે જાણવું. અનિવૃત્તિકરણમાં પણ પ્રથમસમયથી જ પૂર્વોક્ત સ્થિતિઘાતાદિ પાંચ પદાર્થો પ્રવર્તે છે.

અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ પસાર થાય અને ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે, ત્યારે અનંતાનુબંધીની નીચે આવલિકાપ્રમાણ સ્થિતિ છોડી ઉપર અંતર્મુહૂર્તપ્રમાણ અંતરકરણ કરવાનો પ્રારંભ કરે છે. અર્થાત્ અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિ અનંતાનુબંધીના દલિકોના અભાવવાળી કરવાનો પ્રારંભ કરે છે. (અંતરકરણ ક્રિયા ૧ સ્થિતિબંધાદ્ધાના કાળપર્યંત ચાલે છે.) તે આવલિકાની ઉપર અંતર્મુહૂર્તપ્રમાણ સ્થિતિમાંથી દલિકોને ઉકેરીને બધ્યમાન પરપ્રકૃતિમાં નાંખે છે. તથા આવલિકાના સમયો ભોગવાઈને જેમ જેમ ક્ષીણ થાય છે, તેમ તેમ આવલિકા ઉપર-ઉપર વધે છે. અર્થાત્ ઉપરનાં નિષેકો ક્રમથી ઉદયાવલિકામાં પ્રવેશ કરે છે. આમ ૧ સ્થિતિબંધાદ્ધાના કાળમાં અંતરકરણક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આવલિકા વધે છે. તેની ઉપરની અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ અનંતાનુબંધીનાં દલિક વિનાની થાય છે. અને ૧ આવલિકાપ્રમાણ પ્રથમસ્થિતિ થાય છે.

તથા અંતરકરણક્રિયા પૂર્ણ થાય, તેના પછીના અનંતર સમયથી ઉપરની

सत्यनन्तरसमयादनन्तानुबन्धिनामुपरितनलक्षणद्वितीयस्थितिगतं दलिकमुपशमयितुमारभते तथाऽऽवलिकां स्तिबुकसङ्क्रमेण सङ्क्रमयति ।

(२०७) उपशमक्रमश्चाऽयम् — प्रथमसमये स्तोकमुपशमयति, ततो द्वितीयसमयेऽसङ्ख्येय-गुणम् । ततोऽपि तृतीयसमयेऽसङ्ख्येयगुणम्, एवं यावदन्तर्मुहूर्तम्, एतावता च कालेन साकल्येनानन्तानुबन्धिनः सर्वथोपशमिता भवन्ति ।

नन्वन्तरकरणक्रियासमाप्तिकालेऽवशिष्यमाणाऽनन्तानुबन्धिन आवलिकाप्रमाणा प्रथम-स्थितिर्भवति, उपशमना त्वन्तर्मुहूर्तं यावत् प्रवर्तते, तर्ह्यनिवृत्तिकरणं कदा पर्यवसितं भवतीति **चेद् ? उच्यते,** अनन्तानुबन्धिनामुपशमनक्रियायां पूर्णायामनिवृत्तिकरणं परिसमाप्तं भवतीति सम्भाव्यते । **न च** स्तिबुकसङ्क्रमेण प्रथमस्थित्याः क्रमश आवलिकायां सङ्क्रमितायामनन्तानु-बन्धिप्रथमस्थित्यभावादन्तरकरणे कृतेऽनन्तरसमयादन्तर्मुहूर्तं यावदनन्तानुबन्धिनामुपशमना कथं भवेदिति **वाच्यम्,** प्रथमस्थित्यभावेऽपि तदुपशमनाविरोधाभावात्, पुरुषवेदोदयारूढस्य नपुंसकवेदोपशमनावत् । उपशमिता नाम यथा रेणुनिकरः सलिलबिन्दुनिवहैरभिषिच्याभिषिच्य

દ્વિતીયસ્થિતિમાં રહેલા અનંતાનુબંધીના દલિકોને ઉપશમાવે છે. અને આવલિકારૂપ પ્રથમસ્થિતિને સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવે છે.

દ્વિતીયસ્થિતિગત દલિકોને ઉપશમાવવાનો ક્રમ

(૨૦૭) પ્રથમસમયે થોડા દલિક ઉપશમાવે, બીજા સમયે અસંખ્યગુણ, તેનાથી ત્રીજા સમયે અસંખ્યગુણ... યાવત્ અંતર્મુહૂર્ત કાળ સુધી ઉપશમાવે છે. તેટલા કાળમાં અનંતાનુબંધીના સર્વ દલિકો ઉપશમી જાય છે.

પ્રશ્ન : અંતરકરણક્રિયાની સમાપ્તિકાળે અનંતાનુબંધીની ૧ આવલિકાપ્રમાણ જ સ્થિતિ શેષ હોય છે. અને ઉપશમના તો અંતર્મુહૂર્ત સુધી પ્રવર્તે છે, તો અનિવૃત્તિકરણ ક્યારે પૂર્ણ થાય ?

ઉત્તર : અનંતાનુબંધીની ઉપશમનક્રિયા પૂર્ણ થાય, તેની સાથે જ અનિવૃત્તિકરણ સમાપ્ત થાય છે એવું સંભવિત છે.

પ્રશ્ન : સ્તિબુકસંક્રમ વડે પ્રથમસ્થિતિની આવલિકા ક્રમશઃ સંક્રમી જાય છે. તેથી પ્રથમસ્થિતિનો તો અભાવ થઈ જાય છે. તો પછી અંતરકરણ થયા બાદ અનંતરસમયથી અંતર્મુહૂર્ત સુધી અનંતાનુબંધીની ઉપશમના કેવી રીતે થાય ? (કારણ કે અંતર્મુહૂર્ત જેટલો કાળ થયા પહેલા જ પ્રથમસ્થિતિ પૂરી થઈ જાય છે.)

द्रुघणादिभिर्निष्कुट्टितो निस्पन्दो भवति, तथा कर्मरेणुनिकरोऽपि विशोधिसलिलप्रवाहेण परिषिच्य परिषिच्यानिवृत्तिकरणरूपद्रुघणनिष्कुट्टितः सङ्क्रमणोदीरणानिद्धत्तिनिकाचनाकरणानामयोग्यो भवति ।

इति भणिताऽनन्तानुबन्धिनामुपशमना ।

ગુણધન્યા

ઉત્તર : પ્રથમસ્થિતિનો અભાવ થવા છતાં અનંતાનુબંધીની ઉપશમના કરવામાં કોઇ વિરોધ નથી. કારણ કે ઉપશમના કરવા માટે તે પ્રકૃતિના પ્રદેશોદય કે વિપાકોદયની કોઇ અપેક્ષા નથી. જેમ પુરુષવેદના ઉદયે શ્રેણિ ચડેલો જીવ નપુંસકવેદનો (ઉદય ન હોવા છતાં પણ) ઉપશમના કરે છે જ (તેમ પ્રસ્તુતમાં પણ પ્રથમસ્થિતિ પૂર્ણ થઇ જવાથી અનંતાનુબંધીનો ઉદય ન હોવા છતાં પણ, અનંતાનુબંધી બીજી સ્થિતિમાં રહેલ દલિકોની ઉપશમના હોવામાં કોઇ વિરોધ નથી).

ઉપશમના એટલે ?

જેમ ધૂળનો સમૂહ પાણીના બિંદુના સમૂહથી સીંચી-સીંચીને હથોડા વગેરેથી કૂટાયા પછી એકદમ નિસ્પંદ બને છે, એટલે કે ઉડવા વગેરે માટે અયોગ્ય બને છે, તેમ કર્મરજનો સમૂહ પણ વિશુદ્ધિરૂપી જળપ્રવાહથી સીંચી-સીંચીને અનિવૃત્તિકરણરૂપ હથોડા વડે કૂટાયા બાદ તે દલિક સંક્રમ, ઉદીરણા, નિધત્ત અને નિકાચનાકરણ માટે અયોગ્ય થાય છે.

આ પ્રમાણે અનંતાનુબંધીઉપશમનાની પ્રરૂપણા પૂર્ણ થઇ...

॥ क्षायिकसम्यक्त्वप्रतिपत्तिः ॥

(२०८) अनन्तानुबन्धिनां विसंयोजनां विस्तरतोऽभिधाय सम्प्रति क्षायिकसम्यक्त्वप्रतिपत्तिं प्रतिपिपादयिषुराह —

दंसणमोहे वि तहा कयकरणद्धाइ पच्छिमे होइ ।
जिणकालगो मणुस्सो पट्ठवगो अट्ठवासुप्पिं ॥३२॥

दर्शनमोहेऽपि तथा कृतकरणाद्धायां पश्चिमे भवति ।
जिनकालको मनुष्यः प्रस्थापको वर्षाष्टकस्योपरि ॥३२॥ इति पदसंस्कारः ।

ननु कः क्षायिकसम्यक्त्वप्राप्तये प्रभवतीति **चेद् ? उच्यते,** इह दर्शनत्रिकस्य क्षपणाय 'पट्ठवगे' त्ति प्रस्थापकः, प्रस्थापयतीति प्रस्थापकः "णकतृचौ" (सिद्धहेम. ५/१/४८) कर्तरि 'णक'प्रत्ययः, आरम्भक इत्यर्थः 'जिणकालगो' त्ति, जिनकालको=जिनानां तीर्थकृतां कालः जिनकालः, यस्मिन् काले जिना उत्पद्यन्ते स जिनकाल इत्यर्थः, स चावसर्पिण्यास्तृतीयारक-पर्यन्तभागश्चतुर्थारकश्चोत्सर्पिण्याः पुनः प्रथमभागः, तत्र काले य उत्पद्यते, स जिनकालको जिनकालसम्भवीत्यर्थः, जिनकालसम्भवी मनुष्योऽविरतसम्यग्दृष्टिदेशविरतसर्वविरतेष्वन्यतमो-ऽष्टवर्षाणामुपरि वर्तमानो वज्रर्षभनाराचसंहननश्च भवति, स क्षपयति । तथा चोक्तं **श्रीपञ्चसङ्ग्रह-**

(५) क्षायिकसम्यक्त्वप्राप्ति अधिकार

(२०८) અનંતાનુબંધીની વિસંયોજનાને વિસ્તારથી કહીને, હવે ક્ષાયિકસમ્યક્ત્વપ્રાપ્તિને જણાવવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે.

ગાથાર્થ : દર્શનમોહનીયક્ષપણા પણ એ જ રીતે જાણવી. વિશેષમાં ચરમખંડ ઉવેલ્યા પછી કૃતકરણાદ્ધા પ્રાપ્ત થાય છે. તથા દર્શનત્રિકની ક્ષપણાનો પ્રસ્થાપક જિનકાલીન (કેવલીના કાળમાં વર્તતો) આઠ વર્ષની ઉપરની ઉંમરવાળો હોય છે. (૩૨)

क्षायिकसम्यक्त्वयोग्य जीव

विवेचन : દર્શનત્રિકની ક્ષપણાનો પ્રસ્થાપક જીવ જિનકાલિક હોય છે. જે કાળે તીર્થંકર પ્રભુ જન્મે છે, તે કાળને જિનકાળ કહેવાય છે. તે જિનકાળ અવસર્પિણીમાં ત્રીજા આરાનો છેડાનો ભાગ અને ચોથો આરો ગણાય. અને ઉત્સર્પિણીમાં ત્રીજો આરો અને ચોથા આરાનો શરૂઆતનો ભાગ ગણાય અને તેમાં જન્મ લેનારો જીવ જિનકાલિક કહેવાય છે. તેવો જીવ અવિરત સમ્યક્ત્વી-દેશવિરત-સર્વવિરતમાંથી કોઈપણ એક હોય

मूलटीकायाम् - "**जिणकालीअं त्ति, जिनविहरणकालसम्भवः, अष्टवर्षाणामुपरि वर्तमानो वज्रर्षभनाराचसंहननश्च भवति**" इति ।

★**इदमत्रावधेयम्** – देवसंहृतो देवकुर्वादौ सुषमसुषमादिकालप्रतिभागे जिनकालोत्पन्नो दर्शनत्रिकं क्षपयति । **कषायप्राभृतचूर्णौ** प्रस्थापकस्य शुभलेश्यात्रिकेऽन्यतरा लेश्या प्रोक्ता, तथा च तद्ग्रन्थः – "**खवणाए पट्ठवगो जहण्णगो तेउलेस्साए**" । **कर्मप्रकृतिचूर्णौ** तु कृतकरणवेदनाद्धायां लेश्यापरावृत्तिं दर्शयद्भिः श्रीमच्चूर्णिकारैरिदमुक्तम् – "**पुव्वं सुक्कलेसा आसि संपयं अन्नयरीए वि होज्जा**" । अत्र यदि पूर्वशब्देनाव्यवहितपूर्वं गृह्येत, तर्ह्यनिवृत्तिकरणाद्धायां शुक्ललेश्या सम्भवेत् ततोऽर्वाग् पूर्वभूमिकायां यथाप्रवृत्तकरणादौ च प्रस्थापकस्य लेश्यात्रयमपि सम्भवेत् । यदि पुनः पूर्वशब्दस्य व्यवहितपूर्वं गृह्येत, तर्हि यथाप्रवृत्तकरणतोऽर्वागपि प्रस्थापकस्य शुक्ललेश्यैव स्यात्, तत्त्वं त्वतिशयज्ञानिनो विदन्ति ।

છે, તથા ૮ વર્ષની ઉપરનો અને વજ્રઋષભનારાચ સંઘયણવાળો હોય છે. આવો જીવ દર્શનત્રિકની ક્ષપણા કરે છે.

પંચસંગ્રહની મૂળટીકામાં પણ કહ્યું છે કે 'જિનના વિહરણકાળમાં થયેલો, આઠ વર્ષની ઉપરની ઉંમરનો, વજ્રઋષભનારાચ સંઘયણવાળો જીવ (ક્ષાયિક સમ્યક્ત્વનો અધિકારી થાય છે.)

(૨૦૯) એક વાત એ પણ સમજવી કે જિનકાલમાં ઉત્પન્ન થયેલો જીવ જો દેવસંહરણથી જ્યાં સુષમા-સુષમા નામનો પ્રથમ આરો વગેરે ચાલતો હોય તેવા દેવકુરુ આદિમાં લઇ જવાય, તો તે ત્યાં પણ દર્શનત્રિકને ખપાવી શકે છે.

કષાયપ્રાભૃતચૂર્ણિમાં પ્રસ્થાપકને ૩ શુભલેશ્યામાંથી કોઇપણ એક લેશ્યા જણાવી છે. તેમાં કહ્યું છે કે 'ક્ષપણાના પ્રસ્થાપકને જઘન્યથી તેજોલેશ્યા હોય છે.'

કર્મપ્રકૃતિચૂર્ણિમાં કૃતકરણાદ્ધામાં લેશ્યાની પરાવૃત્તિ બતાવતા ચૂર્ણિકારે કહ્યું છે - '**પૂર્વમાં** શુક્લલેશ્યા હતી અને હમણા(=કૃતકરણાદ્ધામાં) (ત્રણમાંથી) કોઇપણ એક લેશ્યા હોય છે.'

અહીં કહેલા **પૂર્વશબ્દથી 'અવ્યવહિત પૂર્વ'** એવો અર્થ ગ્રહણ કરીએ તો એ ભાવ નીકળે છે કે અનિવૃત્તિકરણાદ્ધામાં શુક્લલેશ્યા હોય, બાકી તેની પહેલાની ભૂમિકામાં તથા યથાપ્રવૃત્તકરણ આદિમાં ત્રણે લેશ્યા સંભવી શકે છે.

અને જો **પૂર્વશબ્દથી 'વ્યવહિત પૂર્વ'** એવો અર્થ કરીએ, તો અનિવૃત્તિકરણ તથા યથાપ્રવૃત્તકરણની પહેલા પૂર્વભૂમિકામાં પણ પ્રસ્થાપકને શુક્લ જ લેશ્યા હોય, તેવો અર્થ

★. जयधवलाकारास्तीर्थकरगणधरश्रुतकेवलिनां पादमूले दर्शनत्रिकक्षपणायाः प्रस्थापको भवतीत्याहुः तथा च तद्ग्रन्थः-"कम्मभूमिजादो वि तित्थयरकेवलिसुदकेवलीणं पादमूले दंसणमोहणीयं खवेदुमाढवेइ णण्णत्थ ।"

(२१०) "दंसणमोहेवि" इत्यादि, दर्शनमोहेऽपि मिथ्यात्वसम्यग्मिथ्यात्वसम्यक्त्व-मोहनीयलक्षणेऽपि क्षपणा तथा, यथा प्रागनन्तानुबन्धिनां विसंयोजना प्रोक्ता तथैवेत्यर्थः। सामान्येनातिदिष्टे विशेष इहाभिधीयते — इह दर्शनत्रिकं चिक्षिपयिषुः प्रथमं वेदकसम्यग्दृष्टि-रनन्तानुबन्धिचतुष्कं पूर्ववद् विनाशयति। ततोऽन्तर्मुहूर्ते गते कश्चिज्जन्तुर्दर्शनत्रिकक्षपणार्थमुद्यतः सन्नन्तर्मुहूर्तं यावदनन्तगुणवृद्ध्या विशुद्ध्यां प्रवर्धमानः करणत्रयं कर्तुमारभते, न सर्वेऽनन्तानु-बन्धिनां विसंयोजकाः, यतः कतिचिज्जीवा अनन्तानुबन्धिचतुष्कं विसंयोज्य तत्रैव चतुर्थप्रभृति-गुणस्थानकेऽवतिष्ठन्ते, केचिद्मिश्रगुणस्थानकं प्राप्नोति, कियन्तश्चिज्जीवा मिथ्यात्वोदयाद् भूयोऽप्यनन्तानुबन्धिचतुष्कं बन्धद्वारेण प्राप्नुवन्ति, तद्बीजस्य मिथ्यात्वस्याविनाशात्। केचिल्लब्धपराक्रमा अनन्तानुबन्धिचतुष्कं विसंयोज्यान्तर्मुहूर्तमवस्थाय दर्शनत्रिकं क्षपयितुमारभन्ते, तत्र दर्शनत्रिकक्षपणार्थं कश्चिदन्तर्मुहूर्तं यावत्पूर्वभूमिकायामनन्तगुणवृद्ध्या विशुद्धिमनुभवन् करणत्रयं कर्तुं प्रवर्तते, तत्र प्रथमं यथाप्रवृत्तकरणम्, ततोऽपूर्वकरणम्, ततोऽनिवृत्तिकरणम्। तथाहि — यथाप्रवृत्तकरणे स्थितिघातं रसघातं गुणश्रेणिं गुणसङ्क्रमं च न करोति। केवलं

થાય. આ વિશે તત્ત્વ તો અતિશયજ્ઞાનીઓ જાણે.

(૨૧૦) દર્શનમોહનીયની = મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયની ક્ષપણા પૂર્વોક્ત અનંતાનુબંધીની વિસંયોજનાવત્ સમજવી...

છતાં વિશેષ કહે છે :-

દર્શનત્રિકને ખપાવવાની ઇચ્છાવાળો વેદકસમ્યક્ત્વી જીવ સૌ પ્રથમ અનંતાનુબંધી ૪ને પૂર્વની જેમ ખપાવે છે. ત્યારબાદ અંતર્મુહૂર્ત પછી કોઇક જીવ દર્શનત્રિકને ખપાવવા ઉદ્યત થાય છે અને અંતર્મુહૂર્ત પર્યંત અનંતગુણ વિશુદ્ધિમાં વધતો તે જીવ ૩ કરણ કરવાનો પ્રારંભ કરે છે.

અનંતાનુબંધીની વિસંયોજના કરનાર બધા જ જીવો દર્શનત્રિકની ક્ષપણા કરે એવો નિયમ નથી. કેમકે કેટલાંક જીવો અનંતાનુબંધી-૪ની વિસંયોજના કરીને ત્યાં જ ચોથા ગુણઠાણે સ્થિર થાય છે, કેટલાંક મિશ્રગુણઠાણાને પ્રાપ્ત કરે છે, તો કેટલાંક મિથ્યાત્વે જઇને ફરીથી અનંતાનુબંધી બાંધે છે. કેમકે અનંતાનુબંધીનું બીજ મિથ્યાત્વ છે. અને તેનો હજી સત્તામાંથી ક્ષય થયો નથી.

તેથી અનંતાનુબંધીની વિસંયોજના કરનાર કોઇક પરાક્રમી જીવ જ તે વિસંયોજના કરીને અંતર્મુહૂર્ત બાદ દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરે છે. ત્યારે જીવ ૩ કરણ કરવાનો પ્રારંભ કરે છે. પ્રથમ યથાપ્રવૃત્તકરણ, પછી અપૂર્વકરણ, પછી અનિવૃત્તિકરણ કરે છે. તે આ રીતે :-

पूर्वपूर्वत उत्तरोत्तरान्तर्मुहूर्तं पल्योपमसङ्ख्येयभागेन हीनं हीनतरमायुर्वर्जकर्मणां स्थितिबन्धं करोति । तथा प्रतिसमयमनन्तगुणवृद्ध्या विशुद्ध्या प्रवर्धमानो भवति, अध्यवसायस्थान-विशोधीत्यादिकं सर्वं पूर्ववन्निश्चेतव्यम् । ततोऽपूर्वकरणं प्रविशति ।

(२११) तत्रापूर्वकरणस्य प्रथमसमये नानाजीवापेक्षयैकजीवतोऽपरजीवस्य स्थितिसत्त्वं सङ्ख्येयगुणं तुल्यं विशेषाधिकं वा भवति । विशेषाधिकं चात्र द्विविधम् – (१) सङ्ख्यातभागाधिकम्, (२) असङ्ख्यात-भागाधिकं च ।

स्थितिसत्त्वतारतम्यादेकजीवस्य स्थितिखण्डतोऽपरस्य स्थितिखण्डं सङ्ख्येयगुणं विशेषाधिकं तुल्यं वा भवति, करणसत्कविशुद्धौ स्थितिखण्डस्य प्रायशः स्थितिसत्त्वानुसारित्वात्। उक्तं च **कषायप्राभृतचूर्णौ – "अपुव्वकरणस्स पढमसमए दोण्हं जीवाण ट्ठिदिसंतकम्मादो ट्ठिदिसंतकम्मं तुल्लं वा विसेसाहियं वा संखेज्जगुणं वा । ट्ठिदिखंडयादो वि ट्ठिदिखंडयं दोण्हं जीवाणं तुल्लं वा विसेसाहियं वा संखेज्जगुणं वा"** इति । भावना त्वित्थं कार्या – द्वौ

गुणधन्या

यथाप्रवृत्तकरणमां स्थितिघात, रसघात, गुणश्रेणि अने गुणसंक्रमने करतो नथी. मात्र प्रति अंतर्मुहूर्ते आयुष्य सिवायना ७ कर्मोनो पूर्व करतां उत्तरोत्तर पल्योपमनो संख्यातमो भाग हीन स्थितिबंध करे छे. अने प्रतिसमये अनंतगुणविशुद्धिथी वधे छे. अध्यवसायोनी विशुद्धि आदि पूर्ववत् समजवी.

त्यारबाद जीव अपूर्वकरणमां प्रवेश करे छे.

युगपद् आरंभक बे जीवोमां सत्तादिनी तरतमता

(२११) अपूर्वकरणमां प्रथमसमये अनेक जीवनी अपेक्षाओ, एक जीवथी बीजा जीवनी स्थितिसत्ता संख्यातगुण, तुल्य अथवा विशेषाधिक होय छे. अहीं विशेषाधिक बे रीते संभवे छे - (१) संख्यातभागाधिक, अने (२) असंख्यातभागाधिक.

अने स्थितिसत्तामां रहेली तरतमताना कारणे एक जीवथी बीजा जीवनो घात्यमान स्थितिखंड पण संख्यातगुण, विशेषाधिक अथवा तुल्य होय छे. केमके करणसंबंधी विशुद्धिमां घात्यमान स्थितिखंड, प्रायः करीने स्थितिसत्ताने अनुसारे होय छे.

कषायप्राभृतचूर्णिमां पण कह्युं छे - 'अपूर्वकरणना प्रथमसमयमां (प्रवेश करतां) बंने जीवोमांथी (एक जीवनी) स्थितिसत्ता करतां (बीजा जीवनी) स्थितिसत्ता तुल्य, विशेषाधिक अथवा संख्यातगुण होय छे. (तेथी ज) बन्ने जीवनां (घात्यमान) स्थितिखंडथी (बीजो) स्थितिखंड पण तुल्य, विशेषाधिक अथवा संख्यातगुण होय छे.

क्षायोपशमिकसम्यग्दृष्टी जन्तू युगपदुपशमश्रेणिं प्रतिपद्येते, ततश्च्युत्वा भूयः क्षायोपशमिक-सम्यग्दृष्टी भूत्वा दर्शनत्रिकं क्षपयितुमुपक्रमेते, तर्ह्यपूर्वकरणप्रथमसमये तयोः स्थितिसत्त्वं सदृशं भवति, कथमेतदवसीयत इति चेद् ? उच्यते — प्रथमत उपशमश्रेणिप्रतिपन्नानाम-निवृत्तिकरणे प्रथमस्थितिखण्डेऽपगते सर्वेषां जीवानां स्थितिसत्त्वं समानं भवतीति नियमो वक्ष्यते, एवं स्थितिसत्त्वस्य समानत्वादुभयोः स्थितिखण्डमपि समानं भवति ।

(२१२) अथ तयोर्दर्शनत्रिकक्षपणाऽपूर्वकरणे स्थितिसत्त्वं स्थितिखण्डं च विशेषाधिकं भाव्यते - उपशमश्रेणौ जातसमानस्थितिसत्त्वकयोरेकतरो जन्तुः पुनरुपशमश्रेणिं प्रतिपद्यते, ततः पतित्वा क्षायोपशमिकसम्यग्दृष्टिस्सन् तत्रैव तिष्ठति, ततोऽपरो जन्तुरन्तर्मुहूर्तात्परमुपशम-श्रेणिमारुह्य ततश्च परिभ्रश्य क्षायोपशमिकदृष्टिर्भवति, ततः परमन्तर्मुहूर्ते व्यतीते द्वावपि जन्तू युगपद् दर्शनत्रिकस्य क्षपणाय यतेते, तर्ह्यपूर्वकरणप्रथमसमये स्थितिसत्त्वं प्रथमतोऽपरस्य

ભાવાર્થ : અહીં બે જીવોને **સમાન સત્તા** અંગે ભાવના આ પ્રમાણે કરવી -

બે ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવો ઉપશમશ્રેણી ઉપર ચઢી ત્યાંથી પડી ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ થઇ એક સાથે દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરી અપૂર્વકરણે આવે, ત્યાં પ્રથમસમયે બન્નેને તુલ્ય સત્તા હોય છે. કેમકે ઉપશમશ્રેણીમાં અનિવૃત્તિકરણનો પ્રથમ સ્થિતિખંડ પસાર થયા પછી સર્વ જીવોને એક સરખી સ્થિતિસત્તા થઈ જાય છે. અને ઉપશમશ્રેણીથી પડી બન્નેએ સમાન કાળ પસાર કરી દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કર્યો હોવાથી, અપૂર્વકરણના પ્રથમસમયે બન્નેને સમાન સ્થિતિસત્તા પ્રાપ્ત થાય છે.

(૨૧૨) વિશેષાધિક સત્તા :-

હવે તે બે જીવને દર્શનત્રિકની ક્ષપણાના અપૂર્વકરણમાં વિશેષાધિક સ્થિતિસત્તા અને વિશેષાધિક સ્થિતિખંડ બતાવાય છે - ઉપશમશ્રેણિ ચડવાના કારણે થયેલી સમાન સ્થિતિવાળા બે જીવમાંથી એક જીવ ફરી ઉપશમશ્રેણિ સ્વીકારે છે અને પછી ત્યાંથી પડીને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ થઈ સમ્યક્ત્વે જ રહે છે... અને બીજો જીવ અંતર્મુહૂર્ત પછી ઉપશમશ્રેણિ ચડીને અને પછી પડીને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિરૂપે રહે છે. ત્યારબાદ અંતર્મુહૂર્ત પછી બંને જીવ એક સાથે દર્શનત્રિકની ક્ષપણા માટે યત્ન કરે છે, તો અપૂર્વકરણના પ્રથમસમયે પહેલા જીવ કરતાં બીજા જીવની સ્થિતિસત્તા વિશેષાધિક હોય છે, કારણ કે શ્રેણિથી પડીને પહેલા જીવે બીજી ઉપશમશ્રેણિ પછી બે અંતર્મુહૂર્ત પસાર કર્યા, જ્યારે બીજાએ એક જ અંતર્મુહૂર્ત પસાર કર્યું. એટલે બીજા જીવની સ્થિતિસત્તા

जन्तोर्विशेषाधिकं भवति, यतः श्रेणितः पतित्वा प्रथमपुरुषेणोपशमश्रेणेरनन्तरं द्वावन्तर्मुहूर्तकालौ व्यतिक्रान्तौ द्वितीयेन त्वेक एवान्तर्मुहूर्तकाल इति द्वितीयपुरुषस्य स्थितिसत्त्वं प्रथमपुरुषस्य स्थितिसत्त्वतोऽन्तर्मुहूर्तकालेनाधिकं भवति, एवं यावदप्राप्तमिथ्यात्वयोस्तयोरुपशमश्रेणेरुत्कृष्टान्तरं द्वात्रिंशदधिकशतसागरोपममात्रं सम्भवति, तेनोत्कृष्टत एकजन्तुतोऽपरस्य द्वात्रिंशदधिकशत-सागरोपमैरप्यधिकं स्थितिसत्त्वं घटते। इदन्तु दिग्दर्शनमात्रम्, प्रकारान्तरेणाऽपि निसर्गतो विशेषाधिकं समानं वा स्थितिसत्त्वं प्राप्यत इति कृतं प्रपञ्चेन ।

(२१३) दर्शनत्रिकक्षपणाऽपूर्वकरण एकजीवतोऽपरस्य सङ्ख्येयगुणं स्थितिसत्त्वं भवति, तद्भावना त्वित्थं कर्तव्या – अपूर्वकरणस्य प्रथमसमय उपशमश्रेणितः पतित्वाऽऽगतस्य क्षायिकसम्यक्त्वाभिमुखस्य स्थितिसत्त्वतश्चारित्रमोहनीयस्यानुपशमकस्य क्षायिकसम्यक्त्वाभि-मुखस्य स्थितिसत्त्वं सङ्ख्येयगुणम्, चारित्रमोहनीयोपशमनायां प्रभूतस्य स्थितिसत्कर्मणो

પહેલા જીવ કરતા અંતર્મુહૂર્ત કાળ જેટલી વધુ હોય છે.

આમ શ્રેણીથી પડી મિથ્યાત્વે ગયા વિનાનાં બે જીવની ઉપશમશ્રેણી વચ્ચે ૧૩૨ સાગરોપમનું અંતર હોય તો તેટલી સ્થિતિસત્તા પણ અધિક આવી શકે. આ તો દિગ્દર્શન પૂરતી એક ઘટના બતાવી, બાકી બીજી રીતે પણ સ્વભાવિકતયા સમાન સ્થિતિસત્તા તથા વિશેષાધિક સ્થિતિસત્તા આવી શકે છે. તેની ઘટના યથાસંભવ વિચારવી.

(૨૧૩) **संख्यातगुण सत्ता** :- એક જીવ દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ, ઉપશમશ્રેણી ચઢીને ચારિત્રમોહનીયની ઉપશમના કરીને કરે, અને બીજો જીવ ચારિત્રમોહનીયની ઉપશમના કર્યા વિના દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ કરે, તો બેમાંથી ચારિત્રમોહનીયની ઉપશમના કરીને દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ કરનારા જીવ કરતાં ચારિત્રમોહનીયની ઉપશમના વિના દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ કરનારની સ્થિતિસત્તા સંખ્યાતગુણ હોય છે. આનું કારણ એ કે, જે જીવે ચારિત્રમોહનીયની ઉપશમના કરી છે, તેણે તેમાં પોતાની સત્તા સંખ્યાતગુણહીન કરી છે. જ્યારે જે જીવે ચારિત્રમોહનીયની ઉપશમના કરી નથી, તેની સ્થિતિ ઘટી નથી. માટે અપૂર્વકરણના પ્રથમસમયવર્તી બે જીવોમાં ચારિત્રમોહનીયની ઉપશમના કરી દર્શનમોહનીયની ક્ષપણા કરનાર જીવ કરતાં ચારિત્રમોહનીયની ઉપશમના કર્યા વિના દર્શનમોહનીયની ક્ષપણા કરનાર જીવની સત્તા સંખ્યાતગુણ આવે.

विशुद्ध्या नष्टत्वात् । उक्तं च **कषायप्राभृतचूर्णौ – दोण्हं जीवाणमेक्को कसाए उवसामेयूण खीणदंसणमोहणीयो जादो । एक्को कसाए अणुवसामेयूण खीणदंसणमोहणीयो जादो । जो अणुवसामेयूण खीणदंसणमोहणीओ जादो तस्स ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं**'' इति । अत्र 'खीणदंसणमोहणीयो जादो' इत्यनेनापूर्वकरणे वर्तमानः दर्शनत्रिकं क्षपयन्नित्यर्थः कर्तव्यः, कथमेतदवसीयत इति **चेद् ? उच्यते** – ''क्षीं क्षये'' ज्ञानेच्छार्चार्थजीच्छीलादिभ्यः (सिद्धहेम. ५/२/९३) इत्यनेन वर्तमाने 'क्त'प्रत्ययः, क्षीणं क्षीयमाणं दर्शनमोहनीयं येनापूर्वकरणस्थितेन क्षीणदर्शनमोहनीय इति व्युत्पत्त्याश्रयणात् ।

(२१४) अथ प्रकारान्तरेण विवक्षितजन्तुतोऽन्यस्य स्थितिसत्त्वं सङ्ख्येयगुणं प्रदर्श्यते – तुल्यस्थितिसत्कर्मणोः क्षायोपशमिकसम्यग्दृष्ट्योर्जन्त्वोरेकः करणद्वयेन देशविरतिं सर्वविरतिं वा प्राप्नोति, स चापूर्वकरणे स्थितिसत्त्वं सङ्ख्येयगुणहीनं कुर्यात्, अन्यः पुनः क्षायोपशमिक-सम्यग्दृष्टिर्जन्तुरविरत एव तिष्ठेत् । यद्युभौ तौ युगपद् दर्शनत्रिकं क्षपयितुमुपक्रमेते, तर्हि देशविरतस्य सर्वविरतस्य वा क्षायिकसम्यक्त्वाभिमुखस्य स्थितिसत्कर्मतोऽविरतस्य क्षायिक-सम्यक्त्वाभिमुखस्य स्थितिसत्त्वं सङ्ख्येयगुणं भवेत् । एवमनेकधा सङ्ख्यातगुणं स्थितिसत्त्वं भावनीयम् । तथैव स्थितिखण्डमपि ।

ગુણધન્યા

કષાયપ્રાભૃતચૂર્ણિમાં પણ કહ્યું છે - '૨ જીવમાંથી ૧ જીવ ચારિત્રમોહનીય કષાયની ઉપશમના કરી ક્ષીણદર્શનમોહનીય થાય અને ૧ જીવ ઉપશમના કર્યા વિના ક્ષીણદર્શનમોહનીય થાય, તો જેણે ઉપશમના કરી હોય તેનાથી જેણે ઉપશમના નથી કરી તેવા જીવને ક્ષીણદર્શનમોહનીયની સત્તા સંખ્યાતગુણ હોય છે...'

(૨૧૪) અહીં 'खीणदंसणमोहणीओ जादो' નો અર્થ 'અપૂર્વકરણમાં વર્તમાન, દર્શનત્રિકની ક્ષપણા કરતો...' આ પ્રમાણે કરવો. કેમકે 'क्षीं क्षये' થી ક્ષય અર્થમાં ક્ષિ ધાતુને 'ज्ञानेच्छा...' (**सिद्धहेम. ५-२-९३**) આ સૂત્રથી વર્તમાન અર્થમાં 'क्त' પ્રત્યય લાગ્યો છે. તેથી અહીં ક્ષીણ=ક્ષીયમાણ=ક્ષય કરતો... એ પ્રમાણે અર્થ સંગત છે.

અહીં આ સિવાય બીજા પ્રકારે પણ સંખ્યાતગુણ સત્તા આવી શકે છે. જેમકે સમાનસ્થિતિવાળા બે ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવોમાંથી એક જીવે બે કરણ થકી દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કરી. તે દરમિયાન અપૂર્વકરણમાં સ્થિતિઘાતાદિથી સંખ્યાતગુણહીન સ્થિતિસત્તા કરી. બીજા જીવે દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કરી નથી, અવિરત જ રહ્યો છે. ત્યારપછી બન્નેએ એકસાથે દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કર્યો.

(२१५) अथ **कषायप्राभृतचूर्णौ** स्थानद्वयस्यापि जीवभेदेनाल्पबहुत्वं निर्दिष्टम् । तथा च तद्ग्रन्थः – "(१) **जो पुव्वं दंसणमोहणीयं खवेदूण पच्छा कसाए उवसामेदि जो वा दंसणमोहणीयमक्खवेदूण कसाए उवसामेइ, तेसिं दोण्ह पि जीवाणं कसायेसु उवसंतेसु तुल्लकाले समधिच्छिदे तुल्लं ठिदिसंतकम्मं, (२) जो पुव्वं कसाए उवसामेयूण पच्छा दंसणमोहणीयं खवेइ, अण्णो पुव्वं दंसणमोहणीयं खवेयूण पच्छा कसाए उवसामेइ, एदेसिं दोण्हं पि खीणदंसणमोहणीयाणं खवणकरणेसु उवसमकरणेसु च णिट्ठिदेसु तुल्ले काले विदिक्कंते जेण पच्छा दंसणमोहणीयं खविदं तस्स ठिदिसंतकम्मं थोवं जेण पुव्वं दंसणमोहणीयं खवेयूण पच्छा कसाया उवसामिदा तस्स ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं ।**" इति ।

अक्षरार्थस्त्वेवम् – (१) एको जीवो दर्शनत्रिकं क्षपयित्वोपशमश्रेणिमारोहति, अन्यश्च दर्शनत्रिकमक्षपयित्वोपशमश्रेणिं प्रतिपद्यते, उभयोर्जन्त्वोः कषायोपशान्तितस्तुल्ये काले गते स्थितिसत्कर्म समानं भवति । (२) एको जीवः कषायोपशान्तिलक्षणोपशमश्रेणितोऽवरुह्य दर्शनत्रिकं क्षपयितुमारभते, इतरो जीवो दर्शनत्रिकं क्षपयित्वा कषायानुपशमयितुमारभते,

गुणधन्या

તેમાં અપૂર્વકરણના પ્રથમસમયે પહેલા જીવ કરતાં એટલે કે દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કરી દર્શન-ત્રની ક્ષપણાનો પ્રારંભ કરનાર કરતા, બીજા જીવની એટલે કે દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કર્યા વિના દર્શન-ત્રની ક્ષપણા કરનારા જીવની સત્તા સંખ્યાતગુણ હોઈ શકે છે. આવી રીતે અનેક પ્રકારે સંખ્યાતગુણ સત્તા ઘટી શકે છે. તે યથાસંભવ વિચારી લેવું. આ પ્રમાણે જ સ્થિતિખંડની તરતમતા પણ જાણી લેવી...

કષાયપ્રાભૃતચૂર્ણિમાં કહેલું અલ્પબહુત્વ

(૨૧૫) કષાયપ્રાભૃતચૂર્ણિકારે જીવભેદે ૨ સ્થાનનું અલ્પબહુત્વ બતાવ્યું છે. તેનો અક્ષરાર્થ આ પ્રમાણે છે:-

'(૧) એક જીવ દર્શનમોહનીયની ક્ષપણા કરીને ચારિત્રમોહનીયની ઉપશમનાનો પ્રારંભ કરે. બીજો જીવ દર્શનમોહનીયની ક્ષપણા કર્યા વિના ચારિત્રમોહનીયની ઉપશમનાનો પ્રારંભ કરે. તે બંને જીવોને કષાયો ઉપશાંત થયે તુલ્યકાળ પસાર થાય ત્યારે સમાન સ્થિતિસત્તા હોય છે.

(૨) બે જીવોમાં પ્રથમ જીવ, કષાયોને ઉપશમાવી (ઉપશમશ્રેણી માંડી-પડી) પછી દર્શનત્રિકની ક્ષપણા કરે છે. બીજો જીવ, પ્રથમ દર્શનમોહનીય ખપાવી પછી ચારિત્રમોહનીયને ઉપશમાવે છે. આ બંને જીવોને ક્ષપણા અને ઉપશમના પૂર્ણ થયા પછી તુલ્યકાળ પસાર

द्वयोर्जीवयोः क्षपणक्रियाया उपशमनक्रियायाश्च परिसमाप्तिस्तुल्ये काले व्यतिक्रान्ते सति श्रेणितः पतित्वा दर्शनत्रिकक्षपणारम्भकस्य स्थितिसत्त्वमल्पम्, ततो दर्शनत्रिकं परिक्षपय्य कषायाणामुपशमकस्य स्थितिसत्त्वं सङ्ख्येयगुणम् ।

(२१६) अथाऽऽद्यस्थाने विशेषोऽभिधीयते — यथा चारित्रमोहनीयक्षपणाधिकारेऽनिवृत्तिकरणे प्रथमखण्डे व्यतीते सर्वेषां जीवानां स्थितिसत्त्वं समानं तिष्ठति, तथैवोपशमश्रेणावप्यनिवृत्तिकरणे प्रथमे खण्डे व्यतीते सर्वेषां जीवानां स्थितिसत्त्वं तुल्यं भवेत्, तेन दर्शनत्रिकं परिक्षपय्योपशमश्रेणिं प्रतिपद्यमानस्य स्थितिसत्कर्मतो दर्शनत्रिकमक्षपयित्वोपशमश्रेणिं प्रतिपद्यमानस्याऽनिवृत्तिकरणस्य प्रथमस्थितिघातपर्यन्तं स्थितिसत्त्वं प्रभूतं सम्भवति, पूर्वोक्तपुरुषस्य प्रभूतस्य स्थितिसत्त्वस्य दर्शनत्रिकक्षपणायां नाशो जातः, तथाऽपि चारित्रमोहनीयोपशमनासत्कानिवृत्तिकरणे प्रथमस्थितिघाते व्रजिते स्थितिसत्त्वं समानं जायते । तेनोभयोर्जन्त्वोः कषायोपशान्तितस्तुल्ये काले गते स्थितिसत्त्वस्य सदृक्त्वोपलम्भे न कश्चिद् बाधः । **ननू**पशमश्रेणौ सर्वेषां जीवानां स्थितिसत्त्वं समानं कथं सम्भवति, सङ्ख्येयगुणत्वसम्भवात् ? तथाहि —

થાય ત્યારે પ્રથમ જીવ કરતાં બીજાને સ્થિતિસત્તા સંખ્યાતગુણ હોય છે...'

ચૂર્ણિમાં કહેલા પાઠનો ભાવાર્થ આ પ્રમાણે છે :-

(૨૧૬) સૌ પ્રથમ આદ્યસ્થાન વિશે વિશેષતા બતાવાય છે -

(૧) જેમ ચારિત્રમોહનીયના ક્ષપણાધિકારમાં કહ્યું છે કે અનિવૃત્તિકરણમાં પ્રથમસ્થિતિખંડનો નાશ થતાં બધા જીવોની સ્થિતિ સમાન હોય છે. તેમ ઉપશમશ્રેણીમાં પણ અનિવૃત્તિકરણનો પ્રથમખંડ વ્યતીત થાય, ત્યારે બધા જીવોની સ્થિતિસત્તા તુલ્ય થાય છે. તેથી દર્શનત્રિકને ખપાવીને ઉપશમશ્રેણી ચઢે તે જીવની સ્થિતિસત્તાથી દર્શનત્રિકને ખપાવ્યા વિના શ્રેણી ચઢે તેવા જીવની સ્થિતિસત્તા અનિવૃત્તિકરણના પ્રથમસ્થિતિઘાત સુધી ઘણી વધારે હોય છે. કારણ કે પ્રથમપુરુષે દર્શનત્રિકની ક્ષપણામાં ઘણી સ્થિતિનો નાશ કરી લીધો છે. છતાં પણ ચારિત્રમોહનીયની ઉપશમના સંબંધી અનિવૃત્તિકરણનો પ્રથમ સ્થિતિઘાત થાય, ત્યારે બંને જીવોની સ્થિતિસત્તા તુલ્ય થઇ જાય છે. તેથી બંને જીવોને કષાયની ઉપશમના પૂર્ણ થયા પછી, તુલ્યકાળ પસાર થાય ત્યારે સમાન સત્તા હોય છે.

પ્રશ્ન : ઉપશમશ્રેણીમાં અનિવૃત્તિકરણમાં પ્રથમસ્થિતિખંડ પછી સર્વજીવોની સ્થિતિસત્તા સમાન શી રીતે ઘટે ? સંખ્યાતગુણ હોવી જોઇએ ને ? કેમકે એક જીવે એકવાર ઉપશમ શ્રેણીથી પડી મિથ્યાત્વે ગયા વગર પાછી બીજીવાર ઉપશમશ્રેણી માંડી હોય, જ્યારે બીજા જીવે ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી પ્રથમવાર જ ઉપશમશ્રેણી માંડી હોય, તો તેમાં

एकजन्तुः सकृदुपशमश्रेणिं प्रतिपद्य ततश्च च्युत्वा मिथ्यात्वमगत्वा भूयो द्वितीयवारमुपशमश्रेणिं प्रतिपद्यते, अन्यो जन्तुः पुनः प्रथमत उपशमश्रेणिं प्रतिपद्यते, तत्र प्रथमपुरुषतो द्वितीयस्य स्थितिसत्त्वं सङ्ख्येयगुणं प्राप्यते, यतः प्रथमवारं श्रेणिं प्रतिपन्नेन प्रथमपुरुषेणाऽपूर्वकरणे स्वस्थितिसत्त्वं सङ्ख्यातगुणहीनं कृतं श्रेणितश्च्युत्वा मिथ्यात्वं न गतः, तेन बन्धद्वारेणाऽपि श्रेणिगतस्थितिसत्त्वतो नाभिवर्धितम्, अविरतसम्यग्दृष्टिगुणस्थानक उत्कृष्टस्थितिबन्धस्यापि श्रेणिगतजघन्यस्थितिसत्त्वतः सङ्ख्यातगुणहीनत्वात्, स यदि द्वितीयवारमुपशमश्रेणिं प्रतिपद्यते, तर्हि पुनः स्वस्थितिसत्त्वं सङ्ख्यातगुणहीनं कुर्यात्, अन्यो जन्तुः प्रथमवारमेव श्रेणिं प्रतिपद्यते, तेन पूर्वपुरुषतोऽस्य स्थितिसत्त्वं सङ्ख्यातगुणं सम्भवति, प्रागुपशमकानिवृत्तिकरणे स्थितेरघाति-तत्वादिति कृत्वा तुल्यं कथं घटत इति **चेद् ? उच्यते** – एतत्समीचीनम्, किन्त्वत्र तौ द्वौ जन्तू ग्राह्यौ, याभ्यां प्रथमवारमुपशमश्रेणिरारूढा, तेन तयोः समाना स्थितिः सम्भवति, न सङ्ख्येयगुणा।

(२१७) सम्प्रति द्वितीयस्थाने विशेषोऽभिधीयते – एको जीवो दर्शनत्रिकमक्षपयित्वोपशम-श्रेणिं समारोहति, अन्यः पुनर्दर्शनत्रिकं परिक्षपय्योपशमश्रेणिमारोहति तत्र दर्शनत्रिकम-क्षपयित्वोपशमश्रेणिं प्रतिपद्यमानस्य प्रभूतं भवति, द्वितीयपुरुषेण दर्शनत्रिकक्षपणाऽपूर्वकरणे

गुणधन्या

પ્રથમ જીવ કરતાં બીજા જીવની સ્થિતિસત્તા સંખ્યાતગુણ આવશે. કેમકે પ્રથમજીવે જ્યારે પ્રથમવાર શ્રેણી ચઢી ત્યારે અપૂર્વકરણમાં સંખ્યાતગુણહીન સત્તા કરી હતી. અને ત્યાંથી પડી તે મિથ્યાત્વે પણ ગયો નથી. તેથી બંધ દ્વારા પણ શ્રેણીગત સ્થિતિસત્તામાં વધારો થયો નથી. કેમકે ઉપશમશ્રેણીની જઘન્યસ્થિતિસત્તા કરતાં ચોથા ગુણઠાણાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ સંખ્યાતગુણહીન હોય છે.

જ્યારે બીજા જીવને તો પ્રથમવારની ઉપશમશ્રેણી હોવાથી પ્રથમ જીવ કરતાં સ્થિતિસત્તા સંખ્યાતગુણ હોય છે. કેમકે તે પહેલા તે શ્રેણી ન પામ્યો હોવાથી અનિવૃત્તિકરણ દ્વારા પૂર્વે પણ સ્થિતિનો ઘાત થયેલો નથી. તો બંનેની સત્તા તુલ્ય કેવી રીતે થાય ?

ઉત્તર : તમારી વાત બરાબર છે. પરંતુ અહીં જે બે જીવો ઉપશમશ્રેણી માંડનારા છે, તે બંને પ્રથમવારની જ ઉપશમશ્રેણી માંડનારા હોય તેવી વિવક્ષા સમજવી. તેથી તે બંને જીવોની સમાન સ્થિતિ ઘટી શકે છે.

(૨૧૭) હવે બીજા સ્થાન વિશે વિશેષતા બતાવાય છે -

(૨) એક જીવ દર્શનત્રિકને ખપાવ્યા વિના ઉપશમશ્રેણી ચઢે છે. અને બીજો જીવ દર્શનત્રિકને ખપાવીને ઉપશમશ્રેણી ચઢે છે. તેમાં દર્શનત્રિકને ખપાવ્યા વિના ઉપશમશ્રેણી

प्रभूतस्थितेर्घातितत्वात् । अथोपशमश्रेणौ तेन क्रमेण प्रथमपुरुषः स्थितिं घातयति, येनानिवृत्तिकरणे प्रथमस्थितिखण्डे घातित उभयोः पुरुषयोः स्थितिसत्त्वं तुल्यं जायते, श्रेण्यनिवृत्तिकरणे सर्वेषां जीवानां स्थितिसत्त्वसमानत्वसम्भवात् । क्षायिकसम्यग्दृष्टिनोपशमश्रेणौ स्तोका स्थितिर्घातिता, इतरेण पुनः प्रभूता घातिता इति फलितार्थः । ततः परं श्रेणितोऽवरुह्याक्षीणदर्शनमोहनीयो दर्शनत्रिकक्षपणायै पुनः करणत्रयं करोति, तत्र चापूर्वकरणे स्वस्थितिं सङ्ख्येयगुणहीनां करोति, तेनोपशमनाक्रियातोऽन्यस्य पुनः क्षपणाक्रियातस्तुल्ये विश्रान्तिकाले व्यतिक्रान्ते श्रेणितः पतित्वा दर्शनत्रिकं क्षपयतो जन्तोः स्थितिसत्त्वतो दर्शनत्रिकं क्षपयित्वा कषायोपशमकस्य स्थितिसत्त्वं सङ्ख्येयगुणं भवति ।

(२१८) अपूर्वकरणस्य प्रथमसमयतः प्रभृत्यायुर्वर्जशेषकर्मणां स्थितिघातरसघातगुणश्रेणि-गुणसङ्क्रमस्थितिबन्धाः प्रारभ्यन्ते, नवरं दर्शनत्रिकस्योद्वलनानुविद्धगुणसङ्क्रमः प्रवर्तते। अत्र

ચઢનાર પ્રથમજીવને બીજા જીવની અપેક્ષાએ સ્થિતિસત્તા ઘણી હોય છે. કેમકે બીજા જીવે દર્શનત્રિકની ક્ષપણાના અપૂર્વકરણમાં ઘણી સ્થિતિનો ઘાત કરી લીધો છે. તેથી સત્તા ઓછી રહે છે...

જ્યારે પ્રથમ પુરુષ ઉપશમશ્રેણીમાં સ્થિતિઘાત કરે છે, ત્યારે તે બીજા પુરુષ કરતાં વધારે કરે છે. (કેમકે તેને સ્થિતિસત્તા વધારે છે. અને ઘાત્યમાન સ્થિતિખંડ સત્તાને આધારિત હોય છે.) તેથી ઉપશમશ્રેણીગત અનિવૃત્તિકરણમાં પ્રથમસ્થિતિઘાત પૂર્ણ થતાં બંનેની સ્થિતિસત્તા તુલ્ય થાય છે. કેમકે શ્રેણીનાં અનિવૃત્તિકરણમાં બધા જીવોની સ્થિતિસત્તા સમાન હોય છે.

અહીં ક્ષાયિક સમ્યક્ત્વી જીવે (બીજા પુરુષે) શ્રેણીમાં ઓછી સ્થિતિનો ઘાત કર્યો છે. (કેમકે તેની સત્તા ઓછી હતી.) જ્યારે પ્રથમપુરુષે શ્રેણીમાં ઘણી સ્થિતિનો ઘાત કર્યો. (તેથી બંનેની સત્તા સમાન થઇ.)

ત્યારબાદ શ્રેણીથી ઊતર્યા પછી જેણે દર્શનત્રિકની ક્ષપણા કરી નથી તેવો પ્રથમ પુરુષ દર્શનત્રિકની ક્ષપણા માટે ત્રણ કરણ કરે છે. અને અપૂર્વકરણમાં સ્થિતિસત્તાને સંખ્યાતગુણહીન કરે છે. તેથી આ બંને જીવોને ઉપશમના અને ક્ષપણા પૂર્ણ થયા પછી તુલ્ય કાળ પસાર થાય ત્યારે પ્રથમ જીવ કરતાં બીજા જીવને સ્થિતિસત્તા સંખ્યાતગુણ હોય છે.

અપૂર્વકરણમાં પ્રવેશ

(૨૧૮) અપૂર્વકરણના પ્રથમસમયથી આયુષ્ય સિવાયના ૭ કર્મોનો સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ અને અપૂર્વસ્થિતિબંધ શરૂ થાય છે. અને દર્શનદ્વિકનો

पूर्वपूर्वतः स्थित्यपेक्षयोत्कीर्यमाणखण्डानां विशेषहीनत्वेनोद्वलना भवति, दलिकापेक्षया च सङ्क्रमस्यासङ्ख्येयगुणकारत्वेन गुणसङ्क्रम इत्युद्वलनानुविद्धगुणसङ्क्रमः ज्ञातव्यः। उक्तं च **पञ्चसङ्ग्रहे** श्रीमन्मलयगिरिपादैः – **"नवरमपूर्वकरणस्य प्रथमसमय एव गुणसङ्क्रमेण मिथ्यात्वसम्यग्मिथ्यात्वयोर्दलिकं सम्यक्त्वे प्रक्षिपति, उद्वलनासङ्क्रमोऽपि तयोरेवमारभ्येते, तद्यथा – प्रथमं स्थितिखण्डं बृहत्तरं घातयति, ततो द्वितीयं विशेषहीनम्, एवं तावद्वक्तव्यं यावदपूर्वकरणचरमसमयः"** इति। जघन्यस्थितिसत्कर्मणो जन्तोः स्थितिखण्डमपूर्वकरणस्य प्रथमसमये पल्योपमसङ्ख्येयभागमात्रं भवति, तथोत्कृष्टस्थितिसत्कर्मणो जीवस्य सागरोपमपृथक्त्वमात्रं भवति। पूर्वपूर्वोत्कीर्यमाणस्थितिखण्डत उत्तरोत्तरोत्कीर्यमाणस्थितिखण्डं विशेषहीनं तावद्वक्तव्यम् यावदपूर्वकरणस्य चरमस्थितिखण्डम्। अत्र प्रथमस्थितिखण्डतः परम्परोपनिधया कानिचित्स्थितिखण्डानि सङ्ख्येयगुणहीनान्यपि भवन्ति, किन्त्वनन्तरोपनिधया पूर्वपूर्वत उत्तरोत्तरस्थितिखण्डानि विशेषहीनान्येव भवन्ति। **न चा**पूर्वकरणे प्रतिसमयं पूर्वपूर्वतो

गुणधन्या

(મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીયનો) ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ થાય છે. કેમકે અહીં પૂર્વ-પૂર્વ કરતાં સ્થિતિની અપેક્ષાએ ઉકેરાતો ખંડ વિશેષહીન હોવાથી ઉદ્વલના છે. અને દલિકોની અપેક્ષાએ અસંખ્યગુણાકારે સંક્રમ થતો હોવાથી ગુણસંક્રમ પણ છે. તેથી ઉદ્વલનાયુક્ત ગુણસંક્રમ કહ્યો છે.

પંચસંગ્રહમાં મલયગિરિસૂરિજી મહારાજે કહ્યું છે - "અપૂર્વકરણના પ્રથમસમયથી જ ગુણસંક્રમ વડે મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયના દલિકને સમ્યક્ત્વમોહનીયમાં નાંખે છે અને તે બે પ્રકૃતિનો ઉદ્વલનાસંક્રમ પણ કરે છે, કેમકે ઘાત્યમાન પ્રથમસ્થિતિખંડ મોટો હોય છે, તેના કરતાં દ્વિતીયાદિ સ્થિતિખંડો અપૂર્વકરણના ચરમસમય સુધી વિશેષહીન હોય છે. તેથી ઉદ્વલનાસંક્રમ પણ જાણવો..."

અપૂર્વકરણના પ્રથમસમયે જઘન્ય સ્થિતિસત્તાવાળા જીવને પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ ઘાત્યમાન સ્થિતિખંડ હોય છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિસત્તાવાળા જીવને સાગરોપમપૃથક્ત્વ પ્રમાણ સ્થિતિખંડ હોય છે. અને અપૂર્વકરણના ચરમ સ્થિતિખંડ સુધી પૂર્વ-પૂર્વ કરતાં ઉત્તરોત્તર સ્થિતિખંડો વિશેષહીન હોય છે.

પરંપરોપનિધા : પ્રથમ સ્થિતિખંડથી કેટલાક સ્થિતિખંડ વીત્યા પછી સંખ્યાતગુણહીન સ્થિતિખંડ હોય છે.

અનંતરોપનિધા : પૂર્વ-પૂર્વના સ્થિતિખંડથી ઉત્તરોત્તર સ્થિતિખંડો વિશેષહીન જ હોય છે.

પ્રશ્ન : અપૂર્વકરણમાં પૂર્વ-પૂર્વ સમયથી ઉત્તરોત્તરસમયે વિશુદ્ધિ તો અનંતગુણ હોય

विशुद्धेरनन्तगुणत्वेन स्थितिखण्डानां विशेषहीनत्वं कथमुच्यते, अधिकं वक्तव्यमिति **वाच्यम्**, स्थितिखण्डस्य सत्तागतस्थित्यनुसारित्वेन केवलं विशुद्ध्यनाश्रयणात् ।

(२१९) अत्रोद्वलनानुविद्धगुणसङ्क्रमस्य प्रवर्तमानत्वाद् घात्यमानखण्डानां मिथ्यात्व-मोहनीयस्य दलिकं स्वस्थानेऽधो तथा मिश्रमोहनीये सम्यक्त्वे च निक्षिप्यते, मिश्रमोहनीयस्य च दलिकमधः स्वस्थाने सम्यक्त्वमोहनीये च प्रक्षिप्यते, तथा व्याघातभाव्यपवर्तनया सम्यक्त्वमोहनीयस्य दलिकं स्वस्थानेऽधो प्रक्षिप्यते । स्थितिघातरसघातगुणश्रेणीनां स्वरूपं पूर्ववज्ज्ञेयम् । गुणश्रेणिनिक्षेपस्त्वपूर्वकरणानिवृत्तिकरणाद्धाद्वयादधिको द्रष्टव्यः, स च गलितावशेषमात्रः, उदयेन पूर्वपूर्वसमये क्षीणे हीनो हीनतरो भवति, एवं सङ्ख्यातसहस्रैः स्थितिघातैरपूर्वकरणं परिसमापयति । तथाऽपूर्वकरणस्य प्रथमसमये यत्स्थितिसत्कर्माऽऽसीत्, तत् तस्यैव चरमसमये सङ्ख्येयगुणहीनं भवति । उक्तं च **पञ्चसङ्ग्रहोपशमनाकरणस्य** मूले –

છે. તો ઘાત્યમાન સ્થિતિખંડ પણ અધિક કહેવાને બદલે વિશેષહીન કેમ કહ્યો છે ?

ઉત્તર : ઘાત્યમાન સ્થિતિખંડ માત્ર વિશુદ્ધિને આશ્રયીને જ નથી હોતો, પરંતુ સત્તાને અનુસારે હોય છે. અર્થાત્ જો સત્તા વધારે હોય, તો સ્થિતિખંડ મોટો હોય છે. અને સત્તા ઓછી હોય, તો સ્થિતિખંડ નાનો હોય છે. ઉત્તરોત્તર સત્તા હીન થતી હોવાથી સ્થિતિખંડ પણ વિશેષહીન સિદ્ધ થાય છે.

(૨૧૯) અહીં ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ પ્રવર્તતો હોવાથી (૧) મિથ્યાત્વમોહનીયના ઘાત્યમાન ખંડોનું દલિક સ્વસ્થાને નીચે તેમજ મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયમાં નાંખે છે, (૨) મિશ્રમોહનીયનું દલિક સ્વસ્થાને નીચે અને સમ્યક્ત્વમોહનીયમાં નાંખે છે, અને (૩) સમ્યક્ત્વમોહનીયનું દલિક વ્યાઘાતભાવી અપવર્ત્તના દ્વારા સ્વસ્થાને નીચે નાંખે છે.

ગલિતાવશેષ ગુણશ્રેણી

અહીં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણીનું સ્વરૂપ પૂર્વવત્ જાણવું. ગુણશ્રેણીનો નિક્ષેપ અપૂર્વકરણ-અનિવૃત્તિકરણના કાળથી કાંઇક અધિક હોય છે. અને તે પણ ગલિતાવશેષ હોય છે. એટલે ઉદયથી પૂર્વ સમયનું વેદન થતાં શેષ સમયોમાં નિક્ષેપ થાય છે.

આ પ્રમાણે હજારો સ્થિતિઘાત વડે અપૂર્વકરણ પૂર્ણ થાય છે. તેથી અપૂર્વકરણના પ્રથમસમયે જે સ્થિતિસત્તા હતી તેનાથી ચરમસમયે સંખ્યાતગુણહીન સ્થિતિસત્તા થાય છે.

अपुव्वकरणसमगं गुण उव्वलणं करेइ दोण्हं पि ।
तक्करणाइं जं तं ट्ठिइसंतं संखभागन्ते ॥३७॥" इति ।

(२२०) तथैव **मूलटीकायामप्युक्तम् – "तं च गुणसङ्क्रममपूर्वकरणेन "समं" समकाल-मुद्वलनविधिना करोति, द्वयोरप्यनुदितपुञ्जयोर्मिथ्यात्वसम्यग्मिथ्यात्वाख्ययोस्तत्करणादौ बृहत्स्थितिखण्डं (ततो द्वितीयं विशेषहीनं) एवं यावत्करणसमाप्तिरिति यत्करणादौ स्थितिसत्कर्म तस्य करणाऽन्ते सङ्ख्येयभागो भवतीति गाथार्थः"** इति ।

तथैव **मलयगिरिटीकायामपि** निगदितम् – **"अपूर्वकरणसमकमपूर्वकरणप्रथम-समयादारभ्येत्यर्थः, गुणसङ्क्रममुद्वलनं च द्वयोरनुदितयोर्मिथ्यात्वमिश्रयोः करोति । तत्करणादौ = अपूर्वकरणादौ यत्स्थितिसत्कर्माऽऽसीत्, तत्तस्यैव करणस्यान्ते चरमसमये सङ्ख्येयभागमात्रं भवति, प्रथमसमयापेक्षया सङ्ख्येयगुणहीनं भवतीत्यर्थः"** इति ।

(२२१) तथाऽपूर्वकरणस्य प्रथमसमये यः स्थितिबन्ध आसीत्, स करणान्ते सङ्ख्येयगुणहीनो भवति । उक्तं च **पञ्चसङ्ग्रहोपशमनाऽधिकारे – "एवं ट्ठिइबंधो वि हु, पविसइ अणियट्टिकरणसमयंमि ।"** इति । तथैव **टीकायामपि – "एवमनेनैव सत्कर्मन्यायेन**

ગુણધન્યા

પંચસંગ્રહનાં ઉપશમનાકરણમાં કહ્યું છે - 'અપૂર્વકરણની સાથે જ બંનેમાં ગુણસંક્રમ અને ઉદ્વલના સંક્રમ કરે છે. તેથી અપૂર્વકરણની આદિમાં જે સ્થિતિની સત્તા હતી તેના કરતાં અંતે સંખ્યાતમો ભાગ રહે છે.'

(૨૨૦) તથા **મૂલટીકામાં** પણ કહ્યું છે - 'અપૂર્વકરણ પ્રારંભ થતાંની સાથે ઉદ્વલનાનુવિદ્ધ ગુણસંક્રમ કરે છે. અને અનુદિત એવા મિથ્યાત્વમોહનીય તથા મિશ્રમોહનીયના પ્રથમ મોટા સ્થિતિખંડોનો અને ત્યારપછી વિશેષહીન ક્રમે કરણસમાપ્તિ સુધી ઘાત કરે છે. તેથી કરણની શરૂઆતમાં જેટલી સ્થિતિસત્તા હતી, તેનાથી સમાપ્તિ થતાં સંખ્યાતગુણહીન = સંખ્યાતમા ભાગ જેટલી જ સ્થિતિસત્તા હોય છે.

પૂ. મલયગિરિસૂરિ મહારાજની ટીકામાં પણ આ જ પ્રમાણે કહ્યું છે.

(૨૨૧) તથા અપૂર્વકરણના પ્રથમસમયે જે સ્થિતિબંધ હતો, તેનાથી કરણના અંતે સંખ્યાતગુણહીન સ્થિતિબંધ થાય છે.

પંચસંગ્રહનાં ઉપશમનાધિકારમાં પણ કહ્યું છે - 'આ પ્રમાણે (=સંખ્યાતગુણહીન) સ્થિતિબંધ પણ થાય છે. ત્યારબાદ અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે.' તથા તે જ પ્રમાણે ટીકામાં પણ કહ્યું છે, કે 'જે પ્રમાણે પ્રથમસમય કરતાં ચરમસમયે સ્થિતિસત્તા

स्थितिबन्धोऽपि योऽपूर्वकरणादावासीत्, तस्मादन्तसमये सङ्ख्येयगुणहीनो भवति ।" इति ।

ततस्तृतीयमनिवृत्तिकरणं प्रविशति । अनिवृत्तिकरणस्य प्रथमसमयतो दर्शनत्रिकं देशोपशमनानिकाचनानिद्धत्तिकरणरहितं भवति । अतः प्रभृति सत्कर्मणि दर्शनत्रिकस्य दलिकमदेशोपशमितमनिकाचितमनिद्धत्तं भवति, तथा सत्कर्मणि विद्यमानेषु दलिकेषु देशोपशमनानिद्धत्तिनिकाचनाकरणानि न प्रवर्तन्ते ।

उक्तं च **पञ्चसङ्ग्रह** उपशमनाऽधिकारे– "**देसुवसमणानिकायणनिहत्तरहियं च । होइ दिट्ठितिगं**" । तथैव **तट्टीकायाम् – "अनिवृत्तिकरणे प्रवर्त्तमानदेशोपशमनानिकाचनानिधत्ति-करणरहितं = वियुक्तं दर्शनत्रिकं भवति**" इति । अनिवृत्तिकरणेऽपि पूर्ववत्स्थितिघातादयः पञ्च पदार्थाः प्रवर्तन्ते, तत्प्रथमसमयत एवापूर्वस्थितिघातोऽपूर्वरसघातोऽपूर्वस्थितिबन्धश्च भूयो युगपदारभ्यन्ते ।

સંખ્યાતગુણહીન થાય છે, તેની જેમ = સત્તાના સમાન ન્યાયથી જ સ્થિતિબંધ પણ સંખ્યાતગુણહીન થાય છે.

अनिवृत्तिकरणमां प्रवेश

અપૂર્વકરણ પૂર્ણ થયા પછી અનંતરસમયે અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. અનિવૃત્તિકરણના પ્રથમસમયે દર્શનત્રિકમાં દેશોપશમના-નિધત્ત-નિકાચનાકરણ નષ્ટ થાય છે. એટલે કે અત્યાર સુધી દર્શનમોહનીયના અમુક દલિકો દેશોપશમિત હતા. તેથી ઉદીરણા આદિને અયોગ્ય હતા. અમુક દલિકો નિધત્ત હતા. તેથી ઉદ્વર્તના-અપવર્તના આદિને અયોગ્ય હતા. અમુક દલિકો નિકાચિત હતા. તેથી સકલકરણને અયોગ્ય હતા. પરંતુ અનિવૃત્તિકરણના પ્રથમસમયે દર્શનત્રિકના સત્તાગત દલિકોમાંથી આ ૩ કરણ નાશ પામે છે. એટલે હવેથી દર્શનમોહનીયની સર્વસ્થિતિના સર્વદલિક અપવર્તના અને ઉદીરણાને યોગ્ય થઈ જાય છે. અને સત્તાગત દલિકમાં નવું દેશોપશમના, નિદ્ધત્ત કે નિકાચનાકારણ પ્રવર્તતું નથી. આ પ્રમાણે ત્રણે કરણથી રહિત માત્ર દર્શનમોહનીય જ થાય છે, શેષ કર્મ નહીં.

પંચસંગ્રહના ઉપશમનાધિકારમાં પણ કહ્યું છે - 'દર્શનત્રિક દેશોપશમના-નિકાચના-નિધત્તથી રહિત થાય છે.' તથા તેની ટીકામાં પણ આ જ પ્રમાણે કહ્યું છે.

અનિવૃત્તિકરણમાં પણ પ્રથમસમયથી જ સ્થિતિઘાતાદિ પૂર્વોક્ત પ્રકારે ચાલુ જ હોય છે. પ્રથમસમયે નવો સ્થિતિઘાત નવો રસઘાત અને અપૂર્વસ્થિતિબંધ સાથે જ શરૂ થાય છે.

(२२२) ★अनिवृत्तिकरणस्य प्रथमसमये दर्शनमोहनीयस्य स्थितिसत्त्वं सागरोपमलक्ष-पृथक्त्वप्रमाणं भवति, अन्तःसागरोपमकोटीप्रमाणं भवतीति यावत्, शेषकर्मणां स्थितिसत्त्वं सागरोपमलक्षकोटीपृथक्त्वप्रमाणं भवति, अन्तःसागरोपमकोटाकोटीप्रमाणं भवतीति यावत्, उक्तं च **कषायप्राभृतचूर्णौ – अणियट्टिकरणस्स पढमसमए दंसणमोहणीयस्स ठिदिसंतकम्मं सागरोवमसदसहस्सपुधत्तमंतकोडीए । सेसाणं कम्माणं कोडीसदसहस्सपुधत्तमंतोकोडाकोडीए**'' इति । सहस्रैः स्थितिघातैरनिवृत्तिकरणस्य सङ्ख्यातबहुभागेषु गतेष्वेकसङ्ख्येयभागोऽवतिष्ठते तदा दर्शनमोहत्रिकस्य स्थितिसत्कर्माऽसंज्ञिपञ्चेन्द्रियस्थितिसत्कर्मसमानं भवति, ततः सहस्रैः स्थितिघातैर्घात्यमानं दर्शनत्रिकस्य स्थितिसत्कर्म चतुरिन्द्रियस्थितिसत्कर्मसदृक्षं भवति, ततोऽपि स्थितिखण्डसहस्रपृथक्त्वे गते सति दर्शनत्रिकस्य स्थितिसत्त्वं त्रीन्द्रियस्थितिसत्कर्मसदृग्भवति ।

ગુણધન્યા

(૨૨૨) અનિવૃત્તિકરણના પ્રથમસમયે દર્શનમોહનીયની સત્તા સાગરોપમલક્ષપૃથક્ત્વ એટલે અંતઃકોડિ સાગરોપમ પ્રમાણ હોય છે. અને શેષ કર્મની લક્ષકોડિપૃથક્ત્વ એટલે અંતઃકોડાકોડિ સાગરોપમ પ્રમાણ હોય છે.

કષાયપ્રાભૃતચૂર્ણિમાં પણ કહ્યું છે કે 'અનિવૃત્તિકરણનાં પ્રથમસમયે દર્શનમોહનીયની સ્થિતિસત્તા શતસહસ્ર(=લક્ષ)પૃથક્ત્વ એટલે કે અંતઃકોડિ સાગરોપમ પ્રમાણ હોય છે. અને શેષ કર્મોની શતસહસ્રકોડિપૃથક્ત્વ એટલે કે અંતઃકોડાકોડિ સાગરોપમ પ્રમાણ હોય છે.'

ત્યારપછી હજારો સ્થિતિઘાત પસાર થતાં અનિવૃત્તિકરણના સંખ્યાતા બહુભાગ જાય અને ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અસંજ્ઞીપંચેન્દ્રિયની સ્થિતિસત્તા સમાન દર્શનમોહનીયની સ્થિતિસત્તા થાય. (કષાયપ્રાભૃતચૂર્ણિમાં અહીં સર્વત્ર અસંજ્ઞી પંચેન્દ્રિય આદિના સ્થિતિબંધ તુલ્ય સ્થિતિસત્તા કહી છે.)

ત્યારપછી હજારો સ્થિતિઘાત થાય ત્યારે ચઉરિન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય સ્થિતિ સત્તા થાય. ત્યારપછી ફરી હજારો સ્થિતિઘાત થાય ત્યારે તેઇન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય સ્થિતિ સત્તા થાય. ત્યારપછી ફરી હજારો સ્થિતિઘાત થાય ત્યારે બેઇન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય

★ लब्धिसारेऽनिवृत्तिकरणस्थानां सर्वजीवानां दर्शनत्रिकस्य स्थितिसत्कर्म समानं भवतीत्युक्तम्, तथा च तद्ग्रन्थः "अत्र सर्वेषां जीवानां विशुद्धिपरिणामसादृश्येन जघन्योत्कृष्टविकल्पं विना स्थितिसत्वमेकादृशमेव भवति" अनिवृत्तिकरणे जीवानां स्थितिसत्त्वं प्रथमस्थितिखण्डे घातिते सदृशं संभवति, कथमेतदवसीयत इति चेद् ? श्रृणुत चारित्रमोहनीयक्षपणाऽधिकारे द्वितीयादिस्थितिसत्त्वं समानं दर्शितं तथैवाऽत्रापि संभवति । जयधवलाकारैरनिवृत्तिकरणे प्रथमखण्डस्य नानाजीवाऽपेक्षया वैषम्यं दर्शयित्वा द्वितीयादिखण्डानां समानत्वं दर्शितम्, अक्षराणि त्वेवम्-"बिदियादिखंडयाणि पुव्वं सव्वेसिं जीवाणं सरिसाणि चेव तत्थ विसरीसत्ते कारणाणुवलद्धीदो ।" तेन स्थितिसत्त्वस्याऽपि तदानीमेव सदृक्षत्वं संभवति ।

अत्र पृथक्त्वशब्दो बहुत्ववाची ज्ञातव्यः, तेनानेकसहस्रेषु स्थितिखण्डेषु गतेषु दर्शनत्रिकस्य स्थितिसत्कर्म त्रीन्द्रियस्थितिसत्कर्मसदृग् भवतीत्यर्थो लभ्यते, ततोऽप्यनेकसहस्रेषु स्थितिखण्डेषु गतेषु दर्शनत्रिकस्य स्थितिसत्त्वं द्वीन्द्रियस्थितिसत्कर्मतुल्यं भवति, ततः सहस्रेषु स्थितिखण्डेषु गतेषु दर्शनत्रिकस्य स्थितिसत्त्वमेकेन्द्रियस्थितिसत्त्वतुल्यं भवति, ततो भूयः सङ्ख्यातेषु सहस्रेषु स्थितिखण्डेषु गतेषु दर्शनत्रिकस्य स्थितिसत्त्वं पल्योपमप्रमाणं भवति, यदुक्तं **कर्मप्रकृतिचूर्णौ** – **"ततो ठिदिखंडगपुहुत्तेणं जायं पलिओवमट्ठितियं दंसणमोहणिज्जट्ठितिसंतकम्मं"**। एवं **कषायप्राभृतचूर्णावपि** – **"तदो ठिदिखंडयपुधत्तेण पलिओवमट्ठिदिगं जादं दंसणमोहणीय-ट्ठिदिसंतकम्मं"** इति। **पञ्चसङ्ग्रहे** तु दर्शनत्रिकक्षपणाधिकारे दर्शनत्रिकस्यैकेन्द्रियस्थितिसत्कर्मतुल्यसत्कर्मतः स्थितिखण्डपृथक्त्वे गते पल्योपमसङ्ख्येयतमभागमात्रं स्थितिसत्त्वमुक्तम् –

"ठितिखंडसहस्साइं एक्केक्के अंतरंमि गच्छंति।
पलिओवमसंखंसे दंसणसंते तओ जाए॥" इति।

तथैव पञ्चसङ्ग्रहस्य श्रीमन्मलयगिरिसूरीश्वरप्रणीतटीकायामप्येकेन्द्रियस्थितिसत्कर्मतः सङ्ख्येयेषु स्थितिघातसहस्रेषु गतेषु पल्योपमसङ्ख्येयभागप्रमाणं स्थितिसत्त्वं भवतीत्युक्तम्।

સ્થિતિ સત્તા થાય. ત્યારપછી ફરી હજારો સ્થિતિઘાત થાય ત્યારે એકેન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય સ્થિતિ સત્તા થાય. ત્યારપછી ફરી હજારો સ્થિતિઘાત થાય ત્યારે પલ્યોપમ પ્રમાણ સ્થિતિ સત્તા થાય છે.

કર્મપ્રકૃતિચૂર્ણિ તથા કષાયપ્રાભૃતચૂર્ણિમાં પણ કહ્યું છે કે 'ત્યારપછી હજારો સ્થિતિઘાત થતાં દર્શનમોહનીયની સ્થિતિસત્તા પલ્યોપમપ્રમાણ થાય છે.'

(૨૨૩) **પંચસંગ્રહના મતે** - એકેન્દ્રિયની સ્થિતિસત્તા તુલ્ય સ્થિતિસત્તા થયા બાદ હજારો સ્થિતિઘાત થયા પછી દર્શનત્રિકની પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિસત્તા હોય છે. **પંચસંગ્રહમાં** કહેલી ગાથાનો અર્થ આ પ્રમાણે છે - 'એકેક આંતરામાં હજારો સ્થિતિઘાત થાય છે. ત્યારપછી (=એકેન્દ્રિયની સત્તા જેટલી સત્તા થયાના હજારો સ્થિતિઘાત પસાર થયા પછી) દર્શનમોહનીયની પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ સ્થિતિસત્તા રહે છે. અને તે વખતે જે થાય છે તે કહે છે.'

તથા **પંચસંગ્રહની પૂ. મલયગિરિસૂરિ મહારાજની** ટીકામાં પણ આ જ પ્રમાણે કહ્યું છે - 'તેના પછી (બેઇન્દ્રિય જેટલી સ્થિતિસત્તા થયા પછી) હજારો સ્થિતિઘાત પસાર

तथा च तद्ग्रन्थः – **"ततोऽपि तावन्मात्रेषु खण्डेषु गतेष्वेकेन्द्रियस्थितिसत्कर्मसमानम्, ततोऽपि तावन्मात्रेषु गतेषु पल्योपमसङ्ख्येयभागप्रमाणं भवति"** इति ।

(२२४) चूर्णिकारमतेन पल्योपमप्रमाणस्थितौ जातायां पञ्चसङ्ग्रहमतेन पुनः पल्योपम-सङ्ख्येयतमभागमात्रस्थितौ सत्यां ततः परं सत्तागतदर्शनत्रिकस्थितेः सङ्ख्येयान् भागान् कृत्वैकं सङ्ख्येयं भागं मुक्त्वा दर्शनत्रिकस्य शेषान् सर्वान् सङ्ख्येयान् भागान् विनाशयति, भूयोऽपि द्वितीयस्थितिघाताद्धायां प्राग्मुक्तस्य सङ्ख्येयतमभागस्यैकसङ्ख्येयतमभागं विमुच्य शेषान् सङ्ख्येयान् भागान् विनाशयति । एवं प्रतिस्थितिघाताद्धं स्थितिसत्कर्म सङ्ख्येयगुणहीनं करोतीति यावत् । एवं तावद्वक्तव्यम्, यावत्सहस्राणि स्थितिघाता व्रजन्ति । तदनन्तरं मिथ्यात्वस्य सत्तागतस्थितेरसङ्ख्येयान्भागान् कृत्वैकमसङ्ख्येयभागं मुक्त्वा शेषानसङ्ख्येयान् बहुभागान् खण्डयति । सम्यक्त्वमिश्रयोस्तु पूर्ववत् सङ्ख्येयान् भागान् खण्डयति, एवमनेकसहस्रेषु स्थितिघातेषु व्रजितेषु मिथ्यात्वस्याऽऽवलिकाप्रमाणं विमुच्य सर्वस्थितिसत्त्वं विनाश्यते, तेन

થયે એકેન્દ્રિયની સ્થિતિસત્તા જેટલી સ્થિતિસત્તા થાય. ત્યાર પછી પણ તેટલા જ સ્થિતિઘાત પસાર થયે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિસત્તા થાય છે.'

(૨૨૪) ટૂંકમાં ચૂર્ણિકારના મતે પલ્યોપમપ્રમાણ અને પંચસંગ્રહકારના મતે પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ દર્શનત્રિકની સ્થિતિસત્તા થયા પછી જે થાય છે, તે હવે જણાવે છે -

પહેલા સત્તાગતસ્થિતિના ઘણા સંખ્યાતા ભાગ કરી પલ્યોપમના ૧ સંખ્યાતમા ભાગ જેટલી જ સ્થિતિનો ઘાત કરતા હતા. પરંતુ હવેથી સત્તાગત દર્શનત્રિકની સ્થિતિના સંખ્યાતા ભાગ કરી ૧ સંખ્યાતમો ભાગ રાખી, શેષ ઘણા સંખ્યાતા ભાગોનો નાશ કરે છે. ફરી બીજી સ્થિતિઘાતાદ્ધામાં પહેલા છોડેલા ૧ સંખ્યાતમા ભાગમાંથી ૧ સંખ્યાતમો ભાગ છોડી શેષ ઘણા સંખ્યાતા ભાગોનો નાશ કરે છે. આ પ્રમાણે પ્રત્યેક સ્થિતિઘાતાદ્ધામાં સંખ્યાતગુણહીન સત્તા કરે છે. આવા હજારો સ્થિતિઘાત થાય છે.

ત્યારપછી **મિથ્યાત્વમોહનીયની** સત્તાગત સ્થિતિના **અસંખ્યાતા ભાગો** કરીને ૧ અસંખ્યાતમો ભાગ રાખી, શેષ ઘણા અસંખ્ય ભાગોનો નાશ કરે છે. અને સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયના તો પૂર્વની જેમ જ સંખ્યાતા બહુભાગોને ખંડે છે. આ પ્રમાણેના હજારો સ્થિતિઘાત જાય છે.

ત્યારપછી **મિથ્યાત્વમોહનીયની ૧ આવલિકા પ્રમાણ** સ્થિતિસત્તા રાખીને, શેષ સર્વસ્થિતિનો નાશ કરે છે. આ વખતે સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની સ્થિતિસત્તા

સમ્યક્ત્વમોહનીય કહેવાય છે. (અને જ્યાં સુધી સમ્યક્ત્વમોહનીય) ક્ષીણ થયું નથી, (ત્યારે) જીવનો જે શ્રદ્ધા પરિણામ (હોય, તેના કરતાં) ॥૨॥ સમ્યક્ત્વમોહનીયનાં પુદ્ગલનો ક્ષય થયા પછી જીવનો (શ્રદ્ધાસ્વરૂપ) ભાવ વિશુદ્ધતર થાય છે. જે પ્રમાણે સૂક્ષ્મ અને શુદ્ધ અભ્રપટલ દૂર થતાં મનુષ્યની દૃષ્ટિ (વિશુદ્ધતર થાય છે, તેની જેમ જાણવું) ॥૩॥

અથવા... જેવી રીતે જળવાળા શુદ્ધ દૂધમાંથી જળ દૂર થતાં દૂધ સુતરાં શુદ્ધ થાય છે, તે પ્રમાણે સમ્યક્ત્વમોહનીયનાં શુદ્ધ પુદ્ગલોનો ક્ષય થતાં દર્શન (વિશુદ્ધ થાય છે.) ॥૪॥" (વિશેષા.ભા.ગા.૧૩૧૮-૧૩૨૧)

(૨૭૦) ક્ષાયિકસમ્યક્ત્વનો પ્રસ્થાપક મનુષ્ય હોય છે. **કર્મપ્રકૃતિચૂર્ણિમાં** કહ્યું છે - 'જિનકાલમાં વર્તમાન ૮ વર્ષની ઉપરનો મનુષ્ય જ સમ્યગ્દર્શનનો પ્રસ્થાપક હોય છે. અને સમ્યગ્દર્શનની નિષ્ઠા ચારે ગતિમાં થઇ શકે છે."

ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિ પછી, પૂર્વે જેણે વૈમાનિક દેવનું આયુષ્ય બાંધેલું છે તેવા જીવોમાંથી કોઇક પરાક્રમી જીવ ઉપશમશ્રેણી ચઢે છે. જેણે અન્યગતિનું આયુષ્ય બાંધ્યું હોય તેવો જીવ ઉપશમશ્રેણી ચઢતો નથી.

અને જે અબદ્ધાયુ જીવ હોય, તે ક્ષપકશ્રેણીનો પ્રારંભ કરે છે.

પંચસંગ્રહના ઉપશમનાધિકારમાં કહ્યું છે કે 'કૃતકરણ જીવ તે કાળે મરણ પણ પામી

उपशमनाऽधिकारे –

"कयकरणो तक्काले कालंपि करेई चउसु वि गईसु ।
वेइयसेसो सेढीअण्णयरं वा समारुहइ ॥४६॥" इति ।

(२७१) तथैव चोक्तमुपाध्यायप्रवरैः – **"तत्र यो वैमानिकेष्वेव बद्धायुष्कः क्षीणसप्तकः** स उपशमश्रेणिमारोहति, अबद्धायुष्कस्तु क्षपकश्रेणिम्, अन्यगतिबद्धायुष्कस्तु न कामपि श्रेणिमारभते, श्रेणिकादिवदिति ज्ञेयम्" इति ।

नन्वबद्धायुष्कः कश्चिन्मनुष्यः साम्प्रतभवे तीर्थकृन्नामकर्म निकाच्याऽऽयुश्चाबद्ध्वा क्षायिकसम्यक्त्वमुत्पादयेत्, तर्हि स क्षपकश्रेणिमारोहेत् ? उत न ? इति **चेद् ? उच्यते** – तद्भवे निकाचितजिननामकर्माऽबद्धायुष्कः क्षायिकसम्यक्त्वप्राप्तेरनन्तरं तद्भवे क्षपकश्रेणिं नाऽऽरोहति । उक्तं च **कर्मप्रकृतिचूर्णौ – "अह न बद्धाउओ तो खवगसेढिमेव पडिवज्जति, जति ण तित्थयरसंतकंमिगो"** ।

(२७२) अथ कषायप्राभृतचूर्णिकारमतेन कृतकृत्यवेदको विवर्ण्यते – कृतं निष्पादितं

શકે છે. અને ચાર ગતિમાંથી કોઈપણ ગતિમાં શેષ સમ્યક્ત્વમોહનીયનું વેદન કરે છે અને વેદન કર્યા બાદ (કોઈક મનુષ્યગતિમાં જ રહેલો જીવ) અન્યતર શ્રેણી ચઢે છે.'

(૨૭૧) તથા **પૂ. ઉપાધ્યાયજી મહારાજે** પણ કહ્યું છે - 'ત્યાં વૈમાનિક દેવનું આયુષ્ય બાંધ્યું હોય તેવો ક્ષીણસપ્તક જીવ ઉપશમશ્રેણી ચઢે છે. અને અબદ્ધાયુ જીવ ક્ષપકશ્રેણી ચઢે છે. અને અન્યગતિનું જેણે આયુષ્ય બાંધ્યું હોય તેવો જીવ શ્રેણિકાદિની જેમ એક પણ શ્રેણી ચઢતો નથી.

પ્રશ્ન : અબદ્ધાયુ કોઈક મનુષ્ય, વર્તમાન ભવમાં જિનનામ નિકાચિત કરીને આયુષ્ય બાંધ્યા વિના જો ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે, તો ક્ષપકશ્રેણી ચઢે કે નહીં ?

ઉત્તર : જે ભવમાં જિનનામ નિકાચિત કર્યું હોય, તેવો અબદ્ધાયુ જીવ ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિ કર્યા બાદ તે જ ભવમાં ક્ષપકશ્રેણી ચઢતો નથી.

કર્મપ્રકૃતિચૂર્ણિમાં કહ્યું છે - 'જે બદ્ધાયુ નથી તેવો જીવ ક્ષપકશ્રેણી ચઢે છે. પરંતુ જિનનામની સત્તાવાળો જીવ શ્રેણી ચઢતો નથી.'

કષાયપ્રાભૃતમતે કૃતકૃત્યવેદક જીવ

(૨૭૨) જેણે સ્થિતિઘાતાદિ કાર્યો પૂર્ણ કર્યા છે, તેવો જીવ કૃતકૃત્ય કહેવાય છે.

कार्यं स्थितिघातादिलक्षणं येन, स कृतकृत्यः, तस्य हि स्थितिघातादयो न भवन्ति । ★कृतकृत्ये जाते तत्प्रथमसमयात्प्रभृत्यन्तर्मुहूर्तं यावद् म्रियेत, तर्हि नियमतः सुरगतावुत्पद्यते । शेषगतिषूत्पद्यमानः कृतकृत्याद्धाया अन्तर्मुहूर्ते व्यतिक्रान्त एव म्रियते, लेश्यापरावृत्तिश्चापि भवति ।

इदमुक्तं भवति – ★यथाप्रवृत्तकरणप्रारब्धा तेजःपद्मशुक्ललेश्यास्वन्यतमा लेश्या कृतकृत्याद्धायामन्तर्मुहूर्तं यावद् वर्तते, ततो लेश्या परावर्तते, यद्वा यथाप्रवृत्तकरणे प्रारब्धाऽन्यतरा

કૃતકૃત્ય થયા બાદ સ્થિતિઘાતાદિ થતા નથી.

કૃતકૃત્ય થયા બાદ પ્રથમસમયથી (પ્રથમ) અંતર્મુહૂર્તમાં જો મરણ પામે તો નિયમા દેવગતિમાં જાય છે. અને શેષગતિમાં ઉત્પન્ન થનાર જીવ કૃતકૃત્યાદ્ધાનું પ્રથમ અંતર્મુહૂર્ત સમાપ્ત થયા પછી જ મરણ પામે છે. અને ત્યાં લેશ્યાપરાવૃત્તિ પણ પામે છે. એટલે ભાવ એમ છે કે યથાપ્રવૃત્તકરણથી પ્રારંભ થયેલી તેજો-પદ્મ-શુક્લ લેશ્યામાંથી કોઈપણ લેશ્યા કૃતકૃત્યાદ્ધાનાં પ્રથમ અંતર્મુહૂર્ત સુધી હોય છે. ત્યારપછી લેશ્યા બદલાય છે.

અથવા યથાપ્રવૃત્તકરણમાં પ્રારંભ થયેલી જે કોઈપણ શુભલેશ્યા હતી, તે કૃતકૃત્યાદ્ધામાં શુક્લલેશ્યા થાય છે. ત્યારબાદ કૃતકૃત્યવેદકાદ્ધાનું અંતર્મુહૂર્ત પસાર થયા બાદ કોઈપણ

★. ટિપ્પણિ० कृतकृत्याद्धायां वर्तमानः कश्चित्कालमपि कृत्वा चतसृणां गतीनामन्यतमायां गतावुत्पद्यते, लब्धिसारे कृतकृत्याद्धायाश्चत्वारो विभागाः कृताः, यदि प्रथमविभागे कालं करोति तर्हि देवगतावेवोत्पद्यते । द्वितीयविभागे कालं करोति तर्हि देवगतौ मनुष्यगतौ वोत्पद्यते, तृतीयविभागे म्रियते, तर्हि देवनरतिर्यक्ष्वन्यतमायां गतावुपजायते, चतुर्थविभागे कालं कृत्वा देवनरतिर्यग्नरकेष्वन्वतमायां गतावुत्पद्यते । इति लब्धिसारकाराऽऽह । तट्टीका-तस्मिन्नेवकृतकृत्यवेदकसम्यक्त्वकाले चतुर्भागीकृते प्रथमसमयादारभ्याऽन्तर्मुहूर्तमात्रे प्रथमे चतुर्थभागे मृतो देवेष्वेवोत्पद्यते, नाऽन्यगतिषु, तत्काल इतरगतित्रयगमनकारणसंक्लेशपरिमाणामाऽभावात्तदनन्तरं द्वितीयचतुर्थभागे-ऽन्तर्मुहूर्तमात्रे मृतो देवमनुष्यगत्योरेवोत्पद्यते, नाऽन्यगतिद्वये, तत्काले तद्गतिद्वयगमननिबन्धनसंक्लेशपरिणामाऽनुपपत्तेः। तदनन्तरं तृतीये चतुर्थभागेऽन्तर्मुहूर्तमात्रे मृतो देवमनुष्यतिर्यग्गतिष्वेवोत्पद्यते, न नरकगतौ, तत्काले नरकगतिगमनहेतुसंक्लेशपरिणामाऽसंभवात् । तदनन्तरं चरमचतुर्थभागे मृतः कृतकृत्यवेदकसम्यग्दृष्टिः चतसृष्वपि देवमनुष्यतिर्यग्नरकगतिषूत्पद्यते, तत्काले तद्गतिगमननिबन्धनसंक्लेशपरिणामोपलम्भात् ।

★. ટિપ્પણી० લબ્ધિસારે લેશ્યાપરાવૃત્તિરિત્થં દર્શિતા-તદ્યથા-પ્રથમભાગે મ્રિયમાણસ્ય લેશ્યાપરાવૃત્તિર્ન ભવતિ, તસ્ય જન્તોર્દેવગતાવેવોત્પત્તેઃ । દ્વિતીયે તૃતીયે ચતુર્થે વા ભાગે યો મ્રિયતે, સ શુભલેશ્યાયા હાન્યા ક્રમશો જઘન્યકાપોતલેશ્યાં પ્રાપ્નોતિ । તત્રાऽપિ દેવગતાવુત્પદ્યમાનસ્ય જીવસ્ય લેશ્યાપરાવૃત્તિર્ન ભવતિ, ઇદં સર્વં કૃતકૃત્યાદ્ધાયાં મ્રિયમાણાऽપેક્ષયા પ્રોક્તમ્ । યઃ પુનર્બદ્ધાયુષ્કઃ કૃતકૃત્યાદ્ધાયમક્ષીણાऽऽયુષ્કો ભવતિ, તસ્ય ક્ષાયિકસમ્યક્ત્વપ્રાપ્તિતો મૃત્યુકાલેऽનુગતિ લેશ્યા પરાવર્તતે ।

या शुभा लेश्याऽऽसीत् सा कृतकृत्याद्धायां शुक्ललेश्या भवति । ततः कृतकृत्यवेदकाद्धायामन्तर्मुहूर्तं गत्वैवान्यतरा लेश्या भवति । उक्तं च **कषायप्राभृतचूर्णौ – "ताधे मरणं पि होज्ज लेस्सापरिणामं पि परिणामेज्ज काउ-तेउ-पम्म-सुक्कलेस्साणामण्णतरो । .....पढमसमय-कदकरणिज्जो जदि मरदि, देवेसु उववज्जदि णियमा । जइ णेरइएसु वा तिरिक्खजोणिएसु वा मणुसेसु वा उववज्जदि णियमा अंतोमुहुत्तकदकरणिज्जो"** इति ।

(૨૭૨) कृतकृत्यवेदकाद्धायां वर्तमानो जन्तुर्विशुद्ध्यां सङ्क्लेशे वा भवन्नपि प्रतिसमयम-सङ्ख्येयगुणकारेण दलिकमुदीरयति, एवं ★क्रमेणोदीरयतस्तस्यासङ्ख्येयसमयप्रबद्धोदीरणा भवति ।

ગુણધન્યા

લેશ્યા થાય છે.

કષાયપ્રાભૃતચૂર્ણિમાં કહ્યું છે - 'ત્યારે મરણ પણ થઈ શકે છે. અને લેશ્યાપરિણામ પણ બદલાય છે. કાપોત-તેજો-પદ્મ-શુક્લ - આ ૪માંથી કોઈપણ લેશ્યા પરિણામ થાય છે.

કૃતકૃત્ય જીવ પ્રથમસમયે (યાવત્ અંતર્મુહૂર્ત સુધી) મરણ પામે, તો નિયમા દેવગતિમાં ઉત્પન્ન થાય છે. અને જો નરક-તિર્યંચ કે મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થવાનો હોય, તો નિયમા અંતર્મુહૂર્ત વ્યતિક્રાન્ત કરેલો જ કૃતકૃત્ય જીવ જાણવો.

(૨૭૩) કૃતકૃત્યવેદકાદ્ધામાં રહેલો જીવ વિશુદ્ધિ અથવા સંક્લેશમાં હોય તો પણ પ્રતિસમયે અસંખ્યગુણાકારે દલિકોની ઉદીરણા કરે છે. આ પ્રમાણે ઉદીરણા કરતાં તેને

★. टिप्पणी० प्रतिसमयं सम्यक्त्वमोहनीयस्याऽनुभागोऽनन्तगुणहीनो भवति एवं क्रमेण हीयमानाऽनुभागस्तावद्वक्तव्यो यावत्कृतकृत्याद्धायाश्चरमसमयः । यथाप्रवृत्तकरणप्रथमसमये दर्शनमोहक्षपणाप्रारम्भकस्य तेजःपद्मशुक्लेश्यानां शुभानां मध्ये यया लेश्यया क्षपणा प्रारब्धा तल्लेश्योत्कृष्टांशः प्रतिसमयमनन्तगुणविशुद्धिक्रमेणाऽनिवृत्तिकरणचरमसमये परिपूर्णो भवति । पुनस्तदनन्तरं कृतकृत्यवेदककालस्याऽभ्यन्तरे प्रथमे भागे यदि म्रियते तदा तत्राऽपि तल्लेश्या-परावृत्तिर्नाऽस्ति तस्य देवेष्वेवोत्पादात् । यदि द्वितीयभागे म्रियते तदा तस्य भोगभूमिजमनुष्यगतावुत्पत्तिसंभवा-त्प्रागारब्धशुभलेश्याया उत्कृष्टमध्यमजघन्यांशानां संक्रमक्रमेण हान्या मरणकाले कापोतलेश्या जघन्यांशो भवति। अथ पुनस्तृतीयभागे यदि म्रियते तदा तस्याऽपि भोगभूमिजमनुष्यतिर्यग्गतिष्वेव जन्मसंभवात् प्रागुक्तप्रकारेण कापोतलेश्याजघन्यांशो भवति, तद्भागमृतमनुष्यतिरश्चोः पूर्ववद्देवगत्यामुत्पद्यमानस्य सर्वेषु भागेषु मृतस्य लेश्या-परावृत्तिर्नाऽस्ति । इदं कृतकृत्यवेदककाले मरणाऽपेक्षया भणितम्, तत्काले मरणरहितस्य पुनः प्रादुर्भूत-क्षायिकसम्यक्त्वस्य पूर्वचतुर्गतिषु बद्धायुष्को मरणकाले गत्यनुसारेण लेश्यापरावृत्तिरुक्तप्रकारेण ज्ञातव्या।

कृतकृत्यवेदकाकाले संभवत्क्रियाविशेषप्रतिपादनार्थमाह–दर्शनमोहनीयस्याऽनुभागस्याऽनिवृत्तिकरणकालसंख्यातैकभागे यथा कण्डकघातं संहृत्याऽनन्तगुणहान्या प्रतिसमयमपवर्तनं प्रारब्धं तथाऽत्रापि कृतकृत्यवेदकाकालचरमसमयपर्यन्तमप्रतिघातं

वर्तते एवाऽपूर्वकरणपरिणामविशुद्धिविशेषस्य संस्कारशेषसंभवात् । तथाऽत्रैव कृतकृत्यवेदककालोऽसंख्यातसमय-प्रबद्धानामुदीरणाऽपि तत्काले यावत्समयाऽधिकोच्छिष्टावलिरवशिष्यते तावत्प्रतिसमयमसङ्ख्यातगुणितक्रमेण वर्तते ।

कृतकृत्यवेदकाद्धायां दलनिक्षेपविधिः-उदयावलिकायां उपरितननिषेकेभ्यः सत्तागतसम्यक्त्वमोहनीयदलिकम-पकृष्टभागहारेण खण्डयित्वा भूयस्तदेकाऽसंख्येयभागं पल्योपमाऽसंख्येयभागरूपभागहारेण विभज्यते विभक्तादेकभाग-मुदयावलिकायामुदयसमयात्प्रभृत्यसंख्येयगुणकारेणोदयावलिकायाश्चरमनिषेकपर्यन्तं प्रक्षिपति शेषबहुभागांस्तदुपरितन-स्थितिषु विशेषहीनक्रमेण समयाऽधिकाऽतिस्थापनाऽऽवलिकावर्जसर्वासु प्रक्षिपति । कृतकृत्याद्धायां लेश्यापरावर्तना-त्संक्लेशयुक्तो यद्वा विशुद्धः सन् भूतपूर्वकरणपरिणामविशोधेः संस्कारात्प्रतिसमयमसंख्येयगुणकारेण दलिकमप्रकृष्टतयो-दीरयति । अत्र यद्यपि पूर्ववद्गुणश्रेणिर्न भवति किन्तु दलिकानामसंख्यातसमयप्रबद्धप्रमाणोदीरणा प्रवर्तत एव, न व्यवच्छिद्यते, तथा पूर्ववदुत्तरोत्तरसमयेऽसंख्येयगुणं दलिकमुदीरयति किन्तूदयगतदलिकतोऽसंख्येयभागमात्रं दलिकमुदीरयति, यतोऽसंख्यातगुणितपल्योपमप्रथमवर्गमूलरूपभागहारेण सर्वसत्तागतं दलिकं विभज्य तदेकभागमात्रमुदयसमयगतदलिकं भवति । उदीरणागतं दलिकं तु सत्तागतदलिकमपकृष्टभागहारेण खण्डयित्वा तदेकभागं भूयः पल्योपमाऽसंख्येयभागरूपभागहारेण विभज्य तदेकभागप्रमाणं भवति ।

कृतकृत्याद्धायाः समयाऽधिकाऽऽवलिकायां शेषायामुदयावलिकायामुपरितनस्थितिस्थानकाद् दलिकमपकृष्योदय-समयात्समयाऽधिकाऽऽवलिकात्रिभागे रचयति, समयोनाऽऽवलिकाद्वित्रिभागे न प्रक्षिपति तस्याऽतिस्थापनात्वात् । अपर्वत्यमानदलिकं पल्योपमाऽसंख्येयतमभागेन विभज्य तदेकभागमुदयसमयादसंख्येयगुणकारेण यथायोगमसंख्येयसमय-प्रमाणस्थितिस्थानकेषु प्रक्षिपति तद्बहुभागमतीत्थापनावर्जशेषसमयाऽधिकाऽऽवलिकात्रिभागे विशेषहीनक्रमेण प्रक्षिपति । इयमेव सम्यक्त्वमोहनीयस्योत्कृष्टप्रदेशादीरणा । अवशिष्टाऽऽवलिकां केवलेन विशुद्धोदेयेनाऽनुभवति तथा पूर्ववत्प्रतिसमयमनन्तगुणहीनोऽनुभागोदयः प्रवर्तते ।

तथा चाऽत्र लब्धिसाराऽक्षराणि—

उदयबहिं उक्कट्टिय असंखगुणमुदयावलिम्हि खिवे ।
उवरिं विसेसहीणं कदकिज्जो जाव अइत्थवणं ॥१४९॥
जदि संकिलेस जुत्तो विसुद्धिसहिदो वतोऽपि पडिसमयं ।
दव्वमसंखेज्जगुणं उक्कट्टदि णत्थि गुणसेढी ॥५०॥
जदि वि असंखेज्जाणं समयपबद्धाणुदीरणा तो वि ।
उदयगुणसेढिट्ठिदीए असंखभागो हु पडिसमयं ॥१५१॥

तट्टीका—अत्र कृतकृत्यवेदककालमात्रस्थितिषु प्रविष्टस्य किञ्चिन्न्यूनद्वयर्धगुणहानिगुणितसमयप्रबद्धमात्रस्या-ऽपकर्षणभागहारेण खण्डितस्यैकभागमुदयावलिबाह्यनिषेकेभ्यो गृहीत्वा पुनः पल्याऽसंख्यातभागेन खण्डयित्वा तदेकभागमुदयावल्यामुदयप्रथमसमयादारभ्य तच्चरमसमयपर्यन्तं प्रतिनिषेकमसंख्यातगुणितक्रमेण 'प्रक्षेपयोगे' त्यादिना विधिना निक्षेपेत् । पुनस्तद्बहुभागद्रव्यमुदयावलिन्यूनोपरितनस्थितावन्तर्मुहूर्तप्रमाणायामुपरि समयाऽधिकमति-स्थापनावलिं वर्जयित्वा 'अद्धाणेण सव्वधण' इत्यादि विधिना विशेषहीनक्रमेण निक्षेपेत् । एवं द्वितीयादिसमयेष्वपि। यद्यपि विशुद्धिसंक्लेशपरावृत्तिवशेन कृतकृत्यवेदकस्य शुभाऽशुभलेश्यापरिणामसङ्क्रमो भवति तथाऽपि प्राक्तनकरणत्रय-विशुद्धिसंस्कारवशात् प्रतिसमयमसंख्यातगुणितक्रमेण द्रव्यमपकृष्योदीरणां कुरुते कृतकृत्यवेदकसम्यग्दृष्टिः । गुणश्रेण्यायामं विना केवलमुदयावल्यामेव किञ्चिद् द्रव्यं प्रवेश्याऽवशिष्टस्योपरितनस्थितौ निक्षेपणमुदीरणा, इदमेव मनस्यवधार्याऽऽचार्यैः 'णत्थिगुणसेढी' इत्युदीरणालक्षणमुदीरितम् । एवं प्रतिसमयमसंख्यातगुणितक्रमेण द्रव्यमपकृष्य निक्षेपे समयाधिकावल्युपरितननिषेकादपकृष्टद्रव्यस्य बहुवारमसंख्यातगुणितस्य तदानींतनोदयनिषेकादीनामधिकभावशङ्कायां परिहार उच्यते, यद्यप्यसंख्येयसमयप्रबद्धानामुदीरणाचरमपूर्वपूर्वोदीरणाद्रव्यादसंख्यातगुणितद्रव्यं तथाऽपि चरमकालिकगुणश्रेण्यायामोदयनिषेकद्रव्यादसंख्यातैकभागमात्रमेवोदीरणाद्रव्यमुदयनिषेके दीयमानमपकर्षणभागहारेण

तथा चोदीरणाकरणेनाऽऽगतदलिकमुदयगतदलिकस्यासङ्ख्येयभागमात्रम्, यत उदये गुणश्रेण्या प्राक्प्रभूतं दलिकं रचितम् । एवं रीत्योदीरणा तावद्वक्तव्या, यावत्सम्यक्त्वमोहनीयस्य समयाधिकाऽऽवलिका सत्तायामवतिष्ठते, तत उदीरणा व्यवच्छिद्यते, चरमाऽऽवलिका केवलेन शुद्धेनोदयेनानुभूय सम्यक्त्वमोहनीयं निःसत्ताकं करोति, क्षायिकसम्यक्त्वं च लभते । उक्तं च कषायप्राभृतचूर्णौ – **"उदीरणा पुण संकलिट्ठस्सदु वा विसुज्झदु वा तो वि असंखेज्जसमयपबद्धा असंखेज्जगुणाए सेढीए जाव समहिया आवलिया सेसा त्ति । उदयस्स पुण असंखेज्जदिभागो उक्कसिया वि उदीरणा"** इति ।

(२७४) **ननु** क्षायिकसम्यग्दृष्टिर्जन्तुः कतिषु भवेषु मोक्षमुपयातीति **चेद् ? उच्यते –**

ગુણધન્યા

અસંખ્યસમયપ્રબદ્ધ ઉદીરણા થાય છે. અને ઉદીરણાકરણ વડે આવેલું દલિક ઉદયગત દલિકનો અસંખ્યાતમો ભાગમાત્ર હોય છે, કારણ કે ઉદયમાં ગુણશ્રેણી વડે પહેલા ઘણું દલિક નંખાયેલું છે.

આ રીતે સમ્યક્ત્વમોહનીયની સત્તા સમયાધિક એક આવલિકા શેષ રહે ત્યાં સુધી જ ઉદીરણા થાય છે. ત્યારબાદ ઉદીરણા વિચ્છેદ પામે છે. અને ચરમ આવલિકા શુદ્ધ ઉદયથી અનુભવીને સત્તારહિત કરી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

કષાયપ્રાભૃતચૂર્ણિમાં આ પ્રમાણે જ કહ્યું છે કે 'જીવ સંક્લેશમાં હોય કે વિશુદ્ધિમાં હોય, તો પણ અસંખ્યસમયપ્રબદ્ધ ઉદીરણા થાય છે. (અને) અસંખ્યગુણાકારે થતી ગુણશ્રેણીની સમયાધિક ૧ આવલિકા શેષ રહે ત્યાં સુધી તે થાય છે. ઉત્કૃષ્ટ ઉદીરણા પણ ઉદયના (= ઉદયગત દલિકોના) અસંખ્યાતમા ભાગ જેટલી જ હોય છે.'

(૨૭૪) **પ્રશ્ન :** ક્ષાયિકસમ્યક્ત્વી જીવ કેટલા ભવમાં મોક્ષે જાય ?

खण्डितसर्वद्रव्यस्य पल्यासंख्यातभागेन भक्तस्यैकभागमात्रत्वादुदयनिषेकस्य, सर्वद्रव्यस्याऽसंख्यातपल्यप्रथमवर्गमूलभक्तस्यैकभागमात्रत्वाद् । किं पुनः कृतकृत्यवेदकप्रथमादिसमयेषूदीरणाद्रव्यं तत्र तत्रोदयावलिनिषेकेषु दीयमानं तत्तदुदयावलिनिषेकसत्त्वद्रव्यादसंख्यातगुणहीनमित्युच्यते । कृतकृत्यवेदककालस्य समयाऽधिकावलिकामात्रेऽवशिष्टे सर्वाग्रनिषेकात्पूर्वपूर्वाऽपकृष्टद्रव्यादसंख्यातगुणितद्रव्यमपकृष्य समयोनाऽऽवल्या द्वित्रिभागमपि संस्थाप्य तदधस्तने तत्त्रिभागे समयाऽधिक उदयसमयात्प्रभृति इदानीमपकृष्टद्रव्यस्य पल्यासंख्यातभागभक्तस्यैकभागं तद्योग्याऽसंख्यातसमयपर्यन्तमसंख्यातगुणितक्रमेण दत्त्वाऽवशिष्टबहुभागद्रव्यं तथाऽऽवलित्रिभागसमयेष्वतिस्थापनाऽधस्तनसमयं मुक्त्वा सर्वत्र विशेषहीनक्रमेण निक्षेपेत् । एषैवोत्कृष्टोदीरणा । एवमनुभागस्याऽनुसमयमनन्तगुणताऽपवर्तनेन कर्मप्रदेशानां प्रतिसमयमसंख्यातगुणितोदीरणया च कृतकृत्यवेदकसम्यग्दृष्टिः सम्यक्त्वप्रकृतिस्थितिमन्तर्मुहूर्तायामामुच्छिष्टावलिं मुक्त्वा सर्वप्रकृतिस्थितित्यनुभागप्रदेशविनाशपूर्वकमुदयमुखेन गालयित्वा तदनन्तरसमय उदीरणारहितं केवलमनुभागसमयापवर्तनेनैव प्राक्तनाऽपवर्तनक्रमविलक्षणेनोदयसमयात्प्रभृति प्रतिसमयमनन्तगुणितक्रमेण प्रवर्तमानेन प्रकृतिस्थित्यनुभागप्रदेशविनाशपूर्वकं प्रतिसमयमेकैकनिषेकं गालयित्वा तदनन्तरसमये क्षायिकसम्यग्दृष्टिर्जायते जीवः ।

अबद्धायुष्कः क्षीणसप्तकस्तद्भवोपार्जिततीर्थकृन्नामानं वर्जयित्वा तद्भवे मोक्षमभिगच्छति इत्येको भवः। बद्धसुरायुष्को बद्धनरकायुष्को वा स्वर्गं नरकं वा गत्वा स्वर्गभवान्तरितो नरकभवान्तरितो वा तृतीयभवे मोक्षं याति, इति त्रयो भवाः।

ननु कतितमं नरकं यावत्क्षायिकसम्यग्दृष्टिर्यातीति **चेद् ? उच्यते** – क्षायिकसम्यग्दृष्टिः प्रथमनरकं यावद् गच्छति। उक्तं च **पञ्चसङ्ग्रहमूलटीकायाम् – "यतो = यस्माद् बद्धायुष्को वैमानिकदेवेषु रत्नप्रभानारकेषु वा क्षपितसप्तका गच्छन्ति, ते तु तद्भवानुभवनात्तृतीये भवे सेत्स्यन्ति"** इति। तथैवोक्तं च **जीवसमासे –**

"वेमाणिया य मणुया रयणाए असंखवासतिरिया य।
तिविहा सम्मदिट्ठी वेयगउवसामगा सेसा ॥१॥" इति।

(२७५) **ननु** ग्रन्थान्तरेषु कृष्णस्य तृतीयनरकगमनं श्रूयते तत्कथं सङ्गच्छेत ? इति **न वाच्यम्**, उक्तवचनस्य प्रायिकत्वात् कुतश्चित्कारणान्तराद्वा। यदुक्तं जीवसमासवृत्तौ – **"ननु**

ગુણધન્યા

ઉત્તર : A - ૧ ભવમાં : અબદ્ધાયુ ક્ષાયિકસમ્યક્ત્વી જીવ તે જ ભવે જો જિનનામ ન બાંધ્યું હોય તો તે જ ભવે મોક્ષે જાય.

B - ૩ ભવમાં : દેવગતિ કે નરકગતિનું આયુષ્ય બાંધેલું હોય તે જીવ દેવ કે નરકમાં જઈને ત્રીજે ભવે મોક્ષે જાય. અથવા જિનનામ બાંધેલ ક્ષાયિકસમ્યક્ત્વી ત્રીજે ભવે મોક્ષે જાય.

પ્રશ્ન : ક્ષાયિકસમ્યક્ત્વી જીવ કેટલી નરક સુધી જાય ?

ઉત્તર : ક્ષાયિકસમ્યક્ત્વી જીવ પ્રથમ નરક સુધી જ જાય.

પંચસંગ્રહની મૂળ ટીકામાં કહ્યું છે કે - 'બદ્ધાયુ ક્ષીણસપ્તક જીવ વૈમાનિક દેવલોક અથવા રત્નપ્રભા નરકમાં જાય છે. (અને) તેઓ તે ભવ બાદ ત્રીજા ભવે સિદ્ધ થાય છે.'

તથા **જીવસમાસમાં** પણ કહ્યું છે કે, 'વેદક-ઉપશામક અને ક્ષાયિકસમ્યક્ત્વી એમ ત્રણે પ્રકારનાં સમ્યગ્દૃષ્ટિ જીવો વૈમાનિક દેવ, મનુષ્ય, રત્નપ્રભા નરક અને અસંખ્યવર્ષાયુવાળા તિર્યંચ (એમ ચારે ગતિ)માં જાય છે. અને શેષ સ્થાનોમાં વેદક એટલે ક્ષાયોપશમિક અને ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવ જાય છે.'

(૨૭૫) પ્રશ્ન : અન્યગ્રંથોમાં ક્ષાયિકસમ્યક્ત્વી કૃષ્ણ મહારાજાનું ત્રીજી નરકમાં ગમન સંભળાય છે, તે કેવી રીતે ઘટે ?

वासुदेवादीनां क्षायिकसम्यग्दृष्टीनां तृतीयनरकपृथ्वीं यावदुत्पत्तिरागमे श्रूयते तत्किमिति शर्कराप्रभावालुकाप्रभानारकाणामपि क्षायिकसम्यक्त्वं निषिध्यते ? **सत्यम्**, किन्तु क्षायिकसम्यग्दृष्टयः प्रायो रत्नप्रभामेव यावद् गच्छन्ति, परतस्तु स्वल्पा एव केचिद् गच्छन्तीति स्वल्पत्वात् इह ग्रन्थे न विवक्षिताः, अन्यतो वा कुतश्चित् कारणादिति केवलिनो बहुश्रुता वा विदन्ति" इति ।

यदि क्षायिकसम्यग्दृष्टिः पल्योपमाद्यसङ्ख्यातवर्षायुष्केषु तिर्यक्षु मनुष्येषु वा समुत्पद्यते ते चासङ्ख्येयवर्षायुष्कास्तिर्यञ्चो मनुष्या वा मोक्षं नाधिगच्छन्ति, ततस्तद्भवानन्तरे देवभवेऽसौ उत्पद्यते, यतोऽसङ्ख्येयवर्षायुष्कास्तिर्यञ्चो मनुष्या वा नियमतो देवेष्वेवोत्पद्यन्ते । ततो देवभवाच्च्युत्वा मनुष्यभवे समुत्पद्य मोक्षं यातीति चत्वारो भवाः । (२७६) उक्तं च **पञ्चसङ्ग्रहे**–

तइय चउत्थे तम्मि व भवम्मि सिज्झन्ति दंसणे खीणे ।
जं देवनिरयऽसंखाउ चरमदेहेसु ते हुंति ॥१॥

तट्टीका – "तृतीये चतुर्थे तस्मिन् वा भवे सिद्ध्यन्ति, सप्तके क्षीणे जीवा इति गम्यते, यतो = यस्माद् बद्धायुष्का वैमानिकदेवेषु रत्नप्रभानारकेषु वा क्षपितसप्तका गच्छन्ति, ते तु तद्भवानुभवनात्तृतीयभवे सेत्स्यन्ति, असङ्ख्येयवर्षायुस्तिर्यग्मनुष्येषु ये बद्धायुष्काः सप्तकं

ઉત્તર : ઉક્ત વચન = ક્ષાયિકસમ્યક્ત્વી જીવ પ્રથમ નરકમાં જ જાય, આ વચન પ્રાયિક જાણવું... અથવા તો ઉક્ત વચન = ક્ષાયિકસમ્યક્ત્વી બીજી-ત્રીજી નરકમાં જઈ શકે તે વાત પ્રાયિક-કાદાચિત્ક-અપવાદિક અથવા તો પ્રાયિક = ઘણું કરીને સમજવી. અથવા તેમાં કોઈ અન્ય કારણ જાણવું...

જીવસમાસની ટીકામાં આ પાઠ આ પ્રમાણે છે : **પ્રશ્ન :** વાસુદેવાદિ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ ત્રીજી નરકમાં ઉત્પન્ન થયા છે એવું આગમમાં કહ્યું છે, તો શા માટે બીજી અને ત્રીજી નરકમાં ક્ષાયિકસમ્યક્ત્વનો નિષેધ કરો છો ?

ઉત્તર : ક્ષાયિકસમ્યક્ત્વી જીવ પ્રાયઃ કરીને પ્રથમ નરકમાં જ જાય છે. પરંતુ કોઈક અલ્પ જીવો જ બીજી-ત્રીજી નરકમાં જાય છે, તે અત્યંત અલ્પ હોવાથી તેની વિવક્ષા ગ્રંથમાં કરી નથી. અથવા અન્ય પણ કોઈ કારણ હોય, તે કેવલી અથવા બહુશ્રુત જાણે...'

C - ૪ ભવમાં : જો ક્ષાયિકસમ્યક્ત્વી જીવ પલ્યોપમાદિ અસંખ્યાત વર્ષાયુષ્યવાળા

क्षपयन्ति, तेऽपि द्विभवानुभवनाच्चतुर्थभवे सेत्स्यन्ति, ये त्वबद्धायुष्काः सप्तकं क्षपयन्ति, ते चरमदेहाः स्वस्मिन्नेव भवे सिद्ध्यन्तीति गाथार्थः ।"

तथैव **कषायप्राभृतचूर्णिकारै**र्गाथायामुक्तम् –

"खवणाए पट्ठवगो जम्हि भवे णियमसा तदो अण्णे ।
णाधिच्छदि तिण्णि भवे दंसणमोहम्मि खीणम्मि ॥"

अक्षरगमनिका **त्वेवम् – यस्मिन्भवे दर्शनत्रिकस्य प्रस्थापको भवति, तदितरांस्त्रीन्भवान् नातिक्रामति, प्रारम्भकस्य मनुष्यस्योत्कृष्टतश्चत्वारो भवा एव भवन्तीति वाच्यम्** । तथैवोक्तं चान्यत्र – **"तम्मि य तइयचउत्थे भवम्मि सिज्झंति खइअसम्मत्ते सुरनरयजुगलिगइ इमं तु जिणकालियनराणं" इति ।**

नन्विह क्षायिकसम्यग्दृष्टीनां कृष्णादीनां पञ्चमभवेऽपि मोक्षगमनं शास्त्रे श्रूयत इति पञ्च भवा अपि क्षायिकसम्यग्दृष्टीनां भवन्तीति कृत्वा यावच्चतुर्षु भवेषु मुक्तिः प्रायिकी सम्भाव्यते।

તિર્યંચ કે મનુષ્યમાં જાય, તો તેઓ મોક્ષમાં જતા નથી અને તેની પછીના અનંતર ભવમાં નિયમા દેવલોકમાં જ જાય છે. ત્યાંથી ચ્યવીને મનુષ્યમાં આવીને મોક્ષે જાય છે. આ પ્રમાણે ૪ ભવ થાય છે.

(૨૭૬) **પંચસંગ્રહમાં** કહ્યું છે કે 'દર્શનસપ્તક ક્ષીણ થતાં દેવ કે નરકમાં જાય, અસંખ્યવર્ષાયુવાળા તિર્યંચ-મનુષ્યમાં જાય અથવા ચરમશરીરી હોય તો અનુક્રમે ત્રીજા, ચોથા કે તે જ ભવમાં મોક્ષે જાય છે.'

તેની ટીકાનો અર્થ : (૧) બદ્ધાયુ ક્ષીણસપ્તક જીવ જો વૈમાનિક દેવ અથવા રત્નપ્રભા નરકમાં જાય, તો તે ભવ પૂરો કરી ત્રીજા ભવે મોક્ષે જાય, (૨) જો અસંખ્યવર્ષાયુવાળા તિર્યંચ-મનુષ્યનું આયુ બાંધીને દર્શનસપ્તક ખપાવે, તો તે વચ્ચેના ૨ ભવ પૂરા કરી ચોથે ભવે મોક્ષે જાય, અને (૩) અબદ્ધાયુ જીવ દર્શનસપ્તક ખપાવે, તો તે ચરમશરીરી તે જ ભવમાં મોક્ષે જાય.

કષાયપ્રાભૃતચૂર્ણિમાં કહ્યું છે - 'જે ભવમાં દર્શનત્રિકની ક્ષપણાનો પ્રારંભ કરે, તે સિવાયનાં ૩ ભવથી વધારે ભવ કરતો નથી, અર્થાત્ પ્રારંભક મનુષ્યને ઉત્કૃષ્ટથી ૪ ભવ જ હોય છે."

અન્યત્ર પણ કહ્યું છે : 'ક્ષાયિક સમ્યક્ત્વી જીવ સુર, નરક અથવા યુગલિક તિર્યંચ-મનુષ્યમાં જઈને (અનુક્રમે) ૩, (૪) અને તે જ ભવે મોક્ષે જાય છે અને આની (ક્ષાયિક

उक्तं चोपाध्यायप्रवरैः **श्रीयशोविजयैः – "इदं च प्रायोवृत्त्योक्तमिति सम्भाव्यते, यतः क्षीणसप्तकस्य कृष्णस्य पञ्चमभवेऽपि मोक्षगमनं श्रूयते, उक्तं च –**

"नरयाउ नरभवम्मि देवो होऊण पंचमे कप्पे ।
ततो चुओ समाणो बारसमो अममतित्थयरो ॥१॥" इति ।

इत्थमेव दुःप्रसहादीनामपि क्षायिकसम्यक्त्वमागमोक्तं युज्यत इति यथागमं विभावनीयम् ।"

(२७७) अत्र **कषायप्राभृतचूर्णिकारमतानुसारेणाऽपूर्वकरणस्य प्रथमसमयादारभ्य कृतकृत्यवेदकाद्धाप्रथमसमयपर्यन्तं विद्यमानानामनुभागखण्डोत्कीर्णाद्धादीनां कालतोऽल्पबहुत्वमभिधीयते।** तथा च तद्ग्रन्थः – "दंसणमोहणीयक्खवगस्स पढमसमए अपुव्वकरणमादिं कादूण जाव पढमसमयकदकरणिज्जो त्ति एदम्हि अंतरे अनुभागखंडयट्ठिदिखंडयउक्कीरणद्धाणं जहण्णुक्कस्सियाणं ट्ठिदिखंडयट्ठिदिबंधट्ठिदिसंतकम्माणं जहण्णुक्कस्सयाणं आबाहाणं च जहण्णुक्कस्सियाणमण्णेसिं च पदाणमप्पबहुअं वत्तइस्सामो, तं जहा – (१) सव्वत्थोवा जहण्णिया अणुभागखंडयउक्कीरणद्धा ।

સમ્યક્ત્વની) પ્રાપ્તિ જિનકાલિક મનુષ્યને જ થાય છે..."

क्षायिकसम्यक्त्वीने ५ भव पण संभवे

ક્ષાયિક સમ્યક્ત્વી કૃષ્ણમહારાજા વગેરેને શાસ્ત્રોમાં પાંચમા ભવે પણ મોક્ષગમન સંભળાય છે. તેથી ક્ષાયિકસમ્યક્ત્વી જીવને પાંચમા ભવે પણ મુક્તિ ઘટે છે. આથી '૪ ભવમાં મોક્ષ થાય છે' આ શાસ્ત્રવચનને પ્રાયિક જાણવું...

પૂ. ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે "ક્ષીણસપ્તક કૃષ્ણમહારાજાનો પાંચમા ભવે મોક્ષ સંભળાય છે. તેથી આ વાત પ્રાયિક જાણવી... કહ્યું છે કે - કૃષ્ણ મહારાજા નરકથી નીકળીને મનુષ્યમાં આવી, દેવ થઇ દેવલોકથી ચ્યવીને પાંચમા ભવે ૧૨મા અમમ નામના તીર્થંકર થવાના છે. આ પ્રમાણે જ દુપ્પસહસૂરિ મ.સા. વિગેરેને પણ આગમમાં કહ્યા પ્રમાણે ક્ષાયિક સમ્યક્ત્વ ઘટે છે. આ પ્રમાણે આગમ મુજબ વિચારણા કરવી."

कृतकृत्यवेदकाद्धा सुधीना रसघाताद्धादिनुं अल्पबहुत्व

(૨૭૭) **કષાયપ્રાભૃતચૂર્ણિના** અનુસારે અપૂર્વકરણના પ્રથમસમયથી કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમસમય સુધી થતા રસઘાતાદિ કેટલાંક પદાર્થને લગતાં કાળનું અલ્પબહુત્વ કહેવાય છે :-

કષાયપ્રાભૃતચૂર્ણિનો પાઠ : 'દર્શનમોહનીયના ક્ષપક જીવને અપૂર્વકરણના પ્રથમસમયથી

(२) उक्कस्सिया अणुभागखंडयउक्कीरणद्धा विसेसाहिआ । (३) ट्ठिदिखंडयउक्कीरणद्धा ट्ठिदिबन्धगद्धा च जहण्णियाओ दोवि तुल्लाओ संखेज्जगुणाओ । (४) ताओ उक्कस्सियाओ दो वि तुल्लाओ विसेसाहियाओ । (५) कदकरणिज्जस्स अद्धा संखेज्जगुणा । (६) सम्मत्तक्खवणद्धा संखेज्जगुणा । (७) अणियट्टिअद्धा संखेज्जगुणा (८) अपुव्वकरणद्धा संखेज्जगुणा । (९) गुणसेढिणिक्खेवो विसेसाहिओ । (१०) सम्मत्तस्स दुचरिमट्ठिदिखंडयं संखेज्जगुणं । (११) तस्सेव चरिमट्ठिदिखंडयं संखेज्जगुणं । (१२) पट्ठवगस्स अट्ठवरिसगे संतकम्मे सेसे जं पढमं ट्ठिदिखंडयं तं संखेज्जगुणं । (१३) जहण्णिया आबाहा संखेज्जगुणा । (१४) उक्कस्सिया आबाहा संखेज्जगुणा । (१५) पढमसमयअणुभागं अणुसमयोवट्टमाणगस्स अट्ठवस्साणि ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं । (१६) सम्मत्तस्स असंखेज्जवरिसयं चरमट्ठिदिखंडयं असंखेज्जगुणं । (१७) सम्मामिच्छत्तस्स चरिमसंखेज्जवरिसयं ट्ठिदिखंडयं विसेसाहिअं । (१८) मिच्छत्ते खविदे सम्मत्तसम्मामिच्छत्ताणं पढमट्ठिदिखंडयमसंखेज्जगुणं । (१९) मिच्छत्तसंतकम्मियस्स सम्मत्तसम्मामिच्छत्ताणं चरिमट्ठिदिखंडयमसंखेज्जगुणं । (२०) मिच्छत्तस्स चरिमट्ठिदिखंडयं विसेसाहियं (२१) असंखेज्जगुणहाणिट्ठिदिखंडयाणं पढमट्ठिदिखंडयं मिच्छत्तसम्मत्त-सम्मामिच्छत्ताणमसंखेज्जगुणं । (२२) सङ्खेज्जगुणहाणिट्ठिदिखंडयाणं चरिमट्ठिदिखंडयं जं तं संखेज्जगुणं । (२३) पलिदोवमट्ठिदिसंतकम्मादो बिदियं ट्ठिदिखंडयं संखेज्जगुणं । (२४) जम्हि ट्ठिदिखंडए अवगदे दंसणमोहणीयस्स पलिदोवममेत्तं ट्ठिदिसंतकम्मं होइ तं ट्ठिदिखंडयं संखेज्जगुणं । (२५) अपुव्वकरणे पढमट्ठिदिखंडयं संखेज्जगुणं । (२६) पलिदोवममेत्तट्ठिदि-संतकम्मे जादे तदो पढमं ट्ठिदिखंडयं संखेज्जगुणं । (२७) पलिदोवमट्ठिदिसंतकम्मं विसेसाहियं । (२८) अपुव्वकरणे पढमस्स उक्कस्सगट्ठिदिखंडयस्स विसेसो संखेज्जगुणो । (२९) दंसणमोहणीयस्स अणियट्टिपढमसमयं पविट्ठस्स ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं । (३०) दंसणमोहणीयवज्जाणं कम्माणं जहण्णओ ट्ठिदिबंधो संखेज्जगुणो । (३१) तेसिं चेव उक्कसओ ट्ठिदिबंधो संखेज्जगुणो । (३२) दंसणमोहणीयवज्जाणं जहण्णयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं । (३३) तेसिं चेव उक्कस्सयं ट्ठिदिसंतकम्मं संखेज्जगुणं" इति ।

ગુણધન્યા

માંડી કૃતકરણના પ્રથમસમય સુધીના જઘન્ય-ઉત્કૃષ્ટ રસઘાત-સ્થિતિઘાત ઉત્કીરણાદ્ધા, જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિખંડ, સ્થિતિબંધ, સ્થિતિસત્તા, જઘન્ય-ઉત્કૃષ્ટ અબાધા અને અન્ય પણ પદોનું અલ્પબહુત્વ કહીશું...'

અહીં તે અલ્પબહુત્વગત પદોનો ભાવાર્થ બતાવાય છે -

भावार्थः पुनरयम्-(१) ★**सर्वस्तोका जघन्यतोऽनुभागखण्डोत्कीर्णाद्धा,** वर्षाऽष्टक-सत्कर्मभवनादनन्तरपूर्वो योऽनुभागघातस्तस्य कालोऽत्र दर्शनमोहनीयस्य जघन्याऽनुभागखण्डो-त्कीर्णकालत्वेन ग्राह्यः, ज्ञानावरणादीनां पुनः कृतकृत्यकरणाद्धाप्रथमसमयात्पूर्वं समाप्यमानानुभागघातकालो ग्राह्यः, स स्तोको भवति, विशुद्धेः प्रभूतत्वात् ।

(२) तत उत्कृष्टानुभागखण्डोत्कीर्णाद्धा विशेषाधिका, कुत इति चेद् ? उच्यते – उत्कृष्टानुभागखण्डोत्कीर्णकालेऽपूर्वकरणस्य प्रथमसमय आरभ्यमाणानुभागखण्डस्योत्कीर्णकालो भवति । स च पूर्वतो विशेषाधिको भवति, विशुद्धेरल्पत्वात् ।

(३) ततो जघन्यतः स्थितिखण्डोत्कीर्णकालः स्थितिबन्धकालश्च सङ्ख्येयगुणौ परस्परं च तुल्यौ । अनिवृत्तिकरणे सम्यक्त्वमोहनीयस्य यच्चरमखण्डमुत्किरति तत्खण्डोत्कीर्ण-

ગુણધન્યા

(૧) **જઘન્ય અનુભાગખંડોત્કીરણાદ્ધા - અલ્પ :-** અહીં દર્શનમોહનીયનો, સમ્યક્ત્વમોહનીયની ૮ વર્ષની સત્તા થયા પૂર્વેનો જે રસઘાત થાય તેનો કાળ લેવો. અને શેષ જ્ઞાનાવરણાદિ કર્મોનો, કૃતકૃત્યકરણાદ્ધાના પ્રથમસમયની પૂર્વે સમાપ્ત થતાં રસઘાતનો કાળ લેવો. અહીં વિશુદ્ધિ ઘણી હોવાથી શીઘ્ર રસઘાત થાય છે. તેથી તેનો કાળ અલ્પ છે.

(૨) **ઉત્કૃષ્ટ અનુભાગખંડોત્કીરણાદ્ધા - વિશેષાધિક :-** અપૂર્વકરણના પ્રથમસમયે જેનો પ્રારંભ થાય છે તે રસઘાતનો કાળ અહીં લેવાનો છે. પૂર્વપૂર્વથી ઉત્તરોત્તર રસઘાતાદ્ધા ઓછી થતી હોવાથી અને પૂર્વ-પૂર્વમાં વિશુદ્ધિ અલ્પ હોવાથી ચરમ રસઘાતાદ્ધા કરતાં પ્રથમ રસઘાતાદ્ધા વિશેષાધિક હોય છે.

(૩) **જઘન્ય સ્થિતિખંડોત્કીરણાદ્ધા-જઘન્ય સ્થિતિબંધાદ્ધા - સંખ્યાતગુણ, પરસ્પરતુલ્ય :-** અનિવૃત્તિકરણમાં સમ્યક્ત્વમોહનીયનો જે ચરમખંડ ઉકેરે છે તેનો કાળ અને તે કાળે થતાં સ્થિતિબંધનો કાળ સમકાલીન હોવાથી પરસ્પરતુલ્ય છે. અને એક સ્થિતિઘાતમાં હજારો રસઘાત થતા હોવાથી પૂર્વ કરતાં સંખ્યાતગુણ છે.

★. उक्तं च लब्धिसारे-"दर्शनमोहस्य जघन्यानुभागखण्डोत्कीरणकालः सम्यक्त्वप्रकृत्यष्टवर्षस्थितिसमयात्प्राक्तना-ऽनन्तराऽवस्थायां संभवन्वक्ष्यमाणद्वात्रिंशत्पदेभ्यः स्तोकोऽल्प" इत्यर्थः । ज्ञानावरणाद्यायुर्वर्जितशेषकर्मणां जघन्याऽनुभागखण्डोत्कीरणकालोऽनिवृत्तिकरणचरमभागे संभवन् सर्वतः स्तोक इति सामान्येन जघन्याऽनुभाग-खण्डोत्कीरणकालः संख्याताऽऽवलिकाप्रमाण उक्तः, स च चिन्त्यो रसघातस्याऽऽवलिकासत्क-संख्याततमभागमात्रत्वसिद्धेः तत्सिद्धिश्च रसघाते प्राग्दर्शिता प्रथमौपशमिकसम्यक्त्वाऽधिकारे । तत्त्वं केवलिनो विदन्ति ।

कालस्तात्कालिकश्च स्थितिबन्धकालः पूर्वतः सङ्ख्येयगुणौ परस्परं च तुल्यौ भवतः, यतः समकालीनयोस्तयोस्तुल्यत्वं तथा चैकस्मिन्स्थितिघाते सहस्राणि रसघाता भवन्ति ।

(४) तत उत्कृष्टे द्वे अद्धे परस्परं तुल्ये पूर्वतश्च विशेषाधिके । अपूर्वकरणप्रथमसमय आरभ्यमाणस्थितिघातकालस्तात्कालिकश्च स्थितिबन्धकालः परस्परं तुल्यौ पूर्वतश्च विशेषाधिकौ, विशुद्धेरल्पत्वात् ।

(५) ततः कृतकृत्यस्याद्धा सङ्ख्यातगुणा, कृतकरणाद्धायां सङ्ख्येयस्थितिबन्धगमनोपलम्भात्सङ्ख्यातगुणेन बृहत्तरान्तर्मुहूर्तप्रमाणत्वात् ।

(६) ततः सम्यक्त्वमोहनीयस्य क्षपणाद्धा सङ्ख्यातगुणा, अष्टवर्षप्रमाणे सम्यक्त्वमोहनीयस्थितिसत्कर्मणि जाते तद्वेदनाय यः कालो व्यतिक्रान्तो भवति, स पूर्वतः सङ्ख्यातगुणः ।

(७) ततोऽनिवृत्तिकरणाद्धा सङ्ख्यातगुणा, अनिवृत्तिकरणस्य सङ्ख्येयतमे भागे शेषे सम्यक्त्वमोहनीयक्षपणाकालः प्रारभ्यते, अतोऽनिवृत्तिकरणकालः पूर्वतः सङ्ख्यातगुणः।

(८) ततोऽपूर्वकरणाद्धा सङ्ख्यातगुणा, सर्वत्रानिवृत्तिकरणतोऽपूर्वकरणस्य

ગુણધન્યા

(૪) **ઉત્કૃષ્ટ સ્થિતિખંડોત્કીરણાદ્ધા-ઉત્કૃષ્ટ સ્થિતિબંધાદ્ધા - વિશેષાધિક, પરસ્પરતુલ્ય :-** અપૂર્વકરણના પ્રથમસમયે જે સ્થિતિઘાત અને સ્થિતિબંધનો પ્રારંભ થાય છે તેનો કાળ સમજવો. અહીં પૂર્વ કરતાં વિશુદ્ધિ અલ્પ હોવાથી સ્થિતિઘાતનો કાળ વધારે થાય છે. માટે પૂર્વ કરતાં વિશેષાધિક છે.

(૫) **કૃતકૃત્યવેદકાદ્ધા - સંખ્યાતગુણ :-** કેમકે કૃતકરણદ્ધામાં સંખ્યાતા સ્થિતિબંધો થતા હોવાથી સ્થિતિઘાતાદ્ધાનાં અંતર્મુહૂર્તથી આનું અંતર્મુહૂર્ત સંખ્યાતગુણ મોટું છે.

(૬) **સમ્યક્ત્વમોહનીયની ક્ષપણાનો કાળ - સંખ્યાતગુણ :-** સમ્યક્ત્વમોહનીયની આઠ વર્ષ પ્રમાણ સ્થિતિ થયા પછી તેટલી સ્થિતિને ભોગવીને ક્ષય કરતાં જે કાળ લાગે તે અહીં જાણવો. તે પૂર્વથી સંખ્યાતગુણ વધારે છે.

(૭) **અનિવૃત્તિકરણાદ્ધા - સંખ્યાતગુણ :-** અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે સમ્યક્ત્વમોહનીયની ક્ષપણાનો પ્રારંભ થાય છે. તેથી તેનાં કરતાં અનિવૃત્તિકરણનો કાળ સંખ્યાતગુણ સુતરાં ઘટે છે.

(૮) **અપૂર્વકરણનો કાળ - સંખ્યાતગુણ :-** સર્વત્ર અનિવૃત્તિકરણના અંતર્મુહૂર્તથી

सङ्ख्येयगुणत्वात् ।

(९) ततो गुणश्रेणिनिक्षेपो विशेषाधिकः, कुत इति चेद् ? उच्यते – गुणश्रेणि-निक्षेपस्यापूर्वकरणानिवृत्तिकरणाद्धाद्वयात्किञ्चिदधिकत्वेन पूर्वतो विशेषाधिकत्वम् ।

(१०) ततः सम्यक्त्वमोहनीयस्य द्विचरमखण्डं सङ्ख्यातगुणम्, तस्य पूर्वतः सङ्ख्यातगुणेन बृहत्तरान्तर्मुहूर्तप्रमाणत्वात् ।

(११) ततस्तस्यैव चरमखण्डं सङ्ख्यातगुणम्, द्विचरमखण्डतश्चरमखण्डस्य सङ्ख्येयगुणत्वस्य प्रागुक्तत्वात् ।

(१२) ततोऽष्टवर्षप्रमाणस्थितिसत्कर्मणि शेषे यदन्तर्मुहूर्तप्रमाणं स्थितिखण्डं तत्सङ्ख्यातगुणम्, प्रथमखण्डस्यान्तर्मुहूर्तप्रमाणत्वेऽपि पूर्वतः सङ्ख्येयगुणेन बृहत्तरान्तर्मुहूर्त-प्रमाणत्वात् ।

(१३) ततो जघन्याबाधा सङ्ख्यातगुणा, ज्ञानावरणादिकर्मणो जघन्यस्थिति-

અપૂર્વકરણનું અંતર્મુહૂર્ત સંખ્યાતગુણ મોટું હોય છે.

(૯) **ગુણશ્રેણિનિક્ષેપ - વિશેષાધિક :-** કેમકે અપૂર્વકરણ-અનિવૃત્તિકરણરૂપ બન્ને કરણથી કિંચિદ્ અધિક કાળમાં ગુણશ્રેણીનો નિક્ષેપ થાય છે.

(૧૦) **સમ્યક્ત્વમોહનીયનો દ્વિચરમસ્થિતિખંડ - સંખ્યાતગુણ :-** કેમકે આ ગુણશ્રેણીનાં નિક્ષેપથી સંખ્યાતગુણ મોટા અંતર્મુહૂર્તપ્રમાણ છે.

(૧૧) **સમ્યક્ત્વમોહનીયનો ચરમ સ્થિતિખંડ - સંખ્યાતગુણ :-** પૂર્વે ચરમ સ્થિતિખંડનું પ્રમાણ બતાવતાં આ વાત જણાવી છે કે દ્વિચરમ સ્થિતિખંડથી ચરમ સ્થિતિખંડ સંખ્યાતગુણ છે.

(૧૨) **સમ્યક્ત્વમોહનીયની આઠ વર્ષપ્રમાણ સ્થિતિ રહે ત્યારે થતો અંતર્મુહૂર્તપ્રમાણ પ્રથમ સ્થિતિખંડ - સંખ્યાતગુણ :-** આ ખંડ અંતર્મુહૂર્તપ્રમાણ જ હોવા છતાં પણ પૂર્વ કરતાં બૃહત્તર અંતર્મુહૂર્ત પ્રમાણ હોવાથી સંખ્યાતગુણ છે. (ઉત્તરોત્તર ખંડો વિશેષહીન હોવાથી પ્રથમખંડ કરતાં દ્વિચરમ ખંડ સંખ્યાત ગુણહીન હોય છે. અને ચરમખંડ દ્વિચરમખંડ કરતાં સંખ્યાતગુણ હોવા છતાં પ્રથમખંડથી તો સંખ્યાતગુણહીન જ હોય છે.)

(૧૩) **જઘન્ય અબાધા - સંખ્યાતગુણ :-** કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમસમયે બંધાતા જ્ઞાનાવરણાદિ કર્મોની અબાધા અહીં સમજવી. અહીં અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ

बन्धस्यान्तःकोटाकोटीप्रमाणत्वेन जघन्याबाधाया अन्तर्मुहूर्तप्रमाणत्वेऽपि पूर्वतः सङ्ख्यातगुणेन बृहत्तरान्तर्मुहूर्तप्रमाणत्वात् ।

(१४) तत उत्कृष्टाबाधा सङ्ख्यातगुणा, अपूर्वकरणप्रथमसमये ज्ञानावरणादिकर्मस्थितिबन्धस्य जघन्यस्थितिबन्धतः सङ्ख्यातगुणत्वेन जघन्याबाधात उत्कृष्टाबाधायाः सङ्ख्यातगुणत्वं न विरुध्येत । एतावत्पर्यन्तमुपर्युक्ताः कालाः सर्वेऽन्तर्मुहूर्तप्रमाणाः ।

(१५) ततोऽनुसमयमनुभागमपवर्तयतोर्जन्तोः प्रथमसमयेऽष्टवार्षिकं सम्यक्त्वमोहनीयस्थितिसत्कर्म सङ्ख्यातगुणम् । पूर्वपदस्याऽन्तर्मुहूर्तत्वेनास्याष्टवर्षप्रमाणत्वात्सङ्ख्यातगुणत्वं न्याय्यम् ।

(१६) ततः सम्यक्त्वमोहनीयस्यासङ्ख्येयवर्षप्रमाणं चरमस्थितिखण्डमसङ्ख्येयगुणम् । पल्योपमासङ्ख्येयभागप्रमाणचरमखण्डस्यासङ्ख्यातवर्षप्रमाणत्वादसङ्ख्येयगुणत्वं सिद्ध्यति ।

(१७) ततः सम्यक्त्वमिथ्यात्वस्य चरममसङ्ख्येयवर्षप्रमाणं स्थितिखण्डं विशेषाधिकम्, कथम् ? इति चेत्, उच्यते — पल्योपमासङ्ख्येयभागप्रमाणद्विचरमखण्डं

સ્થિતિબંધ હોવાથી અબાધા અંતર્મુહૂર્ત પ્રમાણ છે. આનું અંતર્મુહૂર્ત મોટું હોવાથી, પૂર્વ કરતાં સંખ્યાતગુણ છે.

(૧૪) **ઉત્કૃષ્ટ અબાધા - સંખ્યાતગુણ** :- અપૂર્વકરણના પ્રથમસમયે જ્ઞાનાવરણાદિ કર્મોની જે સ્થિતિ બંધાય છે, તેની અબાધા અહીં સમજવી. અહીં પણ સ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ હોવા છતાં અને અબાધા પણ અંતર્મુહૂર્તની જ હોવા છતાં પૂર્વ કરતાં સંખ્યાતગુણ છે. કેમકે જઘન્ય સ્થિતિબંધથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણ છે. અને એટલે અબાધા પણ સંખ્યાતગુણ હોવામાં કોઈ વિરોધ ન રહે.

અહીં સુધીનાં સર્વસ્થાનો અંતર્મુહૂર્તપ્રમાણ હતા.

(૧૫) **પ્રતિસમયે રસના અપવર્તક જીવની પ્રથમસમયે સમ્યક્ત્વમોહનીયની ૮ વર્ષપ્રમાણ સ્થિતિસત્તા - સંખ્યાતગુણ** :- કેમકે ઉક્ત અંતર્મુહૂર્ત કરતાં આઠ વરસ સંખ્યાતગુણ છે.

(૧૬) **સમ્યક્ત્વમોહનીયનો અસંખ્યાતવર્ષ પ્રમાણ ચરમ સ્થિતિખંડ - અસંખ્યગુણ** :- પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આ ચરમ સ્થિતિખંડ છે. આઠ વર્ષથી અસંખ્યાતા વર્ષ અસંખ્યગુણ હોવાથી પૂર્વના સ્થાનથી આ અસંખ્યગુણ છે.

(૧૭) **મિશ્રમોહનીયનો ચરમ સ્થિતિખંડ - વિશેષાધિક** :- પલ્યોપમના અસંખ્યાતમા

यावत्, सम्यक्त्वमोहनीयस्य मिश्रमोहनीयस्य चोभययोः स्थितिसत्त्वं स्थितिखण्डं च समाने भवतः, पल्योपमासङ्ख्येयभागप्रमाणे चरमखण्डे घात्यमाने मिश्रस्याऽऽवलिका सत्कर्मणि मुच्यते, सम्यक्त्वमोहनीयस्य त्वष्टवर्षप्रमाणा स्थितिः परित्यज्यते, इति कृत्वा सम्यक्त्वमोहनीयस्य चरमखण्डतो मिश्रस्य चरमखण्डमावलिकान्यूनवर्षाष्टकेनाधिकं भवति ।

(१८) ततो मिथ्यात्वे क्षपिते सम्यक्त्वसम्यक्त्वमिथ्यात्वयोः प्रथमस्थितिखण्डमसङ्ख्येयगुणम् । कुतः ? इति चेद्, उच्यते – मिथ्यात्वक्षपणानन्तरमनेकसहस्रेषु स्थितिघातेषु व्यतिक्रान्तेषु मिश्रस्य चरमखण्डं प्राप्यते, मिथ्यात्वक्षपणानन्तरं च प्रतिस्थितिघाते सत्तागतस्थितिसत्त्वस्यासङ्ख्येयबहुभागा घात्यन्ते, एकभागश्च सत्तायामवतिष्ठत इति कृत्वा मिश्रस्य द्विचरमखण्डतोऽपि चरमखण्डस्यासङ्ख्यातभागमात्रत्वेन चरमखण्डतो द्विचरमखण्डस्यासङ्ख्यातगुणत्वं सिध्यति, तर्हि मिथ्यात्वे क्षपिते सम्यक्त्वसम्यक्त्वमिथ्यात्वयोः प्रथमखण्डस्य सुतरामसङ्ख्येयगुणत्वं सिध्यति।

(१९) ततो मिथ्यात्वसत्कर्मणि सति सम्यक्त्वसम्यक्त्वमिथ्यात्वयोश्चरमस्थिति-

ભાગ પ્રમાણ દ્વિચરમખંડ સુધી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની સ્થિતિસત્તા સમાન ચાલી આવે છે. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચરમ સ્થિતિખંડ વખતે મિશ્રમોહનીયની એક આવલિકા પ્રમાણ સ્થિતિ રાખી શેષ સર્વ સ્થિતિનો અને સમ્યક્ત્વમોહનીયની ૮ વર્ષ પ્રમાણ સ્થિતિ રાખી શેષ સર્વ સ્થિતિનો ઘાત કર્યો. તેથી મિશ્રમોહનીયનો ઘાત્યમાન ચરમ સ્થિતિખંડ તત્કાલીન સમ્યક્ત્વમોહનીયના સ્થિતિખંડથી આવલિકાન્યૂન ૮ વર્ષ પ્રમાણ અધિક થાય.

(૧૮) મિથ્યાત્વમોહનીયના ક્ષય થયા પછીનો અનંતર સમ્યક્ત્વમોહનીયનો અને મિશ્રમોહનીયનો પ્રથમ સ્થિતિખંડ - અસંખ્યગુણ :- મિથ્યાત્વમોહનીયની ક્ષપણા પછી હજારો સ્થિતિખંડનો ઘાત થયા પછી મિશ્રમોહનીયનો ચરમખંડ આવે છે. અને મિથ્યાત્વમોહનીયની ક્ષપણા પછી પ્રત્યેક સ્થિતિઘાતમાં સત્તાગત સ્થિતિના અસંખ્યાત બહુભાગોનો ઘાત થાય છે. અને એક ભાગ જ સત્તામાં રહે છે. તેથી મિશ્રમોહનીયના દ્વિચરમખંડ કરતાં ચરમખંડ અસંખ્યાતભાગમાત્ર જ હોવાથી ચરમખંડથી દ્વિચરમખંડ પણ અસંખ્યગુણ હોય છે. તો મિથ્યાત્વમોહનીયની ક્ષપણા બાદ થતો પ્રથમખંડ તો સુતરાં અસંખ્યગુણ સિદ્ધ થાય છે.

(૧૯) મિથ્યાત્વમોહનીયની સત્તા હોય ત્યારનો મિશ્રમોહનીય-સમ્યક્ત્વમોહનીયનો ચરમ

खण्डमसङ्ख्येयगुणम् । कथमिति चेद्, उच्यते – मिथ्यात्वस्य चरमखण्डे घात्यमाने तात्कालिकसम्यक्त्वमिश्रखण्डमसङ्ख्यातगुणं भवति, मिथ्यात्वे क्षपिते प्रथमखण्डतोऽस्य खण्डस्य पूर्ववर्तित्वात्, क्षीणमिथ्यात्वस्य च जीवस्य मिश्रस्य स्थितिखण्डस्य स्थितिसत्त्व-सत्कासङ्ख्येयबहुभागमात्रत्वात् ।

(२०) ततो मिथ्यात्वस्य चरमस्थितिखण्डं विशेषाधिकम् । कथमिति चेद्, उच्यते – मिथ्यात्वस्य द्विचरमस्थितिखण्डं यावद्दर्शनत्रिकस्य स्थितिसत्त्वं समानं भवति। तस्मात्स्थितिसत्कर्मतो मिथ्यात्वस्याऽऽवलिकां मुक्त्वा शेषस्थितिसत्त्वं घात्यते, सम्यक्त्वमिश्रयोस्तु पल्योपमासङ्ख्येयभागप्रमाणं परित्यज्य शेषस्थितिसत्त्वं घात्यते, अतो मिथ्यात्वस्य चरमखण्डं तात्कालिकसम्यक्त्वमिश्रखण्डत आवलिकान्यूनपल्योपमासङ्ख्येयभागेनाधिकम् ।

(२१) ततोऽसङ्ख्यातगुणहानिस्थितिखण्डेषु मिथ्यात्वसम्यग्मिथ्यात्वसम्यक्त्वानां प्रथमस्थितिखण्डमसङ्ख्यातगुणम् । कुतः ? इति चेद्, उच्यते – दूरापकृष्टिमात्रस्थिति-सत्कर्मणि जाते सत्तागतस्थितेरसङ्ख्येयबहुभागप्रमाणं खण्डं भवति । तत्र मिथ्यात्वचरमखण्ड-माश्रित्यानेकसहस्रस्थितिघातैः पूर्ववर्तित्वात्प्रथमखण्डस्य पूर्वपदतोऽस्य स्थितिखण्डस्या-

गुणधन्या

स्थितिखंड - असंख्यगुण :- મિથ્યાત્વમોહનીયના ક્ષય થયા પછીનાં સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયના પ્રથમખંડથી પૂર્વેનો આ ખંડ છે. મિથ્યાત્વમોહનીયના ક્ષય પછી સ્થિતિસત્તા અસંખ્યાતમા ભાગ જેટલી જ રહે છે. તેથી તેની પૂર્વનો સ્થિતિખંડ અસંખ્યગુણ થાય છે.

(૨૦) **મિથ્યાત્વમોહનીયનો ચરમખંડ : વિશેષાધિક** :- કેમકે મિથ્યાત્વમોહનીયના દ્વિચરમ ખંડ સુધી દર્શનત્રિકની સત્તા સમાન હોય છે. પછી મિથ્યાત્વમોહનીયની ૧ આવલિકા જેટલી સ્થિતિ અને સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીયની પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ સ્થિતિ શેષ રાખીને શેષ સર્વ સ્થિતિનો ઘાત કરે છે. આથી મિથ્યાત્વમોહનીયનો ચરમખંડ તત્કાલીન મિશ્રમોહનીય-સમ્યક્ત્વમોહનીયના ખંડથી આવલિકાન્યૂન પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો અધિક છે. તેથી વિશેષાધિક છે.

(૨૧) **અસંખ્યાતગુણહાનિનો પ્રારંભ થાય ત્યારે મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીય-સમ્યક્ત્વમોહનીયનો પ્રથમ સ્થિતિખંડ : અસંખ્યગુણ** :- કેમકે દૂરાપકૃષ્ટિ જેટલી સ્થિતિ રહે છે ત્યારથી સત્તાગત સ્થિતિના અસંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિખંડો થાય છે. મિથ્યાત્વમોહનીયના ચરમખંડથી અસંખ્યાતા બહુભાગ પ્રમાણના હજારો સ્થિતિખંડ પૂર્વેનો આ સ્થિતિખંડ હોવાથી અસંખ્યગુણ છે.

सङ्ख्यातगुणत्वं सिध्यति ।

(२२) ततः सङ्ख्यातगुणहानिस्थितिखण्डानां चरमखण्डं सङ्ख्यातगुणम्, पल्योपमप्रमाणे स्थितिसत्कर्मणि जाते सत्तागतस्थितेः सङ्ख्यातबहुभागाः प्रतिस्थितिघाते घात्यन्ते, एवमनेकसहस्रेषु स्थितिघातेषु व्रजितेष्विदं चरमखण्डं प्राप्यते, परं सत्तागतस्थितेः सङ्ख्यातबहुभागा एव नाश्यन्ते, इदं खण्डं घातयतो जन्तोः सत्तागतस्थितेः सङ्ख्येयभागमात्र-स्थितिसत्त्वमवशिष्यते शेषसङ्ख्येयबहुभागाश्च चरमखण्डेन विनाशिता भवन्ति, दूरापकृष्टिस्थानात् प्राक् सत्तागतस्थितेर्बहुभागविनाशात् पूर्वपदस्यावशिष्टसङ्ख्यातभागगताऽसङ्ख्येयबहुभागमात्रत्वात् पूर्वत इदं स्थितिखण्डं सङ्ख्यातगुणं विनिश्चीयते ।

(२३) ततः पल्योपमस्थितिसत्कर्मणि जाते द्वितीयस्थितिखण्डं सङ्ख्येयगुणम् । कथमिति चेत् ? उच्यते – अनन्तरोक्तखण्डतोऽनेकसहस्रस्थितिघातैः प्रागिदं स्थितिखण्डं प्राप्यते । पूर्वपूर्वस्थितिघाते च पूर्ण उत्तरोत्तरखण्डेन सङ्ख्येयबहुभागप्रमाणा स्थितिर्घात्यते, तेन पूर्वपदत इदं पदं सङ्ख्येयगुणं सुनिश्चितं भवति, **न चात्र** प्रथमस्थितिखण्डं विहाय द्वितीयस्थितिखण्डं कुतो गृह्यते इति **वाच्यम्,** प्रथमखण्डस्य सङ्ख्येयभागन्यूनपल्योपम-प्रमाणत्वात्, अस्य पल्योपमसङ्ख्येयभागप्रमाणत्वात् ।

ગુણધન્યા

(૨૨) **संख्यातगुण हानिवाळा स्थितिखंडोनो चरम स्थितिखंड - संख्यातगुण** :- કેમકે પલ્યોપમ પ્રમાણ સ્થિતિસત્તા થાય ત્યારે સત્તાગત સ્થિતિના સંખ્યાતા બહુભાગોનો પ્રતિસ્થિતિઘાતે ઘાત થાય છે. આમ હજારો સ્થિતિઘાત થતાં આ ચરમખંડ પ્રાપ્ત થાય છે. હવે પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલી જ સત્તા બાકી રહે છે. શેષ બહુભાગોનો ચરમખંડ વડે નાશ થાય છે. આ સ્થાન દૂરાપકૃષ્ટિ સ્થાનથી પૂર્વનું છે. તેથી સત્તાગત સ્થિતિના બહુભાગ વિનાશ થવાથી પૂર્વોક્ત સ્થાન આનાં કરતાં સંખ્યાતમાભાગના અસંખ્યાત બહુભાગમાત્ર જ છે. તેથી પૂર્વથી આ સ્થાન સંખ્યાતગુણ છે.

(૨૩) **पल्योपमप्रमाण स्थितिसत्ता थया पछीनो (એક છોડી) बीजो स्थितिखंड : संख्यातगुण** :- પૂર્વોક્ત ખંડથી હજારો સ્થિતિઘાત પૂર્વેનો આ સ્થિતિખંડ છે. અને પ્રતિસ્થિતિઘાતે સંખ્યાતા બહુભાગ પ્રમાણ સ્થિતિનો ઘાત થાય છે. તેથી પૂર્વસ્થાનથી આ સ્થાન સંખ્યાતગુણ છે. અહીં પ્રથમખંડ છોડી દ્વિતીયખંડની વિવક્ષા એટલા માટે કરી કે આ દ્વિતીયખંડ તો પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ જ છે. જ્યારે પ્રથમખંડ તો સંખ્યાતભાગન્યૂન પલ્યોપમપ્રમાણ હોય છે.

(२४) ततो यस्मिन् स्थितिखण्डेऽपगते दर्शनमोहनीयस्य पल्योपममितं स्थितिसत्कर्म भवति तत्स्थितिखण्डं सङ्ख्येयगुणं भवति । कुत इति चेत् ? उच्यते — इदमपि स्थितिखण्डं पल्योपमसङ्ख्येयभागप्रमाणं भवति, यतः पल्योपमप्रमाणा स्थितिर्यावन्न भवति, तावत्स्थितिखण्डं पल्योपमसङ्ख्येयभागमात्रं भवति, तथापि पूर्वतः सङ्ख्येयगुणम् ।

(२५) ततोऽपूर्वकरणे जघन्यस्थितिखण्डं सङ्ख्यातगुणम् । कुत इति चेत् ? उच्यते — इदमपि स्थितिखण्डं पल्योपमसङ्ख्येयभागप्रमाणं भवति तथा पूर्वपूर्वखण्डत उत्तरोत्तरखण्डस्य विशेषहीनत्वेनापूर्वकरणस्य प्रथमस्थितिखण्डतः पल्योपमप्रमाणस्थिति-करणकाले समाप्यमानस्थितिखण्डं सङ्ख्यातगुणहीनं भवति, अपूर्वकरणस्य प्रथमखण्ड-तस्तच्चरमखण्डस्याऽपि सङ्ख्येयगुणहीनत्वात् । उक्तञ्च **कषायप्राभृतचूर्णिसूत्रे — "पढमट्ठिदि-खंडयं बहुअं, बिदियं ट्ठिदिखंडयं विसेसहीणं, तदीयं ट्ठिदिखंडयं विसेसहीणं, एवं पढमादो ट्ठिदिखंडयादो अंतो अपुव्वकरणद्धाए संखेज्जगुणहीणं पि अत्थि"** इति । अत इदं खण्डं पूर्वतः सङ्ख्यातगुणम् ।

ગુણધન્યા

(૨૪) જે સ્થિતિખંડ પછી દર્શનત્રિકની પલ્યોપમપ્રમાણ સ્થિતિસત્તા શેષ રહે તે ખંડ : સંખ્યાતગુણ :- આ સ્થિતિખંડ પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. કેમકે પલ્યોપમની સત્તા થતા પૂર્વે દરેક સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો હોય છે. પૂર્વના સ્થાન કરતાં આ સ્થળ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો હોવા છતાંય સંખ્યાતગુણ મોટો જાણવો.

(૨૫) અપૂર્વકરણના પ્રથમસમયે જઘન્ય સ્થિતિખંડ : સંખ્યાતગુણ :- અપૂર્વકરણનો પ્રથમ સ્થિતિખંડ જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. ઉત્તરોત્તર સ્થિતિખંડ વિશેષહીન થતાં હોવાથી અપૂર્વકરણના પ્રથમ સ્થિતિખંડથી, પલ્યોપમપ્રમાણ સ્થિતિકરણકાળમાં સમાપ્ત થતો સ્થિતિખંડ સંખ્યાતગુણહીન છે. કેમકે, અપૂર્વકરણનાં પ્રથમ સ્થિતિખંડથી અપૂર્વકરણનો ચરમખંડ પણ સંખ્યાતગુણહીન હોય છે. તેથી આ ખંડ પૂર્વોક્તખંડથી સંખ્યાતગુણ થાય છે.

કષાયપ્રાભૃતચૂર્ણિમાં કહ્યું છે કે 'પ્રથમ સ્થિતિખંડ મોટો હોય છે. તેનાથી બીજો સ્થિતિખંડ હીન હોય છે. આ પ્રમાણે વિશેષહીન થતાં થતાં પ્રથમ સ્થિતિખંડથી અપૂર્વકરણકાળમાં જ સંખ્યાતગુણહીન સ્થિતિખંડ પ્રાપ્ત થઈ જાય છે.' આ કારણથી સ્થિતિખંડ પૂર્વ કરતાં સંખ્યાતગુણ છે.

(२६) ततः पल्योपममात्रे स्थितिसत्कर्मणि जाते प्रथमस्थितिखण्डं सङ्ख्येयगुणम्। कुत इति चेद् ? उच्यते – पल्योपमप्रमाणे स्थितिसत्कर्मणि जाते सत्तागतस्थितिः सङ्ख्येयगुणहीना भवति । इत्थं पल्योपमप्रमाणे स्थितिसत्कर्मणि जाते प्रथमखण्डस्य पल्योपमसङ्ख्यातबहुभागप्रमाणत्वेन पल्योपमसङ्ख्याततमभागप्रमाणापूर्वकरणवर्तिप्रथमखण्डतः सङ्ख्यातगुणमेव ।

(२७) ततः पल्योपममात्रं स्थितिसत्त्वं विशेषाधिकम्, पल्योपमप्रमाणस्थितिसत्त्वस्य पूर्वतः पल्योपमसङ्ख्याततमभागेनाधिकत्वात् ।

(२८) ततोऽपूर्वकरणे प्रथमस्योत्कृष्टस्थितिखण्डस्य विशेषः सङ्ख्यातगुणः, कथमिति चेद् ? उच्यते – अपूर्वकरणे जघन्यस्थितिखण्डं पल्योपमसङ्ख्येयभागमात्रं तथोत्कृष्टस्थितिखण्डं सागरोपमपृथक्त्वप्रमाणं भवति, पल्योपममात्रस्थितिसत्त्वमुत्कृष्टखण्डतो विशोध्य शुद्धशेषं पल्योपमन्यूनसागरोपमपृथक्त्वप्रमाणं भवत्पूर्वपदतः सङ्ख्येयगुणं भवति ।

(२९) ततो दर्शनमोहनीयस्यानिवृत्तिकरणप्रथमसमयं प्रविष्टस्य स्थितिसत्कर्म सङ्ख्येयगुणम्, कुत इति चेद् ? उच्यते – अनिवृत्तिकरणस्य प्रथमसमये दर्शनत्रिकस्य

ગુણધન્યા

(૨૬) **પલ્યોપમપ્રમાણ સ્થિતિસત્તા પછીનો સ્થિતિખંડ : સંખ્યાતગુણ :-** કેમકે પલ્યોપમપ્રમાણ સ્થિતિસત્તા થતાં સત્તાગત સ્થિતિ સંખ્યાતગુણહીન થાય છે. અહીં પલ્યોપમપ્રમાણ સ્થિતિસત્તા થતાં પ્રથમખંડ પલ્યોપમના સંખ્યાતા બહુભાગ પ્રમાણ હોવાથી પલ્યોપમનાં સંખ્યાતમા ભાગપ્રમાણ અપૂર્વકરણના પ્રથમખંડથી સંખ્યાતગુણ છે.

(૨૭) **પલ્યોપમપ્રમાણ સ્થિતિસત્તા : વિશેષાધિક :-** પૂર્વોક્ત સ્થાનથી આ પલ્યોપમના સંખ્યાતમા ભાગપ્રમાણ અધિક છે.

(૨૮) **અપૂર્વકરણમાં પ્રથમસમયે ઉત્કૃષ્ટ સ્થિતિખંડ : સંખ્યાતગુણ :-** અપૂર્વકરણમાં જઘન્ય સ્થિતિખંડ પલ્યોપમના સંખ્યાતમા ભાગમાત્ર જ હોય છે. તથા ઉત્કૃષ્ટ સ્થિતિખંડ સાગરોપમપૃથક્ત્વ પ્રમાણ હોય છે. પલ્યોપમ જેટલી સ્થિતિની ઉત્કૃષ્ટખંડમાંથી બાદબાકી કરીને અવશેષ રહેલ જે પલ્યોપમન્યૂન સાગરોપમપૃથક્ત્વ પ્રમાણ છે, તેટલી માત્રા ઉત્કૃષ્ટસ્થિતિખંડમાં વધુ હોવાથી, પૂર્વપદ કરતાં આ સ્થાન સંખ્યાતગુણ થાય.

(૨૯) **અનિવૃત્તિકરણનાં પ્રથમસમયે પ્રવેશ કરતાં જીવની દર્શનમોહનીયની સ્થિતિસત્તા : સંખ્યાતગુણ :-** કેમકે અહીં સત્તા લક્ષપૃથક્ત્વસાગરોપમ પ્રમાણ હોય છે.

स्थितिसत्कर्मणः सागरोपमलक्षपृथक्त्वप्रमाणत्वेन पूर्वतः सङ्ख्यातगुणत्वं सिध्यति ।

(३०) ततो दर्शनमोहनीयवर्जानां कर्मणां जघन्यतः स्थितिबन्धः सङ्ख्यातगुणः । कथमिति चेद् ? उच्यते – शेषकर्मणां जघन्यस्थितिबन्धस्यान्तःसागरोपमकोटाकोटीप्रमाणत्वेन पूर्वतः सङ्ख्यातगुणत्वं भवति ।

(३१) ततस्तस्यैवोत्कृष्टस्थितिबन्धः सङ्ख्यातगुणः । अपूर्वकरणस्य प्रथमसमये य उत्कृष्टस्थितिबन्धः प्राप्यते, स च पूर्वतः सङ्ख्यातगुणो भवतीत्यर्थः ।

(३२) ततो दर्शनमोहनीयवर्जानां जघन्यं स्थितिसत्कर्म सङ्ख्येयगुणम्, स्थितिघाते व्यवच्छिन्ने शेषकर्मणः स्थितिसत्त्वं पूर्वतः सङ्ख्येयगुणं भवति ।

(३३) ततस्तस्यैवोत्कृष्टस्थितिसत्कर्म सङ्ख्येयगुणम्, शेषकर्मणामपूर्वकरणस्य प्रथमसमये सम्भवदुत्कृष्टस्थितिसत्त्वं पूर्वतः सङ्ख्येयगुणं ज्ञातव्यम्, इति समाप्तमल्पबहुत्वम् ।

ગુણધન્યા

(૩૦) દર્શનમોહનીય સિવાયના શેષ કર્મોનો જઘન્ય સ્થિતિબંધ : સંખ્યાતગુણ :- (કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમસમયે થતાં શેષ કર્મોના સ્થિતિબંધની જ અત્રે વિવક્ષા છે.) આ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી પૂર્વથી સંખ્યાતગુણ છે.

(૩૧) દર્શનમોહનીય સિવાયના શેષ કર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ : સંખ્યાતગુણ :- અપૂર્વકરણના પ્રથમસમયે જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય છે, તે ઉપરોક્ત સ્થિતિબંધ કરતાં સંખ્યાતગુણ હોય છે.

(૩૨) દર્શનમોહનીય સિવાયનાં શેષ કર્મોની જઘન્ય સ્થિતિસત્તા : સંખ્યાતગુણ :- (કૃતકૃત્યવેદકાદ્ધાના પ્રથમસમયે શેષ કર્મોની સત્તાની વિવક્ષા છે) સ્થિતિઘાત વિચ્છેદ થતાં શેષ કર્મની સત્તા સંખ્યાતગુણ હોય છે.

(૩૩) દર્શનમોહનીય સિવાયના શેષ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા : સંખ્યાતગુણ :- અપૂર્વકરણના પ્રથમસમયે રહેલી ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા પૂર્વથી સંખ્યાતગુણ છે.

'આ પ્રમાણે દર્શનત્રિકની ક્ષપણાનો અધિકાર સંપૂર્ણ'

ધૂળના શમન માટે
પાણી છંટાતું રહે છે.
દર્દના શમન માટે
ઔષધ શોધાતું રહે છે.
પણ કર્મના શમન માટે શું ?
અહીં પ્રસ્તુત છે
કર્મને શાંત કરી દેવાની
સફળ પ્રક્રિયા
એટલે કે
ઉપશમનાકરણ.....

Navrang Printers
9428 500 401